# શ્રી

# ગૌતમનીતિદુર્લભબોધ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

શ્રી

# ગૌતમનીતિદુર્લભબોધ.

શ્રીગૌતમપૃચ્છા મૂળ, બાલાવબોધ તથા કથાઓ સહિત
અને
શ્રી ભગવતીસૂત્રમાંથી ઉદ્ધરેલા કેટલાક પ્રશ્નો.

પરમોપકારી અનેકલબ્ધિસંપન્ન આરાધ્યપાદ શ્રી ગૌતમસ્વામી, સહાયકના આસન્ન ઉપકારી આચાર્ય શ્રી વિજયનીતિસૂરિ અને સહાયક પોતે ( દુર્લભ ) તથા તેને જેની ઇચ્છા છે તે બોધ એના મિશ્રણરૂપ નામની યોજના કરેલી છે.

ઉદારદિલ
પરી. ચુનીલાલ દુર્લભજી તથા ત્રિભુવન દુર્લભજીની
આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

વીર સંવત. ૨૪૬૦.   વિ. સંવત. ૧૯૯૦

સહાયક:—

પરી. ચુનીલાલ દુર્લભજી

તથા

પરી. ત્રિભુવન દુર્લભજી.

પ્રકાશક:—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,

ભાવનગર.

મુદ્રક:—

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ.

શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ,

દાણાપીઠ-ભાવનગર.

# નમ્ર નિવેદન.

## પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયનીતિસૂરિ !


સવિનય નિવેદન કરવાનું કે—સં. ૧૯૭૦ ના વર્ષમાં વળા મુકામે મને આપનો પ્રથમ પરિચય થયો. આપે મને ધર્મોપદેશ આપ્યો, જેથી મારામાં ધર્મની લાગણી ઉદ્ભવી. જો કે મારા વડીલ પ્રપિતામહ નથુભાઈ પારેખે બાલ્યાવસ્થાથી મારામાં ધર્મના સંસ્કારો પાડેલા હતા. પરંતુ આપના પરિચય પછી તે બહાર આવ્યા અને તદનુસાર વર્ત્તન કરવાથી અત્યારે અમારૂં કુટુંબ સુખી સ્થિતિ ભોગવે છે. હું ચોક્કસ માનું છું કે જેનું જીવન ધર્મથી રંગાયેલ હોય તે કોઈ દિવસ દુ:ખી થાય જ નહીં અને દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે બહુ માનપૂર્વક જોવું તેમ જ તેની સવિનય ભક્તિ કરવી તે સજ્જનોનું કર્ત્તવ્ય છે એમ હું માનું છું. આપના પારાવાર ઉપકારનો કિંચિત્ અનૃણી થવા માટે આ લઘુ પુસ્તક સાથે આપનું નામ જોડી દેવાનો મને ઉત્સાહ થવાથી તેમ કરવાની રજા લઉં છું.

જેઠ શુદિ ૧
સં. ૧૯૯૦

હું છું
આપનો ચરણકિંકર
**ચુનીલાલ**

# બાલબ્રહ્મચારી

પ્રાતઃસ્મરણીય જગત્પૂજ્ય–વિશુદ્ધચારિત્ર–ચૂડામણી–તીર્થોદ્ધારક તપોગચ્છાલંકાર
પૂજ્યપાદ–વિદ્વદ્વર્ય–શ્રી શ્રી શ્રી ગણીપદ સં. ૧૯૬૧ માગશર સુદ ૫ પંન્યાસપદ ૧૯૬૨
કારતક વદ ૫ જન્મ સંવત ૧૯૩૦ પોશ સુદ ૧૧ દિક્ષા સં. ૧૯૪૨ અશાડ સુદ ૧૧




## શ્રીમાન આચાર્ય મહારાજશ્રી વિજયનિતિસૂરીશ્વરજી.

સૂરિપદ સ. ૧૯૭૬ માર્ગશીર્ષ શુક્લ ૫.

ફીનીક્ષ પ્રો. વર્ક્સ, અમદાવાદ.

# પ્રસ્તાવના.

આ ગ્રંથમાં જીવને સુખદુઃખ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે સંબંધી શ્રીગૌતમસ્વામીએ શ્રીમહાવીરસ્વામીને જૂદા જૂદા અડતાલીશ પ્રશ્નો પૂછેલ તેના જવાબમાં શ્રીમહાવીરસ્વામીએ શુભાશુભ કર્મોનાં ફલ દાર્ષ્ટાંતિક કથાઓસહિત કહી બતાવ્યાં છે કે જેથી તેનું ખરેખર સ્વરૂપ જાણીને સુજ્ઞ વાંચકો ધર્મમાર્ગમાં પ્રવર્તવાનો પ્રયત્ન કરે.

આ ગૌતમપૃચ્છા બાલાવબોધ પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે શાસ્ત્રી ટાઈપમાં પ્રતાકારે છપાવેલ તે શ્રીગૌતમસ્વામીના પરમ ભક્ત શ્રાવક ચુનીલાલ દુર્લભજીની ઇચ્છા થવાથી પ્રકાશકની પરવાનગી મેળવીને અમે ગુજરાતી ટાઇપમાં કાંઈક ભાષા વિગેરેમાં સુધારો કરીને છપાવેલ છે. તેના પૃષ્ઠ ૧૧૨ થયા છે. એમાં મૂળ માગધી ગ્રંથની ગાથા ૬૪ પણ પ્રશ્નના અનુક્રમાનુસાર આપેલી છે.

ત્યારપછી સદરહુ ગ્રંથમાં વિશેષ વધારો કરવાની આર્થિક સહાયકની ઇચ્છા થવાથી શ્રી ભગવતીસૂત્રમાંથી કેટલાક પ્રશ્નો ઉત્તરો સાથે આચાર્યશ્રી વિજયનીતિસૂરિને વિનંતિ કરીને મંગાવવામાં આવ્યા. તેમણે સારો પ્રયાસ કરીને પ્રશ્નો ૮૬ અને સ્કન્દક અણગારની સુવિસ્તૃત કથા લખી મોકલી. તે છપાવતાં તેના પૃષ્ઠ ૫૦ થયા છે. ભાઇશ્રી ચુનીલાલનો વિચાર તો હજુ વધારે પ્રશ્નો આવે તો પ્રગટ કરવાનો હતો પરંતુ વખત બહુ વ્યતીત થવાથી આ બુક એકંદર પૃષ્ઠ ૧૧૨–૫૦ ( કુલ ૧૬૨ ) ની જ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ બુકની અપૂર્વતા એટલા માટે છે કે આસન્નઉપકારી પરમાત્મા **શ્રી મહાવીરસ્વામી** જેવા ઉત્તરદાતા અને અનેકલબ્ધિસંપન્ન, ગુરૂચરણના નિત્યોપાસક **શ્રી ગૌતમસ્વામી** જેવા **પ્રશ્નકર્ત્તા. એમના સંયોગનું ફળ કેવું ઉત્તમ હોય ? તે આ**

બુકના બંને વિભાગમાં અમે પ્રગટ કરેલ છે. એમાં આપેલા ઉત્તરો ટંકશાળી વચનોવાળા છે કે જેમાં કિંચિત્ પણ સંદેહને અવકાશ નથી. ભગવતીજી તો એવું શ્રેષ્ઠ સૂત્ર છે કે જેમાં પ્રશ્ન-કર્ત્તા તરીકે આવતા **ગોયમ** નામની સોનામહોરવડે પૂજા કરાચેલી છે. શ્રી ભગવતીજીમાં આ નામ ૩૬૦૦૦ વખત આવે છે. સંગ્રામસોનીએ ૩૬૦૦૦ સોનામહોરો મૂકીને તે પદની પૂજા કરી છે અને પછી વક્તા મુનિરાજ તો નિઃસ્પૃહી હોવાથી સોનામહોરની સોનેરી શાહી કરાવીને તેનાવડે પુસ્તકો-પ્રાયે ભગવતીસૂત્રની જ બીજી પ્રતો લખાવી છે. ધન્ય છે આવા દાનવીર, ધર્મવીર અને શ્રદ્ધાસંપન્ન શ્રાવક બંધુને ! અત્યારે પણ તેનું અનુકરણ રૂપાનાણાવડે થાય છે.

ભાઇ ચુનીલાલનો વિચાર જ્ઞાનવૃદ્ધિના સાધનો પૂરા પાડવાના સંબંધમાં સારો હોવાથી તેમની સહાયને અંગે એક બીજી બુક શ્રીકુમારપાળરાજાના રાસના રહસ્યની છપાવવાનો નિર્ણય કર્યો છે. તે બુક પણ થોડા વખતમાં જ પ્રગટ કરવામાં આવશે. મળેલા દ્રવ્યનો આવા શુભ કાર્યમાં વ્યય કરવો તે જ ખાસ આત્મહિત કરનાર છે એટલું જણાવી આ ટુંકી પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે. પ્રાંતે એટલું જણાવવામાં આવે છે કે ગૌતમપૃચ્છામાં આવેલ ૪૮ પ્રશ્નો ને ઉત્તરો જુદી જુદી તેટલી જ કથાઓ સાથે આપવામાં આવ્યા છે, તેથી પાપના ઉદયથી તેમાંની કોઈપણ પ્રકારની સ્થિતિ પોતાને પ્રાપ્ત થાય અથવા બીજાને પ્રાપ્ત થયેલી જોવામાં આવે ત્યારે મનમાં ન મુંઝાતા તેનું કારણ આ બુકમાંથી જ શોધીને તેના નિવારણનો તેમાં બતાવવામાં આવેલો સત્ય ઉપાય કરવો કે જેથી પ્રાપ્ત થયેલ દુઃખનું જરૂર ઓછેવત્તે અંશે પણ નિવારણ થશે. એનો ખરો આધાર તો પરમાત્માના વચનઉપર દૃઢ શ્રદ્ધા હોવી તે ઉપર છે. **सुज्ञेषु किं बहुना ?**

ચૈત્ર શુદિ ૧ — **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,**
વિ. સં. ૧૯૯૦ — **ભાવનગર.**

# અનુક્રમણિકા.

| પૃચ્છાના આંક. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|


| | | |
|---|---|---|
| ૧ | મંગળાચરણ તથા અડતાલીશ પૃચ્છાનાં નામ. ... | ૧ |
| ૨ | જિનવાણી સાંભળતાં તૃષાદિક મટે તે ઉપર ડોશીની કથા. | ૬ |
| ૩ | નરકગતિ પામવા ઉપર સુભૂમ ચક્રવર્તીની કથા. | ૭ |
| ૪ | દેવગતિ પામવા ઉપર આનંદ શ્રાવકની કથા. ... | ૧૩ |
| ૫ | મનુષ્ય અને તિર્યંચગતિ પામવા ઉપર સાગરચંદ્ર અને અશોકદત્તની કથા. ... ... ... | ૧૭ |
| ૬ | જે કર્મને યોગે પુરૂષ મરી સ્ત્રીવેદ પામે અને સ્ત્રી મરી પુરૂષવેદ પામે તેના ઉપર પદ્મ અને પદ્મિનીની કથા. | ૨૦ |
| ૭ | નપુંસકવેદ પામવાની ઉપર ગોત્રાસની કથા. ... | ૨૩ |
| ૮ | અલ્પાયુ પામવા ઉપર યજ્ઞદત્ત અને શિવકુમારની કથા. | ૨૫ |
| ૯ | સંપૂર્ણ આયુ પામવા ઉપર દયાવાન્ ઋષિની કથા. | ૨૭ |
| ૧૦-૧૧ | ભોગી તથા ભોગ રહિત થવા ઉપર ધનસાર શેઠની કથા. | ૨૯ |
| ૧૨-૧૩ | સોભાગી દુર્ભાગીપણા ઉપર રાજદેવ તથા ભોજદેવની કથા. | ૩૨ |
| ૧૪-૧૫ | સુબુદ્ધિ અને દુર્બુદ્ધિ પામવા ઉપર સુબુદ્ધિ દુર્બુદ્ધિની કથા. | ૩૫ |
| ૧૬-૧૭ | પંડિતપણું અને મૂર્ખપણું પામવા ઉપર આંબા લીંબાની કથા. ... ... ... ... | ૩૯ |
| ૧૮-૧૯ | શૂરવીરપણું, ધીરપણું અને બીકણપણું પામવા ઉપર અભયસિંહ અને ધનસિંહ નામના બે ભાઈની કથા. | ૪૨ |
| ૨૦ | વિનય વિના ભણેલી વિદ્યા સફળ ન થાય તે ઉપર નાપિતની કથા. ... ... ... ... | ૪૬ |
| ૨૧ | વિનયયુક્ત ભણેલી વિદ્યા સફળ થાય તે ઉપર શ્રેણિક રાજાની કથા. ... ... ... ... | ૪૭ |

૨૨–૨૩ જેની પ્રાપ્ત થયેલી લક્ષ્મી સ્વલ્પકાળમાં જતી રહે તથા જેને લક્ષ્મી ઉપરાઉપર મળતી જ જાય તે ઉપર સુધન અને મદન શેઠની કથા. ... ... ૪૮

૨૪ ઘણી લક્ષ્મી સ્થિરને થઇ રહે તે ઉપર ધના શાલિભદ્રની કથા. ... ... ... ... ૫૨

૨૫–૨૬ જે પુરૂષને સંતાનપ્રાપ્તિ ન થાય તથા જે પુરૂષને ઘણાં સંતાનની પ્રાપ્તિ થાય તે ઉપર દેશલ અને દદ્દાની કથા. ૫૬

૨૭–૨૮ જીવ બહેરો અને જાત્યંધ થાય તે ઉપર વીરમની કથા. ૬૦

૨૯ જેને અન્ન પચે નહીં તે ઉપર રોહિણીના જીવ દુર્ગંધાની કથા. ... ... ... ... ... ૬૩

૩૦ કોઢીયાપણું પામવા ઉપર ગોસલીયાની કથા. ... ૭૧

૩૧ કૂબડાપણું પામવા ઉપર ધનદત્ત અને ધનશ્રીની કથા. ૭૪

૩૨ દાસપણું પામવા ઉપર સોમદત્ત પુરોહિતની કથા. ૭૬

૩૩ દરિદ્રીપણું પામવા ઉપર શ્રેષ્ઠીપુત્ર મનોરથની કથા. ૭૯

૩૪ ઘણા પ્રખ્યાત મહર્દ્ધિક થવા ઉપર પુણ્યસારની કથા. ૮૧

૩૫–૩૬ રોગી નીરોગીપણું પામવા ઉપર અટ્ટણમલ્લની કથા. ૮૪

૩૭ હીણ અંગવાળા થવા ઉપર ઈશ્વિર શેઠના પુત્ર દત્તની કથા. ૮૬

૩૮–૩૯ મૂકપણું તથા ટૂંટાપણું પામવા ઉપર અગ્નિશર્માની કથા. ૮૯

૪૦ પાંગળાપણું પામવા ઉપર કર્મણ હાલીની કથા. ૯૪

૪૧–૪૨ રૂપ તથા કુરૂપ પામવા ઉપર જગસુંદર અને અસુંદરની કથા. ... ... ... ... ... ૯૫

૪૩ જે ઘણી વેદના પામે તેની ઉપર લોઢાની કથા. ૯૮

૪૪ અસોહામણી વેદના ન પામવા ઉપર જિનદત્તની કથા. ૧૦૧

૪૫ એકેંદ્રિયપણું પામવા ઉપર મોહકની કથા. ... ૧૦૪

૪૬–૪૭ જે ઘણો સંસાર વધારે, સંસાર પરિભ્રમણ કરે તથા જે અલ્પ સંસારીપણું પામે તેની ઉપર શૂર અને વીરની કથા.... ... ... ... ... ૧૦૭

૪૮ મોક્ષસુખ પામવા ઉપર અભયકુમારની કથા. ... ૧૧૦

## શ્રી ભગવતીસૂત્રમાંથી ઉદ્ધરેલા કેટલાક પ્રશ્નો. ૧-૫૦


| આંક. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | પ્રશ્નોત્તર પ્રારંભ. ... ... ... ... ... | ૧ |
| ૨ | આરંભ હિંસા. ( પ્રશ્ન ૨-૩ ) ... ... ... | ૨ |
| ૩ | પ્રશ્ન ૨-૩નું વિવેચન. ... ... ... ... | ૨ |
| ૪ | સંવરરહિત અણગાર. ( પ્રશ્ન ૪-૫ ) ... ... | ૩ |
| ૫ | પ્રશ્ન પાંચમાનું વિવેચન. ... ... ... ... | ૪ |
| ૬ | સંવરયુક્ત અનગાર. ( પ્રશ્ન ૬-૭ )... ... ... | ૪ |
| ૭ | પ્રશ્ન ૬-૭નું વિવેચન. ... ... ... ... | ૫ |
| ૮ | અસંયત. ( પ્રશ્ન ૮-૯ ) ... ... ... ... | ૬ |
| ૯ | પ્રશ્ન ૮-૯નું વિવેચન. ... ... ... ... | ૬ |
| ૧૦ | કર્મનું વેદન ( પ્રશ્ન ૧૦ થી ૧૩ ) ... ... ... | ૭ |
| ૧૧ | પ્રશ્ન ૧૦-૧૧-૧૨નું વિવેચન. ... ... ... | ૭ |
| ૧૨ | ક્રિયા. ( પ્રશ્ન ૧૪-૧૫ ) ... ... ... ... | ૮ |
| ૧૩ | પ્રશ્ન ૧૪-૧૫નું વિવેચન. ... ... ... ... | ૮ |
| ૧૪ | કાંક્ષામોહનીય. ( પ્રશ્ન ૧૬-૧૭ ) ... ... ... | ૯ |
| ૧૫ | પ્રશ્ન ૧૬-૧૭નું વિવેચન. ... ... ... ... | ૧૦ |
| ૧૬ | ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરૂષકાર. (પ્રશ્ન ૨૦ થી ૨૬) | ૧૦ |
| ૧૭ | પ્રશ્ન ૨૦ થી ૨૬નું વિવેચન. ... ... ... | ૧૧ |
| ૧૮ | પ્રશ્ન ૨૭ થી ૩૩ ઉત્તરસાથે. ... ... ... | ૧૪ |
| ૧૯ | પ્રશ્ન ૩૨-૩૩નું વિવેચન. ... ... ... ... | ૧૫ |
| ૨૦ | ઉપસ્થાપન અને અપક્રમણ ( પ્રશ્ન ૩૪ થી ૩૭ ). ... | ૨૦ |
| ૨૧ | પ્રશ્ન ૩૪ થી ૩૭ નું વિવેચન. ... ... ... | ૨૦ |
| ૨૨ | પ્રશ્ન ૩૮ થી ૪૨ ઉત્તરસાથે. ... ... ... | ૨૨ |

૨૩ પુદ્દગલ. ( પ્રશ્ન ૪૩ થી ૪૫ ) ... ... ... ૨૨
૨૪ છદ્મસ્થ અને કેવળજ્ઞાની. ( પ્રશ્ન ૪૬ થી ૫૦ ) ... ... ૨૩
૨૫ રોહ નામે અણગાર ( પ્રશ્ન ૫૧ થી ૫૪. ) ... ... ૨૪
૨૬ લોકસ્થિતિ. ( પ્રશ્ન ૫૫ થી ૫૮. ) ... ... ... ૨૫
૨૭ ગર્ભસ્થિતિ જીવ. ( પ્રશ્ન ૫૯ થી ૬૨ ) ... ... ૨૭
૨૮ ભારેકર્મીપણું અને લઘુકર્મીપણું. ( પ્રશ્ન ૬૩-૬૪. ) ... ૨૮
૨૯ શ્રમણને પ્રશસ્ત ને અપ્રશસ્તપણું. ( પ્રશ્ન ૬૫-૬૬. ) ... ૨૯
૩૦ કાંક્ષા-પ્રદ્વેષ. ( પ્રશ્ન ૬૭. ) ... ... ... ... ૨૯
૩૧ કાલાસવેસિયપુત્ત. ( પ્રશ્ન ૬૮-૭૧. ) ... ... ... ૨૯
૩૨ અપ્રત્યાખ્યાન ક્રિયા. ( પ્રશ્ન ૭૨ થી ૭૫. ) ... ... ૩૨
૩૩ શાશ્વત અને અશાશ્વત. ( પ્રશ્ન ૭૬. ) ... ... ૩૩
૩૪ અચિત્ત ભોજન કરનાર નિર્ગ્રંથ. (પ્રશ્ન ૭૭ થી ૮૨ ) ... ૩૩
૩૫ સ્કન્દક અણગાર. ( પ્રશ્ન ૮૨ થી ૮૬. ) ... ૩૫ થી ૫૦



સ્વર્ગવાસી પરીખ દુર્લભજી રૂગનાથ

જન્મ · સં ૧૯૨૮ દેહત્યાગ · સં. ૧૯૬૮

KUMAR PRINTERY, AHMEDABAD

# અર્પણ પત્રિકા.

## પૂજ્ય વડીલ શ્રી દુર્લભજી રૂગનાથ.

આપનો જન્મ સં. ૧૯૨૮ ના અશાડ માસમાં ભાવનગર તાબે અગીયાળી ગામે થયો હતો. આપના મુરબ્બી પરી. નથુભાઇ દેવરાજની પેઢી ભાવનગરખાતે સારા પાયા ઉપર ચાલતી હતી. આપે ઇંગ્લીશ તેમજ ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો અને તે કાર્યપરત્વે વડીલોએ ખર્ચ પણ સારો કર્યો હતો. સમયાનુસાર કાળનો ફટકો પડવાથી સં. ૧૯૫૬ માં પરી. નથુભાઈ દેવરાજની પેઢી બંધ થઈ. ત્યારબાદ તમે પોતે નવો ધંધો શરૂ કરીને પોતાના કુટુંબનો નિર્વાહ સારી રીતે કર્યો. નાની વયમાં ધંધો રસ્તા ઉપર લાવી તમે સ્વર્ગવાસી થયા. ત્યારબાદ આપની દોરેલી લાઇન પ્રમાણે વર્ત્તવાથી અમો અત્યારે સુખી જીવન ગાળીએ છીએ, તેથી અમો આ અમૂલ્ય પુસ્તક આપના કિંચિત્ અનૃણી થવા માટે આપને અર્પણ કરીએ છીએ. આપનો જૈનધર્મપ્રત્યે તેમ જ સિદ્ધાચળ મહાતીર્થપ્રત્યે પરમ પ્રેમ હતો તેનું અત્રે અમો સ્મરણ કરીએ છીએ અને આપને શુભ પગલે ચાલી આત્મહિત કરવાની ઇચ્છા ધરાવીએ છીએ.

જેઠ શુદિ ૧
સં. ૧૯૯૦

અમે છીએ
આપના લઘુ બાળકો
**ચુનીલાલ અને ત્રિભુવન**

॥ श्री गौतमगुरुभ्यो नमः ॥

अथ

संक्षिप्तबालावबोधसहिता

# श्रीगौतमपृच्छा प्रारभ्यते.

तत्र

प्रथम बालावबोधकर्त्ता मंगलाचरण करे छे.

नत्वा वीरजिनं बाला-वबोधो लिख्यते मया ।
श्रीमद्गौतमपृच्छाया, वाचनार्थं विशेषतः ॥ १ ॥
श्रीसोमसुंदर श्री-मुनिसुंदरमद्विशालराजेंद्राः ।
श्रीसोमदेवगुरवो, जयंति जितकल्पवृक्षसमाः ॥ २ ॥

હવે પ્રથમ ગ્રંથકર્ત્તા મંગલાચરણ માટે ગાથા કહે છે.

नमिऊण तित्थनाहं, जाणंतो तहय गोयमो भयवं ।
अबुहाण बोहणत्थं, धम्माधम्मफलं वुच्छे ॥ १ ॥

**ભાવાર્થ:**—તીર્થના નાથ એવા શ્રીમહાવીર ભગવાનને નમસ્કાર કરીને શ્રુતકેવલી એવા શ્રીગૌતમસ્વામી પોતે ચાર જ્ઞાનના ધણી શ્રુતજ્ઞાનના બળે કરી અસંખ્યાતા ભવ સંબંધી સંદેહને

પોતે જાણુતા છતાં પણ અબોધ (અજ્ઞાની) જીવોને બોધ થવાને અર્થે અડતાલીશ પૃચ્છાએ કરી પુણ્ય પાપનું ફળ શ્રીમહાવીર દેવ પ્રત્યે પૂછતા હવા ॥ ૧ ॥

**હવે દશ ગાથાએ કરી અડતાલીશ પૃચ્છાનાં નામ કહે છેઃ-**

भयवं सच्चिय निरयं, सच्चिय जीवो पयाइ पुण सग्गं ।
सच्चिय किं तिरिएसु, सच्चिय किं माणुसो होइ ॥ २ ॥
सच्चिय जीवो पुरिसो, सच्चिय इत्थी नपुंसओ होइ ।
अप्पाऊ दीहाऊ, होइ अभोगी सभोगी य ॥ ३ ॥
केणव सुहओ जायइ, केणव कम्मेण दुहओ होइ ।
केणव मेहाजुत्तो, दुम्मेहो कह नरो होइ ॥ ४ ॥
कह पंडिउत्ति पुरिसो, केणव कम्मेण होइ मुरकत्तं ।
कह धीरु कह भीरू, कह विज्ञा निप्फला सफला ॥ ५ ॥
केणव नासइ अत्थो, कह वा संमिलइ कह थिरो होइ ।
पुत्तो केण न जीवइ, बहुपुत्तो केण वा बहिरो ॥ ६ ॥
जच्चंधो केण नरो, केण विभुत्तं न झिज्झइ नरस्स ।
केणव कुट्ठी कुज्जो, केणव कम्मेण दासत्तं ॥ ७ ॥
केण दरिद्दो पुरिसो, केणव कम्मेण ईसरो होइ ।
केणव रोगी जायइ, रोगविहूणो हवइ केण ॥ ८ ॥
कह हीणंगो मूओ, केणव कम्मेण टूंटओ पंगू ।
केणव रूवो जायइ, रूवविहूणो हवइ केण ॥ ९ ॥
केणव बहुवेयणत्तो, केणव कम्मेण वेयणविमुक्को ।
पंचिंदिओवि होइ, केणव एगिंदिओ होइ ॥ १० ॥
संसारो कहवि थिरो, केणव कम्मेण होइ संखित्तो ।
कह संसारतरिउं, सिद्धिपुरं पावए पुरिसो ॥ ११ ॥

**ભાવાર્થ:—**હે ભગવન્!

૧ આ જીવ નરકે કેમ જાય?
૨ તે જ જીવ સ્વર્ગે કેમ જાય?
૩ તે જ જીવ તિર્યંચ કેમ થાય?
૪ તે જ જીવ મનુષ્યપણું કેમ પામે?
૫ આ જીવ પુરૂષ કેમ થાય?
૬ તે જ જીવ સ્ત્રી કેમ થાય?
૭ તે જ જીવ નપુંસક કેમ થાય?
૮ આ જીવ અલ્પાયુષ્યવાળો કેમ થાય?
૯ તે જ જીવ મોટા આયુષ્યવાળો કેમ થાય?
૧૦ આ જીવ ભોગરહિત કેમ થાય?
૧૧ તે જ જીવ મોટા ભોગ ભોગવનારો કેમ થાય?
૧૨ ક્યા કર્મના ઉદયથી જીવ સૌભાગ્યવંત થાય?
૧૩ ક્યા કર્મના યોગે જીવ દુર્ભાગી થાય?
૧૪ ક્યા કર્મના યોગે જીવ બુદ્ધિમાન્ થાય?
૧૫ ક્યા કર્મના યોગે જીવ હીનબુદ્ધિવાળો થાય?
૧૬ ક્યા કર્મે કરીને જીવ પંડિત થાય?
૧૭ ક્યા કર્મે કરીને જીવ મૂર્ખ થાય?
૧૮ ક્યા કર્મને યોગે જીવ ધીર-સાહસિક થાય?
૧૯ ક્યા કર્મને યોગે જીવ ભીરૂ-બીકણ થાય?
૨૦ ક્યા કર્મને યોગે ભણેલી વિદ્યા નિષ્ફળ થાય?
૨૧ ક્યા કર્મને યોગે ભણેલી વિદ્યા સફળ થાય?
૨૨ ક્યા કર્મને યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી જતી રહે?
૨૩ ક્યા કર્મને યોગે ઘણી લક્ષ્મી પ્રાપ્ત થાય અને સ્થિર થાય?
૨૪ ક્યા કર્મને યોગે થયેલા પુત્રો જીવતા ન રહે?
૨૫ ક્યા કર્મને યોગે મનુષ્ય ઘણા પુત્રોવાળો થાય?
૨૬ ક્યા કર્મને યોગે જીવ બહેરો થાય?

૨૭ કયા કર્મને યોગે જીવ જાત્યંધ-જન્માંધ થાય ?
૨૮ કયા કર્મને યોગે મનુષ્યને ખાધેલું અન્ન પચે નહીં ?
૨૯ કયા કર્મને યોગે જીવ કોઢી થાય ?
૩૦ કયા કર્મને યોગે જીવ કૂબડો થાય ?
૩૧ કયા કર્મને યોગે જીવ દાસપણું પામે ?
૩૨ કયા કર્મને યોગે જીવ દરિદ્રી થાય ?
૩૩ કયા કર્મને યોગે જીવ ધનવંત થાય ?
૩૪ કયા કર્મને યોગે જીવ રોગી થાય ?
૩૫ કયા કર્મને યોગે જીવ નિરોગી થાય ?
૩૬ કયા કર્મને યોગે જીવ હીન અંગવાળો થાય ?
૩૭ કયા કર્મને યોગે જીવ મુંગો કે બોબડો થાય ?
૩૮ કયા કર્મને ઉદયે જીવ હાથે ઠુંઠો થાય ?
૩૯ કયા કર્મને ઉદયે જીવ પગે પાંગળો-લુલો થાય ?
૪૦ કયા કર્મે કરીને જીવ સ્વરૂપવંત થાય ?
૪૧ કયા કર્મે કરીને જીવ હીનરૂપવાળો-કદ્રૂપો થાય ?
૪૨ કયા કર્મે કરીને જીવ અનેક પ્રકારની વેદનાથી પીડિત રહે ?
૪૩ કયા કર્મે કરીને જીવ વેદનારહિત-સાતાસુખવાળો થાય ?
૪૪ કયા કર્મે કરીને જીવ પંચેંદ્રિયપણું પામે ?
૪૫ કયા કર્મે કરીને જીવ એકેંદ્રિયપણું પામે ?
૪૬ કયા કર્મે કરીને જીવ ઘણો કાળ સંસારમાં રખડે ?
૪૭ કયા કર્મે કરીને જીવ સંસારમાં સ્વલ્પ કાળ રહે ?
૪૮ કયા કર્મને યોગે જીવ સંસારસમુદ્ર તરીને મોક્ષનગરે જાય ?

ઉપર પ્રમાણે ૪૮ પ્રશ્નો પૂછયા પછી શ્રી ગૌતમસ્વામી તે પ્રશ્નોના ઉત્તરો જાણવાની જિજ્ઞાસાવાળા થયા સતા કહે છે કે—

**सव्वजगजीवबंधव, सव्वन्नू सव्वदंसण मुणिंद ।**
**सव्वं साहसु भयवं, कस्सव कम्मस्स फलमेयं ॥ १२ ॥**

**ભાવાર્થઃ**—હે ભગવન્ ! તું સર્વ જગતવાસી જીવોનો બાંધવ છો, વલી સવ્વન્નૂ એટલે સર્વજ્ઞ છો અર્થાત્ સર્વ વસ્તુનો જાણ છો, તથા સવ્વદંસણ એટલે સર્વ વસ્તુને દેખવાવાળો છો, તથા સર્વ મુનિઓમાં ઈંદ્ર સમાન છો; માટે મેં જે જે પ્રશ્ન પૂછ્યા તે સર્વ કયા કર્મનાં ફળ છે ? તે સંબંધી સર્વ વાત કહો ॥ ૧૨ ॥

**एवं पुट्ठो भयवं, तियसिंदनरिंदनमियपयकमलो ।**
**अह साहिउं पयत्तो, वीरो महुराइ वाणीए ॥ १३ ॥**

**ભાવાર્થઃ**—એ પ્રકારની પૃચ્છા શ્રીગૌતમસ્વામીએ કર્યા પછી તિયસિંદ એટલે ત્રિદશ જે દેવતા તેના ઈંદ્ર અને નરીંદ જે રાજાઓ તે જેના પદકમલને નમે છે એવા શ્રીવીર ભગવાન્ મધુરી વાણીએ કરી પ્રશ્નના ઉત્તર કહેવા માટે પ્રવર્ત્ત્યા ॥ ૧૩ ॥

અહીંયાં પરમેશ્વરની વાણી સાંભળતાં થકાં જીવને કષ્ટ, ક્ષુધા, તૃષા જાણવામાં આવે નહીં, તે ઉપર કોઇ એક વૃદ્ધ સ્ત્રીની એટલે ડોશીની કથા કહે છે:-એક ગામમાં કોઈ વણિક રહે છે. તેને ઘેર એક ડોશી ચાકર છે, તે ઘરનું કામકાજ કરે છે. એકદા તે ડોશી ઈંધણ લેવા માટે વનમાં ગઇ. તે મધ્યાન્હે ક્ષુધા અને તૃષાએ પીડાણી, તેથી થોડાંક ઇંધણ લઇને પાછી ઘેર આવી. તેને દેખીને શેઠે કહ્યું કે- ‘અરે ડોશી ! આજે ઈંધણ થોડાં કેમ લાવી ? બીજાં ઇંધણ લઈ આવ, પછી ખાવાનું મળશે.’ તે સાંભળી ફરીને તે ડોશી પાછી વનમાં ગઈ. બપોરનો વખત હતો તેથી લૂ અને તાપને સહન કરતી થકી બીજી કાષ્ઠભારી ઉપાડીને તે ઘરભણી ચાલી. માર્ગમાં એક કાષ્ઠ નીચે પડી ગયું તેને ઉપાડવા નીચી વળી. એટલામાં શ્રીવીર ભગવાનની વાણી તેના સાંભળવામાં આવી; તેથી ત્યાં જ ઉભી રહી. વાણીની મધુરતાને યોગે ક્ષુધા, તૃષા અને તાપની વેદના તેના જાણવામાં ન આવી અને ધર્મદેશના સાંભળી હર્ષ પામતી સાંજે ઘેર આવી. તેને શેઠે ઘેર આવવામાં અસૂર થયાનું કારણ પૂછ્યું, તે વારે તેની આગળ ખરેખરી વાત કહી સંભળાવી. તે વારે શેઠે પણ ત્યાં જઇને શ્રીમહાવીરનાં વચન સાંભળ્યાં, અને તે ડોશીમાં ધર્મનો ગુણ

જાણીને તેને બહુમાન દીધું. તેને યોગે તે સુખી થઇ. એ રીતે પરમેશ્વરની વાણી સાંભળવાથી દુઃખ ટળી જાય છે. કહ્યું છે કે—

જિનવરવાણી જે સુણે, નર નારી સુવિહાણ;
સૂક્ષ્મ બાદર જીવની, રક્ષા કરે સુજાણ ॥ ૧ ॥

ઇતિ શ્રીજિનવાણીના મહિમા ઉપર ડોશીની કથા.

હવે શ્રી વીર ભગવાન્ કહે છે કે- 'હે ગોતમ! જે પ્રશ્નો તેં મને પૂછ્યા છે, તે સર્વ વાનાં એક જ જીવ પોતે પોતાના કર્મને વશ થયો થકો પામે છે, તે કર્મનું સ્વરૂપ હું તને કહું છું તે સાંભળ.' હવે ભગવાન્ પૂર્વોક્ત અડતાલીશ પ્રશ્નોના ઉત્તર કહે છે, તેમાં પ્રથમ જીવ કયા કર્મને યોગે કરી નરકે જાય? તેનો ઉત્તર ત્રણ ગાથાએ કરી કહે છે:—

**जे घायइ सत्ताइं, अलियं जंपेइ परधणं हरइ।**
**परदारं चिय वंचइ, बहुपावपरिग्गहासत्तो ॥ १४ ॥**
**चंडो माणो धिट्ठो, मायावी निट्ठुरो खरो पावो।**
**पिसुणो संगहसीलो, साहूणं निंदओ अहमो ॥ १५ ॥**
**आलप्पालपसंगी, दुट्ठो बुद्धिइ जो कयग्घो य।**
**बहुदुक्खसोगपउरे, मरिउं नरयम्मि सो जाइ ॥ १६ ॥**

**ભાવાર્થ:**—જે ૧ જીવોના ઘાત કરે એટલે જીવહિંસા કરે, તથા જે ૨ અલિક એટલે જૂઠું વચન બોલે, તથા જે ૩ પારકા ધનનું હરણ કરે એટલે ચોરી કરે, તથા જે ૪ પરદારા એટલે પારકી સ્ત્રી સાથે ગમન કરે, તથા જે ૫ ઘણા પાપ-પરિગ્રહને વિષે આસક્ત હોય. એ રીતે પાંચ અણુવ્રતને જે વિરાધે તે જીવ નરકનું આયુષ્ય બાંધે. તથા જે ૬ ચંડો એટલે પ્રકૃતિએ અત્યંત ક્રોધી હોય, ૭ માણો એટલે માની-અહંકારી હોય, ધિઠ્ઠો એટલે ધૃષ્ટ તે કોઇને નમે નહીં તેવો હોય, ૮ માયાવી કપટી હોય, ૯ નિઠ્ઠુરો નિષ્ઠુર તે કઠોર ચિત્તવાળો હોય, ૧૦ ખર તે રૌદ્ર સ્વભાવવાળો હોય, ૧૧ પાવો એટલે

પાપી હોય, ૧૨ પિશુન એટલે પારકી ચાડી કરનારો હોય, દુર્જનતાપરાયણ હોય, ૧૩ અતિ પાપહેતુ એવી વસ્તુનો સંગ્રહશીલ હોય, ૧૪ સાધુની નિંદા કરનારો હોય, ઉપલક્ષણથી સાધુનો પ્રત્યનીક હોય, ૧૫ અધમ નીચ સ્વભાવવાળો હોય, ૧૬ આલપ્પાલ એટલે અસંબંધ વચન બોલનાર હોય, ૧૭ દુષ્ટ બુદ્ધિવાળો હોય, ૧૮ તથા જે કૃતઘ્ન હોય એટલે કરેલા ઉપકારને ન જાણે એવો હોય તે જીવ મરણ પામીને પ્રચુર એટલે ઘણાં દુઃખ અને શોક તેણે કરીને ભરેલા એવા નરકને વિષે જાય ॥ ૧૪–૧૬ ॥

અહીંયાં પ્રથમ હિંસા આશ્રયી આઠમો સુભૂમ નામનો ચક્રવર્ત્તી ઘણાં પાપોએ કરીને નરકે ગયો તેની કથા કહે છેઃ—

વસંતપુરી નગરીના વનમાં એક આશ્રમમાં જમદગ્નિ નામે તાપસ રહેતો હતો. તે ઘણાં કષ્ટ સહન કરવા સાથે તપસ્યા કરતો અને શિવનું ધ્યાન હૃદયમાં ધારણ કરતો, તેના યોગે તે સર્વત્ર પ્રસિદ્ધિને પામ્યો હતો.

એકદા દેવલોકને વિષે એક ધન્વંતરી નામે દેવ તાપસભક્ત મિથ્યાદષ્ટિ છે અને બીજો વિશ્વાનર નામે દેવ જિનભક્ત સમ્યગ્દૃષ્ટિ છે. એ બંને મિત્ર છે. તે બંને મિત્ર પોતપોતાના અંગીકાર કરેલા ધર્મનાં વખાણ કરવા લાગ્યા. એકે કહ્યું કે શ્રીજિનધર્મ સમાન બીજો કોઈ ધર્મ નથી, ત્યારે બીજાએ કહ્યું કે શિવધર્મ સમાન બીજો કોઈ ધર્મ નથી. પછી બંને દેવોએ એવો ઠરાવ કર્યો કે 'આપણે બંને ધર્મના ગુરૂઓની પરીક્ષા કરીએ.' તે વખતે જિનધર્મી દેવ બોલ્યો કે–'શ્રીજિનધર્મ માંહેલો જે જઘન્ય–નવીન દીક્ષિત સાધુ હોય તેની પરીક્ષા કરીએ, અને શિવધર્મમાંહે જે દીર્ઘ કાળનો મહાતપસ્વી હોય તેની પરીક્ષા કરીએ, તે ઉપરથી સારા નરસાની સમજણ તરત પડશે.' એવો નિશ્ચય કરી તે બંને પૃથ્વીતલ ઉપર આવ્યા.

તે વખતે મિથિલા નગરીના પદ્મરથ રાજા રાજ ત્યાગીને ચંપાનગરીએ શ્રીવાસુપૂજ્યસ્વામી પાસે જઇ તરતમાં જ દીક્ષા લઇને પાછા વળ્યા હતા, તેને રસ્તામાં આવતા દેખીને પ્રથમ તેની જ

પરીક્ષા કરવા માટે અનેક પ્રકારનાં મિષ્ટાન્ન ભાત પાણી સરસ બનાવીને તેને દેખાડ્યાં. તે સાધુ ભૂખ્યા તરસ્યા હતા, તો પણ તેણે તે મિષ્ટાન્નને અસુઝતાં જાણી લીધાં નહીં. પોતાના ધૈર્યથી ચળ્યા નહીં. પછી તે દેવોએ એક રસ્તે કાંટા કાંકરા વિકૂર્વ્યા અને એક તરફના રસ્તા ઉપર ઘણા નાના નાના દેડકા વિકૂર્વ્યાં; તો પણ તે મહાત્મા દેડકા તરફના માર્ગને છોડીને જે રસ્તે કાંટા કાંકરા હતા તે રસ્તેથી ચાલવા લાગ્યા. તેને કાંટાને યોગે પગમાંથી લોહીની ધારા ચાલી જાય છે, તો પણ ક્ષોભ પામ્યા નહીં. પછી ત્રીજી પરીક્ષામાં તે સાધુની આગળ દેવોએ ગીત નાટક કર્યાં, સ્ત્રીઓનાં રૂપ બનાવીને ક્ષોભવી જોયા; તો પણ તે ક્ષોભાણા નહીં. પછી ચોથી પરીક્ષા કરવા માટે તે દેવો નિમિત્તિયાનાં રૂપ વિકૂર્વી સાધુની પાસે આવીને કહેવા લાગ્યા કે—'મહાત્મન્! અમે નિમિત્તશાસ્ત્રના બળથી કહીએ છીએ કે તમારૂં આયુષ્ય હજી ઘણું છે, માટે હમણા યૌવનાવસ્થાએ ભોગ ભોગવી પછી વૃદ્ધાવસ્થામાં ચારિત્ર લઇ તપ કરજો.' તે સાંભળી સાધુ બોલ્યા કે—'હે સિદ્ધપુરૂષો! જો મારૂં આયુષ્ય ઘણું હશે તો હું ઘણા કાળ પર્યંત ચારિત્ર પાળીશ, તેથી ઘણાં કર્મની નિર્જરા થશે. વળી હમણા લઘુવયમાં તપ થઇ શકશે, પરંતુ જરા અવસ્થા પ્રાપ્ત થયા પછી કાંઈ વિશેષ તપ થઈ શકે નહીં.' એવી તે સાધુની દૃઢતા જોઇ દેવો હર્ષ પામી જિનધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

હવે તે બંને દેવોએ આગળ જતાં વનમાં ઘણા કાળથી તપ કરતા, મોટી જટાવાળા, એકાંત ધ્યાનમાં રહેલા એવા જમદગ્નિ નામના તાપસને દીઠા. તેની પરીક્ષા કરવાને અર્થે તે બે દેવો, ચકલા અને ચકલીનું રૂપ ધારણ કરી તે ઋષિની દાઢીના વાળમાંહે માળો કરીને રહ્યા. એવામાં ચકલો મનુષ્યની ભાષાએ ચકલીને કહેવા લાગ્યો કે—'હું હિમવંત પર્વતે જઈ આવું ત્યાંસુધી તું અહીંયાં રહેજે.' તે વાત ચકલીએ ન માની અને કહેવા લાગી કે–'તું ત્યાં જઈને બીજી કોઈ ચકલી સાથે આસક્ત થઇ જા તો મારી શી સ્થિતિ થાય?' ત્યારે ચકલો બોલ્યો કે–'જો ફરી ન આવું તો

મારા ઉપર ગૌહત્યા, સ્ત્રીહત્યાદિકનું પાપ છે.' ઈત્યાદિ વાતો કહી; પરંતુ ચકલીએ કાંઇ માન્યું નહીં અને કહેવા લાગી કે–'જો તું કોઇ ચકલી સાથે યારી કરે તો આ ઋષિનું જેટલું પાપ છે તે સર્વ પાપ તારી ઉપર પડે, એવી રીતની પ્રતિજ્ઞા કરે તો તને જવા દઉં.'

તે વાત સાંભળતાં જ જમદગ્નિ તાપસ રોષે ભરાણો થકો દાઢીમૂછમાં હાથ નાખી બેઉને પકડીને પૂછવા લાગ્યો કે–'અરે! હું કઠિણ તપ કરીને પાપોનો નાશ કરૂં છું તેમ છતાં તમે મને પાપી કહીને કેમ બોલાવો છો?' તે સમયે ચકલી બોલી કે–'હે ઋષિ! તમે કોપ ન કરો અને આપણું શાસ્ત્ર જુઓ. તેમાં કહ્યું છે કે–અપુત્રસ્ય ગતિર્નાસ્તિ, સ્વર્ગો નૈવ ચ નૈવ ચ ॥ તસ્માત્ પુત્રમુખં દૃષ્ટ્વા, સ્વર્ગં ગચ્છંતિ માનવાઃ ॥ ૧ ॥ માટે અપુત્રીઆને ગતિ નથી અને સ્વર્ગ પણ નથી, અને તમે અપુત્રીઆ છો તેથી તમારી ગતિ ક્યાં છે?' તે વાત ઋષિએ સત્ય માની લીધી અને વિચાર્યું કે–'કોઇક સ્ત્રી સાથે પાણિ-ગ્રહણ કરીને પુત્ર ઉત્પન્ન કરૂં.' પછી તપનો ત્યાગ કરીને કોષ્ટિક નગરે જિતશત્રુ રાજાને ઘણી પુત્રીઓ છે, એવું સાંભળી વિચારવા લાગ્યો કે–'ચાલ, તેની પાસે જઇ હું એક કન્યાની યાચના કરૂં.' એ રીતે ઋષિને ચલાયમાન થયેલા જોઇને જે મિથ્યાત્વી દેવ હતો તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો અને બંને સ્વસ્થાને ગયા.

હવે તાપસ રાજા પાસે કન્યાની યાચના કરવા ગયો, ત્યાં રાજા આસનથી ઉઠી સામો આવ્યો. ઋષિએ કન્યાની માગણી કરી એટલે રાજાએ તાપસને કહ્યું કે–'મારી સો પુત્રીઓ છે, તેમાંથી જે તમારી વાંછા કરે તેનો તમે અંગીકાર કરો.' તે સાંભળી ઋષિ અંતેઉરમાં ગયા. તિહાં તે કન્યાઓ તેને જટાધારી, દુબલો, ભીખ માગીને ખાવાવાળો, ધોળા કેશવાળો, અસંસ્કારી શરીરવાળો દેખી થૂંકવા લાગી, તેથી તે ઋષિએ રોષિત થઈ પોતાના તપને પ્રભાવે તે સર્વ કન્યાઓને કૂબડી અને કુરૂપિણી કરી દીધી અને ત્યાંથી તરત પાછો વળ્યો. ત્યાં આંગણા આગળ ધૂળમાં રમત કરતી એવી રાજાની એક પુત્રી દીઠી. તેને હાથમાં બીજોરૂં

લઇ ઋષિ કહેવા લાગ્યા કે-'હે રેણુકા ! તું મુજને વાંછે છે ?' તે વારે છોકરીએ બીજોરા તરફ પોતાનો હાથ લંબાવ્યો. તે દેખી ઋષિએ જાણ્યું કે 'આ મને ઇચ્છે છે,' એમ વિચારી તેને ઉપાડી લઇ ગયો. રાજાએ પણ શાપના ભયથી બીતા થકા એક હજાર ગાય તથા દાસ દાસી સહિત તે કન્યા ઋષિને દીધી. ઋષિએ બીજી સો કન્યાને પોતાની સાળીઓના સ્નેહથી તપને બળે કૂબડાપણું નિવારી સારી કરી. એ રીતે સર્વ તપસ્યા ગુમાવીને તે કન્યાને વનમાં પોતાના આશ્રમમાં લઇ આવ્યો. ત્યાં લાલનપાલન કર્યું. યૌવનવય પ્રાપ્ત થયે મહા સ્વરૂપવાન્ થયેલી જોઇ, એટલે તેની સાથે અગ્નિની સાખે ફરી પાણિગ્રહણ કર્યું. ઋતુકાળે તેને કહેવા લાગ્યો કે-'હું એક ચરૂ મંત્રે કરી તને સાધી આપું કે જેથી તને ઘણો જ રૂડો એવો બ્રાહ્મણ પુત્ર થશે.' તે વખતે રેણુકાએ કહ્યું કે-'મંત્રે કરી બે ચરૂ સાધજો જેથી એક બ્રાહ્મણપુત્ર થાય અને બીજો ક્ષત્રિયપુત્ર થાય; કેમકે ક્ષત્રિય ચરૂ મારી બહેન જે હસ્તિનાપુરે પરણી છે તેને આપશું.' પછી ઋષિએ બે ચરૂ મંત્રે સાધીને સ્ત્રીને આપ્યા. તે વારે રેણુકાએ ચિંતવ્યું કે-'મારો પુત્ર ક્ષત્રિય મહા શૂરવીર થાય તો હું આ જંગલમાં રહેવાથી છૂટું.' એવા હેતુથી ક્ષત્રિય ચરૂ પોતે ખાઈ ગઈ અને બ્રાહ્મણ ચરૂ પોતાની બહેનને માટે હસ્તિનાપુર મોકલ્યો, તે તેણીએ ખાધો.

હવે ધૂલીના ઢગલામાં રમત કરતી હતી માટે એનું નામ રેણુકા પાડી દીધું હતું. તેને રામ એવા નામે પુત્ર થયો અને તેની બહેનને કૃતવીર્ય એવા નામે પુત્ર થયો. એવામાં આતસારના રોગે કરી પીડિત એવો એક વિદ્યાધર તે આશ્રમે આવ્યો. તે અતિસારના વ્યાધિથી આકાશગામિની વિદ્યા ભૂલી ગયો હતો. ત્યાં તે વિદ્યાધરની રામે ઘણી ઔષધાદિક સંબંધી સારસંભાળ કરી, તેથી તે વિદ્યાધરે હર્ષવંત થઈને રામને પરશુ નામે વિદ્યા આપી. તેને રામે સાધી લીધી. તેને યોગે તે પરશુરામ એવા નામે જગત્માં પ્રસિદ્ધ થયો. પછી દેવાધિષ્ઠિત કુઠાર પ્રહરણ લઇને તે નિરંતર ફરવા લાગ્યો.

એકદા જમદગ્નિની આજ્ઞા લઇને રેણુકા પોતાની બહેનને

મળવા માટે હસ્તિનાપુર ગઈ. ત્યાં રેણુકાને પોતાની સાળી જાણીને અનંતવીર્ય રાજા તેની હાંસી-મશ્કરી કરવા લાગ્યો અને રેણુકાનું ઘણું સુંદર રૂપ જોઈ કામાતુર થઇ નિરંકુશપણે રેણુકા સાથે વિષય સેવવા લાગ્યો. તેના યોગથી રેણુકાને એક પુત્ર થયો. જમદગ્નિ તે પુત્રસહિત રેણુકાને પોતાને આશ્રમે તેડી લાવ્યો. તેને પુત્રસહિત દીઠી એટલે પરશુરામે ક્રોધમાં આવી પરશુએ કરી તરત પોતાની માતા તથા ભાઇનાં મસ્તકો છેદી નાખ્યાં. તે વાત સાંભળી અનંતવીર્ય રાજા ક્રોધે ભરાણો થકો સેના સાથે જમદગ્નિના આશ્રમે જઇ આશ્રમને બાળીને તોડીફોડી નાખ્યો અને સર્વ તાપસોને ત્રાસ પમાડ્યો. તે તાપસોનો કકળાટ સાંભળી પરશુરામ ત્યાં આવ્યો અને તેણે અનંતવીર્યને મારી નાખ્યો. પ્રધાનલોકોએ તે વાત સાંભળીને અનંતવીર્યના પુત્ર કૃતવીર્યને હસ્તિનાપુરની ગાદીએ બેસાડ્યો. તેણે એક દિવસ પોતાની માતાના મુખથી બાપને માર્યાનું વૈર જાણી આશ્રમે જઇ જમદગ્નિ ઋષિને મારી નાખ્યો. તે વાત પરશુરામે સાંભળી એટલે હસ્તિનાપુર આવીને કૃતવીર્યને મારી પોતે રાજગાદીએ બેઠો. તે વખત કૃતવીર્યની તારા નામે રાણી સગર્ભા હતી, તે પરશુરામના ભયથી નાશીને વનમાં ગઈ. તેના ઉપર કોઇ તાપસે દયા આણીને પોતાના આશ્રમના ભોંયરામાં છૂપાવી રાખી. તિહાં તેણીએ ચૌદ સ્વપ્નસૂચિત પુત્રને જન્મ આપ્યો. તેનું નામ ભૂમિગૃહમાં જન્મેલ હોવાથી સુભૂમ પાડ્યું.

હવે પરશુરામે ક્ષત્રિયો ઉપર રોષ કરી ફરી ફરી સાત વખત નિઃક્ષત્રિય પૃથ્વી કરી. જિહાં ક્ષત્રિય હોય તિહાં પરશુરામનો કુહાડો જાજ્વલ્યમાન થાય. એકદા જે સ્થાનકે રાણી છૂપી રહેલી છે, તે આશ્રમે આવતાં પરશુરામનો કુહાડો જાજ્વલ્યમાન થયો. તે વખતે પરશુરામે તાપસોને પૂછ્યું કે-' ઇહાં કોઇ ક્ષત્રિય છે ? ' તે વારે તાપસો બોલ્યા કે-' ગૃહસ્થાવાસમાં અમે સર્વ ક્ષત્રિય હતા. ' તે વારે તેને ઋષિઓ જાણી છોડી દીધા. પરશુરામે સર્વ ક્ષત્રિયોને મારીને તેમની દાઢાઓ લઇ એક થાળ ભર્યો. એકદા પરશુરામે ગુપ્ત રીતે કોઈ નિમિત્તિયાને પૂછ્યું કે-' મારૂં મરણ કેવી રીતે થશે ? '

ત્યારે નિમિત્તિયાએ કહ્યું કે–' જેના દેખવાથી આ દાઢાઓ ખીરરૂપ થશે અને તે ખીરને સિંહાસન ઉપર બેસીને જે જમશે, તેના હાથથી તારૂં મરણ થશે. ' તે વાત સાંભળી પરશુરામે એક દાનશાળા મંડાવી તેની આગળ એક સિંહાસન રચાવ્યું અને દાઢાઓનો થાળ સિંહાસન ઉપર રખાવ્યો.

એવા અવસરે વૈતાઢ્ય પર્વત ઉપર મેઘનાદ નામના વિદ્યાધરે ' પોતાની પુત્રીનો વર કોણ થશે ? ' તે માટે કોઈ નિમિત્તિયાને પૂછ્યું. નિમિત્તિયાએ ' સુભૂમ વર થશે ' એમ કહ્યું તથા સર્વ હકીકત કહી સંભળાવી. તે વારે તે વિદ્યાધર પોતાની પુત્રીને લઇને સુભૂમવાળે આશ્રમે આવ્યો. તિહાં પોતાની પુત્રી સુભૂમને પરણાવી અને પોતે પણ સુભૂમનો સેવક થઇને રહ્યો.

એકદા સુભૂમે પોતાની માતાને પૂછ્યું કે–' હે માતા ! પૃથ્વી શું આટલી જ છે ? ' ત્યારે તેને માતાએ કહ્યું કે–' વત્સ ! પૃથ્વી તો ઘણી છે, તેમાંથી એક માખીની પાંખ જેટલી જગ્યામાં આ આશ્રમ છે, તેમાં આપણે પરશુરામના ભયથી ગુપ્ત રહ્યા છીએ. આપણી પોતાની રાજભૂમિ તો હસ્તિનાપુર છે. ' ઈત્યાદિ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી સુભૂમ રોષે ભરાણો સતો ભોંયરામાંથી બહાર નીકળ્યો અને મેઘનાદ વિદ્યાધર સહિત હસ્તિનાપુરમાં જિહાં દાનશાળા છે તિહાં ગયો. તેની નજર પડતાં જ ક્ષત્રીની દાઢાનો સમૂહ ખીરરૂપ થઈ ગયો. તે તેને જમવા લાગ્યો, તે જોઈ પરશુરામના રાખેલા બ્રાહ્મણો તેને મારવા માટે દોડ્યા. તેમને મેઘનાદ વિદ્યાધરે ત્રાસ પમાડી મારી નાખ્યા. પરશુરામ પણ તે વાત સાંભળી તિહાં આવ્યો અને સુભૂમને મારવા માટે પરશુ ચલાવ્યો. તે પરશુ સુભૂમની દૃષ્ટિએ પડતાં જ અંગારાની માફક ઓલવાઈ ગયો અને સુભૂમે પરશુરામની ઉપર થાળ જ ઉપાડીને ફેંક્યો, તે થાળ ફીટીને ચક્રરત્ન થયું. તેણે પરશુરામનું મસ્તક છેદી નાખ્યું.

પછી જેમ પરશુરામે સાત વાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી હતી તેમ પરશુરામના વૈરી સુભૂમે એકવીશ વાર નિર્બ્રાહ્મણી પૃથ્વી કરી. કોઇ

પણ જાણવામાં આવે એવા બ્રાહ્મણને જીવતો રહેવા દીધો નહીં. પછી ચક્રરત્નને બળે છ ખંડ પૃથ્વી સાધીને ચક્રવર્ત્તી થયો. પ્રાંતે લોભનો વાહ્યો થકો ધાતકીખંડનું ભરતક્ષેત્ર સાધવા માટે લવણસમુદ્રમાં ચર્મરત્ન ઉપર કટક ચડાવીને ચાલ્યો. વચમાં જ ચર્મરત્નના અધિષ્ઠિત સર્વ દેવોએ ચર્મરત્ન ઉપાડવાને બદલે પડતું મૂક્યું; તેથી સર્વ સૈન્ય સમુદ્રમાં બૂડી ગયું. સુભૂમ પણ સમુદ્રમાં ડૂબી મરણ પામી અનેક જીવહિંસા વિગેરેના પાતકના યોગે કરી સાતમી નરકે ગયો.

ઇતિ જંતુઘાત વિષે બહુપાપપરિગ્રહાસક્ત સુભૂમ ચક્રીની કથા સમાપ્ત.

---

**હવે બીજા પ્રશ્નનો ઉત્તર એક ગાથાએ કરી કહે છેઃ-**

**तवसंजमदाणरओ, पयईए भद्दओ किपालूओ ।**
**गुरुवयणरओ निच्चं, मरिउं देवेसु सो जाइ ॥ १८ ॥**

**ભાવાર્થઃ**—જે જીવ તપ, સંયમ અને દાનને વિષે રક્ત હોય, પ્રકૃતિએ ભદ્રિક પરિણામી હોય, કૃપાલુ–દયાવંત હોય, ગુરૂનાં વચન ઉપર નિરંતર રક્ત હોય, ગુરૂના કહ્યા પ્રમાણે ચાલનાર હોય, તે જીવ મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય. ॥૧૮॥

જેમ આનંદ શ્રાવકે તપસ્યા કરી શ્રાવકની અગીયાર પ્રતિમા આદરી, દાન દઇ, શ્રીમહાવીરદેવનાં વચનઉપર નિરંતર રક્ત, દયાવંત, ભદ્રિક પરિણામી થઈ, અવધિજ્ઞાન પામી, દેવપદવી મેળવી. એ બીજા ઉત્તર આશ્રયી આનંદ શ્રાવકની કથા કહે છેઃ—

વાણિજ્ય નામના ગ્રામે જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. ત્યાં આનંદ નામે ગૃહસ્થ રહે છે. તેને શિવાનંદા નામે સ્ત્રી છે. તેના ઘરમાં બાર ક્રોડ સુવર્ણ છે, દશ હજાર ગાયનું એક ગોકુળ, એવાં ચાર ગોકુળ છે. વળી તે ગામથી ઇશાન ખૂણે કોલ્લાગ ગ્રામે આનંદ શ્રાવકનાં સગાંસંબંધી ઘણાં વસે છે.

એકદા તિહાં દ્યુતિપલાશ નામના વનને વિષે શ્રીમહાવીરસ્વામી આવીને સમોસર્યા. તેમને જિતશત્રુ રાજા અને આનંદ ગૃહસ્થાદિ વાંદવા માટે આવ્યા. શ્રીવીર ભગવાનની ધર્મદેશના સાંભળીને આનંદે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં. તેમાં પાંચમા પરિગ્રહપરિમાણવ્રતને વિષે ચાર ક્રોડ સુવર્ણ થાપણ તરીકે રાખવુ, ચાર ક્રોડ વ્યાજે આપવું અને ચાર ક્રોડ વ્યાપાર માટે રાખવું એમ સર્વ મળી બાર ક્રોડ સુવર્ણ, અને એક ગોકુલમાં દશ હજાર ગાય હોય તેવાં ચાર ગોકુળ ગાયોનાં રાખ્યાં; તેમજ ખેતરો ખેડવા માટે પાંચશેં હળ મોકળા રાખ્યા, તથા પાંચશેં શકટ દેશાંતર મોકલવા યોગ્ય અને પાંચશેં શકટ ઘરનાં કામકાજ કરવા યોગ્ય ખેતરોમાંથી ધાન્ય, કાષ્ઠ અને તૃણાદિ લાવવા માટે રાખ્યાં. તથા જળમાર્ગે પરદેશ જવાને ચાર વહાણ અને ચાર વહાણ અન્ય દેશથી ધાન્યાદિ લાવવા માટે–એ રીતે આઠ વહાણ રાખ્યાં, તથા સ્નાન કરી રાતે વસ્ત્રે અંગલૂહણ કરવું, ઉપરાંત અંગલૂહણાંનો નિયમ કર્યો, તથા નીલા જેઠીમધનું દાતણ રાખ્યું તથા ક્ષીરામલક ફળ ટાળી બીજાં ફળનો નિયમ કર્યો, તથા શતપાક અને સહસ્રપાક એ બે તેલ મર્દન કરવાને મોકળા રાખ્યા, બીજા તેલનો નિયમ કર્યો, તથા શિલારસ અને અગરના ધૂપ ટાળી બીજા ધૂપનો નિયમ કર્યો. જાઈફૂલ અને કમલિની એ બે જાતિનાં ફૂલ ટાળી બીજાં પુષ્પનો નિયમ કર્યો. કાનનાં આભરણ તથા નામાંકિત મુદ્રિકા ટાળી બીજાં આભૂષણ રાખવાનો નિયમ લીધો. આઠ પારી ભરાય એટલા પાણીના ઘડાથી સ્નાન કરવું તથા ગહૂંના ચૂર્ણની પીઠી કરવી. બે શ્વેત પટકૂળ ટાળી બીજાં વસ્ત્રનો નિયમ લીધો. ચંદન, અગરુ, કુંકુમ–એ ત્રણ ટાળી બીજાં વિલેપન કરવાનો નિયમ લીધો. મગ પ્રમુખની ખીચડી તથા તંદુલની ખીર તેમજ ઉજ્જ્વળ ખાંડથી ભરેલાં ઉંચા મેંદાનાં ઘણા ઘૃતથી તળેલાં એવાં પકવાન્ન ખાવાં, ઉપરાંતનો નિયમ લીધો. દ્રાક્ષાદિક નીલી કાષ્ઠપેયા ટાળી બીજી પેયાનો નિયમ લીધો. સુગંધીમય કલ્મશાલિનો કૂર ટાળી બીજા ઓદનનો નિયમ લીધો. અડદ અને મગ ટાળી બીજા વિદળનો નિયમ લીધો. શરત્કાળ

સંબંધી ગાયનાં ઘૃત ટાળી બીજાં ઘૃતનો નિયમ લીધો. તૂંબક, મંડુકી અને વત્થુઆનાં શાક ટાળી બીજાં શાકનો નિયમ લીધો. વડાં પૂર્ણાદિક ટાળી બીજાં ધાન્ય શાકનો નિયમ લીધો. આકાશનું પાણી ટાળી બીજાં પાણી પીવાનો નિયમ લીધો. એલચી, લવીંગ, કંકોલ, કર્પૂર, જાયફળ–એ પાંચ વસ્તુએ કરી સંસ્કારિત જે તંબોલ તે ટાળીને બીજાં તંબોલ ખાવાનો નિયમ લીધો. જે કાંઈ પ્રથમથી જ ઘરમાં વસ્તુ છે, ઘરવખરી છે તે ઉપરાંત પરિગ્રહ વધારવાનો નિયમ કર્યો. એ પાંચમા તથા સાતમા વ્રત સંબંધી વાત કહી, તેમ બીજા પણ સર્વ વ્રતના યથાયોગ્ય નિયમ લઇ શ્રીમહાવીરને વાંદીને ઘેર આવ્યો. શિવાનંદા સ્ત્રીએ પણ શ્રીમહાવીર પાસે આવી આનંદની પેઠે જ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. બેઉ જણાએ ચૌદ વર્ષ પર્યંત એ રીતે શ્રાવકધર્મ પાળ્યો. જો કોઇ દેવ મનમાં દ્વેષ ધરી ચળાવવા આવે તો પણ ચલાયમાન થાય નહીં એવા દૃઢ નિશ્ચયવાળા થયા.

પછી આનંદ શ્રાવકને પ્રતિમા આરાધવાનો મનોરથ થયો, તે વારે સર્વ કુટુંબની આજ્ઞા લઇને કોલ્લાગ ગ્રામે પૌષધશાળા કરાવી. મોટા પુત્રને ઘરનો ભાર સોંપી, સર્વ સજ્જનને જમાડી, હકીકત કહીને પૌષધશાળાએ જઈ મહા તપ કરતો થકો અગીયાર પ્રતિમાનું આરાધન કરવામાં પ્રવર્ત્યો. કહ્યું છે કે:—

**दंसण वय सामाइय, पोसह पडिमा अबंभ सच्चित्ते ।**
**आरंभ पेस उद्दिट्ठ–वज्जए समणभूए अ ॥ १ ॥**

એવી રીતે પ્રતિમાનું આરાધન કરતા થકા આનંદનું શરીર અત્યંત દુર્બળ થઇ ગયું.

એકદા ધર્મજાગરણ કરતાં અનશનનો મનોરથ ઉપન્યો, તે વારે સંલેષણા કરી અનશન લીધું. તે પછી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. એવામાં શ્રીમહાવીરસ્વામી આવી ઉદ્યાન વિષે સમોસર્યા, તે વખતે શ્રીગૌતમસ્વામી છઠ્ઠને પારણે ભિક્ષાને અર્થે નગરમાં ગયા. અન્નપાણી વહોરીને પાછા વળતાં કોલ્લાગ ગ્રામ તરફ ઘણા લોકને જતાં દેખી ગૌતમ-

સ્વામીએ પૂછ્યું કે–' આ લોકો ક્યાં જાય છે ? ' તે વારે કોઇએ જવાબ આપ્યો કે–' હે મહારાજ ! આનંદ શ્રાવકે અનશન કર્યું છે, તેમને વાંદવા જાય છે. ' તે સાંભળી શ્રીગૌતમસ્વામી પણ આનંદ શ્રાવકને વંદાવવા માટે તિહાં ગયા. તેમને આવ્યા જોઇને આનંદ શ્રાવક અત્યંત હર્ષ પામ્યો થકો કહેવા લાગ્યો કે–' હે મહારાજ ! હું ઉઠી શકતો નથી, માટે તમે ઢુકડા પધારો તો આપના પગને હું મારા મસ્તકે કરી ફરસું. ' તે સાંભળી શ્રીગૌતમસ્વામી ઢુકડા ગયા તે વારે આનંદ શ્રાવકે ત્રિધા શુદ્ધે કરી મસ્તક પગે લગાડીને વાંદ્યા અને પૂછ્યું કે ' મહારાજ ! ગૃહસ્થને અવધિજ્ઞાન ઉપજે ? ' શ્રીગૌતમસ્વામી બોલ્યા કે–' હા ઉપજે. ' તે વારે આનંદે કહ્યું કે–' મને તમારા પ્રસાદથી અવધિજ્ઞાન ઉપન્યું છે, તે કેટલું ઉપન્યું છે ? તે કહું છું–પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશાએ લવણસમુદ્રમાં પાંચશેં યોજન પર્યંત દેખું છું અને ઉત્તર દિશાએ હિમવંત પર્વત પર્યંત દેખું છું તથા ઉંચું સૌધર્મદેવલોક સુધી અને નીચું પહેલી નરકપૃથ્વીના લોલુઆ નરકાવાસા સુધી દેખું છું. ' તે સાંભળી શ્રીગૌતમસ્વામી બોલ્યા કે–' ગૃહસ્થને એટલું અવધિજ્ઞાન ઉપજે નહીં, માટે તમે મિચ્છામિ દુક્કડં દ્યો. ' આનંદે કહ્યું કે–' સત્ય કહેવાનો મિચ્છામિ દુક્કડં દેવાય નહીં. ' શ્રીગૌતમસ્વામીએ કહ્યું કે–'એટલું અવધિ ગૃહસ્થપણે ન ઉપજે. ' ત્યારે આનંદે કહ્યું કે–' તમે જ મિચ્છામિ દુક્કડં દ્યો. ' તે વાત સાંભળી શ્રીગૌતમસ્વામી શંકા પામતા શ્રીમહાવીર પાસે આવી ભાતપાણી આલોવી પૂછવા લાગ્યા કે–' હે ભગવન્ ! આનંદ શ્રાવક મિચ્છામિ દુક્કડં દે કે હું દઉં ? ' ભગવાને કહ્યું કે–' હે ગૌતમ ! તું જ મિચ્છામિ દુક્કડં દે; કારણ કે આનંદને એટલું જ અવધિજ્ઞાન ઉપન્યું છે. ' ત્યારે શ્રીગૌતમસ્વામીએ આનંદ શ્રાવક પાસે આવીને મિચ્છામિ દુક્કડં દીધો અને આનંદને ખમાવ્યો. વીશ વર્ષ પર્યંત શ્રાવકધર્મ પાળીને આનંદ શ્રાવક પહેલે સૌધર્મદેવલોકમાં અરૂણાભ વિમાનમાં ચાર પલ્યોપમને આઉખે દેવતાપણે ઉપન્યા. તિહાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રે મનુષ્યપણે ઉપજી ચારિત્ર લઈ મોક્ષે જશે.

બીજા પ્રશ્નના ઉત્તર ઉપર આનંદ શ્રાવકની કથા સમાપ્ત.

એ રીતે નરક સ્વર્ગપણું પામવા આશ્રયી બે પ્રશ્નના ઉત્તર કહ્યા. હવે તિર્યંચ અને મનુષ્યપણું પામવા આશ્રયી બે પૃચ્છા કરી છે તેનો ઉત્તર બે ગાથાએ કરી કહે છે.

**कज्झत्थी जो सेवइ, मित्तं कज्जे कएवि संवयई ।**
**कूरो गूढमईओ, तिरिऊं सो होइ मरिऊणं ॥ १९ ॥**
**अज्जवमद्दवजुत्तो, अकोहणो दोसवज्जिओ मज्झो ।**
**नय साहुगुणेसु ठिओ, मरिउं सो माणुसो होइ ॥ २० ॥**

**ભાવાર્થ:**—( જો કે૦ ) જે કજ્જત્થી એટલે પોતાના કાર્યનો અર્થી થકો મિત્રની સેવા કરે, તે કાર્ય ( કએવિ કે૦ ) કૃતેડપિ એટલે સિદ્ધ થયા પછી મિત્રને ( સંવયઈ–એટલે ) વિહડે–વિખોડે એવો ક્રૂર પરિણામનો ધણી હોય, ગૂઢમઇઓ એટલે ગૂઢ મતિવાળો હોય અર્થાત્ પોતાના હૃદયની વાત કોઈની આગળ કહે નહીં, તે જીવ મરીને તિર્યંચ થાય. જેમ અશોકકુમરે માયાએ કરી મિત્રદ્રોહ કર્યો તેથી વિમલવાહન કુલગરનો હાથી થયો. ॥ ૧૯ ॥

તથા આર્જવ એટલે સરલ ચિત્તવાળો હોય, માર્દવ એટલે માન રહિત–નિરહંકારી હોય, અક્રોધી–ક્ષમાવંત હોય, દોષવર્જિત એટલે જીવઘાતાદિ દોષ રહિત હોય, મધ્યસ્થો–મધ્યસ્થવૃત્તિ-વાળો હોય. ‘ નયસાધુગુણેષુ સ્થિતઃ ’ એટલે સુપાત્રને દાન દેય, ન્યાયવંત હોય, મહાત્મા સાધુના ગુણનો વખાણનાર હોય તે જીવ મરણ પામીને મનુષ્ય થાય. જેમ સાગરચંદ્ર મરીને પહેલો કુલગર વિમલવાહન થયો. ॥ ૨૦ ॥

**હવે એ બે પૃચ્છા ઉપર સાગરચંદ્ર શેઠ અને અશોકદત્તની મળી એક જ કથા કહે છે;**—મહાવિદેહ ક્ષેત્રને વિષે અપરાજિતા નામની નગરીમાં ઈશાનચંદ્ર રાજા રાજ્ય કરે છે. ત્યાં ચંદનદાસ નામનો શ્રેષ્ઠી વસે છે. તેને ગુણવંત એવો સાગરચંદ્ર નામનો પુત્ર છે. તે સરલ ચિત્તવાલો, નિરંતર ધર્મી અને નિર્મળ આચારવાળો

છે. તેને અશોકદત્ત નામે મિત્ર છે, તે માયાવી, મનમાં કપટી અને પ્રપંચી છે. એકદા વસંતમાસ આવે થકે રાજાનો આદેશ થયો કે–‘ આજે વસંતક્રીડા કરવાને માટે સર્વ લોકોએ વનમાં આવવું.’ તે વાત સાંભળીને સાગરચંદ્ર તથા અશોકદત્ત એ બંને વનમાં ગયા, અને રાજા પણ પરિવાર સહિત વનમાં આવ્યો. એમ લાખોગમે લોક ત્યાં એકઠા થયા. સર્વ સ્થળે ગીત, ગાન, નાટક, ઝૂલણાદિ કૌતુક સર્વ લોક કરવા લાગ્યા. તે અવસરે ‘ રક્ષણ કરો, રક્ષણ કરો, ’ એવો કલકલાટ શબ્દ સાંભળ્યો. તે સમયે સાગરચંદ્ર નજીક હોવાથી તરવાર હાથમાં લઇને તિહાં ગયો તો ચોરોવડે હરણ કરાતી એવી પુણ્યભદ્ર શેઠની દીકરી પ્રિયદર્શનાને દયા માટે પ્રાર્થના કરતી દીઠી. તેને સાગરચંદ્રે બળે કરીને છોડાવી. તે વાત સાગરચંદ્રના પિતા ચંદનદાસે સાંભળી. પુત્ર ઘેર આવ્યો ત્યારે પિતાએ શિખામણ દીધી કે–‘ હે વત્સ ! એવું ઉદ્ધતપણું ન કરીએ, કુળની મર્યાદા પ્રમાણે બળ ફોરવીએ, દ્રવ્યને અનુસારે વેશ પહેરીએ, કુસંગતિ પરહરીએ, મોટાનો વિનય કરીએ, વડીલોએ કહેલાં વચનો સહન કરીએ તો મહત્ત્વ પામીએ; માટે તું તારો જે અશોકદત્ત મિત્ર છે તેની સંગતિ તજીને શ્રીજિનધર્મનું પાલન કર. ’ એવી પિતાની શિખામણ સાંભળી સાગરચંદ્ર બોલ્યો કે—‘ હે તાતજી ! જેમાં લાજ જાય તેવી ક્રિયા હું નહીં કરૂં. ’ એવા પુત્રના વચનથી પિતા ઘણો હર્ષ પામ્યો.

હવે પુણ્યભદ્ર શેઠે પણ સાગરચંદ્ર કુમારનો ઉપકાર જાણીને પોતાની પ્રિયદર્શના નામની કન્યા મોટા મહોત્સવથી તેને પરણાવી. બંનેનો વિધાતાએ સુંદર સમાગમ મેળવ્યો. કુમર–કુમરી બેહુ સુખપૂર્વક રહે છે.

એકદા સાગરચંદ્ર ગ્રામાંતરે ગયો તેવામાં અશોકદત્ત મિત્રને ઘેર આવી માયાએ કરી પ્રિયદર્શનાને સ્નેહ દેખાડતો કહેવા લાગ્યો કે—‘ આવો, આપણે સ્નેહ સંબંધ કરીએ. ’ તે વાત સાંભળતાં પ્રિયદર્શનાને ક્રોધ ઉપજ્યો, તેથી તેને ઘરથી બહાર

કાઢી મૂક્યો. બહાર નીકળતાં રસ્તામાં સાગરચંદ્ર ગ્રામાંતરથી આવતો સામો મળ્યો. તેને અશોકદત્તે કહ્યું કે–' તમારી સ્ત્રી મારી સાથે સ્નેહ કરવા તત્પર થઇ હતી તેને મેં નિષેધી છે.' તે વાત સાંભળી સાગરચંદ્રે કહ્યું કે ઉત્તમ મનુષ્યે અયોગ્ય–અઘટીત કાર્ય કરવું નહીં.' પછી તે ઘેર આવ્યો ત્યારે સ્ત્રીના મુખથી મિત્રનું સર્વ સ્વરૂપ જાણ્યું. તેણે વિચાર્યું કે—' મારા પિતાએ કહ્યું હતું કે તારા મિત્ર અશોકદત્તની તું સોબત કરીશ નહીં, તે વાત સત્ય થઇ.' એમ વિચારી ધર્મકાર્ય કરવાને ઉદ્યમવંત થયો. પોતાની લક્ષ્મી સાત ક્ષેત્રે વાપરવા લાગ્યો.

અનુક્રમે સ્ત્રી–ભર્તાર બંને જણ કાળ કરી જંબૂદ્વીપના ભરતક્ષેત્રે દક્ષિણ ખંડે ગંગા અને સિંધુ બેઉ નદીની વચ્ચે ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે નવશેં ધનુષ્ય પ્રમાણ શરીરવાળા યુગલિયા થયા. તિહાં કલ્પવૃક્ષ મનોવાંછા પૂર્ણ કરે છે. તેઓ અલ્પ કષાયવાળા થયા. માંહોમાંહે બેઉને ઘણો સ્નેહ થયો.

અશોકદત્ત મિત્ર પણ મરીને તિહાં જ ચાર દાંતવાળો હાથી થયો. તે હાથીએ ભમતાં ભમતાં એકદા આ બેઉ યુગલિયાને દીઠા, એટલે પાછલા ભવના સ્નેહના વશથી બેહુને સૂંઢથી ઉપાડીને પોતાની પીઠ ઉપર ચડાવી લીધાં; તેથી તે યુગલિયાનું વિમલવાહન એવું નામ પ્રસિદ્ધ થયું. આર્જવ ગુણના પ્રતાપથી સાત કુલગરમાં એ પ્રથમ કુલગર થયો અને અશોકદત્ત માયાએ કરી તિર્યંચ થયો.

મનુષ્ય તથા તિર્યંચપણું પામવા આશ્રયી સાગરચંદ્ર
તથા અશોકદત્તની કથા સમાપ્ત.

---

હવે સ્ત્રી મરણ પામીને કેમ પુરૂષપણું પામે અને પુરૂષ મરણ પામીને સ્ત્રીપણું કેમ પામે? એ બે પૃચ્છાનો ઉત્તર બે ગાથાએ કરીને કહે છે:—

**संतुट्ठा सुविणीआ, अज्जवजुत्ता य जा थिरा निच्चं ।**
**सच्चं जंपइ महिला, सा पुरिसो होइ मरिऊणं ॥ २१ ॥**

**जो चवलो सठभावो, मायाकवडेहिं वंचए सयणा ।**
**न य कस्सय वीसस्सइ, सो पुरिसो महिलया होइ ॥२२॥**

**ભાવાર્થઃ**—જે સ્ત્રી સંતોષવાન્ હોય, રૂડી વિનીત હોય, સરલ ચિત્તવાળી હોય, સ્થિર સ્વભાવવાળી હોય, સત્ય વચન બોલનારી હોય, તે સ્ત્રી મરીને પુરૂષપણું પામે ॥ ૨૧ ॥ જે પુરૂષ ચપળસ્વભાવી હોય, શઠ હોય, કદાગ્રહી હોય, માયા-કપટ કરી સગાંસંબંધીને વંચે-ઠગે, વળી કોઈનો વિશ્વાસ ન કરે, તે પુરૂષ મરણ પામીને પરભવે સ્ત્રી થાય ॥ ૨૨ ॥

## એ બેઉ ઉત્તર ઉપર પદ્મ પદ્મિનીની કથા કહે છેઃ-

સ્વસ્તિમતી નામની નગરીમાં ન્યાયસાર નામે રાજા રાજ્ય કરે છે. તે નગરમાં એક પદ્મ નામે સત્યવાદી અને સંતોષી શેઠ વસે છે. તેની સ્ત્રી પદ્મિની નામની મહા રૂપવતી છે, પરંતુ કર્મના યોગે મુખરોગે કરી પીડાતી થકી કાહલ સ્વરવાળી છે, અસત્ય-વાદી અને માયાવી છે. શેઠે સ્ત્રીનો મુખરોગ મટાડવા માટે ઘણા ઉપચારો કર્યા, પણ કોઈ રીતે ફાયદો થયો નહીં. એકદા તે સ્ત્રી કપટે કરી ભર્ત્તારને કહેવા લાગી કે—'હે સ્વામી! મને સારૂં ન થયું માટે તમે સુખે બીજી સ્ત્રી પરણો.' ત્યારે શેઠે કહ્યું કે—'મને પરમ સંતોષ છે, માટે એ વાત કહીશ નહીં.'

એકદા શેઠ જુના ઉદ્યાને દેહચિંતાને અર્થે ગયા તિહાં મેઘની વૃષ્ટિથી નિધાન પ્રગટ થયું હતું તે દેખી શેઠ તિહાંથી ઉઠીને ઘેર જતા રહ્યા. તે સ્થાનમાં નજીકમાં કોટવાળ ઉભો હતો, તેણે નિધાન દીઠું અને રાજાને જઇને કહ્યું કે—'પદ્મ શેઠ વનમાં નિધાન પ્રગટ થયેલું દેખી ઘેર જતા રહ્યા.' રાજાએ કોટવાલને કહ્યું કે—'એ શેઠ પાછળથી ધન લેવા ગયા હશે, માટે તું ફરી તિહાં જઈ છાનોમાનો રહીને જોઇ આવ.' કોટવાલ ફરી તિહાં ગયો, પણ

શેઠને તિહાં દીઠા નહીં; તેથી રાજાની આગળ આવીને કહ્યું કે—
'હે સ્વામી ! શેઠ કાંઈ નિધાન લેવા આવ્યા નથી.' એવું સાંભળી
રાજાએ શેઠને તેડાવી પૂછ્યું કે—'તમે નિધાન શા માટે ન લીધું ?'
શેઠે કહ્યું કે–'હે મહારાજ ! મારી પાસે અખૂટ નિધાન છે, તો પછી
બીજા નિધાનને હું શું કરૂં ?' રાજાએ પૂછ્યું કે–'એવું કયું નિધાન
તમારી પાસે છે ?' ત્યારે શેઠે કહ્યું કે—'મારી પાસે સંતોષરૂપ
અક્ષય નિધાન છે.' તે સાંભળી રાજા ઘણો જ ખુશી થયો અને
શેઠને નિર્લોભી જાણી નગરશેઠની પદવી આપી.

એકદા પ્રસ્તાવે ઉદ્યાનમાં શ્રુતકેવળી પધાર્યા. તેમને રાજા
તથા પદ્મ શેઠ વિગેરે વાંદવા ગયા. ધર્મદેશના સાંભળ્યા બાદ
શેઠે ગુરૂને પૂછ્યું કે—'હે મહારાજ ! મને અત્યંત સત્ય અને
સંતોષ રૂચે છે તેનું કારણ શું ? અને મારી સ્ત્રી મુખરોગે કરી
કાહલ સ્વરવાળી થયેલ છે તેનું પણ કારણ શું ? તે મને કહો.'

એવું શેઠનું બોલવું સાંભળીને ગુરૂએ તેમનો પાછલો ભવ
કહ્યો કે–'એ જ નગરમાં નાગ નામે શેઠ અસત્યવાદી, અસંતોષી
અને માયાવી રહેતો હતો. તેને નાગિલા નામે સ્ત્રી હતી તે
માયારહિત તથા સત્ય, સંતોષને ધારણ કરનારી હતી.'

એકદા નાગ શેઠનો કોઇક નાગમિત્ર નામે મિત્ર દેશાંતર
જતો હતો. તેની સ્ત્રી ચપલ સ્વભાવવાળી હતી, તેના ભયથી
પોતાના પુત્રને કહી નાગ શેઠની સ્ત્રી નાગિલાને સાક્ષી રાખી
પોતાનું સુવર્ણ નાગ શેઠની પાસે થાપણ તરીકે મૂક્યું અને પોતે
દેશાંતર ગયો. તિહાં ઘણું ધન ઉપાર્જન કરી પાછા ફરતાં માર્ગ-
માં ચોર લોકોએ ધાડ પાડી તેને મારી નાખ્યો. તે વાત તેની
સ્ત્રી તથા પુત્રે સાંભળી એટલે ઘણા દુઃખિત થઈ શોક કરવા
લાગ્યા. અનુક્રમે કેટલાએક દિવસ પછી તે શેઠના પુત્રે પોતાના
પિતાએ મૂકેલી થાપણ નાગ શેઠની પાસે માગી, તે વારે શેઠ
નાકબૂલ થયો અને કહેવા લાગ્યો કે–'મારી પાસે તારા પિતા-
એ કાંઈ પણ થાપણ રાખી નથી.'

નાગમિત્રના પુત્રે રાજાની આગળ જઈ તે વાત કહી. રાજાએ પૂછયું કે–' તારી પાસે કોઈ સાક્ષી છે ? ' તેણે કહ્યું કે–' નાગ શેઠની સ્ત્રી નાગિલા સાક્ષી છે. ' રાજાએ પ્રથમ શેઠને બોલાવીને પૂછયું, પણ તેણે કહ્યું કે–' મારી પાસે એના બાપે કાંઈ થાપણ મૂકી નથી. ' પછી રાજાએ નાગિલાને તેડાવીને પૂછયું તે વારે નાગિલા વિચારવા લાગી કે–' એક બાજુ નદી અને બીજી બાજુ વાઘ, એ ન્યાય મારે માટે થયો છે ' કેમકે એક બાજુ ભર્તાર છે ને બીજી બાજુ સત્ય છે. વળી ઉત્તમ સ્ત્રીની એ રીત છે કે ભર્તારને પ્રતિકૂલ ન થવું; અને બીજી રીતે વિચારૂં છું તો સત્ય વચન લોપાઈ જાય છે, તે આ ભવે અને પરભવે મહા દુઃખનું દેવાવાળું થાય છે, ' એમ ચિંતવી છેવટ નક્કી કર્યું કે–' સાચું બોલતાં જે થવાનું હોય તે થાઓ. અમૃત પીવાથી મરણ થવાનું નથી. ' એમ વિચારી ખરે-ખરી સત્ય વાત રાજા આગળ કહી દીધી. તે વચનથી રાજા ઘણો જ હર્ષિત થયો અને નાગશેઠની પાસેથી નાગમિત્રના પુત્રને થાપણ અપાવીને તેને છોડી દીધો અને તેની સ્ત્રીને ઉત્તમ વસ્ત્રોની પહેરામણી આપી વિદાય કરી.

નગરની સ્ત્રીઓમાં નાગિલા સત્ય બોલનાર તરીકે પ્રસિદ્ધિ પામી. એકદા નાગશેઠને ઘેર માસખમણને પારણે કોઈ મુનિ આવ્યા, તેને ભાવસહિત ફાસુ અન્નપાણી બંનેએ વહોરાવ્યાં, તેથી બેઉ જણે શુભ કર્મ ઉપાર્જન કર્યું. અનુક્રમે આયુ પૂર્ણ થયે છતે મરણ પામીને તે નાગિલાનો જીવ તું પદ્મ શેઠ-પણે ઉપજ્યો છે, અને નાગશેઠ મરણ પામી કપટને યોગે તારી પદ્મિની સ્ત્રી થઈ છે. જીભથી કૂડું બોલ્યો હતો, તેથી મુખરોગ અને કાહલ સ્વર થયો છે. એ રીતે પાછલો ભવ સાંભળી વૈરાગ્ય પામી બેઉ જણ દીક્ષા લઇ મોક્ષે પહોંચ્યાં.

જીભે સાચું બોલીએ, રાગ દ્વેષ કરી દૂર;
ઉત્તમશું સંગત કરો, લાભે જિમ સુખપૂર.

॥ जीराउला नाम पदाद्याक्षरैः ॥

એ પાંચમા અને છઠ્ઠા બે ઉત્તર આશ્રયી પદ્મ પદ્મિનીની કથા સમાપ્ત.

## હવે સાતમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**अस्सवसहपसुओ, जो लंछइ वंधियं पिहु करइ ।**
**सो सव्वाणविहीणो, नपुंसओ होइ मरिऊणं ॥ २३ ॥**

**ભાવાર્થ**:-જે પુરૂષ (અસ્સ કે૦) ઘોડા અને (વસહ કે૦) વૃષભ એટલે બળદ તથા બોકડા પ્રમુખ પશુઓને (લંછઇ કે૦) લાંછે, આંક દેવરાવે, નાક વીંધે, ગલકંબલ કાપે, શ્રોત્ર-કાન કાપે, તે જીવ સર્વ મનુષ્યોમાંહે હીણો-અધમ જાણવો અને તે મરીને નપુંસક થાય ॥ ૨૩ ॥

જેમ ગોત્રાસે અનેક જીવના અવયવ છેદ્યા, તેથી ઘણા ભવ સુધી નપુંસકપણું પામ્યો. તે ગોત્રાસની કથા નીચે પ્રમાણે.

વણિક ગ્રામે મિત્રદેવ નામે રાજા રાજ્ય કરે છે. તેને શ્રીદેવી નામે પટ્ટરાણી છે. એકદા તિહાં વર્દ્ધમાનસ્વામી સમોસર્યા. બાર પર્ષદા મળી. ધર્મદેશના સાંભળીને સર્વ હર્ષવંત થયા. તિહાં શ્રીમહાવીરના પ્રથમ શિષ્ય અને સાત હાથ પ્રમાણ શરીરવાળા, અક્ષીણમહાણસી પ્રમુખ અનેક લબ્ધિના ધારક શ્રીગૌતમસ્વામી છટ્ઠને પારણે શ્રીમહાવીરના આદેશથી પાત્રા પડિલેહીને વણિક ગ્રામે વહોરવા માટે આવ્યા. તિહાંથી વહોરી પાછા વળતાં માર્ગમાં ઘણા રાઉલજને વીંટેલો અને આકરા બંધને બાંધેલો એવો એક પુરુષ દીઠો. તે કેવો છે? તો કે જેનાં કાન, નાક, હોઠ, જીભ છેદ્યાં છે, જેનું ધૂળથી શરીર ખરડયું છે, અને તિલ તિલ જેટલું તેના શરીરનું માંસ છેદી છેદી તેને ખવરાવે છે. એવો દયામણો અને દુઃખીઓ દેખી, એ પાપનું ફળ છે, એમ જાણી મનમાં વૈરાગ્ય આણીને ભગવાન શ્રી મહાવીર પાસે આવી ઇરિયાવહિ પડિક્કમી, ભાતપાણી આલોવીને પૂછવા લાગ્યા કે-'હે ભગવન્! કેવા પ્રકારના અશુભ કર્મે કરીને એ પુરુષ એવો મહા દુઃખીઓ થયો છે?' એમ પૂછવાથી ભગવાન્ બોલ્યા કે-'હે ગૌતમ! સાંભળ.

હત્થિણાઉર નગરમાં સુનંદ રાજા રાજ્ય કરે છે. ગામમાં ગાયોને બેસવા માટે લોકોએ એક માંડવો કરાવેલો છે. ગાયો

બહાર જંગલમાંથી તૃણાદિક ચરી પાણી પીને સાંજની વખતે તે મંડપમાં આવી સુખે બેસે છે. તે ગામમાં કોઈ ભીમ નામે પુરુષ રહે છે. તેની ઉત્પલા નામે સ્ત્રી છે. તેનો પુત્ર ગોત્રાસ નામે છે. તે બાલપણાથકી જ મહા દુષ્ટ, ધીર, નિર્દયી, પાપી અને જીવનો ઘાત કરનારો છે. એકદા રાત્રિને વખતે સર્વ લોક સૂતા પછી તે ગોત્રાસ પોતાના હાથમાં કાતી લઇને ગાયોના માંડવામાં આવ્યો. તિહાં કેટલીક ગાયોનાં પુંછ, કાન, નાક, હોઠ, જીભ, સ્તન, ઉહાડા, પગ પ્રમુખ અવયવ છેદી નાખ્યા. એવું પાપ વારંવાર કરી પાંચશેં વર્ષનું આયુ પૂર્ણ કરી મરણ પામીને તે બીજી નરકને વિષે નારકીપણે ઉપજ્યો. કહ્યું છે કે–

**घोडा बलद समारीया, कीधा जीव विणास ॥**
**पुण्यविहूणा जीव ते, पामे नरकनिवास ॥ १ ॥**

પછી તે ગોત્રાસનો જીવ નરકનાં મહા અઘોર દુઃખ ભોગવી તિહાંથી નીકળી આ નગરમાં સુમિત્ર શેઠની સુભદ્રા નામે વાંઝણી સ્ત્રીને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો છે. તેને જન્મતાંની સાથે ઉકરડા ઉપર નાખી દીધો હતો. વળી તિહાંથી ઉપાડી લાવીને ઉજ્ઝિત એવું નામ દીધું છે. તે મોટો થયો ત્યારે સુમિત્ર શેઠ ધન ઉપાર્જવા માટે એને સાથે લઇ પ્રવહણે ચડ્યો. કર્મવશે સંવર્ત્તક પવનવડે પ્રવહણ ભાગ્યું. તિહાં સુમિત્ર શેઠ દેવશરણ થયો અને ઉજ્ઝિત પુત્ર ઘરે આવ્યો. પિતાના મરણની વાત સંભળાવી તેથી સુભદ્રા શેઠાણી પણ શોક સંતાપ કરતી મરણ પામી. પાછળથી તે છોકરો દુરાચારી ને પાપિષ્ઠ થયો. તે વાત સજ્જનોએ જાણીને એને ઘરમાંથી કાઢી મૂક્યો. તે ગામમાં ફરતો છતો સાતે દુર્વ્યસન સેવવા લાગ્યો અને સર્વ અનર્થના મૂળરૂપ થયો. તે નગરમાં રાજાની માનીતી મહારૂપવંત, કલાવાન્, સર્વ દેશોની ભાષા જાણનારી એવી કામધ્વજા નામે વેશ્યા છે, તેની સાથે રાજાને ઘણો સ્નેહ-સંબંધ છે, તેના ઘરમાં પ્રવેશ કરતો એ ઉજ્ઝિતકુમાર રાજાના માણસોએ દીઠો. એટલે તેને બાંધીને રાજા આગળ લાવ્યા, તેથી રાજાએ એની વિડંબના આવા પ્રકારની કરેલી છે. એવા પ્રકારની વિડંબના

કરીને રાજા તેને મારી નાખશે. મરીને પહેલી નરકને વિષે તે નારકીપણે ઉપજશે. ત્યાંથી ચ્યવી મનુષ્યપણું પામીને નપુંસક થશે. એમ ઘણા ભવ પર્યંત નપુંસકપણાનું દુઃખ સહન કરશે, એમ જાણી નિર્લાંછન કર્મ કદાપિ ન કરવું. એ સાતમા પ્રશ્નના ઉત્તર આશ્રયી ગોત્રાસની કથા જાણવી.

**હવે આઠમી પૃચ્છાનો પ્રત્યુત્તર એક ગાથાએ કરીને કહે છે:—**

**मारेइ निद्दयमणो, परलोअं नेव मन्नए किंचि ।**
**अइसंकिलिट्ठकम्मो, अप्पाऊसो भवे पुरिसो ॥ २४ ॥**

**ભાવાર્થ**:—જે નિર્દય મનથી જીવોને મારે, સ્વર્ગ-મોક્ષ પ્રમુખ પરલોકને કિંચિત્‌માત્ર પણ માને નહીં, અને જે જીવ અતિ સંકિલષ્ટ વિરૂદ્ધ કર્મોને આચરે, તે જીવ પરભવે અલ્પાયુષ્યવાળો થાય ॥ ૨૪ ॥

આ હકીકત પર દૃષ્ટાંત કહે છે કે-ઉજ્જયણી નગરીમાં સમુદ્રદત્ત શેઠની ભાર્યા ધારિણી નામની દુરાચારિણી હતી. તે યજ્ઞદત્ત નામના ચાકરની સાથે આસક્ત હોવાથી કર્મકરની સાથે મળીને પોતાના પુત્ર શિવકુમારનો દ્રોહ કરવા ચિંતવ્યું. તેણીએ સર્વને મરાવ્યાં અને છેવટે પોતે પણ મરણ પામી. આગળ ઘણા ભવોમાં અલ્પાયુ પામી, માટે અહીંયાં શિવકુમાર અને યજ્ઞદત્તની કથા કહે છે:—

ઉજ્જયણી નગરીમાં સમુદ્રદત્ત શેઠ વસે છે. તેને ધારિણી નામની સ્ત્રી છે, શિવકુમાર નામે પુત્ર છે અને યક્ષદત્ત નામે કર્મકર છે. એકદા સમુદ્રદત્ત શેઠના શરીરમાં રોગ ઉત્પન્ન થયો તેથી તે મરણ પામ્યો. પાછળ તેના બેટાએ મૃતકાર્ય કર્યું. કર્મને યોગે ધારિણી પેલા યજ્ઞદત્ત કર્મકરની સાથે લુબ્ધ થઇ. યૌવનાવસ્થામાં ઇંદ્રિયોને જીતવી મહા દુર્લભ છે, તેમાં પણ કામને જીતવો તે વિશેષ મુશ્કેલ છે. તે વાત લોકવિરૂદ્ધ જાણીને શિવકુમાર તેને વારે છે પણ માતા માનતી નથી.

એકદા ધારિણીએ યજ્ઞદત્તને એકાંતમાં કહ્યું કે–' મારો પુત્ર શિવકુમાર સારો નથી, તેથી જેમ કુમુદિનીનો સૂર્ય વિનાશ કરે, કાંઠાનો જેમ નદીનો પ્રવાહ નાશ કરે તથા વનનો જેમ દાવાનલ નાશ કરે તેમ શિવકુમાર આપણો વિનાશ કરશે; તેથી પ્રચ્છન્નપણે એને મારી નાખવો જોઇએ.' તે સાંભળી યજ્ઞદત્તે કહ્યું કે–'એ વાત યુક્ત નથી, કેમકે તારો પુત્ર તે મારો સ્વામી છે. એની મહેરબાનીથી આપણે બેઉ સુખી છીએ. વળી સ્વામીદ્રોહ કરવો તે મહા પાપનો હેતુ છે.'

તે સાંભળી ધારિણી બોલી કે–' એમાં શેનું પાપ છે? જો એ જીવતો હશે તો આપણા સુખમાં અંતરાય કરશે.' ઈત્યાદિ વાતો સાંભળી વિષયાંધ યજ્ઞદત્તે પણ શિવકુમારને મારવાનું કબૂલ કર્યું. કોઇ સમયે કપટે કરી ધારિણીએ પોતાના પુત્રને કહ્યું કે–' હે વત્સ! કોઈ પણ હથિયાર ધારણ કરનાર પુરૂષનો વિશ્વાસ કરીશ નહીં.' બીજે પ્રસ્તાવે કુમારને કહેવા લાગી કે–' ગોવાળ લોકો આપણા ગોકુળની રક્ષા રુડી રીતે કરતા નથી, માટે તમે બંને જણ ગાયોની રક્ષા કરવા માટે જાઓ.' તે સાંભળી બંને જણ હાથમાં હથિયાર લઇને જંગલમાં ગયા. તે બંને જણ આગળ પાછળ ચાલે છે, એક બીજાનો વિશ્વાસ કરતા નથી. નીચે ઉતરતાં અંધકારવાળી જગ્યામાં યજ્ઞદત્તે ખડ્ગ કાઢયું, તે પાછળથી શિવકુમારે જોયું એટલે તે ત્યાંથી નાસીને ગોકુળમાં જતો રહ્યો. ત્યાં જઇ ગોવાળીયાઓને શિખામણ આપીને સમજાવી રાખ્યા.

સંધ્યા સમયે ગાયના વાડામાં બેઉ જણ શય્યા પાથરીને સૂતા, એવામાં શિવકુમારે ઉઠીને શય્યામાં ખડ્ગ રાખી ઉપરથી ઢાંકી મૂકયું અને પોતે ગાયોના સમૂહમાં છાનોમાનો જઇને બેસી ગયો. એટલામાં યજ્ઞદત્તે ગુપ્ત રીતે ખડ્ગ કાઢીને શિવકુમારની શય્યા ઉપર ઘા કર્યો. તે વખતે શિવકુમારે ગાયોના સમૂહમાંથી નીકળી છાનો ઘા કરીને યજ્ઞદત્તને મારી નાખ્યો અને મુખથી ' ચોર! ચોર!!' એવો કલકલાટ શબ્દ કરતા ગોવાળિયા અને શિવકુમાર કાંઇક બહાર જઈ પાછા આવીને બૂમ પાડવા લાગ્યા

કે–' યજ્ઞદત્તને ચોરે મારી નાખ્યો.' એ પ્રમાણે કામ કરીને શિવકુમાર ઘેર આવ્યો. તેને માતાએ પૂછયું કે–' યજ્ઞદત્ત કયાં છે ?' શિવકુમારે કહ્યું કે–' પાછળ આવે છે.' એમ કહી મનમાં ચિંતવન કરે છે કે–' મારી માતાનાં કર્મ તો જૂઓ કેવાં ભયંકર છે ? એણે પુત્રને પણ મારવાની તજવીજ કરી.' એમ વિચારી ફરી માતાને કહેવા લાગ્યો કે–' હું રાત્રે જાગ્યો છું, તેથી હમણાં નિદ્રા આવે છે.' એમ કહી સુઇ રહ્યો. એટલામાં તેની માતાએ ખડ્ગ ઉપર કીડીઓ ચડતી દીઠી, અને ખડ્ગ કાઢીને જોયું તો લોહીએ ખરડાયેલું દીઠું, તેથી વિચાર્યું કે–' નિશ્ચયે યજ્ઞદત્તને આણે જ માર્યો છે.' એમ ચિંતવીને તે નિસ્તેજ થઇ ગઇ. પછી તે જ ખડ્ગવડે તેણીએ પોતાના પુત્રને માર્યો. તે ધાવમાતાએ દીઠો. તેણે મુશલથી ધારિણીને મારી. એટલામાં મરતી એવી ધારિણીએ ચપેટા-વડે ધાવમાતાના મર્મસ્થાનમાં પ્રહાર કર્યો તેથી તે પણ મરણ પામી. એમ નિર્દયપણે માંહોમાંહે દ્રોહ કરી તેઓ સર્વ મરણ પામ્યાં. તે સર્વ જીવો તે ભવમાં પણ પાપે કરી અલ્પાયુષ્ય-વાળાં થયાં અને આવતે ભવે મહાદુઃખી થશે; માટે જીવવધ ન કરવો. કહ્યું છે કે—

॥ दोहो ॥

जीववधे पाप ज करे, आणे हिये कुबुद्धि;
भारीकर्मा जीव जे, ते किम पामे सिद्धि ॥ १ ॥

એ આઠમા પ્રશ્નના ઉત્તરમાં શિવકુમાર યજ્ઞદત્તની કથા કહી.

---

**હવે નવમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.**

**मारेइ जो न जीवे, दयावरो अभयदाणसंतुट्ठो ॥**
**दीहाऊ सो पुरिसो, गोयम भणिओ न संदेहो ॥ २५ ॥**

**ભાવાર્થ:**—જે પુરૂષ જીવને ન મારે, દયાવંત હોય, જે અભયદાન દઇને હૈયામાંહે સંતુષ્ટ થાય, હર્ષ આણે, તે જીવ

દીર્ઘાયુવાળો થાય, આવતે ભવે ઘણું જીવે, સંપૂર્ણ આયુષ્યવાન થાય. હે ગૌતમ ! એ વાતમાં કાંઇ પણ સંદેહ નથી. ॥ ૨૫ ॥

જેમ રાજગૃહી નગરીએ મણિકાર શેઠનો પુત્ર દામનક નામે હતો, તે એકલો ઘણી વખત મરણસંકટથી ઉગર્યો, મોટી ઋદ્ધિનો ધણી થયો, દીર્ઘાયુષ્યવાળો થયો. અહીં તેની કથા જાણવી. તે પ્રથમ બાર પર્વોની કથામાં છપાઇ ગયેલી છે તેથી બીજી કથા કહે છે.

એક ઋષીશ્વર વનમાં તપસ્યા કરતા હતા એવામાં એક આહેડીએ ત્રાસ પમાડેલા મૃગલાં તેમની આગળ થઇને નાસી ગયા. પાછળથી આહેડીએ આવી ઋષીશ્વરને પૂછ્યું કે-' મૃગલાં ક્યાં ગયાં ? ' તે સમયે ઋષિએ દયાથી આ પ્રમાણે કહ્યું કે- यत्पश्यति न तद्ब्रूते, या ब्रूते सा न पश्यति ॥ એટલે જે ચક્ષુ દેખે છે તે ચક્ષુ કાંઇ બોલતી નથી, અને જે જીભ બોલે છે તે જીભ કાંઇ દેખતી નથી. કહ્યું છે કે—

॥ दोहो ॥

**देखे ते बोले नहीं, बोले ते नवि आंख ।**
**आहेडी मृगलां किहां, धनुष्यबाण सविलाख ॥ १ ॥**

એમ સાંભળી તે આહેડી જતો રહ્યો. એ દયાવાન્ ઋષિની કથા નવમા પ્રશ્નના ઉત્તર ઉપર કહી.

**હવે દશમી અને અગીયારમી પૃચ્છાના ઉત્તર બે ગાથાએ કરીને કહે છેઃ—**

**देइ न नियसंसत्तं, दिन्नं हारेइ वारए दित्तं ।**
**एएहिं कम्मेहिं, भोगेहिं विवज्जिओ होइ ॥ २६ ॥**
**सयणासणवत्थं वा, भत्तं पत्तं च पाणियं वावि ।**
**हियएण देइ तुट्ठो, गोयम भोगी नरो होइ ॥ २७ ॥**

**ભાવાર્થઃ**—જે આપણી પાસે છતી વસ્તુ હોય તો પણ ન આપે, તથા દીધા પછી સંતાપ કરે, અન્ય કોઇ આપતો હોય

તેને દેતાં વારે, એવે કર્મે કરી જીવ ભોગવિવર્જિત એટલે ભોગરહિત થાય. જેમ ધનસાર શેઠ છાસઠ કોડી દ્રવ્યને ધણી હોવા છતાં અત્યંત કૃપણુ હતો તેથી ભોગરહિત થયો ॥ ૨૬ ॥

તથા જે પુરૂષ શયન, પાટ, સંથારો, આસન, પાટલો, પોંછણું, કાંબલો, વસ્ત્ર, ભાત, પાણી જે મહાત્માને દેવા યોગ્ય વસ્તુ તે હૃદયની વાસનાએ કરી સંતુષ્ટ થકો આપે તે પુરૂષ હે ગૌતમ! ભોગવંત સુખી થાય ॥ ૨૭ ॥

જેમ ધનસાર શેઠ સુપાત્રે દાન આપી ભોગ સંબંધી સુખ પામ્યો તેમ અનેક જીવો પામે છે.

॥ दोहो ॥

**वीनतडी सामी सुणो, तप जप क्रिया न कीध ॥**
**राग द्वेष पातक कर्यां, गर्वे दानज दीध ॥ १ ॥**

પદાદ્યક્ષરૈર્વીતરાગનામ શ્રેયોર્થં.

## હવે તે શેઠની કથા કહે છેઃ—

મથુરા નગરીએ ધનસાર શેઠ વસે છે, તે છાસઠ કોડી દ્રવ્યનો અધિપતિ છે, પરંતુ મહા કૃપણુ છે. એક દમડી પણુ ધર્મને અર્થે આપતો નથી. દરવાજા આગળ કોઇ ભિક્ષાચરને દેખે તો તેની ઉપર રોષ કરે, જો કોઇ આવીને માગે તો તેની ઉપર રીસ કરે, યાચકને દેખે કે સ્થાન થકી ઉઠી જાય. ધર્મને અર્થે ધન આપવાની વાત કરનાર પાસે પણુ આવે નહીં. પોતાના ઘરમાં કોઇના દેખતાં સારી રસોઇ પણુ જમે નહીં. પૂરૂં ખાય પણુ નહીં. તે નગરમાં કોઇ ભૂખ્યો માણુસ ધનસાર શેઠનું નામ પણુ જમ્યા વિના લે નહીં. તે એવું વિચારે કે એનું નામ લેશું તો આજે અન્ન પણુ મળશે નહીં.

હવે તે ધનમાંથી ત્રીજો ભાગ બાવીશ ક્રોડ દ્રવ્ય ધરતીમાં દાટી રાખેલું હતું એટલે પૃથ્વીગત કરેલું હતું, તેને એક દિવસ કાઢીને જોતાં કોયલા જેવું દીઠું. તે જોઈ શેઠને મૂર્છા આવી

જવાથી ધરતી ઉપર પડી ગયો. થોડી વાર પછી સચેત થયો એટલામાં વળી કોઈકે આવી કહ્યું કે-' શેઠજી ! આપનાં બાવીશ ક્રોડના માલથી ભરેલાં વહાણુ ડૂબી ગયા.' વળી ત્રીજા કોઈકે આવીને કહ્યું કે—'અમુક સ્થળે આપણા માલનાં ગાડાં ચોરોએ લૂંટી લીધાં.' આ પ્રમાણે સર્વ દ્રવ્ય નાશ પામ્યાની વાતો સાંભળી શેઠ શૂન્ય થઈ ગયો. રાત્રિદિવસ શહેરમાં ભમ્યા કરે, લોકો તેની હાંસી કર્યા કરે.

એકદા દશ લાખ ભાંડ લઇ પ્રવહણ ભરી પોતે વહાણમાં બેસી દેશાંતર ભણી ચાલ્યો, ત્યાં પણ કર્મયોગે સમુદ્રમાં ગાજવીજ અને વર્ષાદ થયો. તોફાનથી પ્રવહણ ભાંગી ગયું. પાટીયું હાથમાં આવ્યું તેની મદદથી કાંઠે આવ્યો. ત્યાંથી રઝળતો ઘેર આવી પહોંચ્યો. મનમાં ચિંતવવા લાગ્યો કે-'હું દ્રવ્ય પામ્યો હતો પરંતુ કોઈ વખત સુપાત્રને દાન દીધું નહીં, દેતાને પણ વાર્યા, મારી લક્ષ્મી પરોપકારાદિ કોઇ પણ સુકૃતમાં કામ આવી નહીં. શાસ્ત્રમાં લક્ષ્મીની ત્રણ ગતિ કહી છે.

**दानं भोगो नाशस्तिस्रो, गतयो भवंति वित्तस्य ।**
**यो न ददाति न भुंक्ते, तस्य तृतीया गतिर्भवति ॥ १ ॥**

ઉપર કહેલી દાન, ભોગ અને નાશ એ ત્રણ ગતિમાંથી મારી લક્ષ્મીની તો માત્ર એક ત્રીજી ગતિ જ થઇ એટલે નાશપણું જ પામી.'

એકદા વનમાં કેવળી ભગવાન્ સમોસર્યા, તેમને શેઠ વાંદવા ગયા. વાંદીને પછી પૂછયું કે—' હે ભગવન્ ! હું કેવા કર્મના ઉદયથી કૃપણ થયો ? તથા મારી લક્ષ્મી સર્વ જતી રહી તેનું શું કારણ ?' તે સમયે ગુરૂ કહેવા લાગ્યા કે—' હે શેઠ! ધાતકીખંડના ભરતક્ષેત્રમાં એક ગામે બે ભાઇ મોટી ઋદ્ધિના ધણી હતા. તેમાં મોટો ભાઇ તો સરલ ચિત્તવાળો, ઉદાર, ગંભીર હતો, અને બીજો નાનો ભાઈ રૌદ્ર પરિણામી ને કૃપણ હતો. તે મોટા ભાઇને પણ દાનાદિક આપતાં વારતો હતો, તથાપિ તે તો દાન અવશ્ય આપ્યા જ કરતો હતો.

એમ કરતાં મોટા ભાઇની લક્ષ્મી દિવસેદિવસે વૃદ્ધિ પામવા લાગી. નાનો ભાઈ તે જોયા કરે પરંતુ કોઇને પાઇ પણ આપે નહીં, તેથી ઉલટી તેની લક્ષ્મી ખૂટવા લાગી. તે ઋદ્ધિ લેવા માટે મોટા ભાઈ સાથે કલહ કરવા લાગ્યો. તે કલહના યોગથી એકદા મોટા ભાઇએ ગુરૂની દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. કાળ કરીને તે પહેલે દેવલોકે દેવપણે ઉપજ્યો. નાનો ભાઇ કૃપણ છતાં નિર્ધન થયો. લોકે નિંદાતો થકો તાપસી દીક્ષા લઇ અજ્ઞાન તપ કરી અસુરકુમાર દેવોમાં જઈ ઉપજ્યો. તિહાંથી ચ્યવી અહીંયાં તું ધનસાર નામે શેઠ થયો છે અને હું મોટો ભાઇ દેવલોકથી ચ્યવી તામલિપ્સી નગરીએ એક વ્યવહારીઆને ઘેર પુત્રપણે ઉપન્યો અને તિહાં દીક્ષા લઇ કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પામ કરીને હું હમણાં અહીં આવ્યો છું.' તે સાંભળી શેઠ પોતાના પાછળા ભવનો ભાઇ જાણીને હર્ષવંત થયો. પછી ગુરૂએ કહ્યું કે—'તેં દાન ન દીધું તેથી અંતરાય કર્મ ઉપાર્જ્યું તથા દાન દેતાંને વાર્યા તેથી ધન સર્વ ક્ષય થઇ ગયું.' ઇત્યાદિ વાત સાંભળી ધનસાર શેઠે એવો નિયમ લીધો કે—'હવેથી હું જેટલું ધન ઉપાર્જન કરૂં તેમાંથી ચોથો ભાગ ધર્મકાર્યમાં વાપરીશ, એવી જ્યાંસુધી જીવું ત્યાંસુધીને માટે પ્રતિજ્ઞા કરૂં છું તથા પારકા દોષ ન બોલું.' એમ કહી શ્રાવકધર્મ અંગીકાર કર્યો અને કેવળીભગવાનની સાથે પાછલા ભવનો અપરાધ ખમાવ્યો.

હવે શેઠ તામલિપ્સી નગરીએ જઇ વ્યાપાર કરવા લાગ્યો. તિહાં લક્ષ્મી ઉપાર્જન કરી તેમાંથી ઘણી લક્ષ્મી ધર્મ અર્થે સાત ક્ષેત્રે ખરચવા લાગ્યો. અષ્ટમી ચતુર્દશીએ પોસહ કરવા લાગ્યો અને પારણે સુપાત્રને દાન આપવા લાગ્યો.

એકદા પ્રસ્તાવે શેઠ શૂન્ય ઘરમાં પોસહ લઇ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે ત્યાં કોઇ વ્યંતર દેવ કોપ કરી સર્પનું રૂપ કરી શેઠને ડસ્યો. એક દિવસ પર્યંત શેઠ પ્રતિમાએ રહ્યા, ત્યાંસુધી વ્યંતર દેવે અનેક પ્રકારના ઉપસર્ગ કર્યા, પણ શેઠ ક્ષોભ પામ્યા નહીં. એવી શેઠની સ્થિરતા જોઈ વ્યંતર સંતુષ્ટ થઇને બોલ્યો કે—'જે માગો તે હું આપું.' શેઠે કાંઇ માગ્યું નહીં; તો પણ

વ્યંતરે કહ્યું કે-' તમે ફરી મથુરા નગરીએ જાઓ ત્યાં તમારા ભૂમિમાં દાટેલા બાવીશ ક્રોડ સોનૈયા જે કોયલા થઈ ગયા હતા તે તમારા પુણ્યને યોગે સોનૈયા થશે.' પછી શેઠે મથુરામાં આવી નિધાન ઉઘાડી જોયું તો પૂર્વે જે કોયલા દીઠા હતા તેને બદલે સોનૈયા જ દીઠા; તેમજ જળમાર્ગનાં વહાણો પણ પાણીની તાણથી કયાંક ખરાબે ચડી ગયેલાં હતાં તે પણ કુશળતાએ પાછા આવ્યાં. એમ સર્વ સ્થળેથી ફરી વખત પણ છાસઠ કોટી દ્રવ્ય એકઠું થયું. તેમાંથી દાન દેતો થકો ભોગ ભોગવવા લાગ્યો, ઘણાં જિનપ્રાસાદ કરાવ્યાં. એમ સાતે ક્ષેત્રે સારી રીતે ધન વાવરીને રૂડી ધર્મસંબંધી કીર્ત્તિ ઉપાર્જન કરી. અંતે પુત્રને ઘરનો ભાર સોંપી અનશન લઇ પહેલે દેવલોકે અરૂણાભ વિમાને ચાર પલ્યોપમને આઉખે દેવપણે ઉપન્યો. તિહાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રે મનુષ્યપણું પામી દીક્ષા લઇ મોક્ષે જશે.

અગીઆરમી પૃચ્છાના ઉત્તરમાં ધનસાર શેઠની કથા સમાપ્ત.

---

## હવે બારમી અને તેરમી પૃચ્છાના ઉત્તર બે ગાથાએ કરી કહે છે.

**गुरु देव य साहूणं, विणयपरो संतदंसणीओ अ ।**
**न य भणइ किंपि कडुअं, सो पुरिसो जायए सुहिओ ॥२८॥**
**अगुणोवि गव्विओच्चिय, निंदइ रागी तवस्सिणो धीरो ।**
**माणी विडंबओ जो, सो जायइ दुहिओ पुरिसो ॥ २९ ॥**

**ભાવાર્થ:**—જે પુરૂષ પોતાના ગુરુ, દેવ અને સાધુ મહાત્માનો વિનય કરવામાં તત્પર હોય, જેનું દર્શન શાંત મુદ્રાવાળું હોય-એટલે શાંત મુદ્રા હોય અને કોઇને કટુ વચન ન કહે, એટલે કોઈનાં મર્મયુક્ત, નિંદાયુકત તથા અણગમતાં વિરૂદ્ધ વચન ન બોલે, તે પુરૂષ સૌભાગ્યવંત હોય ॥ ૨૮ ॥ તથા જે પુરૂષ નિર્ગુણ હોય એટલે ગુણરહિત થકો પણ ગવ્વિઓ એટલે ગર્વિત-અહંકારી હોય, અને ગુણવંત ધૈર્યવાન્ એવા તપસ્વીની નિંદા કરતો હોય તથા જે માની એટલે જાતિમદનો કરનાર, અહંકારી

અને જિનશાસન વિડંબક હોય, તે પુરૂષ દુર્ભાગી થાય ॥ ૨૯ ॥ જેમ રાજદેવનો ભાઈ ભોજદેવ એવા પાપના યોગે દુર્ભાગી થયો; માટે એ બંને પ્રશ્નના ઉત્તર ઉપર રાજદેવ અને ભોજદેવ નામના બે ભાઇની કથા કહે છે.

અયોધ્યા નગરીએ સોમચંદ્ર રાજા સૌમ્ય પ્રકૃતિવાળો છે. તે નગરમાં દેવપાળ નામે શેઠ રહે છે. તેને દેવની નામે સ્ત્રી અને રાજદેવ અને ભોજદેવ એ નામે બે પુત્ર છે. તેમાં મોટોભાઇ સર્વ કોઈને ગમતો સુભાગી છે. તેણે આઠમે વર્ષે સર્વ કળાઓ શીખી લીધી, અનેક શાસ્ત્ર ભણ્યો અને યૌવનવય પામે થકે કોઈક વ્યવહારીએ આવીને સ્વયંવરકન્યા આપી તેનું પાણિગ્રહણ કરાવ્યું. તે કોઇ પણ સ્થળે જઇને કોઈપણ ચીજનો વ્યાપાર કરે તો ત્યાં અવશ્ય લાભ પ્રાપ્ત થાય. તે પુત્ર રાજાને પણ ઘણો માનીતો થયો.

બીજો નાનો ભાઇ ભોજદેવ છે, તે જન્મથી જ દુર્ભાગી છે. તે જ્યારે યૌવનાવસ્થા પામ્યો ત્યારે તેના પિતાએ ઘણા શેઠીઆઓ પાસે કન્યાની માગણી કરી, પણ એને આપવાની કોઇએ ઇચ્છા બતાવી નહીં. તે વારે શેઠે કોઇ એક દરિદ્રીને પાંચસો સોનૈયા આપીને તેની કન્યા પરણાવવાનું ઠરાવ્યું. તે કન્યાના બાપે સોનૈયાના લોભથી કન્યા દેવાની હા કહી, પરંતુ કન્યા કહેવા લાગી કે–'હું અગ્નિમાં પ્રવેશ કરવાનું કબૂલ કરીશ પણ એ દુર્ભાગીને પરણીશ નહીં.' એવો હઠ લઇ બેઠી. એમ થવાથી વેશ્યાને ધન આપીને તેને ઘેર જવા માંડયું. ત્યાં વેશ્યા પણ એવું ચિંતવવા લાગી કે 'જેમ તેમ કરીને આ અહીંયાંથી ચાલ્યો જાય તો સારૂં.' તે કોઈ વેપાર કરી આવે તો તેમાં પણ અવશ્ય નુકશાન જ થાય. પૂરૂં નાણું થવું પણ મુશ્કેલ થઇ પડે. એવી રીતે જો કે તે બેઉ સગા ભાઇ છે, તોપણ આંતરૂં ઘણું છે.

એકદા કોઇ જ્ઞાની ગુરૂ વનમાં સમવસર્યા. શેઠજી બેઉ પુત્રને સાથે તેડીને તેમને વાંદવા માટે ગયા. તેમને વાંદી ધર્મદેશના

સાંભળ્યા પછી શેઠે પૂછ્યું કે—'હે ભગવન્! મારા બે પુત્રમાંથી એક મહાસુભાગી અને બીજો મહાદુર્ભાગી થયો છે, તે કયા કયા કર્મને યોગે થયા હશે?'

તે સમયે ગુરૂ બોલ્યા કે—'હે દેવપાલ! સંસારમાં સર્વ જીવો પોતપોતાનાં કરેલાં શુભાશુભ કર્મને જ ભોગવે છે; માટે તારા પુત્રોનું વૃત્તાંત્ત કહું તે સાંભળ.'

"આ જ નગરમાં આ ભવથી ત્રીજે ભવે એક ગુણધર અને બીજો માનધર એવા નામે બે વાણીઆ રહેતા હતા. તેમાં ગુણધર દેવ, ગુરૂ અને સાધુને વિષે વિનીત તેમ જ ઉપશાંત ચિત્તવાળો ને અક્રોધી હતો. કોઇને કટુ વચન પણ કહે નહીં જ્યારે બીજો માનધર મહાનિર્ગુણી, અહંકારી અને સાધુની તથા ધર્મવંત પુરૂષોની નિંદા કરનારો હતો. મહાપુરૂષોની હાંસી કરીને કઠિન કર્મ ઉપાર્જન કરતો હતો.

એકદા એક સાધુએ વર્ષાકાળે માસખમણનો તપ કર્યો. તે તપના બળથી આકર્ષાઇને દેવો પણ તેની સેવા કરવા લાગ્યા. તે દેખીને માનધર તેની નિંદા કરતો કહેવા લાગ્યો કે—'અરે! આ પાખંડી–માયાવી લોકોને ઠગવા માટે જ તપસ્યા કરે છે અને મોટાઈ પામવાને અર્થે જ કષ્ટ સહન કરે છે.' એમ નિંદા કરતાં તેને એક દેવતાએ વાર્યો, તો પણ નિંદા કરતો અટકયો નહીં. ત્યારે દેવતાએ ક્રોધ આણી ચપેટો માર્યો તેથી તે મરણ પામીને પહેલી નરકે ગયો.

મોટો ગુણધર નામનો વણિક મરીને દેવતા થયો. હવે માનધર નરકથી નીકળીને ભોજદેવ નામે તમારે ઘેર પુત્રપણે આવી ઉપજ્યો છે. તે પૂર્વકૃત કર્મને યોગે દુર્ભાગી થયો છે અને ગુણધર પહેલા દેવલોકથી ચ્યવીને તમારે ઘેર રાજદેવ નામે પુત્ર થયો છે, તે સુકૃતને યોગે સુભાગી થયો છે." એવી ગુરૂની વાણી સાંભળી બંને ભાઇને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું, તેથી પૂર્વભવ દીઠા. તે વારે ભોજદેવે પોતાની નિંદા કરી કેટલાંએક કર્મ ક્ષય કર્યાં, અને બંને ભાઇ તથા તેના પિતાએ ત્રણે જણે મળી કેવળીની પાસેથી

શ્રાવકધર્મ અંગીકાર કર્યો. અનુક્રમે બેઉ પુત્ર દીક્ષા લઈ ચારિત્ર-ધર્મ પાળી આયુ પૂર્ણ થયે દેવલોકમાં ગયા. ત્રીજે ભવે મોક્ષે જશે.

॥ દોહો ॥

ગુણ બોલે નિંદે નહીં, તે સોભાગી હુંત;
અવગુણ બોલે પરતણા, દોહગ તે પામંત ॥ ૧ ॥

॥ ઇતિ રાજદેવ ભોજદેવ કથા. ॥

---

**હવે ચૌદમી અને પન્નરમી પૃચ્છાના ઉત્તર બે ગાથાએ કરી કહે છે.**

**जो पढइ सुणइ चिंतइ, अन्नं पाढेइ देइ उवएसो ।**
**सुअगुरुभत्तिजुत्तो, मरिउं सो होइ मेहावी ॥ ३० ॥**
**तवनाणगुणसमिद्धं, अवमन्नइ किर न याणइ एसो ।**
**सो मरिऊण अहन्नो, दुम्मेहो जायए पुरिसो ॥ ३१ ॥**

**ભાવાર્થઃ**—જે પુરૂષ જ્ઞાન ભણે, જ્ઞાન સાંભળે, તેનો અર્થ મનમાં ચિંતવે, તથા ( અન્નં પાઢેઈ કે૦ ) અનેરા બીજા પુરૂષોને જ્ઞાન ભણાવે, તેમને ધર્મોપદેશ આપે અને જે પુરૂષ સિદ્ધાંતની તથા સદ્ગુરૂની ભક્તિએ કરી સહિત હોય, એટલે સિદ્ધાંતની, રૂડા ગુરૂની ભક્તિ કરે તે પુરૂષ મરીને મેધાવી એટલે બુદ્ધિમાન્, ચતુર, ડાહ્યો, વિચક્ષણ થાય. જેમ મતિસાગરનો પુત્ર સુબુદ્ધિ પ્રધાન બુદ્ધિવાળો થયો તેમ ॥ ૩૦ ॥ તથા જે તપસ્વી, જ્ઞાનવંત, ગુણવંત પુરૂષ હોય તેની જે પુરૂષ અવગણના કરે, મુખથી એમ કહે કે એમાં કાંઈ નથી, એમાં શો માલ છે ? એ કાંઈ પણ જાણતો નથી, મૂર્ખ છે એમ અવગણના કરે તે પુરૂષ અહન્નો એટલે અધન્ય અર્થાત્ અભાગ્યવાન્, દુષ્ટ, પાપિષ્ઠ, દુમ્મેહો એટલે દુર્બુદ્ધિવાળો એટલે બુદ્ધિરહિત થાય. જેમ સુબુદ્ધિ પ્રધાનનો નાનો ભાઇ દુષ્ટ બુદ્ધિવડે દુઃખી થયો તેમ ॥ ૩૧ ॥

**હવે બે પૃચ્છાની ઉપર સુબુદ્ધિ દુર્બુદ્ધિની કથા કહે છે.**

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે ચંદ્રયશા નામે રાજા રાજ્ય કરે છે. તેને મતિસાગર નામે પ્રધાન છે. તેને સુબુદ્ધિ નામે પુત્ર થયો. તે નાનપણમાં ભણ્યો અને પ્રજ્ઞાના બળે કરી સર્વ કળાઓ શીખ્યો. વળી તે ચાર પ્રકારની બુદ્ધિનો જાણ થયો. હવે તે પ્રધાનને બીજો પુત્ર થયો. તે ભણવા યોગ્ય થયો એટલે નિશાળે ભણવા મોકલ્યો. તેને ભણાવવા માટે ચાર માસ પર્યંત પંડિતે ઉદ્યમ કર્યો, પણ જેમ ખેડુત ઉખર ભૂમિમાં બીજ વાવે તે નિષ્ફળ થાય, તેમ એ પુત્ર ગુણવંત ને બુદ્ધિવંત ન હોવાથી ભણાવનાર પંડિતનો ઉદ્યમ સર્વ નિષ્ફળ થયો; તેથી જનસમૂહે એ પુત્રનું દુર્બુદ્ધિ એવું નામ પાડ્યું.

એવામાં તે જ ગામનો રહેનાર કોઈ ધન્નો નામનો શેઠ વ્યવહારીઓ છે. તેને એક જાવડ, બીજો બાહડ, ત્રીજો ભાવડ અને ચોથો સાવડ એવા નામે ચાર પુત્ર છે. તે ચારેને પરણાવ્યા છે. એટલામાં ધન્નો શેઠ રોગે પીડાણો. તે વારે પોતાના ચારે પુત્રને બોલાવી શિખામણ દેવા લાગ્યો કે—‘ હે પુત્રો ! તમે ચારે જણ માંહોમાંહે સ્નેહ રાખીને ભેળા રહેજો, પોતાની સ્ત્રીઓનાં વચનો સાંભળી જૂદા થશો નહીં. કહ્યું છે કેઃ—

॥ चोपाइ ॥

**स्त्रीने वचने जाये स्नेह, स्त्रीने वचने जाये देह ।**
**स्त्रीने वचने बांधव लडे, एकठा रहे तो गूअड चडे ॥ १ ॥**

એવી વાત તમે કરશો નહીં. ક્યારેય પણ કલહ કરી એકબીજાથી જૂદા પડશો નહીં. જૂદા પડવાથી લોકમાં હાંસી થશે. એમ કરતાં જો કદાપિ જૂદા થાઓ તો તમો ચારેને માટે જૂદાં જૂદાં ચાર નિધાન આપણા ઘરના ચારે ખૂણામાં ચારેના નામથી અંકિત મેં દાટી રાખ્યા છે તે લેજો. ’ એવી વાત પિતાના મુખથી સાંભળીને પુત્રો બોલ્યા કે—‘ હે તાત ! જેમ તમે કહો છો તેમજ અમે કરીશું. ’

પછી પિતાને સમાધિમરણ થયું. તેનું મૃતકાર્ય કરી ચારે

ભાઇ સ્નેહપૂર્વક એકઠા રહ્યા. અનુક્રમે ચારે ભાઇઓને સંતાનની પ્રાપ્તિ થઇ. તે વારે સ્ત્રીઓ વઢવા લાગી ને પોતપોતાના સ્વામીને કહેવા લાગી કે—' હવે જૂદા થાઓ '. તે વખતે ચારે ભાઇએ મળી ચારે નિધાન કાઢયાં. તેમાં પહેલા મોટા ભાઇના નિધાનમાંથી કેશ નીકળ્યા, બીજાના નિધાનમાંથી માટી નીકળી, ત્રીજાના નિધાનમાંથી ચોપડા તથા કાગળીયા નીકળ્યા અને ચોથાના નિધાનમાંથી સોનું તથા રત્ન નીકળ્યાં; તેથી તે નાનો ભાઈ હર્ષવંત થયો અને ત્રણ ભાઇ દુઃખી થયા થકા કહેવા લાગ્યા કે–' પિતાએ આપણી સાથે વૈર રાખ્યું. માત્ર એક નાનો પુત્ર પ્રિય હોવાથી તેને જ સર્વ લક્ષ્મી આપી દીધી; પરંતુ રીતસર તો આપણે ચારે ભાઇઓએ મળી તે લક્ષ્મી વહેંચી લેવી જોઇએ. ' તે વખતે નાનો ભાઈ કહેવા લાગ્યો કે–' મને. પિતાએ જે નિધાન આપ્યું છે તેમાંથી હું કોઇને ભાગ આપીશ નહીં. ' એમ માંહોમાંહે રાત્રિદિવસ કલહ કરવા લાગ્યા. કોઇનું વચન કોઇ માને નહીં એમ થયું.

પછી ત્રણે ભાઇઓએ રાજાના પ્રધાન આગળ જઇને પોતાની વાત કહી, પરંતુ પ્રધાનથી તેનો ન્યાય થઇ શકયો નહીં તેથી તે અફસોસમાં પડ્યો. એવામાં પ્રધાનનો પુત્ર સુબુદ્ધિ ત્યાં આવ્યો, તેની આગળ તે ચારે નિધાનનો સંબંધ ત્રણ જણાએ કહી સંભળાવ્યો. સુબુદ્ધિએ કહ્યું કે–' રાજાનો આદેશ હોય તો હું તમારો કલહ ભાંગી નાખું.' રાજાએ આદેશ આપ્યો એટલે સુબુદ્ધિએ તેમને એકાંતમાં લઇ જઈ વાત કહી કે–' તમારો પિતા ઘણો ચતુર હતો. તેણે ચારે ભાઇને લાખ લાખ ટકા આપવા ઠરાવ્યા છે. તેણે મોટા ભાઇના નિધાનમાં કેશ રાખ્યા છે માટે ઘોડા, ગાય, ભેંશ, ઉંટ આદિ જે ચૌપદરૂપ ધન છે તે એને આપ્યું છે, અને બીજાના નિધાનમાં માટી નીકળી છે; માટે તેને ખેતર તથા ધરતીરૂપ ધન આપ્યું છે, તથા ત્રીજાના નિધાનમાં કાગળ ચોપડા છે માટે વ્યાજે આપેલું નાણું અને ખતપત્ર વિગેરે સર્વ લહેણું જે લોકો ઉપર છે તેરૂપ ધન તેને આપ્યું છે, અને ચોથાને સોનું તથા રત્ન જે ઘરમાં છે તેરૂપ ધન આપ્યું છે. ' તે સાંભળી ચારે જણે મળી હિસાબ તપાસી જોયો તો તે ચારેને સરખે હિસ્સે લાખ લાખ ટકાની વહેંચણ

કરી આપેલી જોવામાં આવી. તે જોઇ ચારે જણે જઇ રાજાની આગળ કહ્યું કે–' હે સ્વામિન્ ! સુબુદ્ધિએ રૂડી બુદ્ધિવડે અમારા ઝગડાનો નિવેડો કરી આપ્યો છે.' તે સાંભળી રાજા ખુશી થયો અને સુબુદ્ધિ લોકમાં પ્રસિદ્ધ થયો. બીજો પુત્ર તો લોકોમાં હાંસીનું પાત્ર થયો થકો નિંદા પામતો કુબુદ્ધિઓ કહેવાતો પ્રસિદ્ધિને પામ્યો.

એવામાં કોઇ જ્ઞાની ગુરૂ તે વનના ઉદ્યાનમાં આવ્યા. તેમને રાજા તથા પ્રધાન પોતાના પુત્રો સહિત તેમજ અન્ય જનો પણ વાંદવા ગયા. વાંદી ધર્મોપદેશ સાંભળ્યા પછી પ્રધાને સુબુદ્ધિ અને દુર્બુદ્ધિ નામે બેઉ પુત્ર સંબંધી વાત પૂછવાથી ગુરૂ કહેવા લાગ્યા કે–' હે પ્રધાન ! એ જ નગરમાં એક વિમલ અને બીજો અચલ નામે બે વાણીયા રહેતા હતા, પરંતુ બેઉના સ્વભાવ જૂદા હતા. તેમાં વિમલે દીક્ષા લીધી, દેવ, ગુરૂ, સિદ્ધાંતની ભક્તિ કરી, સિદ્ધાંત ભણ્યો, તેના અર્થ વિચાર જાણ્યા, બીજા સાધુઓને પણ ભણાવ્યા, છેવટ આચાર્યપદ પામ્યો અને ઘણા જીવોને ધર્મોપદેશ દઇ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી બીજે દેવલોકે દેવ થયો.

બીજો અચલ વાણીયો જે તપસ્વી, જ્ઞાની અને ધર્મવંત હોય તેની નિંદા કરે અને કહે કે–' એ સાધુ શું જાણે છે ? ' એમ સર્વ કોઇની અવજ્ઞા કરતો હતો, તે પાપના ઉદયે મરીને બીજી નરકે ગયો.

હવે વિમલનો જીવ દેવલોકથી ચ્યવીને તારો સુબુદ્ધિ નામે પુત્ર થયો અને અચલનો જીવ નરકથી નીકળી પૂર્વે આચરેલી નિંદાને યોગે તારો દુર્બુદ્ધિ નામે પુત્ર થયો છે. તે હજી પણ સંસારમાં ઘણો રઝળશે. ' ઇત્યાદિ પૂર્વભવની વાત સાંભળી સુબુદ્ધિએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. વળી કેટલાએક દિવસ પછી દીક્ષા પણ લીધી, સિદ્ધાંત ભણ્યો, ચારિત્ર પાળી પાંચમે બ્રહ્મદેવલોકે દેવપણે ઉત્પન્ન થયો. અનુક્રમે મોક્ષે પણ જશે.

॥ દોહો ॥

ભણે ભણાવે જ્ઞાન જે, થાયે નિર્મલ બુદ્ધિ ।
દેવ ગુરૂ ભક્તિ કરે, અનુક્રમે પામે સિદ્ધિ ॥ ૧ ॥

ઇતિ સુબુદ્ધિદુર્બુદ્ધિકથા સમાપ્તા.

---

## હવે સોળમી અને સત્તરમી પૃચ્છાના ઉત્તર બે ગાથાએ કરી કહે છે.

**जो पुण गुरुजणसेवी, धम्माधम्माइ जाणिऊं महइ ।
सुयदेव य गुरुभत्तो, मरिऊं सो पंडिओ होइ ॥ ३२ ॥
मारेइ खाइ पीयइ, किंवा पढिएण किंच धम्मेण ।
एअंचिय चिंततो, मरिऊं सो काहलो होइ ॥ ३३ ॥**

**ભાવાર્થ**:—જે પુરૂષ ગુરૂજન એટલે વડીલની સેવા-ભક્તિ કરવામાં તત્પર હોય, ધર્માધર્મ એટલે પુણ્ય-પાપનો વિચાર જાણવાની વાંછા કરે, તથા જે શ્રુત-સિદ્ધાંતનો અને દેવગુરૂનો ભક્ત હોય તે કુશળ પુરૂષ મરીને પંડિત થાય ॥ ૩૨ ॥ તથા જે પુરૂષ અનેક જીવોને મારે, હિંસા કરે, મદ્યમાંસાદિક ખાય, પીયે, મોજમજાહ કરે અને ભણવા પઢવાથી શું થાય ? તથા ધર્મ કરવાથી પણ શું થવાનું છે ? એ પ્રકારની ચિંતવના કરે તે જીવ મરીને કાહલો-મૂક મૂર્ખ થાય ॥ ૩૩ ॥ જેમ પાછલે ભવે આંબાનો જીવ મરીને કુશળ થયો અને આંબાનો મિત્ર લીંબો હતો તે મરીને કુશલને ઘેર કુમાર એવે નામે સેવક થયો. તેની કથા કહે છે.

ધારાવાસ નગરે વેસમણ શેઠ ધનવંત વસે છે, તેને કુશલ એવે નામે પુત્ર થયો. તે ભણીગણીને બહોંતેર કળાનો જાણ થયો. પદાનુસારિણી પ્રજ્ઞાવાળો થયો. હવે તે શેઠને ઘેર એક કર્મકર છે, તે કુરૂપ, દુર્ભાગી, મૂક, મુખરોગી છે; તથાપિ કુશળ તે કર્મકરની ઉપર સ્નેહ આણે છે. કુશલ પોતે જિનધર્મનો જાણ છે અને ધર્મકરણી કરે છે.

એકદા કુશલ ક્રીડા કરવા માટે વનમાં ગયો ત્યાં એક વિદ્યાધરને ઉંચો ઉછળીને પાછો નીચે પડતો દીઠો. તેને કુશલે પૂછ્યું કે—'તમે ઉત્તમ પુરૂષ હોવા છતાં પાંખરહિત પંખીની પેઠે કેમ ચડો-પડો છો ?' તે સાંભળી વિદ્યાધર બોલ્યો કે—'હું વૈતાઢયનો વાસી વિચિત્રગતિ નામે વિદ્યાધર છું. હમણાં હું શ્રીપર્વતે ગયો હતો, ત્યાંથી પાછા વળતાં મારો મિત્ર વિદ્યાધર મળ્યો. તેને કેટલાંએક શસ્ત્રના ઘા લાગેલા દીઠા, એટલે મેં પૂછ્યું કે-'તમને આ શું થયું ?' તેણે કહ્યું કે-'મારી સ્ત્રીને એક બીજો વિદ્યાધર હરી જતો હતો, તેની પછવાડે જઇ યુદ્ધ કરી મારી સ્ત્રીને પાછી લાવી અહીંયાં રહ્યો છું. યુદ્ધમાં ઘા લાગ્યા છે.' એવું સાંભળીને મેં વ્રણસંરોહણી ઔષધિવડે તેને સજ્જ કર્યો. તે વિદ્યાધર સ્ત્રીને લઇ પોતાને સ્થાનકે ગયો, પરંતુ હે ભાઈ! હું વ્યાકુળપણાથી આકાશગામિની વિદ્યાનું એક પદ વીસરી ગયો છું તેથી પડી જાઉં છું.' એવી વાત સાંભળીને કુશલે કહ્યું કે-તમારી વિદ્યાનું અપૂર્ણ પદ યાદ કરીને કહો. તે વિદ્યાધરે પદ કહી સંભળાવ્યું, તેને અનુસારે કુશલે પદાનુસારિણી પ્રજ્ઞાને બળે સમસ્ત પૂરેપૂરી આકાશગામિની વિદ્યાનાં પદો કહી સંભળાવ્યાં; તેથી વિદ્યાધર હર્ષવંત થયો થકો વિસ્મય પામ્યો અને વિચાર્યું કે—'આ પુરૂષ પ્રજ્ઞાએ, બુદ્ધિએ, રૂપે અને ગુણે કરી શ્રેયસ્કર છે. પરોપકાર કરવામાં દક્ષ છે. એવા પુરૂષ વિરલા જ હોય છે.' એમ ચિંતવી કુશલનાં માતાપિતાનું નામ પૂછી વિદ્યાધર પોતાને સ્થાનકે ગયો.

બીજે દિવસે વેસમણ શેઠનું ઘર પૂછતો વિદ્યાધર ત્યાં આવ્યો. ત્યાં કુશલને દેવપૂજા કરતો દેખી વિદ્યાધરે પૂછ્યું કે—'તું આ શું કરે છે ?' તેણે કહ્યું કે—'દેવપૂજા ને ગુરૂભક્તિ કરતો સતો શ્રીજિનધર્મનું આરાધન કરૂં છું.' તે સાંભળી વિદ્યાધરે પણ જિનધર્મ અંગીકાર કર્યો, અને કહેવા લાગ્યો કે—'એક તો આકાશગામિની વિદ્યાનું પદ સંભારી આપ્યું તેનો ઉપકાર અને બીજો શ્રીજિનધર્મ બતાવ્યો, એ બે ઉપકાર તેં મારા ઉપર કર્યા, તેથી હું તારો ઓસીંગણ કોઈ રીતે થઇ શકું નહીં.' એટલું કહી ફરી

શેઠને કહેવા લાગ્યો કે—“ મારા પિતાએ એક નિમિત્તિયાને પૂછ્યું હતું કે મારી પુત્રીનો વર કોણ થશે ? ” નિમિત્તિયાએ કહ્યું હતું કે–“ તારો પુત્ર વિદ્યા વીસરી જશે તેને જે સંભારી આપશે, તે તારી પુત્રીનો વર થશે. તે માટે હે શેઠ ! તમારા પુત્રને મારી સાથે વૈતાઢય પર્વતે મોકલો એટલે મારી બ્હેનનો તેની સાથે વિવાહ કરીએ. ” તે સાંભળી શેઠે પુત્રને વૈતાઢ્ય પર્વતે મોકલ્યો. તિહાં શુભ-લગ્ને વિવાહ કર્યા પછી વિદ્યાધર તથા કુશલ અને કુશલની સ્ત્રી એ ત્રણે જણ શાશ્વતા ચૈત્ય વાંદવાને માટે ગયા. સર્વ ચૈત્યને વાંદીને એક ચૈત્યના મંડપમાં આવ્યા. ત્યાં રહેલા ચારણશ્રમણ મુનિને વાંદ્યા. મુનિએ વિદ્યાધરને કહ્યું કે—‘ તું તારા બનેવીથી જિનધર્મ પામ્યો છું. ’

તે વારે મુનિને જ્ઞાનવંત જાણી કુશલે પૂછ્યું કે—‘ હે મહારાજ ! કયા શુભ કર્મના ઉદયથી અત્યંત નિર્મળ પદાનુ-સારિણી પ્રજ્ઞા ( બુદ્ધિ ) મને પ્રાપ્ત થઈ ? અને મારો કર્મકર મુખરોગી, મૂર્ખ, કુરૂપવાન્ કયા કર્મથી થયો ? વળી એની ઉપર મને ઘણો સ્નેહ શાથી થયો ? તે સર્વ મને કહો. ’

મુનિ બોલ્યા કે-–‘ આ ભવથી ત્રીજે ભવે તું અને તારો કર્મકર આંબો અને લીંબો એવે નામે કુલપુત્ર મિત્ર હતા. તમારે પરસ્પર ઘણો સ્નેહ હતો, તેમાં આંબો નિરંતર ગુરૂની સેવા કરે, પુણ્ય–પાપ સંબંધી વિચાર પૂછતો રહે. વળી તેણે ગુરૂના કહેવાથી પાંચ વર્ષ ને પાંચ માસ પર્યંત જ્ઞાનપંચમીનું તપ વિધિપૂર્વક એકાગ્રચિત્તે કર્યું. જ્ઞાન અને જ્ઞાનવંતની ઘણી ભક્તિ કરી, તેના પુણ્યથી આંબાનો જીવ મરીને દેવલોકે દેવ થયો. તિહાંથી ચ્યવીને તું વેસમણ શેઠનો પુત્ર થયો છે. લીંબાનો જીવ તો નાસ્તિકવાદી હોવાથી જીવહિંસા કરતો હતો. રૂડું ખાવું, રૂડું પીવું, સ્વેચ્છાએ ફરવું, ભણવાથી શું થાય ? તથા ધર્મ કરવાથી શું થાય ? એનું ફળ કાંઈ નથી, જે ધર્મ કરે તે વધારે દુઃખી થાય, એમ ચિંતવન કરતો તથા લોકોને પણ એવો જ ઉપદેશ દેતો ફરતો હતો. જો કે તમે બંને મિત્ર હતા, તથાપિ સ્વભાવમાં એક બીજાને આંતરૂં ઘણું હતું. એક જ ગાંઠ

બાંધેલા હોય, તો પણ જે કાચ તે કાચ જ કહેવાય અને મણિ તે મણિ જ કહેવાય તેમ તેઓ બે મિત્ર હતા તો પણ આંબો ધર્મનું સ્થાપન કરતો અને લીંબો ધર્મને ઉત્થાપતો અને નિંદા કરતો તેથી તે નરકે ગયો. તિહાંથી નીકળીને તમારે ઘેર મૂક, મૂર્ખ, દુર્ભાગી અને કદરૂપો થયો. જેવું નામ તેવું જ પરિણામ થયું અને હે કુશલ! તેં જ્ઞાનપંચમીનું તપ કર્યું હતું, જ્ઞાનવંત ગુરૂની ભક્તિ કરી હતી, તેથી તું નિર્મળ બુધ્ધિવાળો થયો છું; માટે તને ધર્મને વિષે ભાવપ્રજ્ઞા છે.'

એવી ગુરૂની વાણી સાંભળી કુશલને જાતિસ્મરણજ્ઞાન ઉપજ્યું. તેણે પૂર્વભવ દીઠો. તે સમયે ગુરૂ પાસેથી શ્રાવકના બાર વ્રત લઈ દેશવિરતિ થયો થકો ત્યાંથી સુંદરી નામની સ્ત્રી સહિત પોતાને ઘેર આવ્યો અને વિદ્યાધર વૈતાઢયે પોતાને નગરે ગયો.

ઘેર આવ્યા બાદ અનુક્રમે પુત્રપ્રાપ્તિ થઇ. સ્ત્રી ભતાર બંનેએ પંચમીનું તપ કર્યું. તે પૂર્ણ થયે તેનું ઉજમણું કર્યું, શ્રીસંઘની ભક્તિ કરી. પછી ઘરનો ભાર પુત્રને સોંપી કુશલે પિતા સહિત દીક્ષા લીધી. અગીયાર અંગ અને ચૌદ પૂર્વ ભણી શુધ્ધ ચારિત્ર પાળી તે મોક્ષનું સુખ પામ્યો અને લીંબાનો જીવ ઘણો સંસાર ભમ્યો.

**जे नाणपंचमितवं, उत्तम जीवा कुणंति भावजुआ ।**
**उवभुंजिय मणुअसुहं, पावंति केवलं नाणं ॥ १ ॥**

ઇતિ આંબા લીંબાની કથા.

---

**હવે અઢારમી તથા ઓગણીશમી પૃચ્છાના ઉત્તર બે ગાથાવડે કહે છે.**

**सव्वेसिं जीवाणं, तासिं ण करेइ णो करावेइ ।**
**परपीडवज्जणाओ, गोयम धीरो भवे पुरिसो ॥ ३४ ॥**
**कुक्कड तित्तर लावे, सूअर हरिणे अ विविहजीवे अ ।**
**धारेइ निच्चकालं, स सव्वकालं हवइ भीरू ॥ ३५ ॥**

**ભાવાર્થ:**—જે જીવ પોતે સર્વ પ્રકારના જીવો પ્રત્યે ત્રાસ ઉપજાવે નહીં, એટલે ભય પમાડે નહીં, બીવરાવે નહીં તેમ બીજા પાસે ત્રાસ કરાવે નહીં. જે પરજીવને પીડા કરવાનું વર્જે તે પુરૂષ હે ગૌતમ! ધૈર્યવંત સાહસિક થાય. જેમ પૃથ્વીતિલક નગરે ધર્મસિંહ ક્ષત્રિયનો અભયસિંહ નામનો પુત્ર મહા ધૈર્યવાન્ થયો તેમ. ॥ ૩૪ ॥ તથા જે જીવ કૂકડા, તેતર, લાવાં, સૂવર, હરિણ પ્રમુખ વિવિધ પ્રકારના જીવોને નિરંતર બંધન-તાડનાદિક કરે, પાંજરામાંહે ઘાલે, તે જીવ સદૈવ બીકણ હોય, ઉચાટમાં રહે. જેમ તે અભયસિંહનો નાનો ભાઈ ધનસિંહ ક્ષત્રી બીકણ થયો તેમ. ॥ ૩૫ ॥

હવે બંને પ્રશ્નના ઉત્તરમાં અભયસિંહ અને ધનસિંહ બે ભાઈઓની કથા કહે છે. પૃથ્વીતિલક નગરે પૃથ્વીતિલક રાજા રાજ્ય કરે છે. તે રાજાનો સેવક ધર્મસિંહ ક્ષત્રી છે, જે જિન-ધર્મમાં રક્ત છે. તેને અભયસિંહ અને ધનસિંહ નામે બે પુત્ર થયા છે. તે બંનેનાં કર્મ જૂદાં જૂદાં છે. મોટો ભાઈ તો વાઘ, સિંહ, સર્પ, શરભ, ભૂત, પ્રેત ઈત્યાદિક જીવોથી પણ બીહે નહીં, આકાશથી વજ્ર પડે તો પણ ડરે નહીં તેવો છે અને નાનો ભાઈ જે ધનસિંહ છે તે તો માત્ર સીંદરી દેખે તો પણ તેને સર્પ માનીને ભય પામે અને પાંદડું હાલે તેટલામાં બીવે તેવો છે.

એક વાર તે નગરની નજીક એક સિંહ આવ્યો જાણીને તે રસ્તેથી કોઇપણ જાય નહીં. તે સમયે પ્રધાને રાજા આગળ આવી વિનંતિ કરી કે–'હે મહારાજ! સિંહની બીકથી માર્ગમાં કોઇ ચાલી શકતું નથી.' ત્યારે રાજાએ સભામાં સિંહને મારી લાવવાનું બીડું આપવા માંડ્યું, પણ કોઈએ ગ્રહણ કર્યું નહીં; પરંતુ અભયસિંહે તે બીડું સ્વીકાર્યું અને કહ્યું કે–'હે મહારાજ! તમારો આદેશ છે તો હું એકલો જ જઈને સિંહનો વધ કરી આવીશ અને લોકોને સુખ કરી આપીશ.' એમ કહી તે વનમાં ગયો. ત્યાં સિંહને બોલાવી ભાલું મારી તેનો વધ કરી પાછા આવી રાજાને પ્રણામ કર્યા. રાજાએ ખુશી થઈને તેને મોટો સિરપાવ આપ્યો અને ઘણાં વસ્ત્રાભરણ દીધાં.

વળી એકદા કોઈ સીમાડીયો રાજા તે રાજાની આણ ન માનતો થકો વાટ પાડે છે અને ગામોને લૂંટે છે. તેનો નિગ્રહ કરવા માટે રાજાએ બીડું ફેરવ્યું તે પણ અભયસિંહે સ્વીકાર્યું અને સૈન્ય લઈને તે સીમાડીયા સામંતના નગરે પહોંચ્યો. તે રાજાની પાસે દૂત મોકલીને કહેવરાવ્યું કે-'અમારા રાજાની આજ્ઞા માન્ય કર નહીં તો યુદ્ધ કરવાની તૈયારી કર.' એટલે સામંતે કહ્યું કે-'આગળ પણ ઘણી વખત રાજાનું કટક મારી ઉપર ચડાઈ કરી આવ્યું હતું તેને મેં જીત્યું હતું.' ત્યારે દૂતે કહ્યું કે-'સ્વામી! હમણાં તો અભયસિંહ સિંહ આવ્યો છે.' તે સાંભળી સામંત બોલ્યો કે-'મોઢે વખાણ કરવાથી શું થવાનું છે? સિંહ છે કે શિયાલીયું છે? તે તો સંગ્રામ સમયે જણાઈ આવશે.' તે સાંભળી દૂત પાછો આવ્યો અને અભયસિંહને કહ્યું કે-'એ રાજા ઘણો અહંકારી છે, તેથી યુદ્ધ કર્યા વિના માને તેમ નથી.'

હવે અભયસિંહ રાત્રિના વખતે નક્તચર્યાએ ગઢ ઓળંગીને સામંત રાજાના મહેલમાં પેઠો. સામંત સૂતો હતો તેને જગાડ્યો અને કહ્યું કે-'ઉઠ ઉઠ, સિંહ આવ્યો છે, તેની સામે આવ.' તે સાંભળી સામંત પણ ઉઠીને સામો આવ્યો. બેહુએ મલ્લયુદ્ધ કર્યું. અભયસિંહે સામંતને ભૂમિએ પાડી બાંધી લીધો. તે વખતે તેની સ્ત્રીએ પગે લાગીને ભર્તારની ભિક્ષા માગી ભર્તારને છોડાવ્યો. તે રાજા અહંકાર મૂકીને અભયસિંહનો સેવક થયો.

હવે પ્રભાત થયું તે સમયે લશ્કરમાં અભયસિંહને કોઈએ જોયો નહીં, તેથી સર્વ સૈન્ય ચિંતાતુર થયું. તેટલામાં એક જણે આવીને કહ્યું કે—'અભયસિંહે સામંતને જીત્યો છે અને તમને સર્વેને તેણે બોલાવ્યા છે. તમે કાંઇ પણ શંકા કરશો નહીં.' તે સમયે સૈન્યના સર્વ લોક ગામમાં આવ્યા, તેને સામંતે ભોજન કરાવી સર્વને વસ્ત્રની પહેરામણી કરી ખુશી કર્યા.

હવે અભયસિંહ સામંતને પોતાની સાથે તેડી પૃથ્વીતિલક નગરે આવ્યો. તિહાં સામંત સહિત જઇ પૃથ્વીતિલક રાજાને પ્રણામ કર્યા. તે જોઇ રાજા હર્ષિત થઈ વિચારવા લાગ્યો કે—'આ

મનુષ્ય છે, પણ દેવશક્તિ ધારણ કરે છે.' એમ ચિંતવી અભયસિંહને એક દેશ બક્ષીસ આપ્યો અને સામંતને ભોજન કરાવી વસ્ત્ર પહેરામણી કરી વિદાય કર્યો. તે પણ રાજાને ભેટ આપી રજા લઇને પોતાને દેશ ગયો.

એકદા તે નગરના ઉદ્યાનમાં ચાર જ્ઞાનના ધણી શ્રુતસાગર નામના આચાર્ય પધાર્યા તે સાંભળી રાજા પરિવાર સહિત તેમને વાંદવા ગયો. દેશના સાંભળ્યા પછી ધર્મસિંહે પૂછ્યું કે—'હે મહારાજ! આ મારા અભયસિંહ પુત્રે શું પુણ્ય કર્યું છે કે જેથી એ મહા સાહસિક થયો છે?' અને નાના પુત્રે શું પાપ કર્યું છે કે જેથી તે મહા બીકણ થયો છે?'

ગુરૂ કહેવા લાગ્યા કે–'એ જ નગરને વિષે એક પૂરણ અને બીજો ધરણ એવે નામે બે આહિર હતા. તેમાં પૂરણ તો ઘણો જ દયાળુ હતો, ધર્માત્મા હતો, સર્વ જીવની રક્ષા કરતો હતો અને કોઇને ત્રાસ દેતો નહોતો. બીજો ધરણ જે હતો તે તો કૂકડા, સૂડા, તેતર, મૃગલાં પ્રમુખ જીવોને પકડીને બાંધી રાખે, કોઈનો વાર્યો રહે નહીં, કોઇનું કહ્યું માને નહીં, તેથી તેને જૂદો કર્યો. જીવરક્ષાને પુણ્યે કરી પૂરણનો જીવ તે તારો અભયસિંહ નામે શૂરવીર અને ભાગ્યવંત પુત્ર થયો છે અને ધરણનો જીવ ઘણા જીવોને દુહવી મરીને તારો ધનસિંહ નામે લઘુ પુત્ર બીકણ થયો છે.' એવી પૂર્વભવ સંબંધી વાર્ત્તા સાંભળીને સઘળાએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ધર્મારાધન કરી પિતા તથા બેહુ પુત્ર મળી ત્રણે જણ દેવલોકે પહોંચ્યા.

॥ ચોપાઈ ॥

ગોયમ આગળ જિણવરે કહ્યું, પુણ્ય પાપનું ફળ જૂજૂઉં;
ગૌતમ પૃચ્છા બાલાવબોધ, સુણતાં કહેતાં હોય પ્રતિબોધ ॥૧॥

॥ ઇતિ અભયસિંહ ધનસિંહ કથા ॥

### હવે વીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**विज्ञा विन्नाणं वा, मिच्छा विणएण गिन्हिउं जोउ ।**
**अवमन्नइ आयरियं, सा विज्ञा निष्फला तस्स ॥ ३६ ॥**

**ભાવાર્થ:**—જે જીવ વિદ્યા અથવા વિજ્ઞાન જે કળાપ્રમુખ તેને મિથ્યા એટલે કૂડા વિનયે કરી લેવા વાંછે અર્થાત્ ભણાવનાર જે આચાર્ય તેનું નામ ઓળવી નાખે, અવગણી નાખે, તે જીવને પરભવે ભણેલી વિદ્યા સફલ ન થાય–નિષ્ફળ થાય. જેમ ત્રિદંડીયાએ નાપિતની પાસેથી વિદ્યા શીખીને તે વિદ્યાને બળે વિદેશે જઇ ત્રિદંડને આકાશને વિષે રાખ્યો અને ગુરૂનું નામ ઓળવી નાંખતાં આકાશથી ત્રિદંડ પડી ગયો અને વિદ્યા નિષ્ફલ થઇ. અહીંયાં નાપિત ને ત્રિદંડીની કથા કહે છે.

રાજપુર નગરે કોઇક વિદ્યાવંત નાપિત વસે છે. તે વિદ્યાને બળે આકાશને વિષે પોતાનો છરો આધાર વિનાનો રાખે, પરંતુ તેને લોક જાણે નહીં. એવો તેનો પ્રભાવ દેખીને એક ત્રિદંડીયો તે વિદ્યા લેવાની ઇચ્છા કરતો તે નાપિતનો બાહ્ય વિનય કરવા લાગ્યો. તેણે ચિંતવ્યું કે કોઇ રીતે પણ વિદ્યા આપે તો ઠીક થાય " અમેધ્યાદપિ કાંચનં એટલે અપવિત્ર વસ્તુમાંથી પણ સોનું લઇએ." એમ ચિંતવી સદૈવ તેની સેવા–ભક્તિ કરે. પછી કેટલેક દિવસે વિદ્યા માટે પ્રાર્થના કરી ત્યારે તેણે પણ સંતુષ્ટ થઇને વિધિપૂર્વક વિદ્યા દીધી. તે ત્રિદંડીએ પણ વિધિપૂર્વક આરાધીને વિદ્યા સાધી લીધી. પછી પોતાનો જે ત્રિદંડ હતો તેને આકાશમાં અધર રાખીને લોકોને કૌતુક દેખાડવા લાગ્યો. લોક પણ તેની પૂજા ભક્તિ કરી પ્રશંસા કરવા લાગ્યા. એકદા લોકોએ પૂછયું કે—'હે સ્વામિન્! આ વિદ્યા તમે કયા ગુરૂની પાસેથી મેળવી છે?' ત્યારે તે બ્રાહ્મણે લજ્જા થકી નાવીનું નામ કહ્યું નહીં અને તેને બદલે 'હિમવંતવાસી વિદ્યાધર મારા ગુરૂ છે, તેની સેવા કરવાથી હું આ વિદ્યા પામ્યો છું.' એ રીતે ગુરૂનું નામ ઓળવતાં જ તે બ્રાહ્મણનો ત્રિદંડ જે આકાશમાં અધર રહેલો હતો,

તે ખડખડાટ કરતો આકાશથી નીચે ધરતીપર આવીને પડ્યો. તે સમયે લોકો સર્વ હાંસી કરવા લાગ્યા અને જેટલું માન મહત્ત્વ વૃધ્ધિ પામ્યું હતું તેથી બમણી અવહેલના થઈ. જે લોકો પ્રથમ પૂજા ભક્તિ કરતા હતા તેણે પણ ભક્તિ કરવી મૂકી દીધી. એ રીતે જે પુરૂષ વિનય વિના વિદ્યા શીખે, ગુરૂનું નામ ઓળવે, ગુરૂની અવગણના કરે તેની વિદ્યા નિષ્ફલ થાય; તેમજ આવતે ભવે તેને જ્ઞાનપ્રાપ્તિ પણ દોહેલી થાય. એ ગુરૂનિન્હવણ ઉપર નાપિતની કથા કહી.

---

**હવે એકવીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છેઃ—**

**बहु मन्नइ आयरियं, विणयसमग्गो गुणेहिं संजुत्तो ।**
**इय जा गहिया विज्जा, सा सफला होइ लोगंमि ॥ ३७ ॥**

**ભાવાર્થઃ**—જે જીવ પોતાના ભણાવનાર આચાર્ય પ્રત્યે ઘણુંજ માન ધરાવે, વિનયવંત હોય, સમગ્ર ગુણે કરી સહિત હોય. એવી રીતે જે વિદ્યા લીધી હોય તે વિદ્યા લોકમાંહે સફળ થાય. ॥ ૩૭ ॥ જેમ શ્રેણિક રાજાએ પોતાના સિંહાસનની ઉપર ચાંડાલને બેસાડી વિનયે કરી અવનમન નામની વિદ્યા લીધી, તે સફળ થઈ. અહીંયાં તે શ્રેણિક રાજાની કથા કહે છે.

રાજગૃહી નગરે શ્રેણિક રાજા રાજ્ય કરે છે. તેને ચેલણા નામે પટ્ટરાણી છે. એકદા રાણીને એકસ્થંભા ધવલગૃહે વસવાનો ડોહલો ઉપજ્યો. તે વાત રાજાએ અભયકુમારને કહી. અભયકુમારે દેવનું આરાધન કર્યું એટલે દેવ પ્રત્યક્ષ આવીને ઉભો રહ્યો. તેની પાસે એકસ્થંભો આવાસ કરાવ્યો. તેને ચારે બાજુ ફરતાં ચાર વન કરાવ્યાં. તે ચારે વનમાં સર્વ ઋતુનાં ફલફુલ નિરંતર સદૈવ પ્રાપ્ત થાય એમ કરી રાણીને એકસ્થંભા આવાસમાં રાખી તેનો ડોહલો પૂર્ણ કર્યો.

એવામાં એક માતંગની સ્ત્રીને અકાળે આંબા ખાવાનો ડોહલો ઉપન્યો. તેના ધણી માતંગે અવનમન નામની વિદ્યાને

બળે રાજાની વાડી માંહેલાં આંબાની ડાળ નમાવી તેનાં ફળ લઈ સ્ત્રીનો ડોહલો પૂર્ણ કર્યો. રાજાએ અભયકુમારને કહ્યું કે—'આંબાનાં ફળ આ વાડીમાંહેથી કોણે લીધાં? તે ચોરને શોધી કાઢવો જોઇએ.' અભયકુમારે મોટી કુંવારી કન્યાની કથા કહીને બુદ્ધિને બળે તે માતંગ ચોરને પ્રગટ કર્યો અને તેને પકડી લાવ્યા. તેને રાજાએ પૂછ્યું કે-'ગઢની અંદર મારી વાડી છે, તેનાં ફળ તેં કેવી રીતે લીધાં?' એટલે માતંગે ભયથી કહ્યું કે-'મેં વિદ્યાના બળે લીધાં.'

શ્રેણિક રાજાએ કહ્યું કે-'તે વિદ્યા જો તું મને આપે તો હું તને મૂકી દઉં.' માતંગે તે વાત માન્ય કરી. તે વારે રાજાએ પોતે સિંહાસન ઉપર બેઠાં થકાં જ વિદ્યા ભણવા માંડી. તેને ઘણી વખત માતંગે વિદ્યા કહી, પણ રાજાને આવડી નહીં. તે વારે અભયકુમાર મંત્રીએ કહ્યું કે-'મહારાજ! વિદ્યા તો વિનય કરવાથી જ આવડે.' તે સાંભળી રાજાએ પોતે સિંહાસનથી હેઠા ઉતરી માતંગને સિંહાસન ઉપર બેસાડ્યો. પોતે માતંગની આગળ બે હાથ જોડી વિદ્યા લેવા બેઠા, તેથી માત્ર એક વાર ચંડાલે કહેલી વિદ્યા રાજાને મુખાગ્રે થઈ ગઈ. એ રીતે વિનય કરીને વિદ્યા લેવાથી કાર્ય સર્યું.

ઇતિ વિનયે વિદ્યા લેવા આશ્રયી શ્રેણિક રાજાની કથા.

---

## હવે બાવીશમી અને ત્રેવીશમી પૃચ્છાના ઉત્તરો બે ગાથાએ કરી કહે છે

**जो दाणं दाऊणं, चिंतइ हा किसमं मए दिन्नं ।**
**होऊणवि धणरिद्धि, अचिरावि हु नासए तस्स ॥ ३८ ॥**
**थोवधणोवि हु सत्तिइ, देई दाणं पयट्टइ परेवि ।**
**सो पुरिसो तस्स धणं, गोयम संमिलइ परजम्मे ॥ ३९ ॥**

**ભાવાર્થઃ**—જે મનુષ્ય દાન દઈને પછી હૃદયમાં એવું ચિંતવન કરે કે—'હા ઇતિ ખેદે! અરે મેં આ દાન ફોકટ

શા માટે દીધું ? ' એવી રીતે દાન દીધા પછી તેનો પશ્ચાત્તાપ કરે, તેને ઘેર ધન-ઋદ્ધિ એટલે લક્ષ્મી એકઠી થઇને પછી પાછી અચીર એટલે સ્વલ્પકાળમાં જ અર્થાત્ થોડા દિવસમાં જ નિશ્ચે પાછી જતી રહે છે. જેમ દક્ષિણમથુરાના વાસી ધનદત્ત શેઠના પુત્ર સુધનની લક્ષ્મી પરાઇ થઈ ગઇ-પારકે ઘેર જતી રહી તેમ. ॥ ૩૮ ॥ તથા જે સ્વલ્પ ધનવાન્ હોવા છતાં પણ પોતાની શક્તિ પ્રમાણે પોતે સુપાત્રને દાન આપે, પરેવિ એટલે બીજા પાસે ( પયટ્ટઇ કે૦ ) દાન દેવરાવે એવો જે પુરૂષ હોય, ( તસ્સ ધણં કે૦ ) તે પુરૂષને ધન-લક્ષ્મી તે હે ગોયમ ! ( પરજમ્મે કે૦ ) પરજન્મ એટલે ભવાંતરને વિષે ( સંમિલઇ કે૦ ) સમ્યક્ પ્રકારે મળે છે-સંપજે છે. જેમ ઉત્તરમથુરાવાસી મદન શેઠને ઘેર અકસ્માત્ ઘણી ઋધ્ધિ પ્રાપ્ત થઇ તેમ. ॥ ૩૯ ॥

## એ બંને પ્રશ્ન ઉપર સુધન અને મદન શેઠની કથા કહે છે.

દક્ષિણદેશે દક્ષિણમથુરા નગરીએ ધનદત્ત શેઠ વસે છે. તે કોટિદ્રવ્યનો ધણી છે. તેને સુધન નામનો પુત્ર થયો. તે શેઠ પાંચશેં શકટ કરિયાણાનાં ભરી વાણોતરને પરદેશ વેચવા મોકલે છે. તે ત્યાં કરિયાણા વેચીને વળી બીજા નવા કરિયાણા લઇને આવે છે, તેમજ કેટલોક માલ સમુદ્રમાર્ગે વહાણો ભરી પરદેશ મોકલે છે તથા મંગાવે છે; તથા કેટલુંએક ધન વ્યાજે આપે છે અને કેટલુંએક ધન તો ઘરમાં ભંડારમાં ભરી મૂક્યું છે.

હવે ઉત્તરમથુરામાં સમુદ્રદત્ત વ્યવહારીયો વસે છે. તેની સાથે એ શેઠને ઘણો સ્નેહ છે, પરસ્પર પ્રીતિ છે. માંહોમાંહે એક બીજાની ઉપર વેચવા-લેવા માટે કરિયાણા મોકલે છે તેમાં લાભ ઘણો થાય છે. એમ કરતાં એકદા ધનદત્ત શેઠ દાહજ્વરે પીડાયો થકો દેવશરણ થયો. એટલે સગાસંબંધીઓએ તેના પુત્ર સુધનને તેની પાટે સ્થાપ્યો. સુધન ઘરના કુટુંબનો ભાર વહન કરવા લાગ્યો.

હવે તે સુધન એક વાર સોનાના બાજોઠ ઉપર સ્નાન કરવા બેઠો. આગળ સોનાની કુંડી પાણીથી ભરીને સેવકોએ મૂકી. સ્નાન કરી રહ્યો કે તરતજ સોનાની કુંડી આકાશમાર્ગે ચાલી ગઈ અને સ્નાન કરી પાટલા ઉપરથી નીચે ઉતર્યો એવામાં સોનાનો પાટલો પણ આકાશમાર્ગે ચાલતો થયો. વળી દેવપૂજા કરવા માટે દેરાસરમાં ગયો ત્યાં દેવપૂજા કરી લીધી કે તરતજ દેરાસર તથા બિંબ અને કલશ સર્વ અદૃશ્ય થઈ ગયાં. ધોતીયાનો સમૂહ પણ આકાશે ચાલ્યો ગયો. પછી ઘરમાં આવ્યો ત્યાં ઘેર આવતાં વહાણો ડૂબી ગયાના સમાચાર સાંભળ્યા. પછી જમવા બેઠો. આગળ સુવર્ણના થાળમાં ભોજન તથા સુવર્ણમય બત્રીશ કચોળાં દાળ, કઢી, શાક પ્રમુખનાં ભરીને મૂક્યાં, અને બત્રીશ વાટકી રૂપાની મૂકી, તે સર્વ આકાશે ચાલી ગઈ. જ્યારે થાળ આકાશે જવાને ધ્રૂજ્યો, તે વખતે સુધને તેને થરહરતો ઝાલ્યો. તેનો એક કટકો તેના હાથમાં રહી ગયો, પણ થાળ તો ચાલ્યો ગયો. એમ દેખતાં દેખતાં સઘળી ઋદ્ધિ જતી રહી. કર્મના પ્રાબલ્ય આગળ કોઈનું કાંઈ જોર ચાલતું નથી. એવામાં એક લેણદારે આવી કહ્યું કે-' મારૂં એક લાખ દ્રવ્ય લેણું છે તે આપો.' ત્યારે નિધાન ખોલીને જોયું તો સર્વ દ્રવ્ય રાખ થઈ ગયેલું દીઠું, તેથી તે ઘણો જ દુઃખી થયો.

ત્યારબાદ માતાની આજ્ઞા લઈ સોનાના થાળનો કટકો સાથે રાખી દેશાંતર ભણી ચાલ્યો. માર્ગે જતાં મહા કષ્ટથી કંટાળીને એક પર્વત ઉપર ચડી ત્યાંથી ઝંપાપાત કરી આપઘાત કરવા તૈયાર થયો. તેને ઝંપાપાત ખાતો એક સાધુએ દીઠો. તેણે જ્ઞાનબળે તેનું નામ જાણીને બોલાવ્યો કે-' હે સુધનશાહ ! તમે સાહસ ન કરો, કેમકે પર્વત ઉપરથી પડી અકાળે મરવાથી વ્યંતર થવાય.' તે સાંભળી સુધન પણ તે જ્ઞાની ઋષિ પાસે આવ્યો, ઋષિને વાંદ્યા. ઋષિએ કહ્યું કે—" કર્મથી કોઈ છૂટતો નથી."

॥ દોહો ॥

કર્મે કરી સુદંસણ શેઠ, હરિચંદે કીધી માતંગ વેઠ;
મેતારજ ઋષિ કાઢી દૃષ્ટ, કર્મે કીધું સહુ પગ હેઠ ॥ ૧ ॥

માટે હે શેઠ! જે લક્ષ્મીના દુઃખથી તમે મરવા તૈયાર થયા છો તે લક્ષ્મી અસાર છે, ચપલ છે, મલિન છે, અનર્થનું મૂળ છે. વીજળીના ઝબકારની પેઠે હાથમાંથી જતી રહે એવી છે, તે ક્ષણિક લક્ષ્મીને અર્થે કોણ મરીને વ્યર્થ હીરા જેવા મનુષ્યભવને નિષ્ફળ કરે ? " ઇત્યાદિક ઉપદેશ સાંભળી શેઠ પ્રતિબોધ પામ્યા. મુનિની પાસે દીક્ષા લઇ સૂત્ર ભણી ગીતાર્થ થયા. ત્યારબાદ અવધિજ્ઞાન ઉપન્યું. એ સુધન ઋષિ વિહાર કરતા ઉત્તરમથુરાએ સમુદ્રદત્ત શેઠને ઘેર વહોરવા માટે ગયા.

તેને ઘેર પોતાનાં સુવર્ણનો પાટલો, કુંડી, લોટી, કચોળા, થાળ, દેરાસર પ્રમુખ સર્વ પદાર્થો દીઠાં અને ઓળખી લીધાં. સોનાના ખાંડા થાળમાં સમુદ્રદત્ત શેઠને જમતા દીઠા. એ રીતે તે સાધુને પોતાના ઘરમાં અરહાપરહા ફરતા અને વસ્તુઓને જોતા જોઇ શેઠે પૂછ્યું કે—' મહારાજ ! શું જુઓ છો ? ' ત્યારે ઋષિએ કહ્યું કે—' હે શેઠ ! આ પાટલો, કુંડી, કચોળા, થાળ પ્રમુખ તમે કરાવેલાં છે અથવા તમારા પૂર્વજોનાં કરાવેલાં છે ? ' શેઠે કહ્યું–' એ પ્રથમથી જ મારા ઘરમાં છે. ' ઋષિએ કહ્યું કે–' તમે આવા ખાંડા થાળમાં શામાટે જમો છો ? ' શેઠે કહ્યું કે–' શું કરીએ એ થાળમાં બીજો ખંડ ચોંટતો નથી.' એટલે ઋષિએ કેડમાંથી થાળનો ખંડ કાઢી થાળ ઉપાડીને તેની સાથે મેળવ્યો એટલે પોતાની મેળે ચોંટી ગયો. થાળ સંપૂર્ણ અખંડ થયો, તે જોઇને શેઠના કુટુંબને કૌતુક થયું. સાધુએ ચાલવા માંડયું એટલે શેઠે વંદના કરી પૂછ્યું કે–' હે મહારાજ ! એ શી વાત છે ? ' સાધુએ કહ્યું કે–' તું અસત્ય બોલે છે, તેથી તને હું શું કહું ? ' શેઠે કહ્યું કે–' હું અસત્ય બોલ્યો છું, પરંતુ ખરી વાત તો એ જ છે કે એ ઋદ્ધિને મારે ઘેર આવ્યે આઠ વર્ષ થયાં છે. '

સાધુએ કહ્યું કે–' એ ઋદ્ધિ મેં ઓળખી છે. એ સર્વ મારા પિતાના પિતાના વખતની છે, પણ મારા પિતા મરણ પામ્યા પછી હું તેનો સુધન નામે પુત્ર હતો. તે લક્ષ્મી મારા હાથથી ગઈ, તેથી મેં વૈરાગ્ય પામી દીક્ષા લીધી. મને અવધિજ્ઞાન ઉપન્યું છે, તેથી

હું અહીંયાં આવ્યો છું.' શેઠે કહ્યું કે-'એ લક્ષ્મી સર્વે તમારી જ છે. હવે તે સ્વીકારો અને સુખ ભોગવો.' સાધુ બોલ્યા કે-'મારા દેખતાં તો એ જતી રહી, માટે હું હવે એને શી રીતે ભોગવું?' શેઠે પૂછ્યું કે-'હે ભગવન્! તમારા હાથથી ગઈ અને અમારે ઘેર આવી, તેનું કારણ શું?' ત્યારે ઋષિ બોલ્યા કે-'પૂર્વે શ્રીપુર નગરે જિનદત્ત શેઠ વસતો હતો. તેને એક પદ્માકર અને બીજો ગુણાકર એવે નામે બે પુત્ર હતા. તે શેઠે મરણ સમયે બંનેને કહ્યું કે-'અમુક જગ્યાએ મેં દ્રવ્ય દાટેલું છે.' પછી મોટા ભાઈએ રાત્રિએ છાના જઈને સર્વ દ્રવ્ય કાઢી લીધું. પાછળથી નાના ભાઇને કહ્યું કે-'ચાલો નિધાન કાઢીને આપણે બંને વહેંચી લઈએ.' પછી બે ભાઈએ ધરતી ખોદી પરંતુ તેમાંથી કાંઈ મળ્યું નહીં, ત્યારે મોટા ભાઇના કપટને યોગે નાના ભાઇને મૂર્ચ્છા આવી ગઈ. સચેત થયા પછી વળી મોટા ભાઇએ નાના ભાઇને કહ્યું કે-'એ ધન સર્વ કાઢીને તું છાનો લઈ ગયો લાગે છે.' એમ કહી તેને ધીજ કરાવ્યું. એ રીતે મેં વંચના કરી તેથી મરીને હું સુધન થયો અને નાનો ભાઈ મરીને તારો મદન નામે પુત્ર થયો. મેં વંચના કરી તેથી મારી લક્ષ્મી મદનને ઘેર આવી. વળી મેં પૂર્વભવે દાન આપીને પછી પશ્ચાત્તાપ કર્યો હતો તેથી મારી લક્ષ્મી ગઇ અને એ મદનને જીવે ઘણા સુપાત્રોને દાન દીધાં, દેવરાવ્યાં તેથી એને ઘણી લક્ષ્મી મળી.'

એ વાત સાંભળી શેઠને વૈરાગ્ય ઉપજ્યો તેથી તેણે દીક્ષા લીધી. એટલે સર્વ લક્ષ્મીનો માલેક મદન થયો. તે શ્રાવકધર્મ પાળી અંતે દેવલોકે દેવ થયો, અને સુધન ઋષિ મોક્ષસુખ પામ્યા.

ઇતિ સુધન મદન કથા.

---

**હવે ચોવીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.**

**जं जं नियमणइट्ठं, तं तं साहूण देइ सद्धाए ।**
**दिन्नेवि नाणुतप्पइ, तस्स थिरा होइ धणरिद्धि ॥ ४० ॥**

**ભાવાર્થ:**—જે જે આપણા મનને ગમતી એવી ઈષ્ટિ વસ્તુ આપણી પાસે હોય તે તે વસ્તુ સાધુને શ્રદ્ધાએ કરી એટલે પોતાના શુદ્ધ ભાવે કરીને દે, દઇને તેની અનુમોદના કરે પણ પશ્ચાત્તાપ–વિષાદ કરે નહીં, તે પુરૂષને ઘણી ઋદ્ધિ પ્રાપ્ત થાય અને સ્થિર થઇને રહે. ॥ ૪૦ ॥ જેમ શાલિભદ્ર શેઠને ઘેર ઋદ્ધિ સ્થિર થઇને રહી, બત્રીશ કન્યા પરણ્યા અને નિત્ય નવાંનવાં વસ્ત્રાભરણ મળવા લાગ્યાં તેની કથા કહે છે.

મગધ દેશમાં રાજગૃહી નગરીની નજીક શાલિગ્રામ નામે ગામ હતું. ત્યાં ધન્યાનો પુત્ર સંગમ નામનો ગોવાલીયો લોકોનાં વાછડાં ચારીને પેટ ભરતો હતો. એકદા પર્વને દિવસે માતાની સાથે કલહ કરી તેણે ખીર માગી, પણ ઘરમાં કાંઈ પણ ચીજ ન હતી કે જેથી ખીર રાંધી છોકરાને ખવરાવે; તેથી માતા રડવા લાગી. તે દેખીને પાડોશણોએ ખીર, ખાંડ અને શાલિધાન્ય આણી આપ્યું. તેની ઉત્તમ ખીર રાંધી સંગમને ભાણામાં પીરસીને માતા બહાર ગઈ. એવામાં પાછળથી ત્યાં માસખમણને પારણે એક સાધુ આવ્યા, તેને સંગમાએ મોટા ઉલ્લાસથી ભાવસહિત હર્ષ આણીને તે સર્વ ખીર વહોરાવી દીધી. તે પુણ્યને યોગે ત્યાંથી મરણ પામીને તે રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠની ભદ્રા નામે સ્ત્રીની કૂખે ઉપન્યો. શાલિક્ષેત્રનું સ્વપ્ન માતાને આવ્યું હતું તેથી શાલિભદ્ર એવું નામ દીધું. તે તરૂણાવસ્થા પામ્યો એટલે બત્રીશ કન્યા પરણાવી. ગોભદ્ર શેઠ દીક્ષા લઇ દેવ થયા. તેને પુત્ર ઉપર ઘણો સ્નેહ હતો તેથી બત્રીશ વહુઓ તથા શાલિભદ્ર પુત્રને સારૂ દેવલોકથી નવાંનવાં આભરણવસ્ત્રાદિક નિત્ય મોકલવા લાગ્યા.

એક દિવસ નેપાળ દેશના વ્યાપારી લક્ષ લક્ષ મૂલ્યનાં સોલ રત્નકંબળ વેચવા લાવ્યા. તે શ્રેણિક રાજાએ ન લીધાં, પણ ભદ્રા શેઠાણીએ સોળે ચીર વેચાતાં લઇ તે ફાડીને બત્રીશ ટુકડા કરી બત્રીશ વહુઓને એકેકો ટુકડો વહેંચી આપ્યો. સાંજે સર્વ વહુઓએ પગ લુંછીને તે કુવામાં નાખી દીધા.

હવે શ્રેણિક રાજાની પટ્ટરાણી ચેલ્લણાએ રત્નકંબળની વાત સાંભળીને એક રત્નકંબળ લેવા માટે રાજાને ઘણો આગ્રહ કર્યો. શ્રેણિકે વ્યાપારીને તેડાવ્યા ત્યારે તે બોલ્યા કે—'અમે તો ભદ્રા શેઠાણીને બધા વેચાતાં આપી દીધાં છે.' રાજાએ એક રત્નકંબળ લેવા માટે ભદ્રા શેઠાણી પાસે માણસ મોકલ્યું, ત્યારે ભદ્રાએ કહ્યું કે–' એ તો મારી વહુઓએ પગ લૂઇને નાખી દીધાં છે. તેના ટુકડા પડ્યા છે તે જોઇએ તો લઈ જાઓ.' તે વાત સાંભળી આશ્ચર્ય પામીને શ્રેણિક રાજા શાલિભદ્રને જોવા માટે તેને ઘેર આવ્યા. ત્યારે ભદ્રા શેઠાણી સાતમી ભૂમિકાએ બેઠેલા શાલિભદ્રને કહેવા ગયા કે–' હે વત્સ! આપણે ઘેર શ્રેણિક આવ્યા છે, માટે તમે નીચે ચાલો.'

પુત્રે જાણ્યું કે—' શ્રેણિક નામનું કોઈ જાતનું કરિયાણું હશે, તેથી માતાને કહ્યું કે—' તમે જ લઇને વખારમાં ભરો. વળી લાભ આવ્યે વેચી નાખજો.' માતાએ કહ્યું કે—' પુત્ર! એ કરિયાણું નથી, એ તો આપણા મહારાજા છે.' તે વચન સાંભળી શાલિભદ્ર ચિંતવવા લાગ્યો કે—' હું સેવક છું, એ ઠાકુર છે; માટે મેં પૂર્વે પૂર્ણ પુણ્ય કર્યાં નથી.' એમ વિચારી નીચે આવી રાજાને પ્રણામ કર્યો. રાજાએ ખોળામાં બેસાડી ચુંબન કર્યું. શાલિભદ્ર રાજાની પાસે રહેતાં ચીમળાઇ ગયો, તેથી તે ખોળામાંથી ઉઠી સાતમી ભૂમિકાએ ગયો. ભદ્રાએ રાજાને ભોજન કરાવવા માટે રોકયા. શ્રેણિક સ્નાન કરવા બેઠો. ન્હાતાં પોતાની મુદ્રિકા વાવમાં પડી ગઈ. ભદ્રાએ વાવનું પાણી બહાર કઢાવ્યું તો તેમાં પાર વિનાનાં અનેક પ્રકારનાં ઝળહળતાં આભૂષણો દીઠાં. તે આભરણ આગળ પોતાની મુદ્રિકા તો લીહાલા સરખી જણાવા લાગી. તે જોઈ ચમત્કાર પામી રાજાએ દાસીને પૂછયું કે—' આ અમૂલ્ય આભરણ વાવમાં કયાંથી આવ્યાં?' એટલે દાસીએ કહ્યું કે—' અમારો સ્વામી તથા તેની બત્રીશ સ્ત્રીઓ નિત્ય પ્રત્યે નવાં નવાં આભરણ પહેરે છે. આગલા દિવસનાં પહેરેલાં આભરણ ઉતારીને વાવમાં નાખી દે છે; માટે એ અમારા સ્વામી વિગેરેનું નિર્માલ્ય છે.' શ્રેણિકરાજા ચમત્કાર પામી દાનપુણ્યનું એ ફળ

છે, એવું ચિંતવી ભોજન કરી પોતાના મહેલમાં આવ્યો. પાછળથી શાલિભદ્રે વૈરાગ્ય પામી એવો મનમાં નિશ્ચય કર્યો કે 'બત્રીશ સ્ત્રીઓમાંથી નિત્ય પ્રત્યે એકેક ત્યાગવી.'

હવે એ જ ગામમાં ધન્નો શેઠ રહે છે. તેને શાલિભદ્રની બહેન પરણાવી છે. તે ધન્નાને સ્નાન કરાવે છે, તે વખતે તેને રોતી દેખીને ધન્નાએ પૂછ્યું કે—'તું કેમ રડે છે?' તેણે કહ્યું કે–'મારો ભાઈ નિત્ય એકેકી સ્ત્રી પરિહરે છે અને બત્રીશેને તજીને પછી દીક્ષા લેનાર છે.' તેને ધન્નાએ હસીને કહ્યું કે—'તારો ભાઈ એવો રાંક કાં થયો છે? બત્રીશે સ્ત્રીને એકી સાથે કેમ ત્યાગતો નથી?' તે વારે સ્ત્રી બોલી કે—'વાતો કહેવી તો સુલભ છે, પણ આચરણમાં મૂકવી અતિ દુર્લભ છે. તમે કેમ છોડી શકતા નથી?' ધન્નાએ કહ્યું કે—'મારે એટલું જ વચન તારા મુખથી કહેવરાવવું હતું. હવે તું બોલીશ નહીં. જા, મેં મારી આઠે સ્ત્રીને આજથી જ તજી દીધી.' તે સાંભળી સ્ત્રી પગે લાગી મનાવવા લાગી કે—'હે નાથ! મેં તો હસતાં હસતાં તમારી સાથે વાતો કરી હતી માટે તમારે રોષ ન કરવો જોઇએ.' ઇત્યાદિ કહીને ઘણો સમજાવ્યો, પણ ધન્નાએ કહ્યું કે—'મારા મુખમાંથી વાત નીકળી તે કદાપિ ફરે નહીં.' એમ કહી ત્યાંથી ઉઠીને પોતાના સાળા પાસે ગયો. તેને સમજાવી સાથે તેડીને શાલિભદ્ર તથા ધન્નો એ બંનેએ મળી શ્રીમહાવીરસ્વામી પાસે જઇ દીક્ષા લીધી. ધન્નાની આઠે સ્ત્રીઓએ દીક્ષા લીધી. દીક્ષામહોત્સવ શ્રેણિકરાજાએ કરાવ્યો. બેહુ સાધુ છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ માસખમણાદિ તપ કરતાં શરીરે અત્યંત દુર્બલ થઇ ગયા. એકદા શ્રીમહાવીરની સાથે વિહાર કરતાં રાજગૃહી નગરીએ આવ્યા. પારણા માટે ભગવાને કહ્યું કે—'આજ તમારી માતાને હાથે પારણું થશે.' તેથી તે ભદ્રાને ઘેર ગયા, પણ શરીર અત્યંત દુર્બળ થઇ ગયેલ હોવાથી કોઇએ ઓળખ્યા નહીં. પાછા વળતાં માર્ગમાં પાછલા ભવની માતા મહિયારણ મળી. તેણે મુનિને દીઠાથી હર્ષવડે તેના સ્તનમાંથી દૂધધારા વહેવા લાગી. પછી પોતાની પાસે મહીની માટલી હતી તેમાંથી તેણે મહીનું દાન દીધું. સાધુએ ભગવાન્ પાસે આવી પૂછ્યું કે—'અમોને

માતાને હાથે પારણું કેમ ન થયું?' ભગવાને કહ્યું કે—' જેને હાથે પારણું થયું તે શાલિભદ્રની પૂર્વ ભવની માતા હતી.' પછી બેહુ સાધુએ પ્રભુની આજ્ઞા લઈ વૈભારગિરિ ઉપર જઈ અનશન કર્યું. તેની ભદ્રાને ખબર પડી, તેથી તે બહુ પશ્ચાત્તાપ કરતી બત્રીશ વહુઓ તથા શ્રેણિક રાજાની સાથે અનશનવાળે સ્થાનકે ગયા. સાધુઓને વાંદી કષ્ટ ખમતા દેખી આશ્ચર્ય પામી પાછા પોતાને ઘેર આવ્યા. તે મુનિ કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાને એકાવતારી દેવ થયા. ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ મોક્ષપદને પામશે, માટે જે નિર્મળ ભાવથી સુપાત્રને દાન આપે છે તેને ત્યાં લક્ષ્મી સ્થિર થાય છે અને તે દિવસે દિવસે નવાનવા ભોગ પામે છે.

ઇતિ ધન્ના શાલિભદ્રની કથા સંપૂર્ણ.

---

**श्रीमद्वीरं जिनाधीशं, गौरवर्णं गुणोत्तमम् ।**
**तरुणं करुणाकारं, महिमाश्रितमाश्रये ॥ २४ ॥**

**पदाद्याक्षरैः श्रीगौतमनाम.**

**હવે પચ્ચીશમી અને છવીશમી પૃચ્છાનો ઉત્તર દોઢ ગાથાએ કરી કહે છે.**

**पसुपक्खिमाणुसाणं, बालेवि हु जो विओअए पावो ।**
**सो अणवच्चो जायइ, अह जायइ तो विवज्जिज्जा ॥ ४१ ॥**
**जो होइ दयापरओ, बहुपुत्तो गोयमा भवे पुरिसो ॥**

**ભાવાર્થ:**—જે પાપી પુરૂષ ઢોર પ્રમુખ પશુનાં બાળકો તથા હંસ પ્રમુખ પક્ષીઓનાં બાળકો તેમજ મનુષ્યનાં ( બાલેવિ કે૦ ) બાળકોનો નિશ્ચે ( વિઓઅએ કે૦ ) વિછોહ કરે એટલે તેમનો માતપિતાથી વિયોગ કરાવે તે પુરૂષ ( અણવચ્ચો કે૦ ) અનપત્યો એટલે અપત્ય જે પુત્ર તેણે કરી રહિત થાય. ( અહ કે૦ ) અથવા કદાપિ તેને પુત્ર થાય તો પણ ( વિવજ્જિજ્જા કે૦ ) વિવર્જિતા એટલે તે જીવે નહીં. જેમ સિદ્ધિવાસ નગરે વર્દ્ધમાન

શેઠનો દદ્દો એવા નામે પુત્ર હતો તે સંતાન વિના અપાર દુઃખી થયો ॥ ૪૧ ॥ તથા જે પુરૂષ સર્વ જીવની દયામાં તત્પર હોય એટલે દયાવંત હોય, તે પુરૂષને હે ગૌતમ ! ગુણવાન્, ડાહ્યા અને વિવેકી એવા ઘણા પુત્ર થાય. જેમ પૂર્વોક્ત વર્દ્ધમાન શેઠનો મોટો પુત્ર દેસલ હતો તેને ઘણા પુત્ર થયા હતા. તે દેસલ તથા દદ્દાની કથા કહે છે.

સિદ્ધિવાસ નગરે વર્દ્ધમાન નામે વણિક વસે છે, તેને દેસલ અને દદ્દો એ નામે બે પુત્ર થયા. તેમાં દેસલ મહા દયાવાન્ છે અને દદ્દાનું હૃદય નિર્દય છે. યુવાવસ્થાએ દેસલને દેવીની અને દદ્દાને દેમતી એવા નામની કન્યાઓ બાપે પરણાવી. તેમાં દેસલ ધર્મકરણી પણ કરે, લક્ષ્મી પણ ઉપાર્જે અને સુખ પણ ભોગવે. એ રીતે ત્રણે પુરૂષાર્થ સાધે અને દદ્દો તો માત્ર લક્ષ્મી પેદા કરવી અને સુખ ભોગવવું એટલું જ સાધે, પણ ધર્મકૃત્ય ન કરે. મહાલોભી હોવાથી ધર્મની વાત પણ સાંભળે નહીં. અનુક્રમે દેસલને ગુણવંત પુત્રો થયા. તેની માતા દેવીની પોતાના પુત્રોનું લાલનપાલન કરે, ખોળામાં બેસાડે, માંહોમાંહે વઢતા હોય તો વારી રાખે, એક ઘૂઘરે બાધે, ઉતાવળા બાહિરથી આવી પોતાની માતાને મળે, એક માતાસામું જુએ, એકને મુખે માતા ચુંબન આપે. એવું દેખી દદ્દો અને દેમતી પોતાના હૃદયમાં ચિંતાતુર થયાં થકાં માંહોમાંહે વાતો કરવા લાગ્યાં કે—' આપણને પુત્ર ન થયો, માટે આપણો એ સંયોગ, એ ઋદ્ધિ, એ સ્નેહ અને એ જીવિતવ્ય ઈત્યાદિ સર્વ શા કામનું છે ? કહ્યું છે કે—

॥ श्लोक ॥

अपुत्रस्य गृहं शून्यं, दिशः शून्या अबांधवाः ॥
मूर्खस्य हृदयं शून्यं, सर्वशून्यं दरिद्रता ॥ १ ॥

એમ વિચારી ઘણાં દેવ–દેહરાંની માનતા કરતાં, ઈચ્છતાં, એક દિવસ સત્યવાદી યક્ષનું આરાધન કર્યું. દદ્દો યક્ષની પૂજા

અને ઉપવાસ કરી આગળ બેઠો અને પ્રતિજ્ઞા કરી કે—'જે સમયે મને પુત્ર આપશો ત્યારે જ હું અહીંથી ઉઠીશ.' એમ કરતાં તેને અગીયાર ઉપવાસ થઇ ગયા ત્યારે યક્ષદેવ પ્રત્યક્ષ થયો અને કહેવા લાગ્યો કે—'હે શેઠ! તું શામાટે કષ્ટ સહન કરે છે? કારણ કે દેવ, દાનવ, વ્યંતર, યક્ષ ગમે તે હો, પરંતુ કોઈ પણ ઉપાર્જન કરેલા કર્મને દૂર કરી શકે તેમ નથી. હે શેઠ! તેં પૂર્વે પુત્ર ન પામવા સંબંધી અંતરાય કર્મ બાંધ્યું છે, તેમાં મારૂં શું ચાલે?' યક્ષે એમ કહ્યું તો પણ શેઠ ત્યાંથી ઉઠ્યો નહીં. ત્યારે યક્ષે કહ્યું કે—'કદાચિત જો હું તને પુત્ર આપીશ તો પણ તે પુત્ર જીવતો રહેશે નહીં. એટલે પાછો તું મને ઠપકો આપીશ.' તે સાંભળી શેઠે કહ્યું કે—'એક વાર પુત્ર થાય એવું કરો. પછી જે થનાર હોય તે થાઓ.' યક્ષ પણ તે વાત સ્વીકારીને પોતાને સ્થાનકે ગયો.

શેઠે ઘેર આવીને પોતાની સ્ત્રી આગળ વાત કહી. સ્ત્રી તથા શેઠે કાંઇક હર્ષ અને કાંઈક વિષાદ પામતાં થકાં પારણું કર્યું. અન્યદા ગર્ભાધાન થયું. પુત્ર જન્મ્યો. વધામણી પણ આવી. તેને જીવાડવા માટે તુલાએ કરી તોલ્યો અને તેનું નામ પણ તોલો પાડ્યું. છઠ્ઠી, દશોટ્ઠણ પ્રમુખ કરતાં સ્વજનોને જમણજૂઠણ કરાવી દાનમાન દીધાં. પછી યક્ષને ભેટવા માટે ફુલ પ્રમુખ લઈ બાળકને તેડી યક્ષને ભવને ગયા. ત્યાં બારણાં બંધ કરેલાં હતાં, તે કોઇ પણ રીતે ઉઘડ્યા નહિં. ઘણા ઉપાય કર્યા, પણ કોઈ રીતે યક્ષે દર્શન દીધું નહીં એટલે સર્વે પાછા ઘેર આવ્યા. શેઠ બોલ્યા કે—'યક્ષે કહ્યું હતું કે છોકરો જીવશે નહીં, તો રખે તેમજ થઈ જાય.' એમ વિચાર કરતાં તે દિવસ તો ગયો, પણ રાત્રિએ બાળક આજારી (માંદો) પડીને જેમ વાયરાથી દીવો ઓલવાઈ જાય તેમ દેખતાં દેખતાં દેવશરણ થઈ ગયો. તે જોઈ દત્તો શેઠ અને દેમતી શેઠાણી મૂર્ચ્છા પામી ભૂમિએ પડ્યાં. થોડી વારે સચેત થયા પછી ઘણું રૂદન તથા આક્રંદ કરતાં, પડતાં, આખડતાં થયાં; પરંતુ હાથમાંથી ગયેલો પુત્ર પાછો આવ્યો નહીં.

પછી મોટા ભાઇ દેસલે કહ્યું કે–' તમે સ્નાન ભોજન કરો, મારાં છોકરાં છે તે તમારાં જ જાણજો; માટે હવે તમે શોકનો ત્યાગ કરો.' એવામાં આકાશમાર્ગે ચાર જ્ઞાનના ધણી ચારણઋષિ ચાલ્યા જતા હતા, તે તેનું રૂદન સાંભળીને ત્યાં આવ્યા. તેમને સર્વ જનોએ ઉઠીને વંદના કરી. ઋષિએ ધર્મલાભ દીધો. પછી ધર્મોપદેશ આપીને કહ્યું કે—' હે શેઠ ! તમે શોક ન કરો; કારણ કે જે જીવે જેવું શુભાશુભ કર્મ ઉપાર્જન કર્યું હોય તેવું ફળ તે જીવને મળે. આપણે કોદરા વાવ્યા હોય તો તેને બદલે શાળ ક્યાંથી પ્રાપ્ત થાય ? લીંબોળી વાવીને રાયણની આશા રાખીએ તે ક્યાંથી મળે ?'

શેઠે પૂછયું કે—' મહારાજ ! મારા બેઉ પુત્રોએ પૂર્વે ક્યા પ્રકારનાં કર્મ કર્યાં છે ? જેને યોગે એકને સંતાન ઘણાં છે અને બીજો સંતાન વગરનો છે.' તે વારે મુનિએ કહ્યું કે—' હે શેઠ ! એ જ નગરીમાં આ ભવથી પાછલે ત્રીજે ભવે વિલ્હણ અને તિલ્હણ એવે નામે બે કુલપુત્ર રહેતા હતા. તેમાં મોટો ભાઇ તો મહાન્ ધર્માત્મા તેમજ દયાવંત હતો અને નાનો ભાઈ તો દયાહીન હોવાથી નિત્ય વનમાં જઇને મૃગલી અને તેનાં બાળકનો વિયોગ કરાવતો હતો. હંસ, સૂડા, મોર આદિ પક્ષીઓને તેમનાં બાળકથી છૂટાં પાડી પકડીને પાંજરામાં નાખી વેચતો, તેમજ માણસનાં બાળકોને એક ગામમાંથી બીજે ગામે લઈ જઈને વેચતો. એ રીતે ધનને લોભે મહાપાપ કરતો. તેને ઘણા સજ્જનોએ વાર્યો, તો પણ તે દુષ્ટ કર્મથી પાછો વળ્યો નહીં–દુર્વ્યસન મૂકયું નહીં. જેનો જેવો સ્વભાવ હોય તે કોઈ પણ વખત પોતાના સ્વભાવને છોડે નહીં.

એકદા કોઈ ક્ષત્રિયનાં બાળકને વેચવા માટે ચોરીથી ઉપાડચો તે તેના માબાપે દીઠો એટલે તરત તેને પકડી બાંધીને સારી પેઠે માર માર્યો–છેદનભેદન કર્યો. તેની વેદનાથી રૈદ્રધ્યાને મરણ પામી પહેલી નરકે ગયો. મોટો ભાઇ વિલ્હણ પોતાના ભાઇનું મૃત્યુ સાંભળી, વૈરાગ્ય પામી અનશન વ્રત લઈ સમાધિમરણે મરણ પામી સૌધર્મ દેવલોકે દેવ થયો. ત્યાંથી ચ્યવીને તે તારો દેસલ નામે મોટો

પુત્ર થયો છે. એણે પૂર્વ ભવે ભૂખ્યા તરસ્યા અનેક જીવો ઉપર દયા કરી છે, તેના પ્રભાવે એને ગુણવંત પુત્રો થયા છે, અને તિલ્હણનો જીવ નરકથી નીકળીને તારો દદ્દો નામે નાનો પુત્ર થયો છે. એણે પૂર્વભવે મનુષ્ય અને તિર્યંચનાં બાળકોને વિયોગ કરાવ્યો, તેથી એને છોકરાં થતાં નથી.'

એવાં ગુરૂના વચન સાંભળી બેઉ ભાઇને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું, તેથી પૂર્વ ભવો દીઠામાં આવ્યા, અને વૈરાગ્ય પામી સમકિતમૂળ બાર વ્રત લીધાં. ચારણમુનિ આકાશમાર્ગે ચાલતા થયા. પછી ઘણા કાળ સુધી શ્રાવકધર્મ પાળી બન્ને ભાઇઓએ દીક્ષા લીધી. સમાધિમરણે મરણ પામી દેવલોકે દેવપણે ઉપન્યા.

॥ દોહા ॥

જીવદયા જિનવર કહી, જે પાળે નર નાર;
પુત્ર હોવે શૂરા સબળ, તેહને રંગ મઝાર.

ઇતિ દેસલ અને દદ્દાની કથા.

---

## હવે સત્યાવીશમી અઠ્ઠાવીશમી પૃચ્છાનો ઉત્તર દોઢ ગાથાએ કરી કહે છેઃ—

**असुयं जो भणइ सुयं, सो बहिरो होइ परजम्मे ॥ ४२ ॥**
**अदिट्ठंविय दिट्ठं, जो किर भासिज्ज कहवि मूढप्पा ॥**
**सो जच्चंधो जायइ, गोयम नियकम्मदोसेण ॥ ४३ ॥**

**ભાવાર્થઃ**—જે પુરૂષ અશ્રુતં એટલે અણસાંભળ્યાને સાંભળ્યું કહે, એટલે તે વાત કયાંઇથી સાંભળી પણ ન હોય છતાં પણ કહે કે આ વાત મેં સાંભળી છે. વળી પારકા દોષને પ્રકાશે, તે જીવ નિશ્ચે ભવાંતરે બહેરો થાય એટલે કાને સાંભળે નહીં.

તથા જે પુરૂષ અણદીઠી વસ્તુને દીઠી કહે. એવી રીતે જે મૂઢાત્મા પુરૂષ ધર્મને ઉવેખતો થકો ભાષણ કરે, તે જીવ હે ગૌતમ! મરીને પોતાના કર્મને દોષે ભવાંતરે જન્માંધ થાય

॥ ૪૩ ॥ જેમ મહેંદ્રપુરના રહેવાસી ગુણદેવ શેઠનો પુત્ર વીરમ પૂર્વકૃત પાપના ઉદયથી જન્મપર્યંત બહેરો ને જાત્યંધ ત્રીંદ્રિય જેવો થયો–એટલે કાન અને આંખ વિના શેષ ત્રણ ઇંદ્રિયવાળો જ જાણે હોય નહીં ? એવો થયો.

## હવે એ વીરમની કથા કહે છે:—

માહેંદ્રપુર નગરે ગુણદેવ નામે શેઠ વસે છે, તેને ગાવત્રી નામે સ્ત્રી છે. તેને ઘણે દિવસે એક પુત્ર થયો. તે પણ કર્મને યોગે જન્માંધ અને બહેરો થયો, તેથી વધામણી આપવી તો દૂર રહી પરંતુ તે છોકરાનું નામ પણ પાડયું નહીં. તે આંધળો અને બહેરો એવે નામે પ્રસિધ્ધ થયો. તેની બાલ્યાવસ્થા વીતી અને યૌવનવય પ્રાપ્ત થયું ત્યારે તેના માબાપે મોહના વશથી જેટલા જેટલા મંત્રતંત્ર પ્રમુખ જે કાંઇ હતા તે સર્વ કર્યા. કોઇ પણ બાકી રાખ્યું નહીં, તેમજ નિમિત્તિયા, જ્ઞાની, જોશી, ચૂડામણિ આદિ સર્વ કોઈ સિદ્ધપુરૂષોને પૂછ્યું. મંડલ મંડાવ્યાં, દીપાવતાર, અંગુષ્ઠાવતાર, પાત્રાવતાર જોયાં, તથા ગ્રહપૂજા અને શાંતિકર્મ કરાવ્યાં, પાદરદેવતાની માનતા કરી, અનેક પ્રકારની ઇચ્છાઓ કરી યક્ષ સેવ્યા, સુણવઇ, વિદ્યાવંત, જાણ, ઝોડીયા વિગેરેને પૂછ્યું. પુત્રના મોહથી એવું કોઇ દેવસ્થાન શેષ રહ્યું નહીં કે જે સ્થાન એના માવિત્રે પૂછ્યા અને પૂજ્યા વિના મૂકી દીધું હોય; પણ તે સર્વ પ્રયાસ જેમ ઉખરભૂમિએ વાવેલું બીજ નિષ્ફળ થાય તેમ નિષ્ફળ થયો. વળી વૈદ્યનાં ઔષધ પણ કર્યા, તથાપિ તે છોકરો કોઇ રીતે સાજો થયો નહીં. આંખે કાંઇ દેખે નહીં અને કાને કાંઈ સાંભળે નહીં, તેથી ભોજનપાન કરાવવું પડે તે પણ શાન કરીને કરાવે. માવિત્રે વિચાર્યું કે–'અમે પૂર્વ ભવે કોણ જાણે કેવું પાપ કર્યું હશે કે જેથી આ પુત્રરૂપે પણ સદૈવ શલ્ય જ અમને પ્રાપ્ત થયું ? એવા પુત્રથી સર્યું. આવા પુત્ર કરતાં પુત્ર ન હોય તે જ સારું અને એ પુત્ર જીવ્યા કરતાં મુવો જ રૂડો. ' આવા પ્રકારના વિચાર કર્યા જ કરે.

એકદા કોઈ જ્ઞાની ગુરુ વનમાં પધાર્યા, તેમને સર્વ લોક વાંદવા ગયા. વાંદીને બેઠા. ત્યારે જ્ઞાનબળે જાણીને ગુરૂ બોલ્યા

કે—' હે ગુણદેવ શેઠ ! તમે તમારા અંધા-બહેરા છોકરાના સંબંધમાં ઘણું દુઃખ ધરો છો પણ તેવું દુઃખ ધરશો નહીં; કારણ કે કરેલાં કર્મ ઇંદ્રથી પણ દૂર થઇ શકે તેમ નથી. પોતપોતાનું કરેલું પુણ્ય-પાપ સહુ કોઈ ભોગવે છે, ' એવી ગુરૂની વાણી સાંભળીને સર્વ કહેવા લાગ્યા કે—' જુઓ, આ મુનિમહારાજનું કેવું જ્ઞાન છે ? કેવું પરહિતચિંતન છે ? કેવું જાણપણું છે ? ' ઈત્યાદિ પ્રશંસા કરવા લાગ્યા.

પછી શેઠે પૂછયું કે—' હે મહારાજ ! કયા પાપકર્મના ઉદયથી મારા પુત્રને અંધપણું તથા બધીરપણું પ્રાપ્ત થયું છે ? ' ત્યારે જ્ઞાની ગુરૂ બોલ્યા કે-' આ જ નગરમાં વીરમ નામે એક કણબી રહેતો હતો. તે મહા અધર્મી, જૂઠાબોલો, અન્યાયી, પરના દોષ સાંભળનાર, પરના દોષપ્રકાશનાર, પરનિંદા કરનાર અને કૂડાં કલંક ચડાવનાર ઇત્યાદિક દુષ્ટ કર્મ કરનારો હતો.

એકદા ગામના રાજા સાથે કોઇ સીમાડીયા રાજાને વૈર થયું, તેનો ભય રાજા રાખે છે. એટલામાં બે પુરૂષ માંહોમાંહે છાની વાત કરતા દેખીને વીરમે કોટવાલ પાસે જઇને કહ્યું કે-'અમુક બે જણ સીમાડીયા રાજાને તેડાવવાની વાતો કરતા હતા. ' તે વાત સાંભળી કોટવાલે તે બેહુ જણને પકડીને રાજા આગળ ઉભા કર્યા. રાજાના પૂછવાથી તે કહેવા લાગ્યા કે–' મહારાજ ! અમે અમારા ઘરસંબંધી કામકાજની વાતો કરતા હતા. અમે સોગનપૂર્વક કહીએ છીએ કે કોઈ દિવસે સ્વપ્નમાં પણ અમે અમારા રાજાનું માઠું ચિંતવ્યું નથી. ' એવી તેમની વાત સાંભળી રાજાએ વીરમને તેડાવી પૂછયું તે વારે ધૂર્ત્ત, પાપી અને દુષ્ટ ચિત્તવાળો વીરમ બોલ્યો કે- ' મહારાજ ! એ સાચેસાચી વાત છે. મેં મારે કાને સાંભળી છે.' રાજાએ પણ તેનું કહેણુ માનીને તે બેહુ જણને દંડની શિક્ષા કરી.

વળી એક વાર વીરમનો પાડોશી ગ્રામાંતરે ગયો. તે પાછો ઘેર આવતો હતો તેને માર્ગમાં વીરમ મળ્યો, તેને પાડોશીએ પોતાના ઘર સંબંધી સુખસમાધિની ખબર પૂછી, તે વારે દુષ્ટ વીરમે કહ્યું કે-' કામદેવ નામે વાણીયો તમારે ઘેર સદૈવ આવે છે, તે તારી સ્ત્રી

સાથે બહુ સ્નેહ રાખે છે, રમે છે.' તે વાત સાંભળી શેઠે કામદેવ ઉપર કોપ કરી રાજાની આગળ વાત કરી. રાજાએ કામદેવને પકડી તેનું સર્વસ્વ લૂંટી લઈ દંડ કર્યો.

વીરમ એવાં પાપ કરતો, જૂઠું બોલતો, પરનિંદા કરતો, લોકોને કૂડાં કલંક ચડાવતો હતો. એક દિવસે કોઈક ક્ષત્રીએ તેને સારી પેઠે માર માર્યો, તેની પીડાથી ઘણા દિવસ પર્યંત દુઃખ ભોગવી મરણ પામીને તારે ઘેર પુત્રપણે ઉપન્યો છે. એ અણસાંભળ્યા, અણદીઠા જનાપવાદ બોલ્યો છે તેથી જન્માંધ અને બધિર થયો છે. એ જીવ સંસારમાં ઘણો રઝળશે, એવી ગુરુના મુખથી વાત સાંભળીને માતપિતા ધર્મ કરવામાં પ્રવૃત્ત થયાં. આંધળો પુત્ર દુઃખ સહન કરતો મરણ પામીને દુર્ગતિએ ગયો.

**દોહો.**

અસમંજસ બોલે ઘણું, પરને દીયે કલંક;
તે મૂરખ કિમ છૂટશે, પાપી હુઆ નિઃશંક. ॥ ૧ ॥

ઇતિ વીરમ કથા.

---

## હવે ઓગણત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**उच्चिट्ठमसुंदरयं, भत्तं तह पाणियं च जो देइ ॥**
**साहूण जाणमाणो, भुत्तंपि न जिज्झए तस्स ॥ ४४ ॥**

**ભાવાર્થઃ**—જે પુરુષ ઉચ્છિષ્ટ, ઉખરાડાં, છાંડ્યાં, વિટાલ્યાં, એઠાં એવાં વિરુવાં જે પોતાને કોઇ પણ કામમાં ન આવે એવાં ભાતપાણી જાણતો છતો સાધુ મહાત્માને આપે, તે પુરુષને જમેલું ખાધેલું અન્ન જરે નહીં, અપચાનો રોગ થાય ॥ ૪૪ ॥ જેમ શ્રીવાસુપૂજ્યસ્વામીનો પુત્ર જે મઘવા તેની પુત્રી રોહિણી હતી તે પૂર્વ ભવે દુર્ગંધા એવે નામે પ્રસિદ્ધિ પામી હતી અને કુષ્ટાદિક રોગે પીડાણી હતી; કારણ કે એણે ઘણા ભવ પહેલાં જાણીબૂઝીને સાધુને કડવું તુંબડું વહોરાવ્યું હતું. તેની કથા કહે છેઃ-

## ॥ श्लोक ॥

**श्रीवासुपूज्यमानम्य, तथा पुण्यप्रकाशकम् ॥**
**रोहिण्याश्च कथायुक्तं, रोहिणीव्रतमुच्यते ॥ १ ॥**

ચંપા નગરીએ શ્રીવાસુપૂજ્યસ્વામીનો પુત્ર મઘવા નામે રાજા રાજ્ય કરે છે. તેને લખમણા નામે સદાચાર અને સુશીલવાળી રાણી છે. તેને આઠ પુત્ર થયા. ઉપર એક રોહિણી નામે પુત્રી પણ થઈ. તે માતાપિતાને અત્યંત વલ્લભ છે, માટે જન્મી તે વારે રાજાએ વધામણીમાં દાન દીધાં. તે મોટી થઇ, ચોસઠ કળા શીખી, રૂપ લાવણ્ય સૌભાગ્ય અને ગુણવંતી થઈ. તેને યૌવનાવસ્થાએ પહોંચેલી જોઇને રાજાએ ચિંતવ્યું કે–'એને યોગ્ય વર મળે તો સારૂં, માટે સ્વયંવરમંડપ રચાવીએ. એ મનગમતો વર વરે તો પછી પશ્ચાત્તાપ ન થાય.' એમ વિચારી સ્વયંવરમંડપ રચાવ્યો. કુરૂ, કોશલ, લાટ, કર્ણાટ, ગૌડ, વૈરાટ, મેદપાટ, નાગપુર, ચોડ, દ્રાવિડ, મગધ, માલવ, સિંધુ, નેપાલ, ડાહલ, કોંકણ, સૌરાષ્ટ્ર, ગુર્જ્જર, જાલંધર આદિ ચારે દિશાઓના રાજકુમારો તેડાવ્યા. સર્વ રાજા સ્વયંવરમંડપમાં આવીને બેઠા. એવામાં રોહિણી પણ સ્નાન વિલેપન કરી, ક્ષીરોદક શ્વેત વસ્ત્ર પહેરી, હીરા મોતી માણેકના આભરણોવડે અલંકૃત થઇ જાણે દેવલોકથી ઉતરીને જ આવી હોય નહીં ? એવી રીતે અપ્સરા સરખી શોભતી પાલખીમાં બેસી સખીઓના વૃંદે પરવરી થકી તિહાં આવી. પ્રતિહારીએ રાજકુમારોનાં નામ, ગોત્ર, ગુણ, બળ, દેશ, ગામ, સીમ જૂદાં જૂદાં વર્ણન કરી કહી દેખાડ્યાં, સમજાવ્યાં. એમ કરતાં કરતાં નાગપુરના વીતશોક રાજાના અશોક નામના કુમારના ગુણો સાંભળી રોહિણીએ તેના કંઠમાં વરમાળા પહેરાવી. યોગ્ય વર વરવાથી સહુકોઇ હર્ષ પામ્યા. પિતાએ વિવાહ મહોત્સવ કર્યો. બીજા સર્વ રાજાઓને હાથી, ઘોડા, વસ્ત્ર, ભોજન, તંબોલ આપીને સન્માન્યા અને સહુ પોતપોતાને સ્થાનકે ગયા.

અશોકકુમરને પણ સુવર્ણ મોતીનાં આભરણ પ્રમુખનાં દાનમાન દઇ રોહિણી સહિત નાગપુરે પહોંચાડ્યો. તિહાં વીતશોક રાજાએ પણ નગરમાં પ્રવેશ કરવાનો શુભ દિવસે મહોત્સવ કર્યો.

કેટલાએક દિવસ પછી અશોકકુમારને રાજ્યપાટે સ્થાપી વીતશોક રાજાએ દીક્ષા લીધી. હવે અશોક રાજાને રાજ્યસંપદા તથા રાણી સાથે સુખ ભોગવતાં ગજેંદ્ર સરિખા આઠ પુત્રો અને ચાર પુત્રીઓ થઇ.

એકદા રાજા રાણી બંને સાતમી ભૂમિકાએ ગોખમાં લોકપાળ નામના પુત્રને ખોળામાં લઇને બેઠા છે. એવામાં કોઈ એક સ્ત્રી હૈયું પીટતી, વિલાપ કરતી, રોતી, પુત્રના ગુણ બોલતી દૈવને ઓલંભો દેતી જાય છે. તેને એ પ્રમાણે કરતી દેખી રોહિણીએ રાજાને પૂછયું કે–' હે સ્વામિન્ ! આ કેવા પ્રકારનું નાટક કરે છે ? ' રાજાએ કહ્યું કે–' હે રાણી ! તું ધન, યૌવન, રાજ્ય, મંદિર, ભર્તાર, પ્રાસાદ અને પુત્રે પૂર્ણ થઈ થકી અહંકાર ન કર, યદ્વાતદ્વા ન બોલ. ' રાણી બોલી કે–' હે સ્વામિન્ ! રીસ મ કરો, મને અહંકાર નથી. મેં આવું નાટક કયારે પણ દીઠું નથી તેથી તમને પૂછયું છે. ' રાજાએ કહ્યું કે–' એ કાંઈ નાટક નથી, પણ એનો પુત્ર મરણ પામ્યો છે તેથી એ રૂદન કરે છે. ' રાણીએ ફરીથી પૂછયું કે–' એ રૂદન કરવાની કળા ક્યાંથી શીખી હશે ? ' રાજાએ કહ્યું કે–' જો તને પણ હું રૂદન કેમ કરવું એ શીખવું છું. ' એમ કહી રાણીના ખોળામાંથી બાળકને લઈ ગોખ બહાર હીંડોળતા બંને હાથ થકી નીચે નાખી દીધો. તે જોઈ સર્વ લોકો હાહારવ કરવા લાગ્યા, પરંતુ રોહિણીના મનમાં કાંઇ પણ દુઃખ થયું નહીં. પુત્રને પડતો જોઇ નગરદેવતાએ તેડી લઈને સિંહાસન ઉપર બેસાડ્યો. તે દેખી સર્વ મનુષ્યો હર્ષવંત થયા અને રાજા કહેવા લાગ્યો કે-' હે રોહિણી ! તું ધન્ય ને કૃતપુણ્ય છો, જેથી તું દુઃખની વાત પણ જાણતી નથી. '

એકદા શ્રીવાસુપૂજ્યસ્વામીના શિષ્ય સુવર્ણકુંભ અને રૂપકુંભ એવે નામે બે સાધુ ચાર જ્ઞાનના ધણી, છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપ કરતા ત્યાં આવ્યા. રાજા, રાણી પુત્રપ્રમુખ સર્વ પરિવારસાથે વાંદવા ગયા. ગુરુએ ધર્મલાભ દઈ ધર્મદેશના દીધી. પછી રાજાએ પૂછયું કે–' હે ભગવન્ ! મારી રોહિણી રાણીએ પૂર્વભવે શું તપ કર્યું છે કે જેથી એ દુઃખની વાત પણ જાણતી નથી ?

વળી મારો પણ એની ઉપર ઘણો સ્નેહ છે તેનું શું કારણ છે ? તેમજ એને પુત્ર પણ ઘણા ગુણવંત થયા છે તેનો હેતુ શો છે ? તે મને કૃપા કરીને કહો. '

ગુરુએ કહ્યું કે–' હે રાજન્ ! આ જ નગરમાં ધનમિત્ર નામે શેઠની ધનમિત્રા નામે સ્ત્રી હતી, તેને કુરૂપિણી, દુર્ભાગિણી એવી દુર્ગંધા નામે પુત્રી થઈ. તે જ્યારે યૌવનાવસ્થા પામી ત્યારે પિતાએ તેનો વિવાહ કરવા માટે તેના વરને કોટિ દ્રવ્ય આપવા ઠરાવ કર્યો, તે છતાં કોઈ રાંક જેવાએ પણ તેને પરણવાની ઇચ્છા કરી નહીં. એવામાં શ્રીષેણ નામે એક ચોરને મારવા માટે લઈ જતાં શેઠે તેને મરતો મૂકાવી ઘેર રાખી પુત્રી પરણાવી. તે પણ દુર્ગંધાના શરીરની દુર્ગંધ સહન ન કરી શકવાથી રાત્રિએ નાશી ગયો. એટલે શેઠ વિષાદ કરતો કહેવા લાગ્યો કે–' કર્મના દોષ આગળ કોઇનું ચાલતું નથી. ' અને પુત્રીને કહ્યું કે–' તું ઘરે રહીને દાન પુણ્ય કર. ' તે પુત્રી દાનધર્મ કરવા વાંછે છે પણ તેના હાથનું દાન પણ કોઇ લેતું નથી.

એકદા કોઇ જ્ઞાની મુનિને દુર્ગંધાનો પૂર્વભવ પૂછવાથી તેમણે કહ્યું કે–' ગિરનાર પર્વત પાસે ગિરિનગરીએ પૃથ્વીપાળ નામે રાજા હતો. તેને સિદ્ધિમતી નામે રાણી હતી. કોઇ અવસરે રાજા રાણી બેહુ વનમાં ક્રીડા કરવા ગયાં. એવામાં કોઇક ગુણસાગર મુનિ માસખમણનું પારણું કરવા માટે નગરમાં જતા હતા તેને દેખી રાજાએ તેમને વાંદી–નમસ્કાર કરી રાણીને પરાણે પાછી વાળીને કહ્યું કે–' એ જંગમ તીર્થ છે, એને સૂઝતો આહારપાણી આપ. ' રાણીએ વિચાર્યું કે–' આ મૂંડાએ આવીને મારી ક્રીડામાં અંતરાય પાડ્યો છે ' તેથી ક્રોધિત થઇ એક કડવું તુંબડું સાધુને વહોરાવ્યું. સાધુએ વિચાર્યું કે–' આ આહાર જ્યાં પરઠવાશે ત્યાં અનેક જીવનો ઘાત થશે માટે હું જ ખાઇ જાઉં.' એમ વિચારી તેનો પોતે જ આહાર કર્યો એટલે કડવા તુંબડાના વિષપ્રયોગથી શુભ ધ્યાને મરણ પામી દેવ થયા.

પાછળથી રાજાને તે વાતની ખબર પડી એટલે રાજાએ

રાણીને ઘરથી બહાર કાઢી મૂકી. રાણીને જંગલમાં રખડતાં સાતમે દિવસે કોઢ રોગ નીકળ્યો. તેને દુઃખે પીડાતી થકી મરીને છઠ્ઠી નરકે ગઇ. ત્યાંથી ચ્યવી તિર્યંચમાં ઉપજી, વળી પાછી નરકમાં ગઇ. એમ સાતે નરકમાં ક્રમે ક્રમે દુઃખ ભોગવીને નાગણી, ઉંટડી, કૂકડી, સીયાલણી, સૂવરી, ઘીરોલી, ઉંદરી, જલો, કાગડી, ચંડાલિણી, રાસભી પ્રમુખના અવતાર પામી. એકદા ગાયના અવતારમાં મરતી વેળાએ નવકાર મંત્ર સાંભળી આ શેઠને ઘેર દુર્ગંધા નામે પુત્રીપણે ઉપજી છે. પૂર્વે બાંધેલા નિકાચિત કર્મ હજુ સ્વલ્પ રહ્યાં છે.' આવી જ્ઞાનીની દેશના સાંભળી જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું અને પૂર્વના ભવો દીઠા એટલે દુર્ગંધાએ હાથ જોડી પૂછ્યું કે— 'મહારાજ ! એ દુઃખનો અંત આવે તેવો ઉપાય કહો.' ગુરૂએ કહ્યું કે—'સર્વ પ્રકારની પીડાનું ભાંજણહાર એવું રોહિણી તપનું સેવન કરો. તે તપનો વિધિ હું કહું છું તે સાંભળો. સાત વર્ષ ને સાત માસ પર્યંત રોહિણી નક્ષત્રને દિવસે ઉપવાસ કરવો, શ્રીવાસુપૂજ્યસ્વામીની પૂજા કરવી, તપ તપતાં શુભ ધ્યાન ધરવું, તેના પ્રભાવથી સર્વ સારૂં થશે અને આવતા ભવે તું અશોક રાજાની રાણી થઇશ. ત્યાં સુખ ભોગવી શ્રીવાસુપૂજ્યસ્વામીના સમયમાં મોક્ષ પામીશ. વળી તપ પૂર્ણ થયે ઉજમણું કરવું તેમાં શ્રીજિનપ્રાસાદ કરાવવા, શ્રીવાસુપૂજ્યસ્વામીની રત્નમય પ્રતિમા કરાવવી, તેને સોના ને મોતીનાં આભરણ કરાવી ચઢાવવાં, તથા સ્નાન, વિલેપન, કુંકુમ, કર્પૂર વિગેરે સુગંધી દ્રવ્યોવડે પૂજા કરવી, શ્રીસંઘની ભક્તિ કરવી, અમારી પ્રવર્ત્તાવવી, દીનજનોને દુઃખથી મૂકાવવા, સ્વામીવાત્સલ્ય અને સંઘપૂજા કરવી, સિદ્ધાંત લખાવવાં. એ તપ કરવાથી સુગંધ રાજાની પેઠે સર્વ દુઃખ નાશ પામશે.' ત્યારે દુર્ગંધાએ પૂછ્યું કે—'સુગંધ રાજા કોણ થયો છે ? તેનું વૃત્તાંત કહો.'

ગુરૂએ કહ્યું કે—'સિંહપુર નગરમાં સિંહસેન રાજા રાજ્ય કરે છે. તેની કનકપ્રભા રાણીને એક પુત્ર થયો. તે અતિશય દુર્ગંધવાળો હતો, તેથી તે સર્વને અપ્રિય થયો. એક વખતે તે નગરીમાં પદ્મપ્રભસ્વામી સમોસર્યા. ત્યાં કુટુંબ પરિવાર સહિત જઈ રાજાએ હાથની અંજલિ જોડી વાંદીને પૂછ્યું કે—'હે ભગવન્ ! મારો પુત્ર

દુર્ગંધી થયો છે. એણે પૂર્વ ભવમાં શું અઘોર કર્મ કર્યું છે ?' ત્યારે ભગવાન્ કહેવા લાગ્યા કે—' નાગપુરથી બાર યોજન છેટે નીલપર્વતે એક શિલાની ઉપર માસોપવાસી સાધુ ધર્મધ્યાન કરતા હતા. ત્યાં તે સાધુના પ્રભાવથી આહેડીને શિકાર મળતો નહોતો, તેથી એક આહેડીએ સાધુની ઉપર રોષ કરીને તેને ઉપદ્રવ કરવાનો નિશ્ચય કર્યો. જ્યારે માસખમણ પૂર્ણ થયું ત્યારે સાધુ ગામમાં એષણાર્થે ગયા. પાછળથી શિકારીએ આવી તે શિલાની નીચે કાષ્ઠ નાખીને અગ્નિ સળગાવ્યો. સાધુ પણ ગોચરી કરી ફરી તે જ શિલા ઉપર આવીને બેઠા. તેમને નીચેથી તાપ આવવા લાગ્યો. જેમ જેમ તાપ પ્રચંડ થયો તેમ તેમ શુભ ધ્યાનની શ્રેણી વધવા લાગી. એમ ઉષ્ણ પરીસહને સહન કરી કેવળજ્ઞાન પામી મુનિ મોક્ષે ગયા. તે વ્યાધ ક્રૂર કર્મથી કુષ્ઠી થયો. મરીને સાતમી નરકે ગયો. પછી સર્પ થઇને પાંચમી નરકે ગયો. પછી સિંહ થઇને ચોથી નરકે ગયો. પછી ચિત્રક થઇને ત્રીજી નરકે ગયો. પછી માર્જાર (બીલાડો) થઇને બીજી નરકે ગયો. પછી ઉલૂક ( ઘુવડ ) થઇને પહેલી નરકે ગયો. એમ ઘણા ભવ ભમીને એકદા દરિદ્રી ગોવાલીયો થયો. પશુપાળનો ધંધો કરતો તે નાઘોરી શ્રાવક પાસેથી નવકાર મહામંત્ર શીખ્યો. તે એક વખતે વનમાં સૂતો હતો એવામાં દાવાગ્નિમાં સપડાઇ ગયો તેથી મરણ પામ્યો. ત્યાં પ્રાંતે નવકારમંત્ર સંભાર્યો તેના પ્રભાવથી તે તારો પુત્ર થયો. શેષ રહેલા પૂર્વકર્મના દોષથી તેનું શરીર દુર્ગંધી થયું છે.' એવી રીતે પૂર્વભવ સાંભળતાં તે દુર્ગંધ કુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. દુઃખ સંભારી ભય પામ્યો, તેથી ભગવંતને પ્રણામ કરીને પૂછવા લાગ્યો કે–' હું આ દોષથી કેમ છૂટું ? તેનો ઉપાય કહો.' ત્યારે જિનેશ્વરે જણાવ્યું કે–' તું રોહિણી તપ કર, તેથી સર્વ રીતે નિરાબાધપણું પ્રાપ્ત થશે.' પછી તે રાજપુત્રે રોહિણી તપ કર્યું, તેથી તેનું શરીર સુગંધમય થયું. હે દુર્ગંધા ! તું પણ એ તપનું સેવન કર. એના પ્રભાવથી સુગંધ કુમારની જેમ તારાં સર્વ દુઃખો નાશ પામશે.'

એવું સાંભળીને તે દુર્ગંધાએ રોહિણી તપ અંગીકાર કર્યું. વિધિપૂર્વક શુભ ધ્યાનથી તપસ્યા કરતાં અને આત્માની નિંદા કરતાં

દુર્ગંધાને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું. તેના યોગે પૂર્વભવ સાંભરી આવ્યો, એટલે વિશેષે તપ કરવા માંડ્યું. આયુ પૂર્ણ થવાથી શુભ ધ્યાને મરણ પામીને તે દેવલોકને વિષે દેવપણે ઉપજી. ત્યાંથી ચ્યવીને અહીં ચંપા નગરીને વિષે મઘવા રાજાની પુત્રી થઈ. તેનું રોહિણી નામ પાડ્યું જેને તમે પરણ્યા છો. એણે પૂર્વભવે ઘણું દાન આપ્યું છે તેથી તમારી પટ્ટરાણી થઇ છે અને પૂર્વે રોહિણી તપ કર્યું છે તેના પ્રભાવથી દુઃખ શી ચીજ છે તે પણ એ જાણતી નથી. વળી ઉજમણું કર્યું છે તેના પ્રભાવથી એ અત્યંત ઋદ્ધિ પામી છે. વળી હે રાજન્! તે સિંહસેન રાજાએ પોતાના સુગંધ કુમારને રાજ્યપાટે સ્થાપી પોતે દીક્ષા લીધી. સુગંધ રાજા રાજ્ય પાળતો, ધર્મકૃત્ય કરતો, જૈનધર્મ પાળતો મરણ પામી દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવીને પુષ્કલાવતી વિજયે પુંડરગિણી નગરીમાં વિમલકીર્ત્તિ રાજાને ઘેર અર્કકીર્ત્તિ નામે ચક્રવર્ત્તીપણે ઉપજ્યો. ત્યાં રાજ્ય પાળી જિતશત્રુ સાધુ પાસે દીક્ષા લઈ બારમે દેવલોકે અચ્યુતેંદ્ર થયો. ત્યાંથી ચ્યવીને અહીં તું અશોક નામે રાજા થયો છો. તારી રાણીએ અને તેં બંને જણે મળી પૂર્વે એકમનવાળા થઇને એ જ રોહિણી તપ એકસરખું આરાધ્યું છે, માટે તારો સ્નેહ એની ઉપર ઘણો છે.' વળી રાજાએ પૂછ્યું કે—'હે સ્વામિન્! મારી સ્ત્રીને આઠ પુત્ર અને ચાર પુત્રીઓ થઈ, તે તેમના કયા પુણ્યોદયથી થયેલ છે?' એટલે ગુરુ બોલ્યા કે–'હે મહાભાગ્ય! એમાંથી સાત પુત્ર તો પૂર્વભવે મથુરાનગરીએ એક અગ્નિશર્મા બ્રાહ્મણ ભિખારી રહેતો હતો તેને ઘેર સાતે પુત્રપણે ઉપજ્યા હતા. તે દરિદ્રી કુળમાં ઉપજ્યા તેથી સાતે ભિખ માગવા જાય, પણ તેને કોઈ ઓટલે બેસવા પણ આપે નહીં. જ્યાં જાય ત્યાંથી ધક્કો મારી બહાર કાઢી મૂકે. એવી રીતે તે પુત્ર ગામોગામ ફરતાં ભિખ માગતા માગતા એકદા પાટલીપુરે ગયા. ત્યાં તેઓએ એક વાડીમાં રાજાના પુત્ર તથા પ્રધાનના પુત્રને ઘણાં હીરામોતીના અમૂલ્ય આભરણ પહેરીને ખેલતા દીઠા, તેથી મનમાં ઘણું આશ્ચર્ય પામ્યા. મોટા ભાઇએ નાના ભાઇઓને કહ્યું કે—'જુઓ, વિધાતાએ કેવો અંતર કર્યો છે?

એ વાંછિત સુખ ભોગવે છે અને આપણે ભિક્ષા માગતા ઘરે ઘરે ભટકીએ છીએ.' તે સાંભળી નાનો ભાઇ બોલ્યો કે—'એ ઓલંભો આપણે કોને આપીએ? એણે પૂર્વે પુણ્ય કર્યાં છે તો તેનાં ફળ એ ભોગવે છે અને આપણે પુણ્યહીન છીએ તો ઘરે ઘરે ભિખ માગતા ફરીએ છીએ.' ત્યાંથી ફરતાં ફરતાં વનમાં ગયા. ત્યાં એક સાધુમુનિરાજને કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા દીઠા. તેમની પાસે જઈ તેઓ ઉભા રહ્યા. સાધુએ પણ કાઉસ્સગ્ગ પારી દયા આણીને તેમને ધર્મદેશના દીધી. તે સાંભળી સાતે ભાઇઓ વૈરાગ્ય પામી, દીક્ષા લઈ, ચારિત્ર પાળી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને અહીં તારે ઘેર પુત્રપણે ઉપજ્યા છે. આઠમો પુત્ર તો વૈતાઢ્ય પર્વત ઉપર એક ભદ્રક નામે વિદ્યાધર હતો તે નંદીશ્વર દ્વીપે શાશ્વત જિન-પ્રતિમાની પૂજા કરતો, યાત્રા કરતો, ધર્મ સેવતો વિચરતો હતો. તે મરણ પામી સૌધર્મ દેવલોકે દેવ થયો. ત્યાંથી ચ્યવી તારો લોકપાળ નામે આઠમો પુત્ર થયો છે, જેને ખોળામાંથી પડતાં દેખી દેવે સાન્નિધ્ય કર્યું. અને જે તારી ચાર પુત્રીઓ છે તે પૂર્વભવે વૈતાઢ્ય પર્વતે એક વિદ્યાધર રાજાની પુત્રીઓ હતી. અનુક્રમે યૌવનાવસ્થા પામી. એકદા બાગમાં રમવા ગઈ ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભેલા સાધુને દીઠા. સાધુએ કાઉસ્સગ્ગ પારી તેમને કહ્યું કે—'હે કુમારીઓ! તમે ધર્મ કરો.' ત્યારે તેમણે કહ્યું કે—'અમારાથી ધર્મકરણી થાય તેમ નથી.' વળી સાધુએ તેમને કહ્યું કે—'તમારૂં આયુષ્ય અલ્પ રહ્યું છે, માટે ધર્મકરણીમાં પ્રમાદ કરશો નહીં.' તે સાંભળી તે પુત્રીઓએ પૂછ્યું કે—'અમારૂં આયુ કેટલું બાકી રહ્યું છે?' સાધુએ કહ્યું કે-"આઠ પહોર શેષ રહ્યું છે." રાજકુમારીઓ કહેવા લાગી કે-"આટલા સ્વલ્પ કાળમાં અમે શું પુણ્ય કરીએ?" મુનિએ કહ્યું કે-'આજે જ અજુવાળી પાંચમ છે માટે જ્ઞાનપાંચમનું તપ કરો. એ તપના પ્રભાવથી તમે સુખી થશો. કહ્યું છે કેઃ-

**जे नाणपंचमिवयं, उत्तमजीवा कुणंति भावजुया ।**
**उवभुंज अणुवमसुहं, पावंति केवलं नाणं ॥**

એ પ્રકારનો ઉપદેશ સાંભળી તે પુત્રીઓએ ઘેર આવી માબાપ આગળ વાત કરી, આજ્ઞા લઈ, ગુરૂના દર્શનથી દિવસ

સફળ માની, દેવપૂજા કરી, પુણ્યની અનુમોદના કરી, પચ્ચખ્ખાણ લઈ પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી. એક સ્થાનકે ચારે જણીઓ બેઠી છે એટલામાં વિદ્યુત્પાત થયો, તેથી ચારે પુત્રીઓ મરણ પામીને દેવપણે ઉત્પન્ન થઈ. તિહાંથી ચ્યવીને તારી પુત્રીઓ થઈ છે. માત્ર એક જ દિવસ જ્ઞાનપંચમી તપ કરવાનું એ ફળ એમને પ્રાપ્ત થયું છે.' એ વાત સાંભળતાં જ રાજા તથા રાણી અને પુત્ર–પુત્રીઓ સર્વને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. પૂર્વભવ સાંભર્યા તેથી વૈરાગ્ય પામીને શ્રાવકધર્મ અંગીકાર કરી સર્વે પોતાના ઘેર આવ્યા.

વળી એકદા શ્રીવાસુપૂજ્ય ભગવાન્ આવી સમોસર્યા. તેમને રાજા રોહિણી રાણી પ્રમુખ પરિવાર સહિત વાંદવા ગયા. ત્યાં પ્રભુની દેશના સાંભળી ઘેર આવી પુત્રને રાજ્યપદે સ્થાપી, સાત ક્ષેત્રે ધન વાવરી, ચારિત્ર અંગીકાર કરી, બેહુ જણ મોક્ષે ગયા. કહ્યું છે કે—

રોહિણી પંચમી તપતણાં, ગિરુવા એ ફળ જાણ ॥
દુઃખ ન હોય સુખ હોય સદા, બોલે કેવળી વાણ ॥ ૧ ॥

ઇતિ રોહિણી અશોક રાજાની કથા.

## श्लोक

**श्रीमद्वरवीरपदौ, श्री जिनमतगजनैः सदा वंद्यौ ।**
**श्रीपतिनिकराराध्यौ, श्रीदौ प्रणमामि चंगगती ॥ १ ॥**

સ્વસ્તિકઃ શ્રી વીતરાગઃ નામ ગુપ્તમ્ ॥

---

## હવે ત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે

**महुघाय अग्गिदाहं, अंकं वा जो करेइ पाणीणं ।**
**बालाराममविणासी, सो कुट्ठी जायए पुरिसो ॥ ४५ ॥**

**ભાવાર્થઃ**—( જો કે૦ ) જે પુરૂષ ( મહુઘાય કે૦ ) મધ પાડે, મધપુડા પાડે, મહુયાલનો આરંભ કરે, તથા અગ્નિદાહ

એટલે વનમાં દાવાનલ દીએ વા એટલે તથા ( પાણીણું કે૦ ) પ્રાણીઓને આંકે–લાંછન કરે, ઢોરને ડામ દીએ, તથા ( બાલારામવિણાસી કે૦ ) સૂક્ષ્મ વનસ્પતિકાયનો વિનાશ કરે, કુમળી વનસ્પતિને છેદે, ભેદે, ત્રોડે, મોડે, ખૂંટે, ચૂંટે ( સો કે૦ ) તે પુરૂષ ભવાંતરે કોઢીઓ થાય. જેમ ગોવિંદપુત્ર ગોસલ મધ વગેરે પાડવાનાં પાપવડે પદ્મ શેઠનો પુત્ર ગોરો એવા નામે મહા કુષ્ઠી થયો તેમ. ॥ ૪૫ ॥

## તે ગોસલની કથા કહે છે.

પેઠાણપુર નગરે ગોવિંદ નામે ગૃહસ્થ વસે છે, તેને ગૌરી નામે સ્ત્રી છે અને ગોસલ નામે મહા દુર્વ્યસની પુત્ર થયો છે. તે એકલો વનમાં જઇને લાકડીએ મહુયાલ પાડે, નિર્દયપણે જાળમાં સસલાદિક જીવ હોય તિહાં દાવાનળ દીએ, અગ્નિ સળગાવે, બળદ, ગાય, ઘોડાને આંકે, કુમળા નવા ઉગતા રોપા કૂંપળને છેદી નાખે, ઉન્મૂલન કરી નાખે. એવું કૃત્ય કરતો દેખી લોકોએ તેના બાપને ઠપકો દીધો, ત્યારે બાપે તેને શિખામણ દીધી; પણ તે સર્વ રાખમાંહે ઘી હોમ્યાની પેઠે નિષ્ફલ થઇ. તે પુત્ર માતાપિતાને પણ સંતાપ કરાવનારો થયો. ધર્મની તો વાત પણ તે ન જાણે.

એવામાં તેનાં માબાપ દેવશરણ થયાં. એટલે તે ગોસલ નિરંકુશ હાથીની પેઠે વધારે ઉચ્છૃંખલ થયો થકો ફરે છે. એક દિવસ નગરની વાડીઓમાં જઈ નારંગી વિગેરેનાં વૃક્ષ ઉખેડી નાખતાં તેને કોટવાળે દીઠો એટલે બાંધીને રાજાની પાસે આણ્યો. રાજાએ તેનું સર્વ ધન લઈને છોડી દીધો.

વળી એક દિવસ છાનામાના રાજાની વાડીમાં જઇને કુમળી અનેક જાતિની વનસ્પતિ છેદી નાખી. એટલામાં વનપાળકે દીઠો, એટલે માર મારી, બાંધી, કૂટી, રાજા આગળ આણીને વનપાળકે વિનંતિ કરી કે—'હે મહારાજ! આમણે તમારી વાડીનો વિનાશ કર્યો છે.' રાજાએ તેના બેહુ હાથ છેદી નખાવ્યા, તેથી તે મહા દુ:ખી થયો. પછી તેણે ઘણો જ પશ્ચાત્તાપ કર્યો.

## ॥ દોહો ॥

માય બાપ મોટાતણી, શિખ ન માને જેહ;
કર્મવશે પડીયા થકાં, પછી પસ્તાયે તેહ. ૧

પછી તે ગોસલ પોતાની નિંદા કરતો મરણ પામીને તે જ નગરે પદ્મ શેઠને ઘેર ગોરો એવા નામે પુત્ર થયો. તે જન્મથી જ રોગીયો અને ગલત કોઢીઓ હતો. તેના નખ અને નાક બેસી ગયાં, ભ્રકુટીના કેશ સડી ગયા, દાંત પડી ગયા, નિરંતર માખીઓ બણબણાટ કરતી શરીર ઉપર વીંટીને રહેવા લાગી. દુર્ગંધ તો એટલી બધી નીકળે કે કોઈથી સહેવાય પણ નહીં. બાપે ઘણાં ઘણાં ઔષધ કર્યાં પણ તે સર્વ વ્યર્થ ગયાં. કુષ્ટ વ્યાધિ ટળ્યો જ નહીં.

એકદા દમસાર નામના જ્ઞાની મુનિ તે નગરના વનમાં પધાર્યા. તેમને વાંદવા માટે નગરના લોકોને જતા દેખી પદ્મ શેઠ પણ તેમને વાંદવા માટે ગયો. ત્યાં સાધુ મુનિરાજે ધર્મ-દેશનામાં કહ્યું કે—'જીવ પોતે કરેલાં શુભાશુભ કર્મને વશે સુખી તથા દુ:ખી થાય છે. જેમ આ નગરમાં પદ્મ શેઠનો પુત્ર દુ:ખી થયો છે તેમ.' તે સાંભળી પદ્મ શેઠે પૂછ્યું કે—'હે ભગવન્! મારા પુત્રે પૂર્વે શું પાપ કર્યું છે?' ગુરૂએ તેને પૂર્વોક્ત ગોવિંદના પુત્ર ગોસલનું સર્વ વૃત્તાંત સંભળાવીને કહ્યું કે—'તે ગોસલ મરીને તારો પુત્ર થયો છે.' પદ્મ શેઠે ઘેર આવી પોતાના પુત્રને કહ્યું કે—'તેં પાછલા ભવે ઘણાં પાપ કર્યાં છે.' એમ કહી તેનો પૂર્વભવ જણાવ્યો, તે સાંભળતાં જ તેને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. પછી તે મુનિરાજ પાસે આવ્યો, તેમને વંદના કરી, પાપની નિંદા-ગર્હા કરી, અનશન લઇ મરણ પામી પહેલે દેવલોકે દેવ થયો.

ઇતિ ગોસલ કથા.

## હવે એકત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**गोमहिसखरं करहं, अइभारारोवणेण पीडेइ ।**
**एएण पावकम्मेण, गोयमा सो भवे खुज्जो ॥ ४६ ॥**

**ભાવાર્થ:—**બળદ, પાડા, ગધેડા અને ઉંટાદિકની ઉપર લોભે કરી અતિ ભાર આરોપણ કરે એટલે એમની ઉપર ઘણો ભાર ભરીને જે પુરૂષ એ જીવોને પીડા કરે, તે જીવ નિષ્કેવળ એ જ પાપકર્મે કરી નિશ્ચયથી હે ગૌતમ! ખુજ્જો એટલે કુબ્જો અર્થાત્ કૂબડો થાય. જેમ ધનાવહ શેઠનો પુત્ર ધનદત્ત પાછલે ભવે ઘણા જીવોને ગજા ઉપરાંત ભાર વહેવરાવવાથી કૂબડો થયો તેમ. અહીંયાં ધનદત્ત અને ધનશ્રીની કથા કહે છે

ભૂમિમંડન નગરે શત્રુદમન નામે રાજા રાજ્ય કરે છે. ત્યાં ધન્નો નામે શેઠ રહે છે, જેને ધીરૂ નામે સ્ત્રી છે. તે ભાડાનો ધંધો કરી આજીવિકા ચલાવે છે. તેણે પોતાને ઘેર પોઠીયા, ઉંટ, ગધેડા અને પાડાનો સંગ્રહ કર્યો છે. તે શેઠ લોભાધીન થઇને અવાચક–મુંગા જીવોની ઉપર તેમની શક્તિ ઉપરાંત ઘણો ભાર ભરે છે અને ઘણું ભાડું લઇ નિર્વાહ કરે છે.

એકદા કોઈ સાધુ વહોરવા માટે તેને ઘેર આવ્યા, તેમને સ્ત્રી–ભર્તાર બંનેએ મળી શુદ્ધ ભાવથી દાન આપ્યું. તેને યોગે શુભ કર્મ ઉપાર્જી તે જ નગરે ધનાવહ શેઠને ઘેર ધનદત્ત નામે પુત્રપણે ઉપજ્યો. તે વણિકની સર્વ કળા જાણે છે, પણ પૂર્વભવમાં જીવોની ઉપર ઘણો ભાર ભર્યો હતો તે પાપને યોગે કૂબડો થયો છે.

હવે તે જ નગરમાં ધન નામે શેઠ વસે છે, તેને ઘેર ધીરૂનો જીવ મરીને પુત્રીપણે ઉપજ્યો. તેનું ધનશ્રી એવું નામ પાડ્યું. તે ઘણી રૂપવંત ને ગુણવંત છે. તે યૌવનવય પામી થકી પૂર્વભવના સ્નેહથી ધનદત્ત કૂબડાને પરણવા વાંછે છે. વળી એ જ ધન્ના શેઠને એક બીજી પણ પુત્રી થઈ છે, પરંતુ કર્મને યોગે તે કૂબડી છે. એકદા તેના બાપની આગળ કોઈ નિમિત્તિયાએ કહ્યું કે—'જે

કોઈ તારી પુત્રી ધનશ્રીને પરણશે તે મોટો વ્યવહારીઓ થશે.' એવી વાત સાંભળીને કોઈ ધનપાળ નામના શેઠીયાએ ધનશ્રીની માગણી કરી. ધનશ્રીના પિતાએ તે વાત કબૂલ કરી તથા બીજી જે કૂબડી બેટી હતી તે ધનદત્તને દીધી; અને બેહુ કુમારીને પરણાવવાનું મુહૂર્ત્ત પણ એક જ દિવસે નક્કી કર્યું.

હવે ધનશ્રીએ પૂર્વભવના સ્નેહને લીધે ધનદત્ત કૂબડાને પરણવાની ઈચ્છાથી મનોરથપૂરક નામના યક્ષને ભક્તિભાવથી આરાધ્યો. યક્ષે સંતુષ્ટ થઇને 'માગ, માગ,' એવું ત્રણ વખત કહ્યું. ધનશ્રીએ કહ્યું કે–'જેમ મારો ભર્તાર ધનદત્ત થાય તેમ કરો.' ત્યારે યક્ષે કહ્યું કે–'તારા પિતાએ બંને પુત્રીને એક જ દિવસે એક જ લગ્ને બંને વર સાથે પાણિગ્રહણ કરાવવા ઇચ્છ્યું છે, એટલે તે વખતે હું દૃષ્ટિબંધન કરીશ, જેથી તું ધનદત્તને પરણજે. પછી જ્યારે તને પરણીને ઘેર લઇ જશે ત્યારે મોહ નાશ પામશે.' એમ કહી યક્ષ અદૃશ્ય થઇ ગયો.

હવે લગ્નને દિવસે બંને વર સાથે જ પરણવા આવ્યા. યક્ષે સર્વ લોકને મોહ પમાડ્યો. બંને પરણીને પોતપોતાને ઘેર આવ્યા એટલે ધનદત્ત ધનશ્રીને ઘણી જ સ્વરૂપવાન્ દેખીને હર્ષ પામ્યો અને ધનપાળ પોતાની પરણેલી સ્ત્રીને કૂબડી દેખી ગ્લાનિ પામી મનમાં વિચારવા લાગ્યો કે–'આ વળી ઈંદ્રજાળ કેવી થઇ! મતિવિભ્રમ કેમ થઇ ગયો!!!' તે વાત રાજાએ સાંભળી અને ગામના લોકોએ પણ જાણી. લોકોનાં ટોળેટોળાં મળી અરસ્પરસ વાતો કરવા લાગ્યા. પછી માંહોમાંહે બન્ને જણ સ્ત્રીને માટે કલહ કરતા રાજાની આગળ ન્યાય મેળવવા ગયા. રાજાએ તેમને પાછા ઘેર મોકલીને એકલી ધનશ્રીને તેડાવી એકાંતે પૂછ્યું કે–'ધનદત્ત જાતે કૂબડો છે, તે તને મનગમતો થાય નહીં; માટે સાચે સાચું કહે કે તું ક્યા વરને વરી છો?' તે સાંભળી ધનશ્રીએ રાજાની આગળ ખરેખરી સત્ય વાત કહી દીધી કે–'મેં મોહવશ થઇને એ ધનાવહના પુત્રની સાથે પરણવા માટે જ યક્ષનું આરાધન કર્યું હતું. તે સંતુષ્ટ થયો એટલે તેના સાન્નિધ્યથી હું ધનદત્તને પરણી છું અને મારી કૂબડી બ્હેનને યક્ષે ધનપાળની સાથે

પરણાવી છે. હવે જેમ યુક્ત હોય તેમ કરો. દૈવે જે કર્યું તે અન્યથા શી રીતે થાય? માટે મારે એ કૂબડો જ ભર્તાર હો.' પછી રાજાએ સર્વ જનોને બોલાવી સર્વ વાત કહી સમજાવી. તેઓ પણ સમજીને ઘેર ગયા.

એકદા તે નગરના વનમાં કોઇ ચાર જ્ઞાનના ધણી ધર્મરૂચિ નામના આચાર્ય સમોસર્યા. તેમને વાંદવા માટે સર્વ લોક ગયા, તેની સાથે ધનદત્ત પણ પોતાની સ્ત્રી સહિત ગયો. મુનિને વાંદી ધનદત્તે પૂછ્યું કે-'હે ભગવન્! કયા કર્મે કરીને હું કૂબડો થયો? અને કયા કર્મે મારી સ્ત્રી ધનશ્રીનો મારી ઉપર ઘણો સ્નેહ થયો? તથા કયા શુભ કર્મે કરી હું લક્ષ્મી, સુખ અને સૌભાગ્ય પામ્યો? તે મારી ઉપર કૃપા કરીને કહો.'

ગુરૂ બોલ્યા કે-'હે ધનદત્ત! તું પૂર્વભવે ધન્ના નામનો શ્રેષ્ઠી હતો, અને ધનશ્રીનો જીવ ધીરૂ નામની તારી સ્ત્રી હતી. ત્યાં પોઠીયા, રાસભાદિક ઉપર ઘણો ભાર ભરવાથી તું કૂબડો થયો અને શુભ ભાવથકી સાધુને દાન દીધું હતું તેના પ્રભાવે લક્ષ્મીનો યોગ અખંડ રહ્યો. તેમજ પાછલે ભવે બેહુ સ્ત્રી-ભર્તાર હતાં, તેથી તમારો સ્નેહ પણ અખંડ રહ્યો છે.' એવી વાત સાંભળી બંનેને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું અને પૂર્વભવ દીઠા. પછી સમકિતમૂળ બાર વ્રત સ્વીકારી મુનિને વાંદી ઘેર પહોંચ્યા. અનુક્રમે ધર્મ પાળતાં સુપાત્રને દાન દેતાં આયુ પૂર્ણ થયે દેવલોકે દેવ થયા.

ઇતિ ધનદત્ત ધનશ્રી કથા.

---

## હવે બત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**जाइमओ मत्तमणो, जीवे विक्किणइ जो कयग्घो य ।**
**सो इंदभूइ मरिउं, दासत्तं वच्चए पुरिसो ॥ ४७ ॥**

**ભાવાર્થ:**—જે જીવ જાતિમદ કરે, અહંકાર કરે એટલે જાતિકુળાદિકના મદે કરી મદોન્મત્ત થાય તથા જે મનુષ્યાદિક

જીવોને ( વિક્કિણુઈ કે૦ ) વેચે–વિક્રય કરે અને કૃતઘ્ન થાય એટલે પરનો કરેલો ઉપકાર વીસરી જાય, પારકી નિંદા કરે, પોતાની પ્રશંસા કરે, અન્ય કોઇ પ્રશંસા કરવા યોગ્ય હોય છતાં તેના ગુણને ઢાંકે, પોતે કોઈ ગુણવાનની પ્રશંસા ન કરે, પારકા અછતા દોષ કહે તેથી નીચ ગોત્રકર્મ ઉપાર્જન કરે. અને હે ઇંદ્રભૂતિ ગૌતમ ! ( સો કે૦ ) તે પુરૂષ મરીને દાસપણું પામે. જેમ હસ્તિનાપુરે સોમદત્ત પુરોહિત પદભ્રષ્ટ થઈ મરીને ડુંબપુત્ર થયો તેમ. તેની કથા કહે છેઃ—

કુરૂદેશે હસ્તિનાપુરે સોમદત્ત નામે પુરોહિત વસે છે. તેને ઘણા મનોરથે બલભદ્ર નામે એક પુત્ર થયો. તે બ્રાહ્મણજાતિના મદે કરી બીજા લોકોને તૃણ સમાન ગણે. નગરમાંહે માર્ગમાં પાણી છાંટતો ચાલે, રાજપુત્ર અડી જાય તો પણ સ્નાન કરે અને જો કોઇ માતંગ દૃષ્ટિએ પડી જાય ત્યારે તો વસ્ત્રસહિત સ્નાન કરે અને પ્રાયશ્ચિત્ત લીએ. એવી રીતે બ્રાહ્મણ વિનાની બીજી સર્વ જાતિ ઉપર દ્વેષ ધરતો, તેમની નિંદા કરતો, પોતાની જાતિને પ્રશંસતો રહે છે. તેની લોકો હાંસી કરે છે. એ પ્રમાણે વર્ત્તન હોવાથી તે પુત્ર પોતાના માતપિતાને અત્યંત ઉચાટ કરવાનું કારણ થઇ પડ્યો.

તેના પિતાએ તેને કહ્યું કે—' હે વત્સ ! લોકવ્યવહાર જ રૂડો છે. કર્મે કરી બ્રાહ્મણ પણ હીન જાતિમાં જન્મ પામે. જાતિ શાશ્વતી કોઇની ન હોય, તે માટે જાતિનો મદ કરવો નહીં. કદિ કરવો તો એટલો કરવો કે જેથી લોક હાંસી ન કરે. ' ઈત્યાદિક તેના પિતા શિખામણ આપે પણ તે માને નહીં. ઉન્મત્ત હાથીની પેઠે ખુમારીમાં જાતિઅભિમાન ધરતો રહે. એમ કરતાં તેનો પિતા દેવશરણ થયો એટલે રાજાએ તે પુરોહિતનો પુત્ર અહંકારી હોવાથી તેને અયોગ્ય જાણીને તેના પિતાને સ્થાને સ્થાપ્યો નહીં, બીજાને પુરોહિતપદવી આપી. એવી રીતે મદે કરી અહીંયાં જ સ્થાનથી પદભ્રષ્ટ થયો, લોકમાં હાંસી થઈ. લોકોએ તેનું બ્રહ્મદત્ત નામ પાડ્યું. પદવી ગયાથી તે નિર્ધનપણાને પ્રાપ્ત થયો. કૃતઘ્ન થયો. પછી ગાય, બળદ વેચી પેટનું પોષણ કરવા લાગ્યો. લોકો સર્વ તેની નિંદા કરવા લાગ્યા. એકદા ગાયોને ચારો નાખતાં કોઇએ કહ્યું કે–' હે

બ્રહ્મદત્ત! આ તૃણ જે તું તારે હાથે ઉપાડે છે તે તૃણને માતંગીએ પગે કરી ચાંપેલ છે, તેથી તને આભડછેટ નથી લાગતી ?' એવી અનેક જાતની મશ્કરી લોકો કરે છે, તેથી ક્રોધે ભરાઇને તે ગામ છોડી જતો રહ્યો. જતાં જતાં માર્ગમાં ભૂલો પડ્યો. ત્યાં ડુંબોને દેખી આક્રોશ કરી હણવા લાગ્યો, એટલે ડુંબોએ કોપ કરી બ્રહ્મદત્તના પેટમાં છરી મારી, જેથી તે મરણ પામીને ડુંબોને ઘેર જ પુત્રપણે ઉપજ્યો. તે પણ કાંણો, ખોડો, કદરૂપો, કાળો, દુર્ભાગી થયો. રાજા વિગેરેનું દાસપણું કરે, માણસને શૂળીએ ચડાવવા પ્રમુખ વધ કરવાનો ધંધો કરે. ત્યાંથી મરણ પામી પાંચમી નરકે નારકીપણે ઉત્પન્ન થયો. ત્યાંથી મરીને મત્સ્ય થયો. ત્યાંથી નીકળી વળી નરકે ગયો. એમ અનેક ભવમાં પરિભ્રમણ કર્યું. જ્યારે મનુષ્યપણે ઉપજે ત્યારે પણ હીન કુળમાં ઉપજે અને દાસપણું કરે. એકદા અજ્ઞાન તપના બળે કરી જ્યોતિષિ દેવોમાં દેવપણે ઉપજ્યો. ત્યાંથી ચ્યવીને પદ્મખેડ નગરે કુંદદત્તા ગણિકાને ત્યાં પુત્રપણે ઉપજ્યો. તેનું નામ મયણ પાડ્યું. ત્યાં તે બહોંતેર કળા શીખ્યો. પરોપકારી, દક્ષ, દયાળુ, લજ્જાળુ, ગંભીર, સરળ, પ્રિયવાદી અને સત્યવાદી થયો. તેનામાં એવા ઉત્તમ ગુણો છતાં તેનો તેને ગર્વ નથી. જ્યારે લોકો તેને ગણિકાનો પુત્ર કહીને બોલાવે છે ત્યારે દુ:ખી થયો થકો તે ચિંતવે છે કે–' મેં પૂર્વભવે કોઈ પાપ કીધાં છે, તેથી વિધાતાએ મને ગણિકાને ઘેર જન્મ દીધો છે, જેથી હું આટલા ગુણને ધરતો છતો પણ જાતિહીન થયો છું. અથવા અમૃતમય ચંદ્રમા છે તે પણ કલંકિત છે તથા રત્નાકર જે સમુદ્ર તે રત્નોથી ભરેલો છે છતાં તેનું પાણી ખારૂં છે; તેથી જ્યાં ગુણ હોય ત્યાં દોષ પણ સંભવે છે.'

એકદા તે નગરે કેવળી ભગવાન્ પધાર્યા. તેમને વાંદવા માટે મયણ ગયો. તેણે વાંદીને પૂછ્યું કે–' હે ભગવન્! મારામાં કેટલાએક ઉત્તમ ગુણો છતાં હું કયા કર્મના ઉદયથી હીનજાતિમાં ઉપજ્યો છું ?' ભગવાને પાછલા ભવનું સ્વરૂપ કહી સંભળાવ્યું અને કહ્યું કે–' તેં પૂર્વભવે જાતિનો મદ કર્યો હતો તથા પરનિંદા કરી હતી તેના પાપે કરી તું ગણિકાને ઘેર ઉપજ્યો છું.'

ત્યારબાદ મયણે કહ્યું કે–'હે ભગવન્! જો મારામાં યોગ્યતા હોય તો મને દીક્ષા આપો.' કેવળજ્ઞાનીએ તેને યોગ્ય જાણી દીક્ષા દીધી, સાધુસમાચારી શીખવી. પછી દુષ્કર તપ કરી અનશન લઇ દેવ થયો. અનુક્રમે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષસુખ પામ્યો.

બ્રહ્મદત્ત બ્રાહ્મણની કથા સંપૂર્ણ.

---

## હવે તેત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**विणयविहीणो चारि–त्तवज्जिओ दाणगुणविउत्तो य ।**
**मणसा य दंडजुत्तो, पुरिसो दारिद्दियो होइ ॥ ४८ ॥**

**ભાવાર્થઃ**—જે પુરૂષ વિનયે કરી હીન હોય એટલે વિનયરહિત હોય તથા ચારિત્રવર્જિત હોય એટલે ચારિત્ર જે વિરતિપણું તે થકી રહિત હોય તથા દાનગુણથકી વિમુક્ત હોય એટલે દાનગુણથી રહિત હોય, તથા મનોદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડે કરી યુક્ત હોય એટલે મને કરી આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ચિંતવે અને વચને કરી દુર્વચન બોલે, લોકોને કુબુદ્ધિ આપે, કાયાએ કરી કુચેષ્ટા કરે, એવો પુરૂષ મરીને દરિદ્રી થાય. ॥ ૪૮ ॥ જેમ હસ્તિનાપુરે સુબંધુ શેઠનો પુત્ર મનોરથ નામે હતો, તે અવિનીત અને અવિરતિ થકો મરીને દરિદ્રી થયો. તેનું નિષ્પુણ્ય એવું નામ પાડ્યું. તેની કથા કહે છેઃ—

હસ્તિનાપુર નગરે અરિમર્દન નામે રાજા રાજ્ય કરે છે. તે ગામમાં સુબંધુ નામનો શેઠ વસે છે. તેને બંધુમતી નામની ભાર્યા છે. તેને ઘણે મનોરથે એક પુત્ર થયો, તેથી તેનું મનોરથ એવું નામ રાખ્યું. તે મોટો થયો ત્યારે તેનો પિતા દેવગુરૂને નમસ્કાર કરવાનું કહે, પણ એ સ્તબ્ધ થઈ ઉભો રહે, પ્રણામ ન કરે. તેમજ નિશાળે ભણવા મોકલ્યો, તો પણ તેવો ને તેવો જ કોરે કોરો રહ્યો; પણ એક અક્ષરે શીખ્યો નહીં. પિતાએ મોટાનો વિનય કરવા શિખવ્યું, તો પણ કોઈનો વિનય કરે નહીં. 'જેનો જેવો સ્વભાવ હોય છે તે કોઈ રીતે મટતો નથી.'

એકદા તેનો પિતા એને ગુરૂની પાસે તેડી ગયો. ગુરૂને કહ્યું કે—‘ એને પ્રતિબોધ આપો. ’ ગુરૂએ મનોરથને પૂછ્યું કે– ‘ હે વત્સ ! વ્રત, પચ્ચખ્ખાણ, નિયમ પાળવાથી બહુ ફળ થાય, માટે તારી ઈચ્છા પ્રમાણે કાંઇક નિયમ લે. ’ મનોરથે કહ્યું કે–‘ મારાથી નિયમ પાળી શકાય નહીં. ’ ગુરૂએ કહ્યું કે–‘ ત્યારે દાન આપવાની પ્રતિજ્ઞા કર. ’ મનોરથે કહ્યું કે–‘ હું દાન આપી શકતો નથી. ’ એમ કરતાં તેનો પિતા મરણ પામ્યો. મનોરથ મહાકૃપણ હતો તેથી તેને ઘરે કોઇ ભિખારી ભિખ પણ માગવા આવતો નથી.

એકદા તે એકલો ગ્રામાંતરે જતો હતો, તેને માર્ગમાં ચોર લોકોએ મારી નાખ્યો. પાસે જે કાંઇ ધન હતું તે સર્વ ચોરો લઇ ગયા. મરીને દરિદ્રીના કુળમાં પુત્રપણે ઉપજ્યો. ત્યાં નિષ્પુણ્યક એવું નામ દીધું. મોટો થયો ત્યારે તે લોકોનાં ઢોર ચારે, હળ ખેડે, લોકોની સેવા કરે, દાસ થઇને રહે, મજુરી કરે, માથે ભાર ઉપાડે, તો પણ પેટ ભરવું અત્યંત મુશ્કેલ થાય.

એકદા ધન કમાવા સારૂ દેશાંતરે ચાલ્યો, ત્યાં લક્ષ્મી મેળવવાના ઘણા ઉપાય કર્યા, પરંતુ કર્મયોગે દરિદ્રી જ રહ્યો. હવે ત્યાં એક ષણ્મુખ નામે દેવ છે, જેનો સાચો પ્રભાવ છે, તેની આગળ ધન મેળવવા માટે ઉપવાસ કરીને તે બેઠો. સાતમે દિવસે દેવ પ્રત્યક્ષ થઇ બોલ્યો કે–‘ તું શામાટે લાંઘણ કરે છે ? ’ ત્યારે દરિદ્રીએ કહ્યું કે–‘ લક્ષ્મીને અર્થે કરૂં છું. ’ દેવતાએ કહ્યું કે–‘ લક્ષ્મી તારા ભાગ્યમાં લખી નથી. ’ દરિદ્રી બોલ્યો કે–‘ તો મારૂં અહીંયાં જ મરણ થાઓ. ’ એવો તેનો હઠ જાણીને દેવતાએ કહ્યું કે–‘ અહીંયાં પ્રભાતે સોનાનો મોર આવીને નાચશે, તે એક પીચ્છ સોનાનું મૂકશે તે તું લઇ લેજે. ’ એમ કહી દેવ અદૃશ્ય થયો.

પ્રભાતે સોનાનું પીચ્છ મળ્યું, એમ નિત્ય પ્રત્યે એક એક પીચ્છ લેતાં લેતાં એક દિવસ તે દરિદ્રીને કુબુદ્ધિ ઉપજી તેથી વિચાર્યું કે–‘ હું આ જંગલમાં કેટલા દિવસ રહું ? માટે આજે મોરને પકડી એક જ સાથે એનાં સર્વ પીછાં લઈ લઉં. ’ એમ ચિંતવી તેણે મોરને પકડ્યો કે તરત મોર બદલાઇને કાગડો થઇ ગયો અને

દેવે આવી તે દરિદ્રીને પગના પ્રહારથી હણ્યો, તેથી તે પડી ગયો અને પ્રથમ જેટલાં મોરનાં પીછાં લીધા હતાં તે સર્વ પણ કાગડાનાં પીછાં થઇ ગયાં. કહ્યું છે કે–' બુદ્ધિઃ કર્માનુસારિણી '

॥ દોહા ॥

ઉતાવળ કીજે નહીં, કીધે કાજ વિણાસ;
મોર સોનાનો કાગડો, કરી હુઓ ઘરદાસ. ૧

પછી પોતે જ પોતાના આત્માને નિંદતો થકો ઝંપાપાત કરવા માટે એક પર્વત ઉપર ચઢ્યો. ત્યાં એક સાધુને દીઠા. ત્યારે મનમાં વિચાર્યું કે—' હું એમને ધન મેળવવાનો ઉપાય પૂછું. ' એમ ચિંતવીને તેમને વાંદ્યા, ત્યારે ઋષિએ કહ્યું કે–' તેં દેવનું આરાધન કર્યું પણ કર્મપ્રભાવે મોરનો કાગ થઈ ગયો, તેથી હમણાં તું અહીંયાં ઝંપાપાત કરવા આવ્યો છું. ' તે સાંભળી આશ્ચર્ય પામી તેણે વિચાર્યું કે–' જુઓ, આ ઋષિનું કેવું જ્ઞાન છે ? ' પછી સાધુને કહેવા લાગ્યો કે–' મહારાજ ! મને ધન મેળવવાનો ઉપાય કહો.' જ્ઞાનીએ કહ્યું કે—' તેં પૂર્વભવમાં કોઇ નિયમ પાળ્યો નથી, વિનય કીધો નથી અને કોઇને દાન પણ દીધું નથી, તેને યોગે દરિદ્રી થયો છે. ' એવી વાત સાંભળતાં જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું અને પૂર્વભવ દીઠા, તેથી વૈરાગ્ય પામી તેણે દીક્ષા લીધી. તેને સારી રીતે આરાધીને દેવલોકે દેવ થયો.

એ દરિદ્રીપણા ઉપર નિષ્પુણ્યની કથા સમાપ્ત.

---

## હવે ચોત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**जो पुण चाइ विण–यजूओ चारित्तगुणसयाइन्नो ।**
**सो जण सयविरकाओ, महड्ढीओ होइ लोगंमि ॥ ४९ ॥**

**ભાવાર્થઃ**—જે પુરૂષ ચાઈ એટલે ત્યાગી હોય–દાતાર હોય, વિનયસહિત હોય, ચારિત્ર સંબંધી જે સેંકડો ગુણો તેણે

કરી આઇન્નો આકીર્ણ એટલે વ્યાપ્ત હોય અથાત્ ચારિત્ર જે વિરતિ તેનાથી વ્યાપ્ત હોય તે પુરૂષ ( જણ કે૦ ) સજ્જનોના ( સય કે૦ ) સેંકડા તે માંહે ( વિખ્ખાઓ કે૦ ) વિખ્યાત હોય એટલે સેંકડો ગમે લોકોમાં મહર્દ્ધિકપણે પ્રસિદ્ધ હોય. ॥ ૪૯ ॥ જેમ સાંકેતપુરપાટણમાં સ્વલ્પ ઋદ્ધિનો ધણી ધનમિત્ર શેઠનો પુણ્યસાર નામે પુત્ર ઋદ્ધિવંત થયો હતો તેમ. તેણે પૂર્વ પુણ્યને યોગે ઘરમાં ચાર નિધાન દીઠાં હતાં, તે રાજાએ લઇ લીધાં અને વળી તેને પાછાં આપ્યાં, તેની કથા કહે છેઃ—

સાંકેતપુરે ભાનુમિત્ર રાજા રાજ્ય કરે છે. ત્યાં ધનમિત્ર નામે શેઠ વસે છે. તેને ધનમિત્રા નામે ભાર્યા છે, તેના સમાગમથી તે સુખીઓ છે. એકદા ધનમિત્રા સ્ત્રીએ રાત્રે સૂતાં સ્વપ્નમાંહે સોનાનો કળશ રત્ને ભરેલો મુખમાં પેસતો દીઠો. પછી જાગીને ભર્તાર આગળ વાત કહી. ભર્તારે વિચારીને કહ્યું કે—' તને કોઇ મહાભાગ્યશાળી પુત્ર થશે. ' તે સાંભળી સ્ત્રી અત્યંત હર્ષ પામી. અનુક્રમે પૂર્ણ માસે પુત્ર પ્રસવ્યો. વધામણીઆને વધામણી દીધી. તેનું પુણ્યસાર એવું નામ પાડ્યું. તે પુત્ર અનુક્રમે રૂપ અને ગુણે કરી વૃદ્ધિ પામ્યો, સર્વ કળા શીખ્યો અને યૌવનવયે એક વ્યવહારીયાની ધન્યા નામની કન્યા સાથે પરણ્યો.

એકદા તે પુણ્યસાર રાત્રિએ સુખે નિદ્રામાં સુતો છે, તે વખતે લક્ષ્મીદેવીએ આવીને કહ્યું કે—' હે પુણ્યસાર ! હું તારે ઘેર આવીશ. ' પછી પ્રભાતસમયે ઘરને ચારે ખુણે રત્ને ભરેલાં સોનાના કળશરૂપ ચાર નિધાન દીઠાં. ત્યારે પુણ્યસારે જાણ્યું કે-' દેવીએ કહ્યું તે સત્ય થયું, પરંતુ જો કોઇ દુર્જનના વચનવડે રાજા જાણશે તો અનર્થ ઉપજશે માટે પ્રથમથી જ રાજાને જણાવું. ' એવું ચિંતવીને રાજાની આગળ નિધાનનું સ્વરૂપ કહ્યું. તે જોવા માટે રાજા પોતે પુણ્યસારને ઘેર આવ્યો. નિધાન દેખી વિસ્મય પામ્યો, અને ત્યાંથી ઉપાડી પોતાના ભંડારમાં મૂકાવ્યા. બીજે દિવસે પણ પ્રભાતસમયે પુણ્યસારે ચાર નિધાન દીઠા અને રાજાની આગળ કહ્યું. તે પણ રાજાએ પુણ્યસારના ઘેરથી મંગાવી પોતાના ભંડારમાં રાખ્યા. ત્રીજે દિવસે પણ પુણ્યસારે

ચાર નિધાન દીઠા અને રાજા આગળ આવીને કહ્યું કે—' હે મહારાજ! મારે ઘેર તેવી જ રીતે ફરી પણ ચાર નિધાન પ્રગટ્યા છે.' તે પણ રાજાએ પોતાના ભંડારમાં મૂકવાનો હુકમ કર્યો ત્યારે પ્રધાન બોલ્યો કે-' મહારાજ! તમે જે બે દિવસ પહેલાં નિધાન લાવી ભંડારમાં મૂકાવ્યાં છે, તે અહીં મંગાવો.' રાજાએ ભંડારો ઉઘડાવ્યા અને જોયું તો નિધાન દીઠાં નહીં. એટલે રાજાએ કહ્યું કે-' એ તો જેના પુણ્યને યોગે નિધાન આવ્યાં છે તેને ત્યાં જ રહેશે; મારી પાસે રહેવાનાં નથી. મેં લોભાધીન થઈને જે નિધાન આણ્યાં તે મારો પ્રયાસ વ્યર્થ છે.'

પછી રાજાએ તે ભંડારગત સર્વ દ્રવ્ય પુણ્યસારને આપી નગરશેઠની પદવી દઇ, વસ્ત્ર, મુદ્રિકા પહેરાવી, વાજિત્ર વાજતેગાજતે પરિવાર સહિત પુણ્યસારને તેને ઘેર પહોંચાડ્યો. પુણ્યસારનું મહત્ત્વ દિવસેદિવસે વૃદ્ધિ પામ્યું. તે પોતાની લક્ષ્મીથી પુણ્યકાર્ય સાધતો રહે છે, પરંતુ ધનનો સંચય કરી રાખતો નથી.

એકદા તે નગરના ઉદ્યાનમાં સુનંદ નામે કેવળી ભગવાન્ સમોસર્યા. રાજા પોતાના પરિવાર સહિત તથા પુણ્યસાર શેઠ પણ પોતાના માતાપિતા તથા સ્ત્રી સહિત અન્ય જનોની સાથે તેમને વાંદવા ગયા. વાંદીને બેઠા એટલે કેવળીએ ધર્મોપદેશ દીધો. પછી ધનમિત્ર શેઠે પૂછયું કે-' હે ભગવન્! મારા પુત્રે પૂર્વભવે શું પુણ્ય કર્યું છે કે જેનાથી એ લક્ષ્મી, રાજ્યમાન, સૌભાગ્ય તથા મહત્ત્વને પામ્યો?' ત્યારે ગુરુએ કહ્યું કે-' પૂર્વે એ જ નગરમાં ધનકુમાર નામે શેઠ હતો. તેણે ગુરૂ પાસેથી બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયનો નિયમ લીધો હતો. સુપાત્રોને દાન દીધાં તેમજ દેવ, ગુરૂ અને વડીલોની ભક્તિ કરી તથા શ્રાવકધર્મ પાળ્યો. પ્રાંતે વૃદ્ધાવસ્થાએ તેણે દીક્ષા લીધી. સિદ્ધાંત ભણી, તપસ્યા કરી, ક્ષમા ઉપશમાદિક અનેક ગુણ પોતાને વિષે આણ્યા. પ્રાંતે અનશન લઈ આયુ પૂર્ણ કરી ત્રીજે દેવલોકે ઈંદ્રનો સામાનિક દેવ થયો. ત્યાં દેવસંબંધી ભોગ ભોગવી ચ્યવીને તારો પુત્ર થયો છે. પૂર્વ પુણ્યને યોગે એ લક્ષ્મી મહત્ત્વાદિક પામ્યો છે.

એ વાત સાંભળી પુણ્યસારને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું અને પૂર્વભવ દીઠો. પછી કુટુંબ સહિત શ્રાવકધર્મ સ્વીકારી પોતાને ઘેર આવ્યો. તે દેવપૂજા કરે, મહામંત્ર નવકાર ગણે, ગુરૂને વાંદે, દાન આપે. પછી પોતાના પુત્રને યોગ્ય જાણી, તેને ઘરનો ભાર સોંપી, પોતાની શ્રેષ્ઠીપણાની પદવીએ સ્થાપી પુણ્યસારે સુનંદ નામે ગુરૂની પાસે દીક્ષા લીધી. તે નિરતિચારપણે સંયમ પાળી દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્યજન્મ પામી મોક્ષસુખ પામશે.

॥ દોહા ॥

જિણ પૂજે વંદે સુગુરૂ, ભાવે દાન દિયંત;
પુણ્યસાર જિમ તસ ઘરે, ઋદ્ધિ અચિંતિ હૂંત. ૧

ઇતિ મહર્દ્ધિકત્વોપરી પુણ્યસાર કથા.

---

## હવે પાંત્રીશમી તથા છત્રીશમી પૃચ્છાના ઉત્તર બે ગાથાએ કરી કહે છે.

**वीसत्थघायकारी, सम्ममणालोइऊणपछित्ते ।
जो मरइ अन्न जम्मे, सो रोगी जायए पुरिसो ॥ ५० ॥
वीसत्थररकणपरो, आलोइअ सयलपावठाणो य ।
जो मरइ अन्न जम्मे, सो रोगविवज्जिओ होइ ॥ ५१ ॥**

**ભાવાર્થઃ**—જે મનુષ્ય વિશ્વાસઘાત કરે અને સમ્યગ્ મને એટલે શુદ્ધ મને કરી શુદ્ધ આલોયણા ન લે, તે પુરૂષ મરીને અન્ય જન્મે એટલે ભવાંતરને વિષે રોગી થાય ॥ ૫૦ ॥ તથા જે પુરૂષ વિશ્વાસીની રક્ષા કરવામાં અગ્રેસર હોય અને પોતાનાં કરેલાં જે પાપસ્થાનક હોય તે સર્વને સાચા મનથી આલોવે, તે ભવાંતરને વિષે રોગરહિત–નિરોગી હોય ॥ ૫૧ ॥

### એ બંને પૃચ્છા ઉપર અટ્ટણમલ્લની કથા કહે છે:—

ઉજ્જયણી નગરીએ જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. તેને અટ્ટણમલ્લ નામે મહામલ્લ છે. સોપારા નગરે સિંહગિરિ નામે

રાજા છે તે વર્ષોવર્ષ મલ્લયુદ્ધ કરાવે છે. મલ્લયુદ્ધમાં જે કોઈ જીતે છે તેને ઘણું ધન આપે છે. અટ્ટણમલ્લ બીજા સ્થાને જઈ બીજા મલ્લોને જીતી સિરપાવમાં ઘણું ધન લઈ આવે છે. એકદા સિંહગિરિ રાજાએ વિચાર્યું કે–' ઉજ્જયણીનો મલ્લ અહીં આવી વર્ષોવર્ષ જીતી જાય છે તે ઠીક નથી, માટે આપણે એનો કાંઇ પણ ઉપાય કરીએ. ' પછી એક બળવાન્ માછીને દેખી રાજાએ તેને પોતાની પાસે રાખી મલ્લયુદ્ધ શીખવ્યું. માલમલીદા ખવરાવી પીવરાવી પુષ્ટ કર્યો. પછી મલ્લમહોત્સવને દિવસે અટ્ટણમલ્લે આવી યુદ્ધ કર્યું પણ તેને તરૂણ એવા માછીએ જીતી લીધો. રાજાએ માછીને દ્રવ્ય આપ્યું. અટ્ટણ વિલખો થઇ પાછો વળ્યો. તેણે સોરઠ દેશમાં એક મહા જોરાવર ફલિહ નામે કોળી દીઠો, તેની સાથે નાણા સંબંધી ઠરાવ કરીને તેને ઉજ્જયણીએ લઈ ગયો. ત્યાં તેને મલ્લવિદ્યા શીખવી. પછી તેને સોપારા નગરમાં પરીક્ષા સમયે સાથે તેડી ગયો, ત્યાં સભામાં મલ્લમહોત્સવ સંબંધી વાજિંત્ર વાજતે, શંખ પૂરાતે, બંદિજન જય જય બોલતે, ફલિહમલ્લ અને માછીમલ્લ એ બે માંહોમાંહે યુદ્ધ કરતા, નાચતા, માચતા, હસતા, એક બીજાને મુષ્ટિપ્રહાર દેતા, પડતા, ચડતા, પોતપોતાને સ્થાનકે ગયા. ત્યાં અટ્ટણમલ્લે ફલિહમલ્લને પૂછ્યું કે–' તને યુદ્ધ કરવાથી કોઇ અંગ દુઃખતું હોય તો કહે. ' તેણે પણ સાચેસાચું કહ્યું કે–' અમુક અમુક અંગ દુઃખે છે. ' ત્યારે અટ્ટણમલ્લે ફલિહમલ્લને અભ્યંગ સ્નાન કરાવી તેનું શરીર તાજું કરાવ્યું.

હવે રાજાએ માછીમલ્લને પૂછ્યું કે–' તારાં અંગ ક્યાં દુઃખે છે? ' પણ માછીએ લાજને લીધે દુઃખવાનું કાંઇ કારણ કહ્યું નહીં. બીજે દિવસે સભામાં સર્વ લોક સમક્ષ બેહુ મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ત્યાં માછીમલ્લ થાક્યો અને ફલિહમલ્લે તેની ગ્રીવા મરડી મારી નાખ્યો, તેથી ફલિહમલ્લનો યશ વિસ્તાર પામ્યો અને બક્ષીસ પણ મળી. એમ અટ્ટણમલ્લની આગળ તે યથાસ્થિત સ્વરૂપ કહી સુખી થયો અને માછીમલ્લે યથાસ્થિત સ્વરૂપ ન કહ્યું તેથી દુઃખી થયો. એ દ્રષ્ટાંતથી એટલું સમજવાનું કે જે કોઈ ગુરૂની આગળ સાચું કહી આલોયણા લીએ, તે અટ્ટણમલ્લ અને ફલિહમલ્લની પેઠે સુખી થાય તેમજ

નિરોગી થાય અને જે કોઇ ગુરૂની આગળ આલોવતાં લાજથી સાચું ન કહે તે માછીમલ્લની પેઠે દુઃખી થાય. કહ્યું છે કે—

પાપ આલોવે આપણું, ગુરૂ આગળ નિઃશંક;
નિરોગી સુખીઆ હુવે, નિર્મળ જેહવો શંખ. ૧

આલોયણ ઉપર અટ્ટણમલ્લ અને ફલિહમલ્લની કથા સંપૂર્ણ.

---

**હવે સાડત્રીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કહે છે:—**

**लहुहत्थयाइ धुत्तो, कूडतुला कूडमाण भंडेहिं।**
**ववहरइ नियडि बहुलो, सो हीणंगो भवे पुरिसो ॥ ५२ ॥**

**ભાવાર્થ**:—જે ધૂર્ત્ત, લઘુલાઘવી કળાએ એટલે હસ્તાદિ લાઘવે કરી કૂડા તોલે, કૂડાં માપે કરીને તથા કુંકુમ, કર્પૂર, મજીઠ વિગેરેમાં ભેળસેળ કરીને કૂડાં કરિયાણે કરી (વવહરઇ કે૦) વ્યાપાર કરે તે (નિયડિબહુલો કે૦) નિકૃતિબહુલ એટલે મહા માયાવી થઇને ઘણું પાપ કરે. વળી તે પુરૂષ ભવાંતરને વિષે જો મનુષ્ય થાય તો પણ હીનઅંગવાળો થાય. જેમ ઈશ્વિર શેઠનો પુત્ર દત્ત પૂર્વે કૂડા તોલ, કૂડાં માપ અને રૂડાં કરિયાણાદિક કરવાના પાપને યોગે હસ્તાદિક અવયવથી હીન થયો તેમ. ॥ ૫૨ ॥ તેની કથા કહે છે.

**आशापूरणकल्पद्रो, दिनेश्वरवरद्युते ।**
**देहि त्वं गौतमस्वामिन्, वंदितः सुखसंपदम् ॥ १ ॥**

"આશા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન અને સૂર્ય સમાન અને શ્રેષ્ઠ કાંતિવાળા હે ગૌતમસ્વામી! વંદન કરાયેલા એવા તમે સુખસંપદાને આપો."

ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરે ઈશ્વિર નામે શેઠ વસે છે. તેને પ્રેમલા નામે સ્ત્રી છે, જેને ચાર પુત્ર થયા છે. તે ચારેને ભણાવ્યા તેમજ પરણાવ્યા. અનુક્રમે શેઠ વૃદ્ધ થયા તેના ઘરમાં ઘણું દ્રવ્ય છતાં પણ લોભને લીધે તે અનેક પ્રકારના વ્યાપાર કરે છે, પરંતુ લક્ષ્મી કોઇને આપતો નથી. કોઇને દાન દેવાનું તો તેને મન જ થતું નથી.

એક દિવસ શેઠ જમીને ગોખમાં બેઠા છે એવામાં ચોથા પુત્રની સ્ત્રી બહુ ગુણવંતી છે. તેની સુપાત્રને દાન દેવાની મતિ છે, ચતુર છે, જાણ છે. તે સ્ત્રી વાસણ ધોવા-માંજવા માટે ઘરની બહાર આંગણામાં બેઠી છે, એટલામાં કોઈક નવદીક્ષિત સાધુ આઠ વર્ષની ઉમરના હતા તે ઈર્યાસમિતિ શોધતા વહોરવા માટે શેઠના ઘરને બારણે આવ્યા. તેને દેખી પેલી સ્ત્રીએ કહ્યું:

દોહો.

ચેલા ખરી સવાર, ઘામણી વાર ન જાણીએ;
તુમે લ્યો અન્યથી આહાર, અમ્હ ઘર વાસી જીમીએ. ૧

**અર્થ**:—'હે ચેલા! હજી તો સવાર છે, તું ભિક્ષાનો વખત થઈ ગયો છે એમ ન સમજીશ. વળી અમે વાસી અન્નના જમનાર છીએ તેથી તમે બીજે જઇને આહાર લ્યો.' ચેલાએ કહ્યું કે—'તો હું અન્યત્ર ભિક્ષા માટે જાઉં?' વહુએ કહ્યું કે—'જેમ ઠીક લાગે તેમ કરો.' પછી ચેલો પણ તે કૃપણનું ઘર મૂકી અન્ય ઘરે આહાર લેવા ગયો.

ગોખમાં બેઠેલા શેઠે તે સર્વ વાત સાંભળીને વિચાર્યું કે—'એ વહુનાં વચન મળતાં આવતાં નથી.' એટલે વહુને બોલાવી પૂછ્યું કે—'બે પહોર દિવસ થયા છતાં તમે ચેલાને એમ કેમ કહ્યું કે સવાર છે. વળી ચેલાએ બીજે આહાર લેવા જવાનું કહ્યું ત્યારે તમે તેમ કરવામાં સંમતિ કેમ આપી? અને અમારે ઘેર વાસી જમીએ છીએ એમ કેમ કહ્યું? આપણે ઘેર તો સર્વદા નવી જ રસવતી નીપજે છે અને સર્વ કુટુંબ સહિત તાજી રસવતી ખાઇએ છીએ; પરંતુ ટાઢી રસોઇ તો કોઈ જમતું નથી. તેમ છતાં તમે ચેલાને એમ કહ્યું તેનું કારણ શું?' તે સાંભળી વહુ ઘૂંઘટ કાઢી લજ્જા આણતી થકી કહેવા લાગી કે—'હે તાતજી! સાંભળો. મેં ચેલાને કહ્યું કે તમે સવારી એટલે વહેલી નાનપણમાં દીક્ષા કેમ લીધી? ત્યારે ચેલે કહ્યું કે ઘામણી વાર ન જાણીએ, તેથી હું બીહું છું, કારણ કે સંસાર અસાર છે, આયુ અથિર છે, તેની બીક લાગે છે, માટે ઘામણી વાર ન જાણીએ એટલે વેળા કેમ ગમાવીએ?

કારણ કે જીવિતવ્ય વીજળીના ઝબકારા સરખું છે. વળી મેં કહ્યું કે અમારે ઘેર વાસી જમીએ છીએ તેનો અર્થ આમ છે કે અમે પાછલે ભવે દાનપુણ્ય કીધાં છે તેને યોગે ઋદ્ધિ મળી છે, પરંતુ આ ભવમાં દાનપુણ્ય કાંઇ કરતા નથી માટે નવી ઉપાર્જના કાંઈ થતી નથી; તેથી વાસી ભોજન કરીએ છીએ.'

એ વચન સાંભળી શેઠ વહુને મહાબુદ્ધિમાન્ જાણી હર્ષ પામ્યો થકો સર્વને એકઠા કરીને કહેવા લાગ્યો કે-'મારી આ વહુ સહુ વહુરોથી નાની છે પરંતુ બુદ્ધિએ કરી સર્વમાં અગ્રેસર છે; માટે એને હું મારા કુટુંબમાં મોટી કરી સ્થાપું છું. હવે મારા સર્વ કુટુંબીજનોએ એને પૂછીને કામકાજ કરવું, એવી આજ્ઞા કરૂં છું.' વળી શેઠને તે દિવસથી દાન દેવાની બુદ્ધિ પણ થઇ, તેથી દાન દેવા લાગ્યા.

કેટલાએક કાળ વીત્યા પછી વળી શેઠને પાંચમો પુત્ર થયો. તેનું દત્ત એવું નામ પાડ્યું, પરંતુ તેને હાથ-પગ નથી-હીણંગો છે. તેને જ્યારે યૌવનવય પ્રાપ્ત થયું ત્યારે લોક તેની હાંસી કરે. વૈદ્યે તેલમર્દનાદિ અનેક ઉપચાર કર્યા, પણ જેમ દુર્જનને ઉપકાર કરીએ તે ગુણ ન કરે તેમ એને પણ કાંઇ ગુણ થયો નહીં. શેઠે અનેક ઉપચારો કરી ઘણું દ્રવ્ય ખરચ્યું, પણ પુત્ર જેવો હતો તેવો ને તેવો જ રહ્યો.

એકદા બે મુનીશ્વર ભિક્ષાએ આવ્યા, તેમને વાંદીને શેઠે પૂછ્યું કે—'હે મહારાજ! મારો પુત્ર સારો થાય તેવું ઔષધ કહો.' ગુરૂએ કહ્યું કે—'જીવને રોગ બે પ્રકારના થાય છે. એક દ્રવ્યરોગ અને બીજો ભાવરોગ. તેમાં પહેલા દ્રવ્યરોગનો પ્રતિકાર તો વૈદ્ય જાણે છે અને બીજા ભાવરોગનો પ્રતિકાર અમારા ગુરૂ જાણે છે. તે હાલ આ ગામની બહાર વનમાં આવ્યા છે તેમને પૂછો.' તે વાત સાંભળી શેઠ પણ વનમાં ગયા. ત્યાં ગુરૂને વાંદી પૂછવા લાગ્યા કે—'મહારાજ! મારો દત્ત પુત્ર અંગહીન છે, તે કોઈ રીતે સારો થતો નથી, તેનું શું કારણ છે? તથા દ્રવ્યરોગ અને ભાવરોગ તે કોને કહીએ?' ત્યારે ગુરૂ

બોલ્યા કે—' રાગદ્વેષે કરી માઠાં કર્મ ઉપાર્જન કરીએ તે ભાવરોગ કહીએ, અને તે કર્મ ઉદયમાં આવ્યાથી જે વિપાક ભોગવીએ તે દ્રવ્યરોગ જાણવો. તપ, સંયમ, દયા, કાઉસ્સગ્ગાદિક ક્રિયાએ કરી ભાવરોગ મટી જાય. ભાવરોગ ગયો તો દ્રવ્યરોગ પણ ગયો જાણવો. આ તારા પુત્રે પૂર્વભવે હાટે બેસી લોભે કરી લોકોને છેતર્યા છે, કૂડે તોલે, કૂડે માપે કરી વ્યાપાર કર્યો છે, સરસ, નિરસ વસ્તુને ભેળસંભેળ કરી વેચી છે, એમ ઘણાં પાપો કર્યાં છે, પરંતુ એક વાર સાધુને દાન દીધું છે તે પુણ્યના યોગે કરી તારે ઘેર પુત્રપણે ઉપજ્યો છે. એણે હાથે કરી કૂડ-કપટ-છળભેદ કરી મુગ્ધ લોકોને છેતર્યા છે, તેથી તે હાથરહિત થયો છે.' એવી વાત ગુરૂના મુખથી સાંભળી શેઠે તથા દત્તે બંને જણે મળીને શ્રાવકધર્મ અંગીકાર કર્યો. દત્તે નિયમ લઈ માયા-કપટ મૂકી દઈ નવકારમંત્રનું સ્મરણ કર્યું. તે સ્મરણ કરવાના પુન્યથી દેવલોકે ગયો, માટે અહો ભવ્ય લોકો ! કોઇને મ વંચો, મ વંચો, એક પુણ્ય જ સંચો, સંચો.

ઇતિ હીનાંગે દત્તકથા સમાપ્ત.

---

## હવે આડત્રીશમી અને ઓગણચાલીશમી પૃચ્છાના ઉત્તરો એક ગાથાએ કરી કહે છે.

**संजमजुआण गुणवं–तयाण साहूण सीलकलिआणं ।**
**मूओ अवण्णवाएण, टुंटओ पण्हिघाएण ॥ ५३ ॥**

**ભાવાર્થ:**—જે જીવ સંયમયુક્ત, ક્ષમાદિ ગુણવંત, શીલે કલિત એટલે શીલે કરી યુક્ત એવા જે સાધુ મહાત્મા તેમના (અવણ્ણવાએ કે૦) અવર્ણવાદને બોલે, એટલે અણછતા દોષ બોલે-નિંદા કરે, તે જીવ ભવાંતરે (મૂઓ કે૦) મૂક એટલે મુંગો થાય; તથા જે જીવ પગના પ્રહારે કરી સાધુને (ઘાએણં કે૦) ઘા કરે એટલે પાટુ મારે, તે જીવ ભવાંતરે ટૂંટો થાય. ॥૫૩॥ જેમ વડોદ્રાવાસી દેવશર્માના પુત્ર અગ્નિશર્માએ મહાત્માની નિંદા કરી, તેના યોગથી

તે મૂક થયો અને સાધુને પીંકા પાટુના પ્રહાર કર્યા તેથી તેજ ભવે તેને દેવતાએ શિક્ષા કરી. ત્યાંથી મરી નરકે ગયો અને ભવાંતરે હીન કુળમાં ઉપજી પાસડ નામે ટૂંટો થયો તેમ. તેની કથા કહે છે:—

વિટપ નગરે દેવશર્મા નામે બ્રાહ્મણ ચૌદ વિદ્યાનો નિધાન છે, તેને અગ્નિશર્મા નામે પુત્ર થયો. તે ઘણાં શાસ્ત્ર ભણ્યો, જ્યોતિષ્શાસ્ત્રમાં નિપુણ થયો; તેથી પોતાના મનમાં ઘણો અહંકાર ધરવા લાગ્યો. તે ધર્મવંતની, ગુણવંતની અને ચારિત્રીયાની નિંદા કરે, તેમના દોષ બોલે. એકદા તેના બાપે શિખામણ દીધી કે—'હે વત્સ! જાતિકુળનો મદ ન કરીએ. ડાહ્યો મનુષ્ય ગર્વ ન કરે તેમજ કોઇની નિંદા પણ ન કરે.' ઈત્યાદિ ઘણું સમજાવ્યો પણ જેમ દૂધથી ધોતાં છતાં કાગડો ઉજ્વળ ન થાય તેમ એણે પણ પોતાનો સ્વભાવ મૂકયો નહીં. 'પ્રાણ ને પ્રકૃતિ હંમેશાં સાથે જ જાય છે.'

એકદા ઘણા સાધુના પરિવારસહિત એક જ્ઞાની ગુરૂ ત્યાં આવી સમોસર્યા. તેમને નગરના સર્વ લોક વાંદવા ગયા. તે ગુરૂનો મહિમા દેખીને અગ્નિશર્મા ક્રોધિત થયો થકો લોકોને કહેવા લાગ્યો કે—'એ પાખંડી મહાત્માની પૂજા–ભક્તિ કરવાથી શું થાય? એ વેદત્રયીથી બહાર છે.'

એક વાર તે બ્રાહ્મણ ઘણા બ્રાહ્મણ લોકોના દેખતાં ગુરૂની સાથે વાદ કરવા માટે આવ્યો અને કહેવા લાગ્યો કે—'તમે ક્ષુદ્ર, અપવિત્ર અને નિર્ગુણી છો તેમ છતાં લોકો પાસે પૂજા શામાટે કરાવો છો? કારણ કે વેદના જાણ એવા પવિત્ર બ્રાહ્મણને દાન આપે, તેની પૂજા કરે તો જીવ સ્વર્ગે જાય. અમે યજ્ઞ કરીને બકરા જેવા જનાવરોને પણ સ્વર્ગમાં મોકલીએ છીએ.' એવી રીતે બોલવા લાગ્યો, એટલે તેને એક શિષ્યે કહ્યું કે—'તું પ્રથમ મારી સાથે જ વાદ કર. હું જ તારા સઘળા પ્રશ્નોનો ઉત્તર આપું છું, તે સાંભળ.

પ્રથમ તું કહે છે કે તમે ક્ષુદ્ર છો, અમે જ બ્રાહ્મણ છીએ, તે તારૂં બોલવું અયુક્ત છે; કહ્યું છે કે:—

॥ श्लोक ॥

ब्राह्मणो ब्रह्मचर्येण, यथा शिल्पेन शिल्पकः ।
अन्यथा नाममात्रं स्या–दिंद्रगोपककीटवत् ॥ १ ॥

એ વચનથી એમ કહ્યું છે કે–જે બ્રહ્મચર્ય પાળે તે બ્રાહ્મણ કહેવાય. કોની પેઠે ? તો કે શિલ્પીના ગુણે કરી જેમ શિલ્પી કહેવાય તેમ. તેથી જો બ્રાહ્મણમાં બ્રહ્મચર્ય ન હોય તો તેને ઇંદ્રગોપકીટ સમાન વ્યર્થ બ્રાહ્મણ જાણવો.

વળી તું કહે છે કે તમે અશૌચ છો, તે પણ અસત્ય છે; કારણ કે સ્નાન કરી–ફકત પાણી ઢોળી અપ્કાય જીવોની વિરાધના કરવાથી કાંઈ શૌચપણું થતું નથી. જો સ્નાન કર્યાથી શૌચતા પ્રાપ્ત થતી હોય તો પાણીમાં રહેલાં માછલાં સદૈવ સ્નાન જ કરે છે, તે સર્વ તારા કહેવા પ્રમાણે પવિત્ર થવાં જોઈએ; પરંતુ મનઃશુદ્ધિ વિના શૌચપણું થતું જ નથી. મનની શુદ્ધિ એ જ પરમ શૌચતા કહી છે.

श्लोक

चित्तमंतर्गतं दुष्टं, तीर्थस्नानैर्न शुद्ध्यति ।
शतशोऽथ जलैर्धौतं, सुराभांडमिवाशुचिः ॥ १ ॥

सत्यं शौचं तपः शौचं, शौचमिंद्रियनिग्रहः ।
सर्वभूतदया शौचं, जलशौचं च पंचमम् ॥ २ ॥

चित्तं रागादिभिः क्लिष्ट–मलीकवचनैर्मुखं ।
जीवहिंसादिभिः कायो, गंगा तस्य पराङ्मुखी ॥ ३ ॥

**ભાવાર્થઃ**—જેનું અંતઃકરણ દુષ્ટ છે તે પુરૂષ જેવી રીતે હજાર વખત જળથી ધોવાવડે મદિરાનું પાત્ર શુદ્ધ થતું નથી તેવી જ રીતે સ્નાનથી શુદ્ધ થતો નથી. વળી પ્રથમ સત્યરૂપ શૌચ, બીજું તપરૂપ શૌચ, ત્રીજું ઇંદ્રિયના નિગ્રહરૂપ શૌચ, ચોથું સર્વભૂતપર દયારૂપ શૌચ અને જળશૌચ તો છેવટનું પાંચમું શૌચ છે. વળી જેનું ચિત્ત રાગાદિકે કરી ક્લિષ્ટ છે,

ખોટું બોલવાથી જેનું મુખ અપવિત્ર છે, તથા જીવહિંસાદિકથી જેની કાયા અપવિત્ર છે, તેવા પુરૂષને ગંગા પણ પવિત્ર કરી શકતી નથી અર્થાત્ ગંગા પણ તેમનાથી પરાઙ્મુખી છે. વળી કહ્યું છે કે—

आत्मानदी संयमपुण्यतोया, सत्यावहा शीलदयातटोर्मी ।
तत्राभिषेकं कुरु पांडुपुत्र !, न वारिणा शुद्ध्यति चांतरात्मा ॥१॥

**ભાવાર્થઃ**—શ્રી કૃષ્ણ કહે છે કે—'હે પાંડુરાજાના પુત્ર અર્જુન ! સંયમ અને પુણ્ય તે રૂપ જળે કરી યુકત અને સત્યરૂપ જેનો પ્રવાહ છે તથા શીલ અને દયારૂપ જેનાં બે તટ છે એવી આત્મારૂપ નદી છે તેને વિષે તું અભિષેક કર અર્થાત્ તેમાં સ્નાન કર; કેમકે જળે કરી અંતરાત્મા કોઈ દિવસ પણ શુદ્ધ થતો નથી.

વળી તેં કહ્યું કે-તમે નિર્ગુણી છો તે પણ તારૂં બોલવું અયુક્ત છે, કેમકે ક્ષમા, દયા અને ક્રિયાપ્રમુખ અનેક ગુણો પ્રત્યક્ષ અમારામાં દેખાય છે, તો નિર્ગુણી કેમ કહેવાઈએ ? વળી કહ્યું છે કે—

चित्तं शमादिभिः शुद्धं, वदनं सत्यभाषणैः ।
ब्रह्मचर्यादिभिः काया, शुद्धा गंगांभसा विना ॥ १ ॥

**ભાવાર્થ**:—શમાદિકે કરી ચિત્ત શુદ્ધ થાય છે, સત્ય ભાષણે કરી વદન શુદ્ધ થાય છે, બ્રહ્મચર્યાદિકે કરી કાયા શુદ્ધ થાય છે એમ ગંગાના જળ વિના જ તે પૂર્વોક્ત સર્વ શુદ્ધ થાય છે; પરંતુ ગંગાના જળથી તે શુદ્ધ થતાં નથી.

વળી તું કહે છે કે-તમે લોકો પાસે પૂજા કરાવો છો, તે પણ સત્ય કહ્યું નથી. કહ્યું છે કે—

पूजां ह्येते जनाः स्वस्य, कारयंति न जातुचित् ।
स्वयमेव जनः किंतु, गुणरक्तः करोति तत् ॥

**ભાવાર્થઃ**—આ મુનિઓ પોતાની પૂજા કદિ પણ કરાવતા નથી. લોકો જે અમોને પૂજે છે તે સ્વયમેવ એટલે પોતાની મેળે જ ગુણો જોઇને પૂજે છે; કારણ કે જન છે તે ગુણમાં રક્ત હોય છે અર્થાત્ સર્વ માણસ જો ગુણ જુએ તો પૂજે છે. એમાં કાંઇ નવાઇ નથી.

તથા તેં કહ્યું કે–બ્રાહ્મણની પૂજા કરનારો સ્વર્ગે જાય છે તે પણ અસત્ય છે, કેમકે ઘણા બ્રાહ્મણ તો અપવિત્ર, અબ્રહ્મ સેવનારા, ખેતી કરનારા, ઘરમાં ગાય–ભેંસાદિક પશુઓ તથા છોરૂ–વાછરૂને રાખી તેનું પાલન કરનારા હોય છે, તેમજ રીસાળ અને નિર્દયી હોય છે; માટે તેને પૂજવાથી સ્વર્ગ પ્રાપ્ત થતું નથી.

વળી તેં કહ્યું કે–અમે યજ્ઞમાં છાગનો વધ કરી તેને સ્વર્ગે મોકલીએ છીએ, તે પણ તારૂં બોલવું અસત્ય છે; કારણ કે તારા જ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

॥ श्लोक ॥

**यूपं छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।**
**यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ? ॥ १ ॥**

**ભાવાર્થઃ**—યૂપને છેદીને, પશુને મારીને, ભયંકર હિંસાથી લોહીનો કાદવ કરીને જો સ્વર્ગમાં જવાય તો પછી નરકમાં શાથી જવાય ? અર્થાત્ તેવા કાર્યથી જ નરકે જવાય.

એવી યુક્તિવડે નગરના સર્વ લોકના દેખતાં છતાં શિષ્યે અગ્નિશર્મા બ્રાહ્મણને હરાવ્યો, તેથી તે બ્રાહ્મણ રોષે ભરાઇને પોતાને ઘેર જતો રહ્યો. પછી રાત્રીએ એકલો વનમાં જઇ સર્વ સાધુઓ નિદ્રામાં હતા તેમનાપર પાટુપ્રહાર કર્યા અને મુષ્ટિઓવડે માર માર્યો. તેને વનદેવતાએ અટકાવ્યો અને પકડ્યો. પછી તેના બેહુ પગ શકિતએ કરી છેદી નાખ્યા. તેની પીડાથી દુઃખ પામતા તેને પ્રભાતે લોકોએ દીઠો. તેનું સ્વરૂપ સર્વ લોકોના જાણવામાં આવ્યું એટલે સર્વ લોકો તેની નિંદા કરવા લાગ્યા. એવી રીતે સાધુઓની અવજ્ઞા કરીને તે પાપિષ્ટ મરીને પહેલી નરકે નારકીપણે ઉપજ્યો.

ત્યાંથી નીકળી કોઇ દરિદ્રીને ઘેર પાસડ એવો નામે પુત્ર થયો. ત્યાં પણ પૂર્વકૃત કર્મને દોષે મુંગો થયો, ટૂંટો થયો, જન્મતાં જ માતા મરી ગઈ અને જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે તેનો પિતા પણ દેવશરણ થયો. તે લોકોનું દાસપણું કરી પેટ ભરવા લાગ્યો. સર્વ જનોને અણગમતો થયો. ત્યારપછી પણ સંસારમાં ઘણા કાળ સુધી રઝળ્યો.

ઈતિ અગ્નિશર્માની કથા.

---

## હવે ચાલીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**जो वाहइ निस्संसो, छाउव्वायंपि दुरिकयं जीअं ।**
**सियंतगत्तसंधिं, गोयम सो पंगुलो होइ ॥ ५४ ॥**

**ભાવાર્થઃ**—જે પુરૂષ નિઃશંકપણે અથવા નિઃસ્તૃંશ એટલે નિર્દય છતો વૃષભાદિક જીવની ઉપર ભાર નાખીને (વાહઇ કે૦) વહાવે તેથી છાત એટલે જેમનાં અંગ ત્રુટી ગયાં છે, ઉદ્રાત એટલે જેમનો શ્વાસ ઉંચો જ રહે છે અને શરીરની સંધિઓ અને ગાત્ર જેના દુઃખિત છે એવા દુઃખિયા વૃષભને તથા કર્મકરાદિક જીવોને જે દુઃખી કરે છે તે જીવ હે ગૌતમ ! મરીને પાંગળો થાય. જેમ સુગ્રામવાસી હાલુકર્ષણીનો પુત્ર કર્મણ નામે હતો, તેણે પૂર્વભવમાં બળદ અને હાલીને ઘણા ભૂખ્યા-તરસ્યા રાખ્યા હતા તેથી પાંગલો થયો તેમ. તેની કથા કહે છે.—

સુગ્રામ ગ્રામે હાલુ નામે કર્ષણી છે, તે દયાવંત અને સંતોષી છે. ચારાપાણીનો વખત થાય એટલે હળ ખેડનાર હાલીને તથા બળદને છોડી ચારોપાણી આપે. કદાચ ચારોપાણી હાજર ન હોય તો પોતે પણ જમે નહીં, એવો નિયમ કરેલો છે. તેની હેમી નામે સ્ત્રી છે, તે સરલ ચિત્તવાળી છે. તેને કર્મણ નામે પુત્ર થયો, જે પૂર્વકૃત કર્મે કરી રોગીઓ ને પાંગળો થયો છે. તે જ્યારે મોટો થયો ત્યારે ક્ષેત્રની ચિંતા કરવા માટે બળદ

ઉપર બેસીને ક્ષેત્રમાં જાય. પૂર્વભવના સંસ્કારથી જાતે ઘણો જ લોભી હોવાથી તેના બાપ કરતાં ત્રણગણી ભૂમિ ખેડાવે, હાલી તથા બળદોને ખાવાનો વખત થાય તો પણ તેને છુટા કરે નહીં, ચારાપાણીની ચિંતા રાખે નહીં. તેણે કરીને વર્ષોવર્ષ કર્ષણ કરતાં પાછલે વર્ષે જેટલું ધાન્ય નીપજ્યું હોય તેથી આગલે આગલે વર્ષે ધાન્ય ઓછું ઓછું નીપજવા લાગ્યું. અનુક્રમે તે નિર્ધન થઈ ગયો, તો પણ તે પાપકર્મ કરતો અટકયો નહીં.

એકદા જ્ઞાની ગુરૂ આવ્યા તેમને વાંદવા માટે ગામના લોકોની સાથે એ પિતા-પુત્ર પણ ગયા. ગુરૂને પિતાએ પૂછ્યું કે–' મહારાજ ! કયા કર્મને યોગે આ મારો પુત્ર રોગીઓ, પાંગલો અને નિર્ધન થયો છે ? ' ત્યારે ગુરૂએ કહ્યું કે–' એણે પૂર્વ ભવમાં કર્ષણ કરતાં ભૂખ્યા તરસ્યા બળદોને વાહ્યા છે, તેમની સંધિએ ઘા દીધા છે, માર્યા છે, અંતે કાંઇક પશ્ચાત્તાપ કર્યો હતો તેથી મનુષ્યપણું પામી તારો પુત્ર થયો છે; પરંતુ આ ભવમાં પણ તેવાં જ પાપ કરે છે. ' એવી ગુરૂની વાણી સાંભળી હળક્ષેત્ર સંબંધી પાપો આલોવી બાપે દીક્ષા લીધી અને કર્મણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. આયુ પૂર્ણ કરી બેહુ દેવલોકનાં સુખ પામ્યા.

નિર્દયતા ઉપર કર્મણ હાલીની કથા સંપૂર્ણ.

---

## હવે એકતાલીશમી તથા બેંતાલીશમી પૃચ્છાના ઉત્તર બે ગાથાએ કરી કહે છે.

**सरलसहावो धम्मि–व्व माणसो जीवरक्कणपरोय ।**
**देवगुरुसंघभत्तो, गोयम रूवस्सियो होइ ॥ ५५ ॥**

**कुडिलसहावो पाव–प्पिओ अ जीवाण हिंसणपरो अ ।**
**गुरुदेवयपडिणीओ, अच्चंत कुरूवओ होइ ॥ ५६ ॥**

**ભાવાર્થઃ**—જે પુરૂષ છત્રના દંડની પેઠે સરલ સ્વભાવી હોય અને ધર્મને વિષે જેનું ચિત્ત હોય તથા જે મનુષ્ય જીવની રક્ષા કરવામાં તત્પર હોય તથા જે દેવ, ગુરૂ અને સંઘનો ભક્ત

હોય, તે જીવ હે ગૌતમ ! રૂપવાન્ થાય ॥ ૫૫ ॥ તથા જે જીવ સ્વભાવે કુટિલ હોય એટલે કુટિલસ્વભાવી હોય અને પાપપ્રિય હોય એટલે તેને પાપ કરવું જ ગમે અને જીવની હિંસા કરવામાં તત્પર હોય, તથા દેવ અને ગુરૂની ઉપર દ્વેષ વહેનારો હોય, દેવગુરૂનો પ્રત્યનિક હોય તે પુરૂષ મરીને અત્યંત કુરૂપ થાય. જેમ પાટણ નગરમાં દેવસિંહ શેઠનો પુત્ર જગસુંદર સર્વ લોકોને મનગમતો રૂપવંત થયો, અને તેનો જ બીજો ભાઇ અસુંદર થયો તેમ. તે કાળો, કૂબડો, દુર્ભાગી, દુઃસ્વર, લંબકંઠો, મોટા પેટવાળો અને કુરૂપી થયો. એ બંને ભાઇની કથા કહે છે:—

પાટણ નગરે દેવસિંહ શેઠ ધનવંત વસે છે. તેને દેવશ્રી નામે સ્ત્રી છે, તે સરળ અને સ્નેહવાળી છે. તેણે એકદા પાછળી રાતે એક આંબાનું વૃક્ષ શાખા, ડાળ અને ફુલે ભરેલું આકાશથી ઉતરતું અને પોતાના મુખમાં સંચરતું સ્વપ્નામાં દીઠું. એટલામાં જાગ્રત થઇને પોતાના ભર્તારને તે સ્વપ્નાની હકીકત કહી. ભર્તારે સાંભળીને સ્ત્રીને કહ્યું કે–' તને ફળવંત ગુણવંત આંબાની પેઠે અનેક જીવોના આધારભૂત એવું પુત્રરત્ન પ્રાપ્ત થશે. ' તે સાંભળી સ્ત્રી હર્ષવંત થઇ. અનુક્રમે પૂર્ણ દિવસે લક્ષણવંત પુત્ર જન્મ્યો. તેના પિતાએ વધામણાં કીધાં. કુટુંબ જમાડી, દીધાં વસ્ત્ર ને સાડી, હરખ્યાં બાપ ને માડી; એનું જગસુંદર નામ યથાગુણે દીધું, શેઠનું વાંછિત કામ સીધું. તે નિશાળે ભણ્યો, કળાઓ શીખ્યો. ભાગ્યયોગે વિનય, વિવેક, ચાતુર્ય, ઔદાર્ય, ગાંભીર્ય, ધૈર્યાદિક ગુણવંત થયો. તે યૌવનવય પામ્યો ત્યારે તેણે અનેક કન્યા સાથે પાણિગ્રહણ કર્યું. તે દેવ, ગુરૂ, સંઘની ભક્તિ કરે, જિનધર્મ આદરે, દાન દઇ પુણ્યભંડાર ભરે, દીન–દુઃખીનો ઉદ્ધાર કરે, એવો ગુણવંત થયો.

વળી એકદા દેવશ્રીએ શેષરાત્રિએ દવદગ્ધ વૃક્ષ મુખમાં પેસતું સ્વપ્નામાં દીઠું. તે સ્વપ્ન માઠું જાણી ભર્તાર આગળ કહ્યું નહીં. અનુક્રમે કાળો, ચીબો, દાંતાળો, તુચ્છ કાનવાળો, જેનું હૈયું ને પેટ સ્થૂળ, બાહુ જેની ટુંકડી, જાંઘ લાંબી, શરીરે ઘણાં રોમ, દુર્ભાગી, દુઃસ્વર, એવો પુત્ર પ્રસવ્યો. લોકોએ તેનું રૂપ

દેખી અસુંદર એવું નામ આપ્યું. તે પુત્ર મૂર્ખ ને ધર્મહીન થયો. 'પાપે કૂડો તેને કોઇ ન કહે રૂડો' એવો દુર્ભાગી થયો, તેથી તેને કોઈ કન્યા આપે નહીં. દ્રવ્ય આપવા છતાં પણ કોઈ કન્યા આપવા કબૂલ થયું નહીં.

ત્યારે પિતાએ કહ્યું કે-'હે વત્સ! તેં પૂર્વભવે પુણ્ય કીધું નથી, તેથી આવો કુરૂપ થયો છું અને વાંછિત પામતો નથી; માટે હમણાં તો ધર્મકરણી કર.' એવી શિખામણ દીધી, તો પણ તેને ધર્મ કરવાની લેશમાત્ર ઈચ્છા થઈ નહીં.

એકદા તે નગરની બહાર ચાર જ્ઞાનના ધણી એવા સુવ્રત નામના આચાર્ય આવીને સમોસર્યા. તેમને દેવસિંહે પુત્રોસહિત જઇને વંદના કરી. ગુરૂએ ધર્મોપદેશ દીધો, તે સાંભળી જેમ મેઘગર્જારવ સાંભળી મોર હર્ષ પામે તેમ સર્વ હર્ષ પામ્યા. દેશનાનંતર શેઠે પૂછ્યું કે-'હે ભગવન્! મારા બે પુત્રો છે, તેમાં મોટો પુત્ર ગુણવંત, સોભાગી અને પુણ્યવંત થયો છે, જ્યારે બીજો લઘુપુત્ર દુષ્ટ, દુર્ભાગી, પાપરૂચિ તેમજ દુરાચારી થયો છે; તેથી તે બંનેએ પૂર્વભવે શું પુણ્ય-પાપ કર્યું હશે? તે કૃપા કરીને કહો.'

ગુરૂ કહેવા લાગ્યા કે-'હે શેઠ! આ જ નગરમાં આ ભવથી પાછલા ત્રીજે ભવે એક જિનદત્ત એવા નામે વણિક રહેતો હતો. તે સરલ સ્વભાવી જીવરક્ષા કરવાવડે સર્વત્ર પ્રસિદ્ધિ પામ્યો હતો. વળી દેવ, ગુરૂ અને શ્રીસંઘની ભક્તિ કરવામાં પણ અગ્રેસર હતો, તેથી સર્વ લોકો તેના વખાણ કરતા હતા. તે જ નગરમાં એક શિવદેવ નામે વણિક મહા મિથ્યાત્વી રહેતો હતો. તે દેવ, ગુરૂ અને શ્રીસંઘ ઉપર દ્વેષ રાખી તેમની હાંસી કરતો, મનમાં કૂડકપટ રાખતો અને જિનદત્તનો મિત્ર હતો તો પણ જીવહિંસા કરતાં અટકતો નહોતો.

તે મિથ્યાત્વી મરીને પહેલી નરકે ગયો અને જિનદત્ત શ્રાવક મરીને પહેલે દેવલોકે દેવ થયો. ત્યાં દેવતાનાં અપૂર્વ સુખ ભોગવી આયુ પૂરૂં કરીને તે દેવ તારો જગસુંદર નામનો મોટો પુત્ર થયો અને શિવદેવનો જીવ નરકથી નીકળી તારો અસુંદર નામે નાનો

પુત્ર થયો. તે પૂર્વભવે દેવ, ગુરૂનો દ્વેષી હતો, નિર્દય હતો, તેથી આ ભવમાં કુરૂપ થયો છે. હજી પણ તે ધર્મદ્વેષી છે, માટે ઘણો કાળ સંસારમાં ભ્રમણ કરશે.' એવી ગુરૂનાં મુખથી પૂર્વભવ સંબંધી વાત સાંભળતાં જગસુંદરને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું, તેથી હર્ષ પામ્યો. તે ઘણો કાળ શ્રાવકધર્મ સમ્યક્ પ્રકારે આરાધી અંતે દીક્ષા લઇ મોક્ષસુખ પામ્યો.

દેવ, ગુરૂ અને શ્રીસંઘની ભક્તિ ઉપર જગસુંદર–અસુંદરની કથા.

---

## હવે ત્રેંતાલીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**जो जंतदंडकसरज्जु–खग्गकुंतेहिं कुणइ वियणाओ ।**
**सो पावो निक्करुणो, जायइ बहुवेयणो पुरिसो ॥ ५७ ॥**

**ભાવાર્થ:**—જે પુરૂષ યંત્ર, લાકડી, દંડ, પરોણા, ચાબકા, રજ્જુ તે નાડી, દોરી, ખડ્ગ તે ખાંડા, કુંતણા તે ભાલાં ઇત્યાદિક હથિયારે કરી અન્ય જીવોને વેદના કરે, તે પાપી–નિર્દયી પુરૂષ જન્માંતરે ઘણી વેદના પામે. ॥ ૫૭ ॥ જેમ મૃગ ગામે વિજય રાજાની મૃગારાણીનો પુત્ર લોઢો નામે હતો તે પામ્યો તેમ. તેણે પાછલે ભવે ઘણાં ગામ ઉપર અધિકારી હોવાને અંગે ઘણા લોકોને અત્યંત દુઃખી કર્યા હતા તેથી તે જ ભવમાં તેને જળોદર, કોઢ પ્રમુખ સોળ મહારોગ ઉપજ્યા હતા. તે મરીને પહેલી નરકે ગયો હતો. ત્યાંથી નીકળી લોઢાને ભવે નપુંસક થયો. સ્પષ્ટ એવી પાંચે ઇંદ્રિયોથી રહિત અત્યંત વેદના ખમતો મહાદુઃખી થયો. તેની કથા કહે છેઃ—

આ જ ભરતક્ષેત્રે મૃગગામે વિજય નામે રાજા છે, તેને મૃગાવતી નામે રાણી છે. તેમને સંસારસુખ ભોગવતાં ઘણો કાળ વીત્યો.

એકદા શ્રીમહાવીર તીર્થંકર વિહાર કરતા, ભવ્યજીવોને પ્રતિબોધ દેતા, શ્રીગૌતમસ્વામી પ્રમુખ અનેક સાધુઓના પરિવારે પરવર્યા થકા ત્યાં સમોસર્યા. દેવતાઓએ ત્રણ ગઢની રચના કરી, આગળ ફુલપગર ભર્યા. બાર પર્ષદા મળીને પરમેશ્વરની વાણી સાંભળવા બેઠી. એવા અવસરે એક જાત્યંધ પુરૂષ જાતે કોઢીઓ છે તથા

હાથ, પગ, નાક, આંગળી પ્રમુખ સર્વ અંગો ગળી ગયાં છે, દુ:સ્વર ને દુર્ભગ છે. તે લોકે નિંદાતો થકો સમોસરણમાં આવ્યો. તેને દેખી ગૌતમસ્વામીએ પરમેશ્વર પ્રત્યે પૂછ્યું કે-'હે ભગવન્! એ જીવ કયા અશુભ કર્મને યોગે મહા દુ:ખી થયો છે?' ભગવાને કહ્યું કે-'એણે પૂર્વ ભવે ઘણાં પાપકર્મ કર્યાં છે તેથી એ દુ:ખીઓ થયો છે.' વળી ગૌતમસ્વામીએ પૂછ્યું કે-'મહારાજ! એ જીવથી પણ અધિક દુ:ખીઓ જીવ કોઇ હશે કે જેને દેખી લોક દુગંચ્છા-સૂગ કરે, નિંદે, કાઢી મૂકે?' ભગવાન્ બોલ્યા કે-'હે ગૌતમ! એ જ ગામના રાજાનો પુત્ર જગતમાં અત્યંત દુ:ખીઓ છે, કારણ કે તે બહેરો, પાંગળો અને નપુંસક છે. હાથ, પગ, કાન, નાક, ભ્રકુટી, મુખ એમાંનાં કોઇ પણ અંગ તો તેને છે જ નહીં. તેની આઠ નાડી માંહી વહે છે અને આઠ નાડી બહાર વહે છે. આઠ નાડી લોહીની અને આઠ પરૂની વહે છે. તે મહા દુર્ગંધી છે, શરીરે લોઢા જેવો છે, સદૈવ રોમે કરી આહાર લે છે. તે જીવ અહીંયાં પણ નરકનાં દુ:ખ ભોગવે છે.'

તે સાંભળી ગૌતમસ્વામીને કૌતુક ઉપજ્યું, તેથી તેને જોવા માટે જવાની ઇચ્છાથી કહેવા લાગ્યા કે-'હે સ્વામિન્! તમે આજ્ઞા આપો તો હું તેને જોઇ આવું.' પરમેશ્વરે આજ્ઞા આપી એટલે ગૌતમસ્વામી રાજાને ઘેર આવ્યા. રાજા-રાણી બંને હર્ષ પામ્યાં. રાણી બોલી કે-'મહારાજ! આજ અમારા ઉપર અત્યંત અનુગ્રહ કર્યો.' ગૌતમસ્વામી મૃગાવતી પ્રત્યે બોલ્યા કે-'તમારો પુત્ર મારે જોવો છે.' ત્યારે રાણીએ પોતાના ચાર પુત્ર જે ગુણવંત હતા તેને બોલાવીને ગૌતમસ્વામીને વંદાવ્યા. શ્રીગૌતમે ધર્મલાભ દીધો. વળી રાણીએ કહ્યું કે-'આજે મારાપર અનુગ્રહ કર્યો.' ત્યારે શ્રીગૌતમે મૃગાવતીને કહ્યું કે-તમારો જે શીલા સરિખો પુત્ર છે તેને જોવા હું આવ્યો છું.' રાણી બોલી કે-'હે ભગવન્! તે પુત્રને તો કોઇ ન જાણે તેવી રીતે અમે ભોંયરામાં છાનો રાખ્યો છે, તે તમે શી રીતે જાણ્યું?' શ્રીગૌતમ બોલ્યા કે-'અમારા સ્વામી શ્રીમહાવીર છે, તે સર્વજ્ઞ છે, તેમના કહેવાથી જાણ્યું.' ત્યારે રાણીએ કહ્યું કે-'હે ભગવન્! ક્ષણેક રોકાઓ તો ભોજનવેળાએ હું સારાં વસ્ત્રાભરણ તજી દઇ એક ગાડલીમાં

તેને યોગ્ય આહાર લઇ ભોંયરામાં જઇશ ત્યારે તમને સાથે તેડી જઇ દેખાડીશ.' પછી રાણી ગાડલી લઇ શ્રીગૌતમસ્વામીને લઇને ભોંયરામાં ગઈ. ત્યાં ગૌતમસ્વામીને કહ્યું કે—'હે ભગવન્ ! અહીંયાં ઉગ્ર દુર્ગંધ છે, માટે મુહપત્તિએ મુખ નાક બાંધીને અંદર આવો.' પછી ભોંયરાનું કમાડ ઉઘાડયું ત્યારે ત્યાં ખાધેલું અન્ન પણ પાછું વળે એવી તીવ્ર દુર્ગંધ આવવા માંડી. રાણીએ સાદરી પાથરી તેની ઉપર આહાર મૂકી લોઢાને ઉપર લઇ આવી. તેણે આહારસંજ્ઞાથી રોમે કરી આહાર લેવા માંડ્યો કે તરત જ તે આહાર પરૂ થઇને બહાર નીકળવા લાગ્યો. એવું દુઃખ જોઈ રાણીને વંદાવી શ્રી ગૌતમસ્વામી મહાવીરસ્વામી પાસે પાછા આવીને કહેવા લાગ્યા કે—'જેવું દુઃખ આપે કહ્યું હતું તેવું જ ખરેખર મેં દીઠું, માટે હવે કૃપા કરીને કહો કે એણે પૂર્વભવે શું મોટું પાપ કર્યું છે કે જેથી એ એવો દુઃખી થયો છે ?'

પ્રભુએ કહ્યું કે—'હે ગૌતમ ! શતદ્વાર નગરે ધનપતિ રાજાને વિજયવર્દ્ધન નામે [1]ખેડ છે. તેના તાબામાં પાંચશેં ગામ છે. તેની સંભાળ માટે અઈકાઈ રાઠોડને અધિકારી કરીને મોકલ્યો. તે રાઠોડ મહા રૌદ્ર પરિણામી, ક્ષુદ્રબુદ્ધિ અને મહાપાપકર્મી હતો. તે પાંચશેં ગામની ચિંતા કરે, અધિક કર લેય, નવા કર નાખે, લોકોને કૂડાં આળ આપી અન્યાયથી દંડ કરી નિર્દ્રવ્ય કરી નાખે. અધિકી–ઓછી વાત કરી લોકોને તાજણે કરી તાડના કરે, બાંધીને માર મારે, ઉંચા ટીંગાડે, દુહવે. એવી રીતનાં ઘણા પાપ કરવાથી તે જ ભવમાં તેને કાસ, શ્વાસ, જ્વર, દાહ, કુક્ષીશૂળ, ભગંદર, હરસ, અજીર્ણ, આંખવેદના, કાનવેદના, પુંઠશૂળ, ખસ, કોઢ, જળોદર, વેગ અને વાયુ–એ પ્રકારના સોળ મહારોગ ઉપજ્યા. તેણે કરી અતિ ઉપદ્રવ પામ્યો થકો તે આર્ત્ત, રૌદ્ર ધ્યાન ધરી મરણ પામી પહેલી નરકે ગયો. ત્યાં છેદન–ભેદન, તાપ–તાડનાદિ અનેક કષ્ટ સહન કરી ત્યાંથી ચ્યવી વિજયરાજાનો પુત્ર થયો છે. તે નપુંસક દુઃખીઓ અને ઘણી વેદનાના કષ્ટ

---

૧ ધૂળના કીલ્લાવાળું ગામ.

સહન કરે છે. એણે એક ભવમાં જ ઘણા પાપ કરવાથી અકથનીય દુઃખ દીઠાં છે. ' ( શ્રી વિપાકસૂત્રના દુઃખવિપાકના પહેલા અધ્યયનમાં આ કથા બહુ વિસ્તારથી છે )

ઇતિ મહાપાપ કરવા ઉપર મૃગાપુત્રની કથા.

---

## હવે ચુમ્માલીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**जे सत्ते विअणत्तो, मोआवइ बंधणाओ मरणाओ ।**
**कारुण्णपुण्णहियओ, णो असुहा वेयणा तस्स ॥ ५८ ॥**

**ભાવાર્થ:**—જે પુરૂષ પીડાયુક્ત એવા ( સત્તો કે૦ ) જીવોને ( બંધણાઓ કે૦ ) બંધનરૂપ સાંકળથી થતી ( વિઅણુત્તો કે૦ ) વેદના થકી તથા ( મરણાઓ કે૦ ) મરણ થકી ( મોઆવઈ કે૦ ) મૂકાવે છે તે અને ( કારૂણ્ણપુણ્ણહિયઓ કે૦ ) દયાએ કરી પૂર્ણ છે હૃદય જેનું એવા જે હોય છે ( તસ્સ કે૦ ) તે જીવને ભવાંતરે કોઈ પણ પ્રકારની ( અસુહા કે૦ ) અશુભ–દુઃખદાયી ( વેયણા કે૦ ) વેદના ન હોય ॥ ૫૮ ॥ જેમ સુપ્રતિષ્ઠિત નગરે ચંદન નામે શેઠ મિથ્યાત્વી હતો, પણ પાછળથી દૃઢ પ્રતીતિવાળો શ્રાવક થયો હતો, તેનો પુત્ર જિનદત્ત નામે હતો તે સર્વ કોઇને અભીષ્ટ–વલ્લભ થયો અને અત્યંત સુખ પામ્યો તેમ. તે ચંદન શેઠ અને જિનદત્તની કથા કહે છે:—

સુપ્રાતષ્ઠિત નગરે ચંદન નામે વ્યવહારીઓ વસે છે. તે મિથ્યાત્વી છે પરંતુ સ્વભાવથી ભદ્રિક છે. તેને પાહિણી નામે સ્ત્રી છે. એકદા શાંત, દાંત ગુણને ધારણ કરનાર ધર્મવંત ક્રિયાવંત એવા બે સાધુ તેને ઘેર આવ્યા. ત્યાં પ્રાસુક (નિર્દોષ) ઉપાશ્રય જાણી શેઠની આજ્ઞા લઇ તેમાં રહ્યા. તે સાધુના સંસર્ગથી શેઠ તથા તેની સ્ત્રીએ જૈનધર્મ પામીને વ્રત, પચ્ચખ્ખાણ તેમજ કેટલાક નિયમ લીધાં તથા સાધુ-ઓના સંસર્ગથી શેઠની ગોત્રદેવી પણ સમ્યગ્દૃષ્ટિવાળી થઇ.

હવે તે સાધુ અન્યત્ર વિહાર કરી ગયા. શેઠ પોતાની સ્ત્રી-સહિત પહેલું વ્રત આરાધવા લાગ્યા, પરંતુ ગૃહસ્થરૂપ વૃક્ષનું

ફળ જે પુત્ર, તે શેઠને નથી તેથી શેઠ શેઠાણી બંને ચિંતાતુર રહે છે. પછી પુત્રને અર્થે કુળદેવીની આરાધના કરવા માટે કંકૂ, કર્પૂર, સુખડ અને ફુલે કરી કુળદેવીને પૂજે, ભૂમિએ શયન કરે તથા તપસ્યા કરે. એમ કરતાં કુળદેવી પ્રસન્ન થઇ અને પ્રત્યક્ષ આવીને કહેવા લાગી કે–' હે શેઠ ! જે તું માગીશ તે હું તને આપીશ માટે માગ. ' ત્યારે શેઠે પુત્ર માગ્યો. ગોત્રદેવીએ ચિંતવ્યું કે–' પ્રથમ તો એ શેઠે સાધુ પાસે પહેલું વ્રત લીધું છે, તે બરાબર પાળે છે કે નથી પાળતો ? ધર્મમાં દૃઢ છે કે નથી ? તેની પરીક્ષા કરૂં. ' એમ મનમાં વિચારીને દેવી કહેવા લાગી કે–' હે શેઠ ! તું જો પુત્રની વાંછા કરતો હો તો એક જીવ મારીને તેનું બળિદાન મને આપ તો હું તને પુત્ર આપીશ અને જો તેમ નહીં કરીશ તો સ્ત્રી–ભર્તાર બંનેનું અનીષ્ટ કરીશ.' તે સાંભળી શેઠે કહ્યું કે– ' તું એમ કાં બોલે છે ? જે ભલો પુરૂષ હોય તે કદાપિ લીધેલા નિયમનો ભંગ કરે નહીં. મેં તો પ્રાણાતિપાતનો નિયમ લીધો છે માટે પુત્ર વિના સર્યું, પણ હું નિયમનું કદાપિ ખંડન કરીશ નહીં.' તે સાંભળી દેવી કોપ કરીને શેઠની સ્ત્રીને ચોટલે પકડી તરવારવડે મારવા લાગી. સ્ત્રી પણ રડતી રડતી કહેવા લાગી કે–' અરે દેવી ! મારી રક્ષા કરો ! રક્ષા કરો ! ' તો પણ દેવીએ તે સ્ત્રીનું મસ્તક છેદી નાખ્યું. વળી શેઠને કહેવા લાગી કે–' તને પણ એવી જ રીતે મારી નાખીશ. અરે દુષ્ટ ! દુર્બુદ્ધિ ! તારા કુળક્રમાગત જીવઘાત કરી બલિ આપવાનો જે રીવાજ ચાલતો આવે છે, તેનો તેં નિયમ શા વાસ્તે લીધો ? માટે હવે પુત્રની વાત તો દૂર રહી, પરંતુ તારે પોતાને પણ જીવવાનો સંદેહ છે; માટે હઠ–કદાગ્રહ મૂકીને મને બલિદાન આપ.' એવાં દેવીનાં કટુ વચન સાંભળીને પણ શેઠ ક્ષોભ પામ્યો નહીં અને દેવી પ્રત્યે કહેવા લાગ્યો કે–' મરવું તો એક વાર છે જ, માટે પછી મરીશ તે કરતાં હમણાં જ ભલે મારૂં મરણ થાય; પણ હું નિર્દય થઇને જીવઘાત તો કદાપિ કરીશ નહીં. ' એવી શેઠની દૃઢતા જોઈ દેવી હર્ષ પામી અને શેઠની સ્ત્રીને જીવતી દેખાડી કહેવા લાગી કે–' હે શેઠ ! તું ધન્ય છો, તું મહા સાહસિક અને પુણ્યવંત છો. તારૂં પહેલું વ્રત શુદ્ધ છે કે નહીં તેની મેં પરીક્ષા કરી. તે સંબંધી મારો

અપરાધ તું ક્ષમા કરજે. તું મારો સાચો સાધર્મી ભાઇ છો, માટે હું તારા ઉપર ઉપકાર કરીશ. તું શ્રીજિનેશ્વરની ભક્તિ કર, જેથી તને યોગ્ય પુત્ર થશે. તેનું જિનદત્ત નામ રાખજે.' એમ કહી ગોત્રદેવી અદૃશ્ય થઇ ગઇ. કેટલાએક દિવસ પછી શેઠની સ્ત્રીએ પુત્ર પ્રસવ્યો. તેની વધામણી આવી તેથી શેઠે મોટો મહોત્સવ કરી તેનું જિનદત્ત એવું નામ પાડયું. તે નિશાળે અને પોસાળે જઈને ભણ્યો, સર્વ કળાઓ શીખ્યો, ધર્મનો જાણ થયો. યૌવનવયે મોટા કુળની યોગ્ય કન્યા પરણાવી. તે જિનદત્ત પિતાને વલ્લભ છે, નિરોગી છે અને નિત્ય દેવપૂજા કરે છે.

એકદા વનમાંહે જ્ઞાની ગુરૂ પધાર્યા, તેમને શેઠે પુત્રસહિત જઇને વાંદ્યા. ધર્મોપદેશ સાંભળ્યા બાદ ચંદનશેઠે પૂછયું કે-' હે ભગવન્ ! મારો જિનદત્ત પુત્ર નિરોગી, મહાસુખી અને સર્વને સ્નેહાળુ કયા કર્મે કરીને થયો છે ? તે કહો.' ત્યારે ગુરૂ બોલ્યા કે-" હું જે કહું છું તે સાવધાન થઇને સાંભળો. એ જ નગરમાં ધરણ નામે વાણીયો રહેતો હતો. જિનદત્તનો જીવ સાધારણ નામે તેનો પુત્ર હતો. તે પિતા-પુત્ર બંને દયાવંત હતા. સાધારણ તો નિષ્પાપ વ્યવસાય કરતો. મૃગલા, છાગ, તેતર વિગેરે પક્ષીઓને બાંધેલાં મૂકાવતો, બંદીખાને પડેલાં મનુષ્યોને પોતાનું દ્રવ્ય આપીને છોડાવતો, મરતા પ્રાણીને બચાવતો, દેવ, ગુરૂ, ધર્મના સંસર્ગથી ધર્મરંગે રંગાયો રહેતો. તેણે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. આયુ પૂર્ણ કરી તે દેવલોકે દેવ થયો. તેમાં ધરણનો જીવ તમે છો અને સાધારણનો જીવ તમારે ઘેર જિનદત્ત નામે પુત્ર થયો છે. તે મહા ધનવંત, નિરોગી ને સુખીઓ થયો છે તે સર્વ પૂર્વપુણ્યનો પ્રભાવ જાણવો." એવી ગુરૂના મુખની વાણી સાંભળી બેઉ જણને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું અને પૂર્વભવ દીઠા, તેથી વૈરાગ્ય ઉપજ્યો એટલે દીક્ષા લેવા તત્પર થયા. ત્યારે ગુરૂએ કહ્યું કે-' હજી તમારૂં આયુષ્ય ઘણું છે અને ભોગાવળી કર્મ પણ ઘણાં ભોગવવા બાકી છે, માટે તમે સવિશેષ શ્રાવકધર્મ કરો.' તે સાંભળી પિતા-પુત્ર બંને ગુરૂને વાંદીને ઘેર આવ્યા. અનેક પ્રકારનાં પુણ્ય કીધાં, સુકૃત કીધાં, દાન દીધાં અને

પ્રાંતે વ્રત લઈ બંને જણ દેવલોકે દેવ થયા. ત્યાંથી ચ્યવી મનુષ્ય-જન્મ પામી મોક્ષે જશે.

ઇતિ જિનદત્ત કથા.

---

## હવે પીસ્તાલીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

**जया मोहोदओ तिव्वो, अन्नाणं खु महप्भयं ।**
**पेलवं वेयणिज्जं च, तया एगिंदियत्तणं ॥ ५९ ॥**

**ભાવાર્થઃ—**( જયા કે૦ ) જ્યારે જીવને ( તિવ્વો કે૦ ) તીવ્ર–ગાઢ ( મોહોદઓ કે૦ ) મોહનો ઉદય તથા ( અન્નાણં કે૦ ) અજ્ઞાન તે સમ્યગ્જ્ઞાનનો અભાવ હોય છે ( તયા કે૦ ) ત્યારે તે પંચેંદ્રિય જીવ હોય, તો પણ તેને ( મહપ્ભયં કે૦ ) મોટો છે ભય જેમાં એવું તથા ( પેલવં કે૦ ) તુચ્છ અસાર અને ( વેયણિજ્જં કે૦ ) વેદનીયરૂપ એવું ( એગિંદિયત્તણં કે૦ ) એકેંદ્રિયપણું પ્રાપ્ત થાય છે. એ ( ખુ કે૦ ) નિશ્ચે જાણવું, ॥ ૫૯ ॥ જેમ મહીસાર નગરે મોહક નામે ધનવંત ગૃહસ્થ હતો, પણ અત્યંત કૃપણ હોવાથી લક્ષ્મીની તેમજ કુટુંબની ઘણી મૂર્છાવડે મરણ પામીને તે એકેંદ્રિયમાં ઉપજ્યો તેમ. તે ઘણો કાળ સંસારમાં ભમશે. તે મોહક ગૃહસ્થની કથા કહે છે.

દેવકોટિસમાયુક્તં, વસુધાધિપસેવિતમ્ ।
પુણ્યાતિશયસશ્રીકં, રક્તવર્ણં જિનં સ્તુવે ॥ ૧ ॥

મહીસાર નગરે મોહક નામે કોઈ ગૃહસ્થ વસે છે. તેને મોહિની નામે સ્ત્રી છે. તેના પિતાની ઉપાર્જન કરેલી લક્ષ્મી ઘણી છે. તેને લક્ષ્મીનો મોહ અપાર છે. રાત્રિદિવસ સાવધાનપણે રહે છે. 'રખેને કોઇ મારૂં ધન લઇ જાય?' એવી ચિંતા કરતો ગુપ્તપણે ભોંયરામાં નિધાન રાખે છે. વળી ત્યાંથી ઉપાડી બીજે સ્થાનકે સંચય કરે છે. એમ લક્ષ્મીને રાખવાના અનેક ઉપાય કરે છે. રાત્રિએ ઉંઘે નહીં, અતિ કૃપણપણે પૂરૂં જમે પણ નહીં અને

આખો દિવસ ધન સાચવવાની ચિંતા રાખ્યા કરે, જાડાં તેમજ મેલાં કપડાં પહેરે, કોઇને દાન ન આપે, કોઇને માગ્યું-ઉછીનું પણ ન આપે, લોભને લીધે ગુણવંત સગાને પણ ન ઓળખે.

॥ ચોપાઇ ॥

કિસ્યું કરૂં રે કૃપણ વખાણ, નહીં ઓળખે આવ્યા ઘર જાણ;
એહ તિલે તેલ નહીં લગાર, એહથી વાંછે તેહ ગમાર. ૧

હવે શેઠની સ્ત્રી મોહિનીને પુત્ર થયો. તેનું લક્ષણ એવું નામ પાડયું.

॥ ચોપાઇ ॥

મોહિનીને પુત્રનો મોહ ઘણો, હાથથી ન મૂકે બાળક પરો;
ભણ્યો વિવેકી થયો બુદ્ધિમંત, સુલક્ષણ કળાએ હુઓ બળવંત. ૧

હવે તે પુત્ર બાપથી વિપરીત ગુણવાળો થયો. જગતમાં કહેવત છે કે–'જેવો બાપ તેવો બેટો થાય.' પણ એ વાત એકાંત સત્ય નથી, તેથી જ એનો બાપ તો નિર્વિવેકી, કૃપણ છે અને પુત્ર તો વિવેકી તેમજ ઉદાર થયો. તે સાતે ક્ષેત્રે ધન વાવરે છે તે જોઈ તેનો પિતા ઘણો દુહવાય છે અને કહે છે કે–'હે વત્સ! ધન કાંઈ ફોકટ આવતું નથી. એ તો મહા દુ:ખે ઉપાર્જન કરેલું છે.' તે સાંભળી પુત્ર કહે છે કે–'હે પિતાજી! આપણા ઘરમાં ધન ઘણું છે, તમે તે બાબત ચિંતા કરશો નહીં.' ત્યારે પિતાએ કહ્યું કે–'હે વત્સ! પાણીથી ભરેલું સરોવર પણ ઢોરવડે પીવાતાં સૂકાઇ જાય.' એટલે પુત્રે કહ્યું કે–'જ્યાં સુધી આપણું પુણ્ય પ્રબળ છે ત્યાં સુધી ધન કદાપિ ખૂટશે નહીં. કહ્યું છે કે—

જઈ સુપુત્ત તો ધન કાં સંચે, જો કુપુત્ત તો ધન કાં સંચે;
અચલ ઋદ્ધિ તો ધન કાં સંચે, જો ચલ ઋદ્ધિ તો ધન કાં સંચે. ૧

લચ્છી સહાવ ચવલા, તત્થ ચવલં ચ રાયસમ્માણં;
જીવો વિ તત્થ ચવલો, ઉવયાર વિલંબણા કીસ. ૨

માટે જેમ કુવાનાં પાણી, વાડીનાં ફુલ, ગાયનાં દૂધ વિગેરે ગ્રહણ કરતાં છતાં પણ અખૂટ રહે છે તેમ દાન દેવાથી લક્ષ્મી પણ વૃદ્ધિ પામે છે-અખૂટ થાય છે.' ઈત્યાદિ પુત્રે બહુ સમજાવ્યા તો પણ શેઠ ધનનો મોહ મૂકે નહીં. મનમાં વિચારે કે-'આ મારો પુત્ર કાંઈ સમજતો નથી.'

એકદા ઓરડામાં ચોર લોકો ખાતર પાડી ધન લઇ ગયા. તે સાંભળી શેઠને મૂર્ચ્છા આવી ગઈ, રોવા બેઠા અને જમવા પણ બેસે નહિં. ત્યારે તેને પુત્રે કહ્યું કે-'પિતાજી! લક્ષ્મી તો અસાર અને ચપળ જ છે, માટે તમે જમી લ્યો.' એમ ઘણું સમજાવી જમાડ્યા. બીજે વર્ષે શેઠની સ્ત્રી મોહિની મરણ પામી, ત્યારે શેઠ સ્ત્રીના મોહે કરી વજ્રે હણાયેલા જેમ દુ:ખી થાય તેમ અતીવ દુ:ખી થયા. તેના ગુણ સંભારી સંભારીને રૂદન કર્યા કરે અને જમે પણ નહીં. તેને દુ:ખે શેઠ પણ મરણ પામ્યા, પરંતુ પુત્ર સુજાણ છે તેથી સંસારનું સ્વરૂપ જાણી તેણે શોક કર્યો નહી. તે વિચારે છે કે-'મારા બાપ મોહે કરી મરણ પામ્યા માટે મોહ છે તે જીવને વિષ વિના પણ મરણ પમાડે છે. મોહ ત્રિદોષ વિના સન્નિપાત છે, એ મોહ ન હોય તો જીવ સદૈવ સુખીઓ જ હોય. વળી વિવેક જે છે તે સૂર્યવિના પણ અજવાળું છે, દીપકવિના પ્રકાશ છે, રત્નવિના કાંતિ છે, ફુલ વિના ફળ છે; માટે જગતમાં વિવેક મોટી વાત છે.' એવી સમજણ રાખતો વિવેક આચરીને ભાવપૂર્વક ધર્મક્રિયા કર્યા કરે છે.

એકદા તે નગરે શ્રુતકેવળી પધાર્યા, તેમને લક્ષણે વાંદીને પૂછ્યું કે-'મહારાજ! મારા પિતા મરીને ક્યાં ઉત્પન્ન થયા?' ગુરૂ બોલ્યા કે-'હે વત્સ! તારા પિતા ધન કુટુંબનો મોહ કરી અજ્ઞાનને વશે એકેંદ્રિય-પૃથ્વીકાયમાં જઇને ઉપજ્યા છે. વળી અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાયમાં ભ્રમણ કરી સંસારચક્રમાં રઝળનાર છે.' તે વાત સાંભળી વૈરાગ્ય પામીને લક્ષણે દીક્ષા લીધી. તેને રૂડી રીતે આરાધીને તે સ્વર્ગાદિકનાં સુખ પામ્યો.

ઈતિ મોહક તથા લક્ષણની કથા.

## હવે છેંતાલીશમી અને સુડતાલીશમી પૃચ્છાના ઉત્તર કહે છેઃ-

नय धम्मो नय जीवो, नय परलोगु त्ति नय कोय रिसी ।
इय जो मन्नइ मूढो, तस्स थिरो होइ संसारो ॥ ६० ॥

धम्मो वि अत्थि लोए, अत्थि अधम्मो वि अत्थि सव्वन्नू ।
रिसिणो वि अत्थि लोए, जो मन्नइ सो न संसारी ॥ ६१ ॥

ભાવાર્થઃ—ધર્મ નથી, જીવ નથી, પરલોક નથી, કોઈ ઋષીશ્વર નથી, એવી રીતે જે નાસ્તિક પુરૂષ માને, તેનો સંસાર ઘણો સ્થિર હોય–મોક્ષમાર્ગથી તે દૂર રહે ॥ ૬૦ ॥

તથા લોકમાંહે ધર્મ છે, અધર્મ પણ છે, સર્વજ્ઞ પણ છે, ઋષિ પણ છે. જે જીવ એવું માને તે જીવ બહુલસંસારી ન હોય, અલ્પસંસારી થકો સ્વલ્પકાળમાં મોક્ષે જાય ॥ ૬૧ ॥

જેમ રાજગૃહી નગરીએ એક પંડિતની પાસે એક શૂર અને બીજો વીર એ નામના બે શિષ્ય ભણ્યા, તેમાં શૂર ધર્મમાર્ગ ઉત્થાપવાથી ત્યાં પણ દુઃખી થયો અને વળી ઘણો કાળ સંસારમાં ભમશે. તે કુસંગતિને લીધે નાસ્તિકવાદી થયો અને વીર તો સદ્ગુરૂની સંગતિથી જ્ઞાની થયો. તે ધર્મમાર્ગ સ્થાપતો એ ભવમાં જ મહત્ત્વ પામીને સ્વલ્પ કાળમાં મોક્ષ પામશે. તે બંનેની કથા કહે છેઃ—

રાજગૃહી નગરીમાં એક શૂર અને બીજો વીર એ નામે બે ગૃહસ્થો છે. તે બંને જણ નાનપણમાં એક જ ગુરૂની પાસે ભણ્યા, પરંતુ પાછળથી શૂરને નાસ્તિક લોકોની સોબત થઈ તેથી 'સરિસા સરિસેન રજ્જંતિ' એટલે મનુષ્ય પોતાની સમાન સંગતિવાળાને મળવાથી આનંદ પામે છે. તે કુસંગે કુગ્રહી–કદાગ્રહી થયો. ઉદ્ધતપણે ધર્મ ઉત્થાપે, પોતાના ડહાપણ આગળ બીજાને તૃણ સમાન ગણતો રહે, લોકો તેના અર્થની વાત કહે તો તેમનું કહ્યું પણ માને નહિ.

એકદા ત્યાં કોઈ ચાર જ્ઞાનના ધણી સુદત્ત નામના ગુરૂ પધાર્યા. તેમને ધર્માર્થી લોક તથા વીર એ સર્વ વાંદવા ગયા, પરંતુ શૂર મહા અહંકાર ધારણ કરતો થકો ગુરૂનું માહાત્મ્ય સાંભળી મનમાં ઇર્ષ્યા આણતો ત્યાં આવ્યો. આવીને ગુરૂને કહેવા લાગ્યો કે—' તમે લોકોને શા માટે છેતરો છો ? જો તમારામાં શક્તિ હોય તો મારી સાથે વાદ કરો. ' તે સાંભળી ગુરૂજીનો એક શિષ્ય તેને કહેવા લાગ્યો કે—' અરે મૂર્ખ ! સર્વજ્ઞ સમાન આ મારા ગુરૂની સાથે તું શું વાદ કરી શકીશ ? હું જ તારો અહંકાર મૂકાવીને તને નિરૂત્તર કરીશ, પરંતુ સભ્ય, સભાપતિ, વાદી અને પ્રતિવાદી-એ ચારથી યુક્ત ચતુરંગ વાદ કહેલો છે; માટે તે ચતુરંગ વાદ તને કબૂલ હોય તો હું તારી સાથે વાદ કરૂં. ' શૂરે કબૂલ કર્યું. પછી બીજે દિવસે સવારમાં ચતુરંગનું સ્થાપન કરીને વાદ કરવા માંડ્યો.

શરૂઆતમાં શૂરે કહ્યું કે-' શરીરમાં બીજો અન્ય કોઈ જીવ નથી, અને જીવ નથી એટલે ધર્મ પણ નથી. જો ધર્મ નથી તો પરલોક પણ નથી. જેમ ગામ વિના સીમ ન હોય, જેમ સ્ત્રી વિના પુત્ર ન હોય, તેમ સર્વ જાણી લેવું; માટે પૃથ્વી, પાણી, આકાશ, અગ્નિ અને વાયુ એ પાંચ મહાભૂતના સંયોગે આત્મા ઉત્પન્ન થાય છે. જેમ ધાવડી, મહુડાં, મીઠું, ગોળ અને પાણીથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ. બીજું આકાશના ફુલની પેઠે કાંઈ જ નથી. તો જીવ ક્યાં છે કે જેથી પરભવમાં સુખ પામવાની વાંછા કરીએ ? છતું સુખ છાંડીને સંદેહયુક્ત આગલા અર્થને ક્યાં જોવા જઇએ ? તથા સુખ દુઃખ સર્વ કર્મે કરી થાય છે, એ વાત પણ અસંબંધ છે; કારણ કે એક પાષાણ નિત્ય સુખડ અને ફુલે કરી પૂજાય છે અને એક પાષાણની ઉપર નિત્ય વિષ્ટા નખાય છે તો એ પાષાણે શું સારૂં-માઠું કર્મ આચર્યું છે ? તેવી જ રીતે પ્રાણીમાત્રને પણ સુખ-દુઃખનું કારણ કાંઈ જ નથી. તપ-જપરૂપ જે કષ્ટક્રિયા કરીએ તે સર્વ ક્લેશરૂપ અને ફોગટ જાણવી,' એટલી વાત શૂર બોલ્યો.

હવે શિષ્ય એ વાતનો ઉત્તર આપે છે કે-' હે શૂર ! તું જે કહે છે કે જીવ નથી તો હું સુખી છું, હું દુઃખી છું, એ વાતનો

જાણનાર કોણ છે ? જેમ સુખડ લગાડવાથી હર્ષ પામીએ છીએ, કાંટો લાગવાથી દુઃખી થઇએ છીએ, તેનો જાણનાર તો જીવ જ છે એ તો પ્રત્યક્ષ દેખાય છે. જો તારા કહેવા પ્રમાણે જીવ જ નથી તો પિતા પ્રમુખ વડીલનાં નામ પણ તારે કહેવાં ન જોઇએ, તથા કોપ, પ્રાસાદ, શોક, ભૂખ, તૃષા, તૃપ્ત, પીડિત એ વાત અનુમાને જીવ જ જાણે છે, માટે જીવ છે. તથા તેં કહ્યું કે પાંચ મહાભૂત છે તે જ આત્મા છે તે પણ અસત્ય છે, કેમકે પાંચ ભૂત તો જડ છે માટે જે જડ છે તેના મળવાથી ચૈતન્ય કેમ ઉત્પન્ન થાય? જો વેળુ ઘણી પીલીએ તો પણ તેમાંથી તેલ નીકળે નહીં. તથા તેં જે શુભ-અશુભ કર્મ કાંઈ જ નથી, એ વાત ઉપર પાષાણનું દૃષ્ટાંત કહ્યું તે પણ અયુક્ત છે, કારણ કે એક સુખી, એક દુઃખી, એક ઠાકર, એક ચાકર ઈત્યાદિ સારાં-માઠાં જે પરિણામ બને છે તે સર્વ પોતપોતાનાં કર્મે કરીને જ બને છે. પરંતુ તે જીવને અંગે જ છે તેથી જો તપ-સંયમરૂપ ધર્મ કરીએ તો જરૂર સફળતા પ્રાપ્ત થાય. ધર્મનાં ફળ પ્રત્યક્ષ દેખાય છે, જેથી ધર્મ પણ છે, પરલોક પણ છે અને સર્વજ્ઞ પણ છે. તેના કહેલા શાસ્ત્રને યોગે ચંદ્ર, સૂર્ય, ગ્રહ પ્રમુખ જાણીએ છીએ, માટે તું કદાગ્રહ મૂક.' ઈત્યાદિ અનેક ઉત્તર-પ્રત્યુત્તર આપીને શૂરને નિરૂત્તર કર્યો.

ત્યારે રાજાએ શિષ્યની પ્રશંસા કરી અને શૂરને કહ્યું કે-'હે પાપી ! તું પુણ્ય-પાપને નથી માનતો, સર્વ ઉત્થાપે છે, તેથી જો કોઇ અન્યાય કે ચોરી કરશે અને રાજા તેને દંડશે નહીં તો સદાચારની મર્યાદા જ રહેશે નહીં.' એમ કહી રાજાએ રોષ આણીને શૂરને પકડ્યો. તેને શિષ્યે દયાથી છોડાવ્યો. ત્યારે રાજા ફરીને બોલ્યો કે-'જુઓ, આ શિષ્યમાં અનુકંપાનો ગુણ કેવો છે ? એ નિરીહ છે, સાચો સદાચારી છે.' એમ કહી શૂરને પોતાના નગરમાંથી કાઢી મૂકયો. વીર તો સન્માર્ગે ચાલતો, ધર્મની સ્થાપના કરતો તથા પુણ્ય છે, પાપ છે, વીતરાગ દેવ છે, સુસાધુ ગુરૂ છે ઇત્યાદિ માનતો હતો તેથી તેને રાજાએ સન્માન્યો. તે મરીને દેવ થયો. અંતે મોક્ષસુખ પામશે અને શૂર નાસ્તિકવાદી હોવાથી સંસારમાં ઘણા કાળસુધી પરિભ્રમણ કરશે.

ધર્મસ્થાપને-ઉત્થાપને શૂર-વીરની કથા સંપૂર્ણ.

## હવે અડતાલીશમી પૃચ્છાનો ઉત્તર એક ગાથાએ કરી કહે છે.

जो निम्मलनाणचरि-त्तदंसणेहिं विभूसिअ सरीरो ।
सो संसारं तरिउं, सिद्धिपुरं पावए पुरिसो ॥ ६२ ॥

**ભાવાર્થ:**—જે પુરૂષ નિર્મળ જ્ઞાન, ચારિત્ર અને દર્શને કરી વિભૂષિત શરીરવાળો હોય તે પુરૂષ સંસારસમુદ્ર તરીને મોક્ષનગરને પામે છે. ॥ ૬૨ ॥ જેમ અભયકુમાર જ્ઞાનાદિક આરાધી મોક્ષ પામશે તેમ. તેની કથા કહે છે:—

મગધ દેશે શ્રેણિક નામનો રાજા રાજ્ય કરે છે, તેનો અભયકુમાર નામે પુત્ર છે તે જ પ્રધાન છે. તે ચાર બુદ્ધિનો નિધાન છે અને બુદ્ધિ-પ્રભાવે પોતાના પિતાના રાજ્યને વૃદ્ધિવંત કરે છે. તેને રાજાએ રાજ્ય આપવા માડયું પરંતુ તેણે પાપના ભયથી ડરીને લીધું નહીં.

એકદા શ્રીવીર પ્રભુ આવી સમોસર્યા. તેમને અભયકુમારે વાંદીને પૂછ્યું કે–'હે સ્વામિન્! છેલ્લા રાજર્ષિ કોણ થશે?' પ્રભુએ કહ્યું કે–'ઉદાયન રાજા થશે.' આનો તાત્પર્ય એ છે કે જો અભયકુમાર રાજા થાય તો તે રાજર્ષિ (મુનિ) થઇ શકે નહીં.

હવે પોતાના પિતા શ્રેણિક મોહયોગે રાજ્ય મૂકીને દીક્ષા લેતા નથી તેથી અભયકુમારે ચિંતવ્યું કે–'જો હું મારા પિતાના આગ્રહથી રાજ્ય લઈશ તો પછી મારાથી પણ દીક્ષા લેવાશે નહીં, માટે મારે રાજ્યનું કામ નથી; પણ મારા પિતાએ એવું વચન મારી પાસેથી લીધેલું છે કે મારી આજ્ઞા વિના તારે કાંઇ જવું નહીં એટલે દીક્ષા લેવી નહીં, તેથી તેનો શો ઉપાય કરવો?' એ પ્રમાણે વિચાર કરે છે.

એવામાં માઘ મહિનાને દિવસે સંધ્યાસમયે ચેલ્લણા રાણીએ સરોવરની પાળ ઉપર એક સાધુને કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર રહેલા જોયા, ત્યારે રાણીએ ચિંતવ્યું કે–'એ ઋષિ રાત્રિએ ટાઢ કેવી રીતે સહન કરશે?' એમ વિચાર કરતી ઘેર આવી. રાત્રિએ શય્યામાં પોઢી, ત્યાં પોતાનો હાથ સોડની બહાર રહી ગયો અને જાગીને જોયું તો હાથ ટાઢો થઈ ગયેલો લાગ્યો. અચાનક તે વખત સાધુ સાંભરી આવ્યા, તેથી તે

બોલી કે-' અત્યારે તેમનું શું થયું હશે ? ' તે સાંભળી શ્રેણિક રાજાએ પરપુરૂષના સમાગમ સંબંધી શંકા કરીને ચિંતવ્યું કે-' મારૂં અંતઃ-પુર સઘળું બગડેલ જણાય છે. ' પ્રભાતે અભયકુમારે આવી પ્રણામ કર્યા એટલે શ્રેણિક રાજાએ કહ્યું કે-' અંતેઉરને પ્રજાળી નાખો. ' એમ કહી પોતે વીર ભગવાનને પૂછવા ગયા. પાછળથી અભય-કુમારે ચિંતવ્યું કે-' અંતેઉરમાં તો ચેલ્લણાદિક મહા સતીઓ છે, માટે આગ ન દેવાય.' એમ વિચારી એક જૂની હસ્તીની શાળા હતી તેને આગ લગાડી પોતે પણ શ્રીવીરના સમોસરણ ભણી ચાલ્યા. ત્યાં શ્રેણિકે શ્રીવીર પરમાત્માને પૂછ્યું કે-' હે ભગવન્ ! મારી સ્ત્રી ચેલ્લણા સતી છે કિંવા અસતી છે ? ' પ્રભુએ કહ્યું કે-" ચેડા મહા-રાજાની ચેલ્લણા વિગેરે સાતે પુત્રીઓ સતીઓ છે. " તે સાંભળી શ્રેણિક પાછો વળ્યો. એટલામાં ગામમાં આગ બળતી દીઠી. માર્ગમાં અભય-કુમાર મળ્યો તેને રાજાએ પૂછ્યું કે-' અંતેઉરને આગ લગાડી ? ' અભયે કહ્યું કે-' હા સ્વામિન્ ! આગ લગાડી. ' ત્યારે શ્રેણિકે રોષ આણીને કહ્યું કે-' તું કેમ ન બળ્યો ? માટે તું મારાથી દૂર જા. ' એટલે અભયકુમારે કહ્યું કે-' મને આપનો આદેશ જ જોતો હતો, તેથી હવે સંયમરૂપ ઠંડી આગમાંહે પ્રવેશી કાર્યસાધન કરશું. ' એમ કહી સમોસરણે જઈ શ્રીવીરપરમાત્માને હાથે દીક્ષા લીધી. રાજા શ્રેણિકે પણ નગરમાં આવી હસ્તીની શાળા બળતી જોઈ કે તરતજ ફરી સમોસરણ ભણી ચાલ્યા. તે સમવસરણમાં આવે છે, એટ-લામાં તો અભયકુમાર દીક્ષા લઈને સાધુના સમુદાયમાં જઈને બેઠા હતા. તેને વાંદીને રાજાએ પોતાનો અપરાધ ખમાવ્યો. અભયકુમાર જ્ઞાન, દર્શન, ચારિત્ર નિરતિચારપણે પાળી સર્વાર્થ-સિદ્ધ વિમાને દેવ થયા. તે એકાવતારી થઈ મોક્ષે જશે.

**महीहारं वीररत्नं, श्रीदं गौरतनुं मतम् ।**
**जितैनसं सूर्यरम्यं, प्रणमामि मुहुर्मुहुः ॥ १ ॥**

એમ અડતાલીશ પૃચ્છાના ઉત્તરો પરમેશ્વરે કહ્યા.

॥ ઇતિ અભયકુમાર કથા ॥

जं गोयमेण पुट्ठं, तं कहियं जिणवरेण वीरेण ।
भव्वा भावेह सया, धम्माधम्मं फलं पयडं ॥ ६३ ॥
अडयालीसा पण्हु–त्तरेहिं गाहाण होइ चउसट्ठि ।
संखेवेणं भणिया, गोयमपृच्छा महत्थावि ॥ ६४ ॥

**ભાવાર્થઃ**—જે કાંઇ પુણ્ય-પાપના ફળ શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યાં તે સર્વ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીએ કહ્યાં. હે ભવ્ય જીવો! તમે ભાવે કરી સદૈવ તે ધર્મ-અધર્મનાં ફળને પ્રગટપણે વિચારો અને ધર્મને આદરો ॥ ૬૩ ॥ હવે એ પ્રશ્નોત્તરની ગાથાની સંખ્યા કહે છે કે-અડતાલીશ પ્રશ્નોત્તરે કરી જેની ચોસઠ ગાથા થઇ છે એવો શ્રી ગૌતમપૃચ્છારૂપ જે ગ્રંથ તે જો કે મહા અર્થરૂપ છે તો પણ અહીં સંક્ષેપથી વર્ણવ્યો છે.

ઇતિ બાલાવબોધસહિતં ગૌતમપૃચ્છા-
શાસ્ત્રં સંપૂર્ણમ્

# શ્રી ભગવતીસૂત્રમાંથી ઉદ્ધરેલા કેટલાક પ્રશ્નો.

૧ તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. તે રાજગૃહ નગરની બહાર ઈશાનખૂણામાં ગુણશીલ નામનું ચૈત્ય હતું. તે નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ચેલ્લણા નામે પટ્ટરાણી હતી.

તે સમયે ધર્મની આદિ કરનાર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રમણભગવાન મહાવીર ગ્રામાનુગ્રામ વિહાર કરતા ત્યાં આવ્યા. પરિષદ્ વાંદવા માટે નીકળી, ભગવાને ધર્મોપદેશ આપ્યો અને પરિષદ્ વાંદીને પાછી ગઈ.

તે સમયે શ્રમણભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી (શિષ્ય) ગૌતમગોત્રવાળા ઇન્દ્રભૂતિ નામે અનગાર હતા. તેઓ ઉગ્ર તપસ્વી, ઉગ્ર બ્રહ્મચર્યને ધારણ કરનારા, ચૌદપૂર્વધારી અને ચાર જ્ઞાનસહિત હતા અને તે શ્રમણભગવાન મહાવીરથી થોડે દૂર ઢીંચણ ઉભા રાખી નીચું મસ્તક કરી ધ્યાનરૂપી કોષ્ઠને પ્રાપ્ત થયેલા સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા હતા.

તે વખતે ભગવાન્ ગૌતમ શ્રદ્ધા, સંશય અને કુતુહલથી ઉભા થયા અને ઉઠીને જ્યાં શ્રમણભગવાન્ મહાવીર હતા ત્યાં આવ્યા. આવી, ત્રણ પ્રદક્ષિણા કરી, વન્દન–નમસ્કાર કરી અત્યંત નજીક નહિ તેમ અત્યંત દૂર નહિ એવી રીતે ભગવંત સન્મુખ ઉભા રહી વિનયવડે બે હાથ જોડી ઉપાસના કરતા આ પ્રમાણે બોલ્યા.

## આરંભ–હિંસા.

૨ પ્ર૦—હે ભગવન્! જીવો આત્મારંભી, પરારંભી, ઉભયારંભી અને અનારંભી હોય ?

ઉ૦—હે ગૌતમ ! કોઈ જીવો આત્મારંભી, કોઇ પરારંભી, કોઇ ઉભયારંભી અને કોઇ અનારંભી હોય.

૩ પ્ર૦—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—હે ગૌતમ ! જીવો બે પ્રકારના છે. તે આ પ્રમાણે—

સંસારી અને અસંસારી. તેમાં જે અસંસારી જીવો છે તેઓ તો મોક્ષને પ્રાપ્ત થયેલા હોવાથી કોઇનો પણ આરંભ–હિંસા કરતા નથી. જેઓ સંસારી છે તેઓ બે પ્રકારના છે—સંયત–સંયમી અને અસંયત–અસંયમી. સંયત જીવો પણ બે પ્રકારના છે–પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. જેઓ અપ્રમત્તસંયત છે તેઓ પ્રમાદરહિત ( આત્મજાગૃતિવાળા ) હોવાથી કોઇનો પણ આરંભ–હિંસા કરતા નથી, પણ અનારંભી ( અહિંસક ) છે. જેઓ પ્રમત્તસંયત છે તેઓ પણ શુભયોગને આશ્રયી અનારંભી છે, અશુભયોગને આશ્રયી આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે, પણ અનારંભી નથી. જેઓ અસંયત–અસંયમી છે તેઓ અવિરતિને આશ્રયી આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે. તે કારણથી હે ગૌતમ ! હું એમ કહું છું કે કેટલાએક જીવો આત્મારંભી, પરારંભી, ઉભયારંભી અને કેટલાએક અનારંભી છે.

## પ્રશ્ન ૨–૩ નું વિવેચન.

૧ આત્માનો આરંભ—હિંસા કરનાર આત્મારંભી, પરનો આરંભ કરનાર પરારંભી અને આત્મા અને પર બન્નેનો આરંભ કરનાર ઉભયારંભી. તેમાં જીવો મન, વચન અને કાયાના અશુભ યોગને તથા અવિરતિને આશ્રયી આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે. જ્યાં સુધી અવિરતિ અને અશુભ યોગ છે ત્યાં સુધી જીવ પોતાની, પરની અને બન્નેની હિંસા કરે છે; પણ અહિંસક નથી.

૨ આનો તાત્પર્ય એ છે કે વિરતિ-સંયમ છતાં પણ પ્રમત્તસંયત પ્રમાદપ્રત્યય અશુભ યોગને આશ્રયી આરંભી-હિંસક છે; કારણ કે પ્રમત્તસંયતને શુભ યોગ અને અશુભ યોગ બંને હોય છે. સંયત હોવાથી શુભ યોગ અને પ્રમત્ત હોવાથી અશુભ યોગનો સંભવ છે. "**सव्वो पमत्तजोगो समणस्सओ होइ आरंभो ॥**" શ્રમણોને સર્વ પ્રમત્તયોગ આરંભરૂપ છે, તેથી તત્ત્વાર્થકારે "**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा**-પ્રમત્તયોગથી પ્રાણનો વિયોગ કરવો તે હિંસા" એવી દ્રવ્યભાવ હિંસાની વ્યાખ્યા કરી છે તે બરોબર છે.

૩ તે સિવાય બીજા અસંયત જીવો છે તે બધા પણ અવિરતિને આશ્રયી આરંભી-હિંસક છે. અહિંસક ભાવનો મુખ્ય સંબંધ વિરતિ અને શુભ યોગની સાથે છે અને જ્યાં આંતર વિરતિ અને શુભ યોગ નથી ત્યાં બાહ્ય વિરતિ હોવા છતાં પણ આરંભ-હિંસાનો સંભવ છે. પરન્તુ તેથી બાહ્ય સંયમ કે વિરતિ અનુપયોગી નથી, કારણ કે બાહ્ય વિરતિ તે આન્તર વિરતિનું ખાસ કારણ છે. બાહ્ય સંયમદ્વારા જીવ આન્તર સંયમ કે વિરતિ સાધી શકે છે. યદ્યપિ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવો સાક્ષાત્ (બાહ્ય) આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ કરતા નથી તો પણ તેઓ અવિરતિ-અસંયમીપણાને આશ્રયી આત્મારંભી વગેરે છે. જે સંયત છે તેઓ કદાચ આત્મારંભાદિ કરે તો પણ તેઓ ઉપયુક્ત (સાવધાન) હોવાથી અનારંભી છે, પણ જો ઉપયુક્ત ન હોય તો તે પણ આરંભી છે, તેથી શાસ્ત્રમાં સમ્યગ્ વિધિપૂર્વક યતના કરનાર અધ્યાત્મવિશુદ્ધિવાળા શ્રમણને વિરાધના પણ નિર્જરારૂપ ફળવાળી કહી છે.

## સંવરરહિત અનગાર.

૪ પ્ર૦—હે ભગવન્! સંવરરહિત અનગાર-સાધુ સિદ્ધ થાય, બુદ્ધ થાય, કર્મથી મૂકાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અન્ત કરે?

ઉ૦—હે ગૌતમ! એ અર્થ સમર્થ-યથાર્થ નથી.

**૫ પ્ર૦**—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે સંવરરહિત અનગાર સિદ્ધ ન થાય?

ઉ૦—હે ગૌતમ! સંવરરહિત[૧] અનગાર આયુષ સિવાય સાત કર્મની પ્રકૃતિઓ પૂર્વે શિથિલ બંધનવાળી બાંધી હતી તેને ગાઢ બંધનવાળી બાંધે છે, અલ્પકાળની સ્થિતિવાળી બાંધી હતી તેને લાંબા કાળની સ્થિતિવાળી બાંધે છે, મન્દ રસવાળી બાંધી હતી તેને તીવ્ર રસવાળી બાંધે છે અને અલ્પપ્રદેશવાળી બાંધી હતી તેને બહુપ્રદેશવાળી બાંધે છે. આયુષ કર્મ કદાચ બાંધે અને કદાચ ન બાંધે. અસાતાવેદનીય કર્મનો વારંવાર ઉપચય કરે છે અને અનાદિ અનન્ત એવા ચાર ગતિરૂપ સંસારમાં રખડે છે. તે માટે હે ગૌતમ! સંવરરહિત અનગાર સિદ્ધ થતા નથી યાવત્ સર્વ દુઃખોનો નાશ કરતા નથી.

## પ્રશ્ન ૫ નું વિવેચન.

૧ આશ્રવનો રોધ કરવો તે સંવર. જેણે આશ્રવની પ્રવૃત્તિ રોકી નથી તે સંવરરહિત કહેવાય છે. આશ્રવના ચાર પ્રકાર છે—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. પૂર્વ અવસ્થામાં વધારે અશુભ પરિણામ નહિ હોવાથી અશુભ પ્રકૃતિઓનો શિથિલ બંધ કર્યો હતો તેનો હવે ગાઢ બંધ કરે છે એટલે તેને નિધત્તરૂપે કે નિકાચિતરૂપે કરે છે; કારણ કે અસંવરપણું અશુભ યોગરૂપ હોવાથી ગાઢ પ્રકૃતિબંધનું કારણ છે. યોગ એ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનું નિમિત્ત છે. વળી અશુભ કર્મની પ્રકૃતિ અલ્પકાળની સ્થિતિવાળી હોય તેને દીર્ઘકાળની સ્થિતિવાળી અને મન્દ રસવાળી હોય તેને તીવ્ર રસવાળી કરે છે; કારણ કે અસંવરપણું કષાયરૂપે જે છે તે સ્થિતિબંધ અને રસબંધનું કારણ છે.

## સંવરયુક્ત અનગાર.

**૬ પ્ર૦**—હે ભગવન્! સંવરયુક્ત સાધુ સિદ્ધ થાય, અને સર્વ દુઃખોનો અન્ત કરે?

ઉ૦—હે ગૌતમ ! હા, અવશ્ય સિદ્ધ થાય અને સર્વ દુઃખોનો અન્ત કરે.

૭ પ્ર૦—હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—હે ગૌતમ ! આયુષ સિવાયની સાત કર્મની પ્રકૃતિઓ પૂર્વે ગાઢ બંધનથી બાંધેલી હતી તેને હવે શિથિલ બંધનવાળી બાંધે છે, પૂર્વે દીર્ઘકાળની સ્થિતિવાળી બાંધી હતી તેને હવે થોડા કાળની સ્થિતિવાળી બાંધે છે, પૂર્વે તીવ્ર રસવાળી બાંધી હતી તેને હવે મન્દ રસવાળી બાંધે છે, પૂર્વે બહુપ્રદેશવાળી બાંધી હતી તેને હવે અલ્પપ્રદેશવાળી બાંધે છે. આયુષકર્મ બાંધતો નથી, અસાતાવેદનીય કર્મ વારંવાર ગ્રહણ કરતો નથી અને અનાદિ અનન્ત, દીર્ઘમાર્ગવાળા ચાર ગતિરૂપ સંસાર-અટવીનું ઉલ્લંઘન કરે છે. તે કારણથી હે ગૌતમ ! એમ કહું છું કે સંવરયુક્ત અનગાર સિદ્ધ થાય અને સર્વ દુઃખોનો અન્ત કરે.

## પ્રશ્ન ૬–૭ નું વિવેચન.

૬–૭ પૂર્વે અસંવરનું ફળ કહ્યું. હવે સંવરનું ફળ બતાવે છે. સંવરયુક્ત અનગાર પ્રમત્ત અને અપ્રમત્તસંયત બંને પ્રકારના હોય છે. તે ચરમશરીરી પણ હોય છે અને અચરમશરીરી પણ હોય છે. તેમાં જે ચરમશરીરી હોય છે તે તે ભવમાં જ સિદ્ધ થાય છે અને તેની અપેક્ષાએ આ પ્રશ્નનો ઉત્તર છે. જે અચરમશરીરી છે તે પરંપરાએ સિદ્ધ થાય છે માટે તેની અપેક્ષાએ પરંપરાને આશ્રયી આ ઉત્તર સમજવો. એટલે સંવરયુક્ત જે ચરમશરીરી છે તે તે જ ભવમાં સિદ્ધ થાય છે અને સંવરયુક્ત જે અચરમશરીરી છે તે પરંપરાએ સિદ્ધ થાય છે. હવે અહીં એ પ્રશ્ન થાય છે કે 'સંવરરહિતને પણ પરંપરાએ મોક્ષ અવશ્ય પ્રાપ્ત થાય છે, કારણ કે શુકલપાક્ષિકને પણ મોક્ષની પ્રાપ્તિ નિશ્ચિત હોય છે તો પછી સંવરસહિત કે સંવરરહિતને ફળમાં કશો ભેદ કેમ પડતો નથી ?' તેનો ઉત્તર એ છે કે–'સંવરસહિતને ઉત્કૃષ્ટ સાત–આઠ ભવ હોય છે, કારણ કે જઘન્ય ચારિત્રારાધના કરી તે સાત–આઠ ભવમાં સિદ્ધ થાય છે અને સંવરરહિતને પરંપરાએ ઉત્કર્ષથી અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય છે, કારણ કે આટલો દીર્ઘ

સંસાર તે ચારિત્રની વિરાધનાનું ફળ છે માટે સંવરસહિત અને સંવરરહિતને ફળની વિશેષતા સ્પષ્ટ છે.'

## અસંયત.

૮ પ્ર૦—હે ભગવન્! અસંયત, વિરતિરહિત અને પાપકર્મનો પ્રતિઘાત કે પ્રત્યાખ્યાન (ત્યાગ) નથી કર્યો જેણે એવો જીવ અહીંથી મરણ પામી દેવ થાય ?

ઉ૦—હે ગૌતમ! કોઇ જીવ દેવ થાય અને કોઇ જીવ દેવ ન થાય.

૯ પ્ર૦—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—હે ગૌતમ! ગ્રામ, નગર, અરણ્ય વગેરેને વિષે અકામ-અનિચ્છાવડે તૃષા, અકામ ક્ષુધા, અકામ બ્રહ્મચર્ય, અકામ ટાઢ, તડકો, ડાંસ, મચ્છરનો પરીસહ, અકામ અસ્નાન, પરસેવો, રજ, મેલ અને પંકના દાહને સહન કરીને થોડો કાળ અથવા ઘણો કાળ આત્માને કલેશ પમાડે છે, કલેશ પમાડી અકામનિર્જરાવડે મરણ સમયે મરણ પામી વ્યંતરજાતિમાં અથવા અન્ય દેવપણે ઉપજે છે.

## પ્રશ્ન ૮-૯ નું વિવેચન.

૮-૯ અસંયત-સંયમરહિત-પ્રાણાતિપાતાદિની વિરતિરહિત જેણે નિન્દાદિ કરવાવડે અતીત કાળના પાપનો પ્રતિઘાત કર્યો નથી અને ભવિષ્યમાં પાપ નહિ કરવાના નિયમવડે જેણે પાપનું પ્રત્યાખ્યાન કર્યું નથી એવો અથવા જેણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી પાપનો પ્રતિઘાત અને સર્વવિરતિના પાલનથી પાપનું પ્રત્યાખ્યાન નથી કર્યું એવો જીવ અહીંથી એટલે પ્રત્યક્ષ તિર્યંચ અથવા મનુષ્યના ભવથી ચ્યવી જન્માન્તરને વિષે દેવ થાય? એ પ્રશ્ન છે. જે જીવો ગ્રામાદિને વિષે કર્મક્ષય કે પરમાર્થપ્રાપ્તિની ઇચ્છા સિવાય તૃષા સહન કરવાવડે, અકામ ક્ષુધા સહન કરવાવડે, અકામ બ્રહ્મચર્યના પાલનવડે, સ્નાન નહિ કરવાવડે, પરસેવો, રજ, મેલ અને પંકના દાહને સહન કરવાવડે અજ્ઞાન કષ્ટ ભોગવી અકામનિર્જરા કરે છે તે અકામનિર્જરાવાળા જીવો મરણ સમયે મરણ પામીને વ્યન્તર કે અન્ય દેવપણે ઉત્પન્ન થાય છે.

## કર્મનું વેદન.

**૧૦ પ્ર૦**—હે ભગવન્! જીવ પોતે કરેલું દુઃખ-કર્મ વેદે?

ઉ૦—હે ગૌતમ! કેટલુંક કર્મ વેદે અને કેટલુંક કર્મ વેદતો નથી.

**૧૧ પ્ર૦**—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે કેટલુંક કર્મ વેદે અને કેટલુંક કર્મ ન વેદે?

ઉ૦—હે ગૌતમ! ઉદયમાં આવેલું કર્મ વેદે અને ઉદયમાં નહિ આવેલું ન વેદે.

**૧૨ પ્ર૦**—હે ભગવન્! જીવ પોતે કરેલું આયુષ વેદે?

ઉ૦—હે ગૌતમ! કેટલુંક વેદે અને કેટલુંક ન વેદે.

**૧૩ પ્ર૦**—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો!

ઉ૦—હે ગૌતમ! ઉદયમાં આવેલું વેદે અને બીજું ન વેદે.

### પ્રશ્ન ૧૦-૧૧-૧૨ નું વિવેચન.

૧૦-૧૧ જીવ પોતે કરેલું દુઃખ-કર્મ વેદે છે, પરકૃત દુઃખ-કર્મ વેદતો નથી એ પ્રસિદ્ધ જ છે. જ્યારે જીવને દુઃખ પ્રાપ્ત થાય ત્યારે તે એમ વિચારે કે આ દુઃખ મેં જ ઉત્પન્ન કરેલું છે, બીજાએ કરેલું નથી, અન્ય તો નિમિત્તમાત્ર છે; માટે બીજાને દોષ આપવો નિરર્થક છે એમ સમજી તે દુઃખ સમભાવથી વેદે. હવે તે દુઃખ બધું વેદે કે કેટલુંક વેદે? એમ ગૌતમ ભગવંત મહાવીરને પૂછે છે એનો ભગવાન્ ઉત્તર આપે છે કે જીવ પોતે કરેલું દુઃખ કેટલુંક વેદે અને કેટલુંક ન વેદે. સાંસારિક સુખ પણ દુઃખનો હેતુ હોવાથી દુઃખરૂપ છે અને દુઃખનું કારણ કર્મ હોવાથી કર્મ એ પણ દુઃખરૂપ છે. તે કર્મ સ્વભાવથી બધું વેદતો નથી પણ વિપાક-ઉદયમાં આવેલું માત્ર વેદે છે અને વિપાક-ઉદયમાં ન આવેલું વેદતો નથી, પણ સામાન્યપણે વેદવાલાયક તો બધું જ કર્મ છે; કારણ કે કરેલું કર્મ ભોગવ્યા સિવાય તેનાથી છુટકારો થતો નથી.

૧૨ આયુષ કર્મસંબંધે વૃદ્ધ આચાર્યોનો આ વિચાર છે:-કૃષ્ણ

વાસુદેવે સાતમી નરકનું આયુષ બાંધ્યુ અને ફરી કાળાન્તરે પરિણામ-વિશેષથી ત્રીજી નરક પૃથ્વીને યોગ્ય કર્યું તેને આશ્રયી આ ઉત્તર છે કે-પૂર્વે બાંધેલું આયુષ જ્યાંસુધી ઉદયમાં ન આવે ત્યાંસુધી કોઈ પણ જીવ ન વેદે, પણ જે આયુષ બાંધ્યું છે તે ઉદયમાં આવે ત્યારે ત્યાં ઉત્પન્ન થાય અને વેદે.

## ક્રિયા.

**૧૪ પ્ર૦**—હે ભગવન્! મનુષ્યો બધા સમાન ક્રિયાવાળા હોય?

ઉ૦—હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી.

**૧૫ પ્ર૦**—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો?

ઉ૦—હે ગૌતમ! મનુષ્ય ત્રણ પ્રકારના છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે ત્રણ પ્રકારના છે. સંયત (સંયમી), અસંયત (અસંયમી) અને સંયતાસંયત (દેશસંયમી). સંયત બે પ્રકારના છે. સરાગસંયત અને વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તે ક્રિયારહિત છે. સરાગસંયત બે પ્રકારના છે. પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્તસંયત છે તેને એક માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે. જે પ્રમત્તસંયત છે તેને બે ક્રિયાઓ હોય છે-આરંભિકી અને માયાપ્રત્યયિકી. જે સંયતાસંયત-દેશવિરતિ છે તેને ત્રણ ક્રિયાઓ હોય છે-આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી. અસંયતને ચાર ક્રિયાઓ હોય છે-આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનિકી. મિથ્યાદૃષ્ટિને પાંચ ક્રિયાઓ હોય છે-આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનિકી અને મિથ્યાદર્શનપ્રત્યયિકી.

## પ્રશ્ન ૧૪-૧૫નું વિવેચન.

૧૪-૧૫ આરંભ-હિંસા જેનું કારણ છે તે આરંભિકી એટલે હિંસાપ્રયુક્ત ક્રિયા, અને તે આવશ્યક ધર્મોપકરણ સિવાયની વસ્તુના

સ્વીકારમાં પરિણત થાય છે. ધર્મોપકરણમાં પણ મૂર્ચ્છા હોય તો તે પરિગ્રહ જ છે. તે પરિગ્રહ જેનું કારણ છે તે પારિગ્રહિકી ક્રિયા. માયા-દંભ-સરલપણાનો અભાવ, ઉપલક્ષણથી ક્રોધાદિ પણ જાણવા, તે જેનું કારણ છે તે માયાપ્રત્યયિકી એટલે કષાયપ્રયુક્ત ક્રિયા. અપ્રત્યાખ્યાન-અવિરતિ તે જેનું કારણ છે તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા, મિથ્યાદર્શન-આત્મતત્ત્વની અપ્રતીતિ તે જેનું કારણ છે તે મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા એ પાંચ ક્રિયાઓ મિથ્યાદષ્ટિને હોય છે. સમ્યગ્દષ્ટિને આત્મતત્ત્વની પ્રતીતિ હોવાથી મિથ્યાત્વ હોતું નથી, તેથી તેને બાકીની ચાર ક્રિયા હોય છે. તેમાં અવિરતિ હોવાથી અપ્રત્યાખ્યાનિકી ક્રિયા, માત્ર દેશવિરતિ હોવાથી પારિગ્રહિકી, કષાય હોવાથી માયાપ્રત્યયિકી અને પ્રમત્તયોગ હોવાને લીધે આરંભિકી ક્રિયા હોય છે. જેણે કષાયનો સર્વથા ક્ષય કે ઉપશમ કર્યો નથી તે સરાગસંયત છે. જેણે કષાયનો સર્વથા ક્ષય કે ઉપશમ કર્યો છે તે વીતરાગસંયત છે. વીતરાગસંયતને કષાય નહિ હોવાથી આરંભાદિ નથી માટે તેઓ આરંભિકી વગેરે ક્રિયારહિત છે. અપ્રમત્તસંયતને કષાયનો ક્ષય કે ઉપશમ ન થયેલો હોય ત્યાંસુધી એક માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે અને તે ક્રિયા કદાચિત્ શાસનના ઉડ્ડાહના રક્ષણ માટે પ્રવૃત્તિ કરતાં લાગે છે. પ્રમત્તસંયતને કષાય હોવાથી માયાપ્રત્યયિકી અને પ્રમત્તયોગ હોવાથી આરંભિકી ક્રિયા હોય છે, કારણ કે સર્વ પ્રમત્તયોગ આરંભ-હિંસારૂપ છે.

## કાંક્ષામોહનીય

૧૬ પ્ર૦—હે ભગવન્! જીવો કાંક્ષામોહનીય-મિથ્યાત્વમોહનીય કર્મ વેદે ?

ઉ૦—હા, ગૌતમ ! અવશ્ય વેદે.

૧૭ પ્ર૦—હે ભગવન્! જીવો શી રીતે કાંક્ષામોહનીય કર્મ વેદે ?

ઉ૦—હે ગૌતમ ! તે તે કારણોવડે શંકાવાળા, કાંક્ષાવાળા, વિચિકિત્સા-ધર્મનાં ફળનાં સંશયવાળા, દ્વૈધીભાવને પ્રાપ્ત થયેલા, કલુષિત પરિણામવાળા જીવો કાંક્ષામોહનીય કર્મ વેદે છે.

૧૮ પ્ર૦—હે ભગવન્ ! તે સત્ય અને નિ:શંક છે કે જે જિનોએ કહેલું છે ?

ઉ૦—હા ગૌતમ ! તે સત્ય અને નિ:શંક છે કે જે જિનોએ કહેલું છે.

૧૯ પ્ર૦—હે ભગવન્ ! એ પ્રમાણે મનમાં ધારતો, એમ કરતો, એમ રહેતો, એમ સંવર કરતો આજ્ઞાનો આરાધક થાય ?

ઉ૦—હા, ગૌતમ ! એ પ્રમાણે મનમાં ધારણ કરતો યાવત્ આજ્ઞાનો આરાધક થાય છે.

## પ્રશ્ન ૧૬-૧૭ નું વિવેચન.

કાંક્ષા-અન્ય અન્ય દર્શનની ઇચ્છા, ઉપલક્ષણથી શંકાદિનું પણ ગ્રહણ કરવું તેથી બંધાતું જે મોહનીય તે કાંક્ષામોહનીય કર્મ એટલે મિથ્યાત્વમોહનીય-તે તે કારણોવડે જીવો વેદે છે. તે કારણો જણાવે છે-જિને કહેલા તત્ત્વની સર્વથી અને અંશથી શંકાવાળા, સર્વથી અથવા દેશથી અન્ય અન્ય દર્શનના સ્વીકારની ઇચ્છાવાળા, વિચિકિત્સા-ધર્મના ફળની શંકાવાળા, શું **આ** જિનશાસન છે કે **આ** છે ? એમ જિનશાસનના સ્વરૂપપ્રતિ દ્વૈધીભાવને પ્રાપ્ત થયેલા-કલુષિતપણાને-મતિવિપર્યાસને પ્રાપ્ત થયેલા જીવો કાંક્ષામોહનીય કર્મને વેદે છે અને તેને તજી દેતો જીવ મનમાં સ્થિરભાવને ધારણ કરતો એટલે મનને સ્થિર કરતો, તેમજ તપ અને ધ્યાનાદિમાં રહેતો એટલે મનના પૌદ્ગલિક ભાવનો સંવર કરતો અથવા હિંસાદિનો ત્યાગ કરતો આજ્ઞાનો-જ્ઞાનાદિની આસેવનારૂપ જિનોપદેશનો આરાધક થાય છે.

## ઉત્થાન-કર્મ, બલ, વીર્ય અને પુરૂષકાર.

૨૦ પ્ર૦—હે ભગવન્ ! જીવ કાંક્ષામોહનીય કર્મ બાંધે ?

ઉ૦—હા, ગૌતમ ! બાંધે.

૨૧ પ્ર૦—હે ભગવન્ ! જીવો શી રીતે કાંક્ષામોહનીય કર્મ બાંધે ?

ઉ૦—હે ગૌતમ ! પ્રમાદનિમિત્તે અને યોગનિમિત્તે બાંધે.

૨૨ પ્ર૦—હે ભગવન્! પ્રમાદ શાથી ઉત્પન્ન થાય?

ઉ૦—હે ગૌતમ! પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય.

૨૩ પ્ર૦—હે ભગવન્! યોગ શાથી ઉત્પન્ન થાય?

ઉ૦—હે ગૌતમ! યોગ વીર્યથી ઉત્પન્ન થાય.

૨૪ પ્ર૦—હે ભગવન્! વીર્ય શાથી ઉત્પન્ન થાય?

ઉ૦—હે ગૌતમ! વીર્ય શરીરથી ઉત્પન્ન થાય.

૨૫ પ્ર૦—હે ભગવન્! શરીર શાથી ઉત્પન્ન થાય?

ઉ૦—હે ગૌતમ! શરીર જીવથી ઉત્પન્ન થાય. એમ હોવાથી ઉત્થાન શબ્દ કર્મ, બલ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમવાચી સમજવો.

૨૬ પ્ર૦—હે ભગવન્! જીવ તે કર્મને પોતાની મેળે ઉદીરે, પોતાની મેળે નિંદે અને પોતાની મેળે સંવરે?

ઉ૦—હા, ગૌતમ! તેને પોતાની મેળે ઉદીરે, પોતાની મેળે નિંદે અને પોતાની મેળે સંવરે.

## પ્રશ્ન ૨૦ થી ૨૬ નું વિવેચન.

૨૦–૨૫ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયરૂપ ત્રણે બન્ધહેતુનો પ્રમાદમાં અન્તર્ભાવ થાય છે. " **पमाओ य मुणिंदेहिं भणिओ अट्ठ भेयओ । अण्णाणं संसओ चेव मिच्छानाणं तहेव य । राग-दोसो मइब्भंसो धम्मंमि य अणायरो। जोगाणं दुप्पणिहाणं अट्ठहा वज्जियव्वओ ।** " ૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાજ્ઞાન, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મતિભ્રંશ, ૭ ધર્મનો અનાદર અને ૮ મન, વચન તથા કાયયોગનું દુષ્પ્રણિધાન–એ આઠ પ્રકારના પ્રમાદનિમિત્તે અને મન, વચન અને કાયના યોગનિમિત્તે જીવ કાંક્ષામોહનીય કર્મ બાંધે છે. કર્મબંધનું કારણ મિથ્યાત્વાદિરૂપ પ્રમાદ મન, વચન અને કાયયોગના સદ્ભાવમાં હોય છે માટે તે પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય છે, યોગ વીર્યથી થાય છે, વીર્ય એ વીર્યાન્તરાય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી થયેલો જીવનો પરિણામવિશેષ છે, વીર્ય શરીરથી થાય છે. વીર્ય બે પ્રકારનું છે—સકરણ અને અકરણ. તેમાં લેશ્યારહિત કેવલજ્ઞાનીને સમગ્ર જ્ઞેય અને દૃશ્ય પદાર્થમાં કેવલજ્ઞાન અને દર્શનનો ઉપયોગ

કરતાં જે આત્મપ્રદેશના પરિસ્પન્દરહિત અસ્ખલિત જીવવ્યાપાર-વિશેષ તે અકરણવીર્ય. તેનો અહીં અધિકાર નથી, પણ લેશ્યા-વાળા જીવોનો મન, વચન અને શરીરદ્વારા આત્મપ્રદેશના પરિસ્પંદ-રૂપ વ્યાપાર તે સકરણવીર્ય. તેની ઉત્પત્તિ શરીરથી થાય છે, કારણ કે શરીરવિના સકરણ વીર્ય હોતું નથી. શરીરની ઉત્પત્તિ જીવથી થાય છે. યદ્યપિ શરીરનું કારણ કર્મ પણ છે, કેવળ જીવ નથી તો પણ કર્મ જીવે કરેલાં હોવાથી અને તેમાં જીવની પ્રધા-નતા હોવાથી ‘શરીર જીવથી થાય છે’ એમ કહેવામાં આવ્યું છે.

હવે પ્રસંગથી નિયતિવાદનો નિષેધ કરે છે-જીવ ઉત્થાન, બલ, વીર્ય અને પુરૂષકારવડે કાંક્ષામોહનીયકર્મનો બંધ કરે છે. તેમ તેની ઉદીરણા, ઉપશમના, વેદન અને નિર્જરા કરે છે. નિયતિ-વાદી ગોશાલકના મતે ઉત્થાનાદિ પુરૂષાર્થના સાધક નથી પણ નિયતિથી જ પુરૂષાર્થની સિદ્ધિ થાય છે.

એ સંબંધે કહ્યું છે કે-“પ્રાણીઓને નિયતિથી જ શુભ કે અશુભ અર્થ પ્રાપ્ત થવાનો હોય છે તે અવશ્ય પ્રાપ્ત થાય છે. ઘણો પ્રયત્ન કરવામાં આવે તો પણ જે પ્રાપ્ત થવાનું નથી તે પ્રાપ્ત થતું નથી અને જે પ્રાપ્ત થવાનું છે તેનો નાશ થતો નથી”. આમ ગોશાલક મતાનુયાયી નિયતિનો સ્વીકાર કરે છે અને પ્રત્યક્ષસિદ્ધ પુરૂષાર્થનો અપલાપ કરે છે, પરન્તુ જૈનદર્શન પુરૂષાર્થપ્રધાન છે તે આ અને આ સિવાય બીજા અનેક પૂરાવાથી સાબીત થઇ શકે છે.

ઉત્થાન-ઉઠવું, પ્રયત્ન કરવો, કર્મ-ગમનાદિ ક્રિયા, બલ-શારીરિક પ્રયત્ન, વીર્ય-જીવનો ઉત્સાહ, પુરૂષકાર-કર્તૃત્વનું અભિમાન, પરાક્રમ-ઇષ્ટાર્થસાધક પ્રયત્ન. એ ઉત્થાનાદિ કર્મના બંધ, ઉદીરણા, ઉપશમના વગેરેના સાધક છે; તેથી કર્મના બંધાદિમાં મુખ્યપણે આત્માનો જ અધિકાર છે, બીજાનો નથી; કારણ કે પુરૂષાર્થની સિદ્ધિ ઉત્થાના-દિને આધીન છે. એ સંબંધે કહ્યું છે કે-“કોઇ પણ જીવને થોડો પણ બન્ધ પરવસ્તુ નિમિત્તે થતો નથી.”

ઉદીરણા પણ જીવ પોતે જ કરે છે. કરણવિશેષવડે ભવિષ્યકાળમાં વેદવાલાયક કર્મને ક્ષય કરવા માટે ઉદયાવલિકાની બહારથી ખેંચી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી વેદવું તે ઉદીરણા. ગર્હા-અતીતકાળે

કરેલા કર્મના સ્વરૂપથી કારણની નિંદાદ્વારા નિંદા કરવી, કર્મને સ્વરૂપથી અથવા તેના હેતુઓને રોકવાદ્વારા રોકવા તે સંવર. એ પ્રમાણે ગર્હા અને સંવર પણ જીવ પોતે જ કરે છે. યદ્યપિ ગર્હાદિમાં ગુરૂ વગેરેનું સહકારીપણું છે તો પણ તેઓની પ્રધાનતા નથી. પ્રધાનપણું જીવવીર્યનું જ છે. ગુરૂવગેરે સંતપુરૂષોનો ઉપદેશ જીવના વીર્યોલ્લાસ માત્રમાં કારણ છે.

૨૬. હવે ઉદીરણા સંબંધે કહે છે–ઉદીરેલાં કર્મને ઉદીરતો નથી, કારણ કે તેને જો ઉદીરે તો ઉદીરણા બંધ પડવાનો પ્રસંગ જ ન આવે. નહિ ઉદીરેલાં કર્મને પણ ઉદીરતો નથી, એટલે જેની લાંબા કાળે ભવિષ્યમાં ઉદીરણા થવાની છે અથવા જે નિકાચિતરૂપે કે નિધત્તરૂપે થયેલા છે અને તેથી જેની ઉદીરણા થવાની નથી તેને ઉદીરતો નથી, પણ નહિ ઉદીરેલા છતાં પછીના સમયે ઉદીરણા થવાને યોગ્ય છે તેને ઉદીરે છે; કારણ કે તે વિશિષ્ટ યોગ્યતાને પ્રાપ્ત થયેલું છે. જે ઉદયવડે પછીના સમયે નાશ કરાયેલું હોય તેને પણ ઉદીરતો નથી, કારણ કે તે અતીતરૂપે થયેલું છે અને અતીતરૂપે થયેલું કર્મ હોતું નથી અને નહિ હોવાથી તે ઉદીરણાને અયોગ્ય છે. યદ્યપિ ઉદીરણાદિમાં કાળ અને સ્વભાવાદિનું કારણપણું છે, તો પણ મુખ્યપણે જીવનું વીર્ય જ કારણ છે. એ પ્રમાણે ઉત્થાનાદિવડે ઉદીરે છે. એમ કાંક્ષામોહનીયની ઉદીરણા કહી.

હવે તેની જ ઉપશમના કહે છે–ઉપશમ મોહનીયકર્મનો જ થાય છે. તે સંબંધે કહ્યું છે કે–‘ મોહનીય કર્મનો જ ઉપશમ થાય છે, ચાર ઘાતીકર્મનો ક્ષય અને ક્ષયોપશમ થાય છે. ઉદય, ક્ષય અને પરિણામ એ ત્રણે ભાવો આઠે કર્મના હોય છે. ઉપશમ એટલે ઉદયમાં આવેલા કર્મનો ક્ષય કરી નહિ ઉદયમાં આવેલા કર્મનો રસ અને પ્રદેશથી સર્વથા અનુભવ ન કરવો. આવો ઉપશમ અનાદિ મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં અને ઉપશમશ્રેણિમાં હોય છે. ઉદયમાં આવેલા કર્મનું અવશ્ય વેદન થાય છે માટે તેનો ઉપશમ થતો નથી.

ઉદીરેલું કર્મ વેદાય છે માટે પછી વેદનસંબંધે પ્રશ્ન છે અને તેના ઉત્તરમાં ઉદીરેલું કર્મ વેદે છે, એમ કહ્યું છે. નહિ ઉદીરેલા

કર્મનું વેદન થતું નથી. જો અનુદિરીત કર્મ વેદાય તો ઉદીરેલા અને નહિ ઉદીરેલા કર્મની વિશેષતા ન રહે. કર્મ વેદ્યા પછી તેની નિર્જરા થાય છે –નાશ થાય છે એટલે તે કર્મ આત્માથી જુદું થાય છે.

---

**૨૭ પ્ર૦**—હે ભગવન્! જે કર્મને પોતે જ ઉદીરે છે, પોતે જ ગર્હે છે, પોતે જ સંવરે છે તે શું ઉદીરેલાં કર્મને ઉદીરે છે? નહિ ઉદીરેલાં કર્મને ઉદીરે છે? નહિ ઉદીરેલાં પણ ઉદીરણાને યોગ્ય કર્મને ઉદીરે છે કે ઉદય પછી નાશ પામેલા કર્મને ઉદીરે છે?

ઉ૦—હે ગૌતમ! ઉદીરેલાં કર્મને ઉદીરતો નથી, નહિ ઉદીરેલાં કર્મને ઉદીરતો નથી, નહિ ઉદીરેલાં પણ ઉદીરણાને યોગ્ય કર્મને ઉદીરે છે. ઉદય પછી નાશ પામેલા કર્મને ઉદીરતો નથી.

**૨૮ પ્ર૦**—હે ભગવન્! જે નહિ ઉદીરેલાં પણ ઉદીરણા થવાને યોગ્ય કર્મને ઉદીરે છે તે શું ઉત્થાન–પ્રયત્ન, કર્મ, બળ, વીર્ય અને પુરૂષકાર–પરાક્રમથી ઉદીરે છે કે ઉત્થાન–પ્રયત્ન, કર્મ, બલ, વીર્ય અને પુરૂષકાર–પરાક્રમ સિવાય ઉદીરે છે?

ઉ૦—હે ગૌતમ! ઉત્થાન–કર્મ, બલ, વીર્ય અને પુરૂષકાર–પરાક્રમવડે નહીં ઉદીરેલાં પણ ઉદીરણાને યોગ્ય હોય તેવા કર્મને ઉદીરે છે, પણ ઉત્થાન–કર્મ, બલ, વીર્ય અને પુરૂષકાર–પરાક્રમ સિવાય ઉદીરતો નથી. એમ હોવાથી ઉત્થાન તે બલ, વીર્ય અને પુરૂષકાર–પરાક્રમ છે.

**૨૯ પ્ર૦**—હે ભગવન્! તે કર્મ પોતે જ ઉપશમાવે? પોતે જ ગર્હે? અને પોતે જ સંવરે?

ઉ૦—હા ગૌતમ! તે કર્મ પોતે જ ઉપશમાવે, પોતે જ ગર્હે અને પોતે જ સંવરે; પરન્તુ નહિ ઉદીરેલાં કર્મને ઉપશમાવે છે. બાકીના ત્રણે વિકલ્પોનો પ્રતિષેધ કરવો.

**૩૦ પ્ર૦**—હે ભગવન્! જે નહિ ઉદીરેલાં કર્મને ઉપશમાવે તે ઉત્થાન–પ્રયત્નવડે ઉપશમાવે કે પ્રયત્ન સિવાય ઉપશમાવે?

ઉ૦—હે ગૌતમ! ઉત્થાન યાવત્ પુરૂષકાર–પરાક્રમવડે ઉપશમાવે, માટે ઉત્થાન, બલ, વીર્ય પુરૂષકાર–પરાક્રમ છે.

૩૧ પ્ર૦—હે ભગવન્! જીવ પોતે જ કર્મને વેદે છે, પોતે જ ગર્હે છે અને પોતે જ સંવરે છે?

ઉ૦—હા, ગૌતમ! કર્મ પોતે જ વેદે, પોતે જ ગર્હે, પોતે જ સંવરે. બધે આ જ ક્રમ સમજવો, પરન્તુ ઉદીરણાને પ્રાપ્ત થયેલું–ઉદીરેલું કર્મ વેદે છે; નહિ ઉદીરેલું–ઉદીરણાને પ્રાપ્ત નહીં થયેલું–કર્મ વેદતો નથી, એમ પુરૂષકાર–પરાક્રમ છે.

૩૨ પ્ર૦—હે ભગવન્! શ્રમણ નિર્ગ્રન્થો પણ કાંક્ષામોહનીયકર્મ વેદે?

ઉ૦—હા, ગૌતમ! વેદે.

૩૩ પ્ર૦—હે ભગવન્! શાથી શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષામોહનીય કર્મ વેદે?

ઉ૦—હે ગૌતમ! અન્ય જ્ઞાન, અન્ય દર્શન, અન્ય ચારિત્ર, અન્ય લિંગ, અન્ય પ્રવચન, અન્ય પ્રાવચનિક (પ્રવચનના ઉપદેશક), અન્ય કલ્પઆચાર, અન્ય માર્ગ, અન્ય મત, અન્ય ભંગ, અન્ય નય, અન્ય નિયમ અને અન્ય પ્રમાણરૂપ તે તે કારણોવડે શંકાવાળા, કાંક્ષાવાળા, સંશયવાળા, વિચિકિત્સા એટલે ધર્મના ફળને વિષે સંદેહવાળા, દ્વૈધીભાવને પ્રાપ્ત થયેલા, કલુષિત–ડહોળાયેલા પરિણામવાળા શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષામોહનીયકર્મ વેદે છે.

## પ્રશ્ન ૩૨–૩૩ નું વિવેચન.

શ્રમણ અને નિર્ગ્રન્થો–બાહ્ય અભ્યન્તર પરિગ્રહથી મુક્ત થયેલા, તેઓને પણ કાંક્ષામોહનીયના વેદનનો સંભવ છે અને તેનું કારણ અન્ય જ્ઞાનાદિવડે શંકાવાળા, કાંક્ષાવાળા ઈત્યાદિ હોય. અહીં અન્યપણું સમ્યગ્જ્ઞાનાદિથી જાણવું. એટલે મિથ્યાજ્ઞાન, દર્શન, ચારિત્રાદિથી શંકાવાળા, કાંક્ષાવાળા થયેલા એવા જીવો કાંક્ષામોહનીય કર્મ વેદે છે. અથવા અન્ય અન્ય જ્ઞાનાદિમાં શંકિત થયેલા કાંક્ષામોહનીય વેદે છે. ટીકાકાર શ્રી અભયદેવસૂરિ જ્ઞાનાદિમાં શંકા આ પ્રમાણે જણાવે છે–જો પરમાણુથી માંડીને સંપૂર્ણ રૂપી દ્રવ્ય સુધીના

વિષયને ગ્રહણ કરનાર હોવાથી અવધિજ્ઞાન અસંખ્ય પ્રકારનું છે, તો પછી મનઃપર્યવજ્ઞાનનું શું પ્રયોજન છે ? કારણ કે મનઃપર્યવજ્ઞાનનો વિષય મનોદ્રવ્ય છે અને તેને અવધિજ્ઞાની જાણે છે, માટે અહીં સત્ય શું છે. ?

એ શંકાનું સમાધાન–યદ્યપિ મન વિષયક પણ અવધિજ્ઞાન છે તો પણ તેથી મનઃપર્યવજ્ઞાનનો અવધિજ્ઞાનમાં અન્તર્ભાવ થતો નથી, કારણ કે તે બન્ને જ્ઞાનના ભિન્ન સ્વભાવ છે. જેમકે મનઃપર્યવજ્ઞાન મનોદ્રવ્યમાત્રને જાણે છે, વળી તેવા પ્રકારના સ્વભાવથી પ્રથમ જ વિશેષરૂપે મનોદ્રવ્યને ગ્રહણ કરે છે, તેથી દર્શનપૂર્વક પ્રવર્તતું નથી પણ પ્રથમ જ જ્ઞાનરૂપે પ્રવર્તે છે અને અવધિજ્ઞાન તો કિંચિત્ મનોદ્રવ્ય તથા તે સિવાયના બીજા રૂપી દ્રવ્યને જાણે છે અને પ્રથમ સામાન્ય અવબોધ થયા પછી વિશેષરૂપે પ્રવર્તે છે, તે જ્ઞાન દર્શનપૂર્વક જ હોય છે.

દર્શન–દર્શન એટલે સમ્યક્ત્વ, તેમાં આ પ્રમાણે શંકા થાય છે. ઉદયમાં આવેલું મિથ્યાત્વ ક્ષીણ થયેલું હોય અને ઉદયમાં નહિ આવેલું મિથ્યાત્વ ઉપશમાવ્યું હોય તે ક્ષાયોપશમિક. ઔપશમિક સમ્યક્ત્વનું લક્ષણ પણ એવું જ છે, માટે લક્ષણ એક હોવાથી બન્નેનો ભેદ જણાતો નથી. તેનું સમાધાન–ઉદયમાં આવેલાનો ક્ષય અને ઉદયમાં નહિ આવેલાનો વિપાક–રસોદયની અપેક્ષાએ ઉપશમ અને પ્રદેશાનુભવથી ઉદય તે ક્ષયોપશમ અને ઉપશમમાં રસથી અને પ્રદેશથી બંને પ્રકારે ઉદય હોતો નથી એ વિશેષતા છે.

ચારિત્ર–સામાયિકચારિત્ર સર્વવિરતિરૂપ છે અને છેદોપસ્થાપનીય પણ એવું જ છે, કારણ કે મહાવ્રતો દોષની નિવૃત્તિરૂપ છે. તો એ બન્નેનો ભેદ શા હેતુથી છે ? સમાધાન–પ્રથમ જિનના સાધુ ઋજુ અને જડ હોય છે અને ચરમજિનના સાધુ વક્રજડ હોય છે. તેઓના આશ્વાસનને માટે છેદોપસ્થાપનીય ચારિત્ર કહેલું છે. ઋજુજડપણાથી કે વક્રજડપણાથી પ્રારંભમાં સામાયિકચારિત્રની અશુદ્ધિ થઈ હોય તો પણ ફરીથી વ્રત આપવામાં આવતાં વ્રતનું અખંડિતપણું હોવાથી અમે ‘ શુદ્ધ ચારિત્રવાળા છીએ ’ એવી તેમની બુદ્ધિ થાય છે. અને માત્ર સામાયિક ચારિત્ર હોય તો તેની અશુદ્ધિ થતાં અમારૂં

ચારિત્ર ખંડિત થયું છે એ પ્રમાણે અનાશ્વાસનો પ્રસંગ થાય છે. મધ્યમ જિનના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી પ્રથમથી જ દોષનો સંભવ ઘણો થોડો છે તેથી જ્ઞાની પુરૂષોએ દેશકાળની અપેક્ષાએ બન્ને ચારિત્રો જુદા કહ્યાં છે.

લિંગ–સાધુવેષ. મધ્યમ જિનોએ યથાપ્રાપ્ત વસ્ત્રરૂપ લિંગ કહ્યું છે અને પ્રથમ તથા ચરમ જિનોએ સપ્રમાણ શ્વેત વસ્ત્રરૂપ લિંગનો ઉપદેશ કર્યો છે. સર્વજ્ઞ અને અવિરોધી વચનવાળા જિનોના ઉપદેશમાં લિંગનો ભેદ કેમ હોય ? સમાધાન–' ઋજુ–જડ, વક્રજડ તથા ઋજુપ્રાજ્ઞ શિષ્યોને આશ્રયી ભગવંતે જુદો જુદો ઉપદેશ કર્યો છે, કારણ કે તેથી જ તેઓનો ઉપકાર થવાનો સંભવ છે.'

પ્રવચન–આગમ. તેમાં મધ્યમ જિનના આગમો ચાર મહાવ્રત ધર્મના પ્રતિપાદક છે તો પહેલા અને છેલ્લા જિનના આગમ પાંચ મહાવ્રતનું કેમ પ્રતિપાદન કરે છે ? સમાધાન–' મૈથુનવિરમણરૂપ ચોથા મહાવ્રતનો પરિગ્રહમાં સમાવેશ થાય છે, કેમકે પરિગ્રહ–મૂર્ચ્છા સિવાય સ્ત્રીનો ઉપભોગ કરાતો નથી અને જ્ઞાતપુત્ર ભગવાન્ મહાવીરે મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યો છે.'

પ્રવચનને જાણે તે પ્રાવચનિક. કાળની અપેક્ષાએ બહુશ્રુત હોય તેને પ્રાવચનિક જાણવા. તેમાં એક બહુશ્રુત આ પ્રમાણે કરે અને અન્ય બીજી રીતે કરે તેમાં ખરૂં શું સમજવું ? સમાધાન–' ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમવડે અને ઉત્સર્ગ અને અપવાદાદિની ભાવનાથી પ્રાવચનિકોની વિચિત્ર પ્રવૃત્તિ હોય છે, તે બધી પ્રમાણ નથી; પરન્તુ આગમથી અવિરૂદ્ધ પ્રવૃત્તિ જ પ્રમાણરૂપ છે.'

કલ્પ–જિનકલ્પિકાદિનો આચાર. તેમાં જો જિનકલ્પિકાદિ મુનિઓનો નગ્નત્વાદિરૂપ મહાકષ્ટવાળો આચાર કર્મક્ષયને માટે છે, તો સ્થવિરકલ્પિકોનો વસ્ત્રપાત્રાદિના ઉપભોગ કરવારૂપ યથાશક્તિ પ્રવૃત્તિવાળો સહેલાઈથી પાળી શકાય એવો આચાર કર્મના ક્ષયને માટે કેમ હોય ? સમાધાન–' બન્ને પ્રકારના આચાર કર્મક્ષયના કારણ છે, કારણ કે અવસ્થાભેદની અપેક્ષાએ જિને કહેલા છે અને વિશિષ્ટ કર્મના ક્ષયનું કારણ કષ્ટ કે અકષ્ટ નથી.'

માર્ગ–પૂર્વાચાર્યની પરંપરાથી આવેલી સામાચારી. તેમાં કેટલાએક આચાર્યોની બે વાર ચૈત્યવંદન, અનેક પ્રકારે કાયોત્સર્ગ કરવારૂપ વગેરે આવશ્યક સામાચારી છે, તેથી બીજા ગચ્છોની તેનાથી જુદા પ્રકારની છે, તો આમાં સત્ય શું છે ? સમાધાન–'ગીતાર્થ અને સરલ પુરૂષોની બધી આચરણા પ્રમાણભૂત છે, કારણ કે આચરણાના લક્ષણયુકત છે. એ સંબંધે કહ્યું છે કે–અશઠ–સરલ પુરૂષે આચરેલી હોય અને કયાંઈ પણ અન્ય ગીતાર્થોએ અસાવદ્ય–નિર્દોષ ધારી નિષેધ ન કર્યો હોય તેમજ બહુસંમત હોય એ આચરણા આજ્ઞારૂપ જ કહેવાય છે.'

મત–આચાર્યોના અભિપ્રાય. આગમ એક જ છતાં આચાર્યોના ભિન્ન ભિન્ન અભિપ્રાય છે. સિદ્ધસેન દિવાકર માને છે કે કેવલજ્ઞાનીને જ્ઞાન અને દર્શન એક સમયે હોય છે. જો એમ ન માનવામાં આવે તો જ્ઞાનાવરણ અને દર્શનાવરણનાં ક્ષયની નિરર્થકતા થાય. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ સ્વભાવથી જ જુદા જુદા સમયે જ્ઞાન અને દર્શન હોય છે એમ માને છે. જેમકે આવરણનો ક્ષયોપશમ સમાન છે તો પણ મતિ અને શ્રુતજ્ઞાનનો ઉપયોગ ક્રમપૂર્વક હોય છે; છતાં તે બંનેનો ક્ષયોપશમ ઉત્કૃષ્ટથી છાસઠ સાગરોપમ પ્રમાણ કહેલો છે, તો આમાં ખરૂં શું છે ? સમાધાન–'જે આગમને અનુસારે હોય તે સત્ય માનવું, પરન્તુ તે આગમને અનુસારે છે કે નહિ ? તેનો જો બહુશ્રુત નિર્ણય ન કરી શકે તો આમ વિચાર કરવો કે આચાર્યોના સંપ્રદાયાદિ દોષથી આ મતભેદ છે. જિનોનો મત તો એક અને અવિરૂદ્ધ છે, કારણ કે તે અજ્ઞાન અને રાગાદિરહિત છે. એ સંબંધે કહ્યું છે કે–નહિ ઉપકાર કરવા છતાં બીજા પર ઉપકાર કરવામાં તત્પર, યુગના પ્રધાન પુરૂષ જિન છે અને તેમણે રાગ, દ્વેષ તથા મોહનો જય કરેલો છે તેથી અન્યથા બોલતા નથી.'

ભંગો–બે ઈત્યાદિ સંયોગવાળા ભાંગાઓ. જેમકે ૧ દ્રવ્યથી હિંસા, ભાવથી નહિ, ૨ ભાવથી હિંસા, દ્રવ્યથી નહિ, ૩ દ્રવ્યથી નહિ અને ભાવથી પણ નહિ અને ૪ દ્રવ્યથી હિંસા અને ભાવથી પણ હિંસા. તેમાં પ્રથમ ભંગ પણ ઘટી શકતો નથી, કારણ કે અપ્રમત્તતાવડે ઈર્યાસમિતિપૂર્વક ગમન કરતાં કીડી વગેરેની હિંસા થાય છે, પરન્તુ આ હિંસા ન કહી શકાય; કારણ કે

"જે પ્રમત્ત પુરૂષ છે તેના પ્રમત્તયોગને આશ્રયી જે જીવો મરી જાય તેઓના તે અવશ્ય હિંસક છે." અહીં અપ્રમત્તતા હોવાથી હિંસાનું લક્ષણ ઘટી શકતું નથી અને દ્રવ્યથી હિંસા તો કહેલી છે માટે શંકા થાય છે. સમાધાન-'અહીં શંકા કરવી યોગ્ય નથી, કારણ કે ઉપર કહ્યું છે તેવું દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની હિંસાનું લક્ષણ છે અને મરણ માત્ર થવું તે દ્રવ્યહિંસા છે.'

નય-સાપેક્ષ વચન. તેના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે ભેદો છે. દ્રવ્યાર્થિક નયના મતે બધી વસ્તુ નિત્ય છે અને તેજ પર્યાયાર્થિક નયના મતે અનિત્ય છે. નિત્ય અને અનિત્ય પરસ્પર વિરૂદ્ધ છે તો વસ્તુ નિત્ય સમજવી કે અનિત્ય સમજવી? એ શંકા થાય છે. સમાધાન-'આવી શંકા કરવી અયુકત છે, કારણ કે દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે. અપેક્ષાવડે એક સ્થળે એક સમયે પરસ્પર વિરૂદ્ધ ધર્મોનો સમાવેશ થાય છે. જેમકે પિતાની અપેક્ષાએ જે પુત્ર છે તે પુત્રની અપેક્ષાએ પિતા છે.'

નિયમ-અભિગ્રહ. જો સર્વવિરતિ સામાયિક છે તો બીજા 'પોરિસી' આદિ નિયમની શી જરૂર છે? કારણ કે સામાયિકવડે જ સર્વ ગુણની પ્રાપ્તિ થાય છે અને વ્રત પચ્ચખ્ખાણાદિ નિયમો ગ્રહણ કરવાનું તો કહ્યું છે માટે શંકા થાય છે. સમાધાન-'આ શંકા કરવી અયોગ્ય છે, કારણ કે સામાયિક છતાં પણ વ્રત પચ્ચખ્ખાણાદિ નિયમની જરૂર છે, તે નિયમો અપ્રમાદાદિ ગુણવૃદ્ધિનું કારણ છે.'

પ્રમાણ-પ્રત્યક્ષાદિ. પ્રત્યક્ષથી આત્મા મરણ સ્વભાવવાળો જણાય છે, પરન્તુ આગમમાં તો આત્મા નિત્ય કહેલો છે તેથી શંકા થાય છે. સમાધાન-'પ્રત્યક્ષથી આત્મા મરણ સ્વભાવવાળો જણાય છે તે સમ્યક્ પ્રત્યક્ષ નથી, માત્ર શરીર મરણ પામવાના સ્વભાવવાળું છે; માટે શરીરનો વિયોગ થતાં મરણ કહેવાય છે.'

## ઉપસ્થાન અને અપક્રમણ.

**૩૪ પ્ર૦**—હે ભગવન્ ! જીવ પોતે મોહનીય-મિથ્યાત્વ-મોહનીય કર્મના ઉદયવડે ઉપસ્થાન કરે-મોક્ષને માટે પ્રયત્ન કરે ?

ઉ૦—હા, ગૌતમ ઉપસ્થાન કરે.

**૩૫ પ્ર૦**—હે ભગવન્! તે વીર્યથી ઉપસ્થાન કરે કે અવીર્યથી ઉપસ્થાન કરે ?

ઉ૦—હે ગૌતમ ! તે વીર્યથી ઉપસ્થાન કરે, પણ અવીર્યથી ઉપસ્થાન ન કરે.

**૩૬ પ્ર૦**—હે ભગવન્ ! જો વીર્યથી ઉપસ્થાન કરે તો શું બાલવીર્યથી ઉપસ્થાન કરે, પંડિતવીર્યથી ઉપસ્થાન કરે કે બાલ-પંડિતવીર્યથી ઉપસ્થાન કરે ?

ઉ૦—હે ગૌતમ ! બાલવીર્યથી ઉપસ્થાન કરે, પણ પંડિતવીર્યથી ઉપસ્થાન ન કરે તેમ બાલપંડિતવીર્યથી પણ ઉપસ્થાન ન કરે.

**૩૭ પ્ર૦**—હે ભગવન્! જીવ પોતે કરેલા મિથ્યાત્વમોહનીયના ઉદયથી અપક્રમણ કરે-ઉપસ્થાનથી પાછો ખસે ?

ઉ૦—હા, ગૌતમ ! પાછો ખસે.

## પ્રશ્ન ૩૪-૩૭ નું વિવેચન.

૩૪-૩૬ મોહનીય-મિથ્યાત્વમોહનીયનો ઉદય છતાં જીવ ઉપસ્થાન-મોક્ષ માટે પ્રયત્ન કરે અને તે વીર્યવડે કરે પણ વીર્યવિના ન કરે; કારણ કે ઉપસ્થાનનું કારણ વીર્ય છે. તે મિથ્યાદૃષ્ટિને સમ્યક્ અર્થનો બોધ નહિ હોવાથી અને સમ્યગ્બોધનું કાર્ય વિરતિ નહિ હોવાથી બાલ કહેવાય છે, તે પોતાના બાલવીર્યવડે ઉપસ્થાન કરે. પંડિત-સર્વ પાપનો ત્યાગી વિરતિવાળો અનગાર, તેથી અન્ય પરમાર્થથી અજ્ઞાની હોવાને લીધે અપંડિત છે. એ સંબંધે કહ્યું છે કે "તે જ્ઞાન જ નથી કે જેનો ઉદય થવાથી રાગાદિ હોય, કારણ કે સૂર્યના કિરણોની પાસે રહેવાની અંધકારની શક્તિ ક્યાંથી હોય ?"

બાલપંડિત–દેશવિરતિ. કારણ કે તેને દેશથી અવિરતિ છે તેથી બાલ અને દેશથી વિરતિ હોવાથી પંડિત. મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે જીવ મિથ્યાદૃષ્ટિ હોવાથી બાલવીર્યવડે જ ઉપસ્થાન કરે પણ બાલપંડિતવીર્ય કે પંડિતવીર્યવડે ઉપસ્થાન ન કરે.

૩૭ ઉપસ્થાનથી વિપરીત અપક્રમણ છે, એટલે ઉપરના ગુણસ્થાનકથી નીચેના ગુણસ્થાનકે જવું. જીવ મિથ્યાત્વમોહના ઉદયમાં બાલવીર્યવડે સમ્યક્ત્વ, સંયમ અને દેશવિરતિથી અપક્રમણ કરે–ખસે અને મિથ્યાદૃષ્ટિ થાય, પરન્તુ પંડિતવીર્યવડે નીચેના ગુણસ્થાનકે ન આવે. કદાચ બાલપંડિતવીર્યવડે સર્વવિરતિ ચારિત્રથી ખસી દેશવિરતિ થાય.

---

૩૮ પ્ર૦—હે ભગવન્! જો તે ઉપસ્થાનથી પાછો ખસે તો શું બાલવીર્યથી ખસે, પંડિતવીર્યથી ખસે કે બાલપંડિતવીર્યથી ખસે?

ઉ૦—હે ગૌતમ! તે બાલવીર્યથી ખસે કે કદાચ બાલપંડિતવીર્યથી ખસે પણ પંડિતવીર્યથી ન ખસે. જેમ ઉદયના બે આલાપક કહ્યા તેમ મોહનીયના ઉપશમસંબંધે બે આલાપક કહેવા, પરન્તુ પંડિતવીર્યવડે ઉપસ્થાન કરે અને બાલપંડિતવીર્યવડે ઉપસ્થાનથી ખસે.

૩૯ પ્ર૦—હે ભગવન્! તે આત્માવડે અપક્રમણ કરે કે અનાત્મા–પરનિમિત્તે અપક્રમણ કરે?

ઉ૦—હે ગૌતમ! તે આત્માવડે અપક્રમણ કરે, પણ પરનિમિત્તે અપક્રમણ ન કરે.

૪૦ પ્ર૦—હે ભગવન્! તે મોહનીય કર્મને વેદતો કેવી રીતે અપક્રમણ કરે?

ઉ૦—હે ગૌતમ! પૂર્વે જીવાદિ તત્ત્વની રૂચિ–શ્રદ્ધા કરતો હતો અને હવે રૂચિ અથવા શ્રદ્ધા ન કરે તેથી એ પ્રમાણે તે અપક્રમણ કરે.

૪૧ પ્ર૦—હે ભગવન્! નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવનો તેણે જે પાપકર્મ કર્યાં હોય તેને વેદ્યા સિવાય મોક્ષ નથી?

ઉ૦—હા ગૌતમ! નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવનો તેણે જે પાપકર્મ કર્યાં હોય તેને વેદ્યા સિવાય મોક્ષ નથી.

૪૨ પ્ર૦—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે કરેલા કર્મ વેદ્યા સિવાય મોક્ષ નથી?

ઉ૦—હે ગૌતમ! મેં બે પ્રકારના કર્મ કહ્યાં છે–પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ. તેમાં જે પ્રદેશ કર્મ છે તેને જીવ અવશ્ય વેદે છે અને જે અનુભાગ કર્મ છે તેને કદાચ વેદે અને કદાચ ન વેદે. એ અર્હંતે જાણ્યું છે, સ્મર્યું છે, વિચાર્યું છે, વિશેષતઃ જાણ્યું છે કે આ જીવ આ કર્મ [1]આભ્યુપગમિકી વેદના–વ્રતાદિના સ્વીકારવડે કર્મનો અનુભવ કરીને વેદશે અને આ જીવ આ કર્મ ઔપક્રમિકી વેદના–ઉદયપ્રાપ્ત કર્મના અનુભવવડે જે રીતે બાંધ્યું છે તે પ્રમાણે યથાનિકરણ–દેશકાળની મર્યાદાને ઓળંગ્યા સિવાય જે જે પ્રમાણે ભગવંતે દીઠું છે તે તે પ્રમાણે વિપરિણામ પામશે. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે કરેલાં કર્મને વેદ્યા સિવાય મોક્ષ નથી.

## પુદ્ગલ.

૪૩ પ્ર૦–હે ભગવન્! આ પુદ્ગલ અનન્ત અતીત કાળે શાશ્વત હતાં એમ કહી શકાય?

ઉ૦—હા, ગૌતમ! આ પુદ્ગલ અનન્ત અતીત કાળે શાશ્વત હતાં એમ કહી શકાય.

૪૪ પ્ર૦–હે ભગવન્! આ પુદ્ગલ વર્તમાનકાળે શાશ્વત હોય છે એમ કહી શકાય?

ઉ૦—હા, ગૌતમ! વર્તમાનકાળે શાશ્વત હોય છે એમ કહી શકાય.

---

૧ વ્રતાદિ કષ્ટનો સ્વયમેવ અભ્યુપગમ–સ્વીકાર કરી તેવડે કર્મ વેદવાં તે આભ્યુપગમિકી વેદના; સ્વભાવથી ઉદયપ્રાપ્ત કર્મનો અનુભવ કરી કર્મ વેદવાં તે ઔપક્રમિકી વેદના.

૪૫ પ્ર૦—હે ભગવન ! આ પુદ્ગલ અનન્ત ભવિષ્યકાળમાં નિરંતર હશે એમ કહી શકાય ?

ઉ૦—હા, ગૌતમ ! એમ કહી શકાય.

પુદ્ગલ, સ્કન્ધ અને જીવસંબંધે પણ આ પ્રમાણે ત્રણ ત્રણ આલાપક કહેવા.

## છદ્મસ્થ અને કેવલજ્ઞાની

૪૬ પ્ર૦—હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય અનન્ત અતીત શાશ્વત કાળે કેવળ સંયમ, કેવળ સંવર, કેવળ બ્રહ્મચર્ય અને કેવળ પ્રવચન-માતાવડે સિદ્ધ થયો હતો, બોધ પામ્યો હતો અને સર્વ દુઃખોને અન્ત કર્યો હતો ?

ઉ૦—" હે ગૌતમ ! એ અર્થ યથાર્થ નથી.

૪૭ પ્ર૦—હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—હે ગૌતમ ! જે કોઈ ભવનો અન્ત કરનારા, અન્તીમ શરીરવાળા છે તેઓએ યાવત્ સર્વ દુઃખોને અન્ત કર્યો હતો. તેઓ બધા ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનારા અરિહંત, જિન અને કેવલજ્ઞાની થઇને સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, નિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અન્ત કરે છે. તે હેતુથી હે ગૌતમ ! હું એમ કહું છું." જેમ અતીત કાળ સંબંધે કહ્યું તેમ વર્તમાન સમયે સિદ્ધ થાય છે અને અનાગત સમયે સિદ્ધ થશે એ સંબંધે પ્રશ્ન અને ઉત્તર જાણવો. જેમ છદ્મસ્થ સંબંધે કહ્યું તેમ અવધિજ્ઞાની અને પરમ અવધિજ્ઞાની સંબંધી કહેવું.

૪૮ પ્ર૦—હે ભગવન્ ! કેવળજ્ઞાની મનુષ્યે અતીત અનન્ત શાશ્વતકાળે સર્વ દુઃખોને અન્ત કર્યો હતો ?

ઉ૦—'હા, ગૌતમ ! સર્વ દુઃખોનો અન્ત કર્યો હતો.' એ પ્રમાણે જેમ છદ્મસ્થને ત્રણ આલાપકો કહ્યા તેમ કહેવા, પરંતુ કેવલજ્ઞાની

અનન્ત અતીત કાળે સિદ્ધ થયા હતા, વર્તમાન કાળે સિદ્ધ થાય છે અને અનન્ત અનાગતકાળે સિદ્ધ થશે એમ કહેવું.

૪૯ પ્ર૦—હે ભગવન્! અનન્ત અતીત શાશ્વત કાળે, વર્તમાન શાશ્વત કાળે અને અનન્ત અનાગત શાશ્વત કાળે જે કોઇ ભવનો અન્ત કરનાર, અન્તીમ શરીરવાળાએ સર્વ દુઃખોનો અન્ત કર્યો હતો, સર્વ દુઃખોનો અન્ત કરે છે અને સર્વ દુઃખોનો અંત કરશે તે બધા ઉત્પન્ન થયેલા જ્ઞાન–દર્શનને ધારણ કરનારા અરિહંત, જિન અને કેવલી થઇને પછી સિદ્ધ થાય છે અને સર્વ દુઃખોનો અન્ત કરે છે ?

ઉ૦—હા, ગૌતમ ! અતીત અનન્ત શાશ્વત કાળે, વર્તમાન શાશ્વત કાળે અને અનાગત અનન્ત શાશ્વત કાળે સર્વ દુઃખોનો અન્ત કર્યો હતો, કરે છે અને કરશે.

૫૦ પ્ર૦—હે ભગવન્! ઉત્પન્ન થયેલા જ્ઞાન–દર્શનને ધારણ કરનારા અરિહંત, જિન, કેવલી સંપૂર્ણ કહેવાય ?

ઉ૦—હા, ગૌતમ! ઉત્પન્ન થયેલા જ્ઞાન–દર્શનને ધારણ કરનારા અરિહંત, જિન, કેવલી સંપૂર્ણ કહેવાય.

## રોહ નામે અનગાર.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરના અંતેવાસી (શિષ્ય) રોહ નામે અનગાર હતા. તે ભદ્ર, મૃદુ, વિનીત અને ઉપશાંત પ્રકૃતિવાળા હતા. તેનામાં સ્વભાવથી જ અલ્પ ક્રોધ, માન, માયા અને લોભ હતા. તે અત્યંત નિરભિમાની, ગુરૂને આશ્રિત, કોમળ (બીજાને સંતાપ નહિ કરનારા) અને વિનીત હતા. તે શ્રમણ ભગવંત મહાવીરની પાસે થોડે દૂર ઉભડક પગે બેસી, માથું નીચું નમાવી ધ્યાનરૂપી કોઠાને પ્રાપ્ત થયેલા સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા રહેલા છે. ત્યારપછી તે રોહ નામના અનગારે શ્રદ્ધાવાળા થઇ ઉપાસના કરતાં ભગવંતને આ પ્રમાણે પ્રશ્નો કર્યા.

૫૧ પ્ર૦—હે ભગવન્! પહેલો લોક છે અને પછી અલોક છે કે પહેલો અલોક છે અને પછી લોક છે?

ઉ૦—હે રોહ! લોક અને અલોક પહેલાં પણ છે અને પછી પણ છે. બન્ને શાશ્વત ભાવો છે. તેમાં પહેલાં અને પછીનો ક્રમ નથી.

૫૨ પ્ર૦—હે ભગવન્! પહેલાં જીવ છે અને પછી અજીવ છે કે પહેલાં અજીવ છે અને પછી જીવ છે?

ઉ૦—હે રોહ! જેમ લોક અને અલોક કહ્યો છે તેમ જીવ અને અજીવ સમજવા. એમ ભવસિદ્ધિક (ભવ્ય) અને અભવસિદ્ધિક (અભવ્ય), સિદ્ધિ (મોક્ષ) અને અસિદ્ધિ (સંસાર) તથા સિદ્ધ અને અસિદ્ધો સંબંધે પ્રશ્ન અને ઉત્તરો જાણવા.

૫૩ પ્ર૦—હે ભગવન્! પૂર્વે ઇંડું અને પછી કુકડી કે પહેલાં કુકડી અને પછી ઇંડું?

ઉ૦—હે રોહ! તે ઇંડું ક્યાંથી થયું? 'ભગવન્! કુકડીથી.' તે કુકડી ક્યાંથી થઇ? 'ભગવન્! ઈંડાથી.' એ પ્રમાણે હે રોહ! તે ઈંડું અને કુકડી પહેલાં પણ છે અને પછી પણ છે. બન્ને શાશ્વત ભાવો છે અને તેમાં પહેલાં અને પછીનો ક્રમ નથી.

૫૪ પ્ર૦—હે ભગવન્! પહેલા લોકાન્ત અને પછી અલોકાન્ત કે પહેલા અલોકાન્ત અને પછી લોકાન્ત?

ઉ૦—હે રોહ! લોકાન્ત અને અલોકાન્ત પહેલા પણ છે અને પછી પણ છે. યાવત્ તેમાં પહેલા અને પછીનો ક્રમ નથી. એ પ્રમાણે જીવ, અસ્તિકાય, સમય, કર્મ, લેશ્યા, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ ઇત્યાદિ ભાવોની યોજના કરવી.

## લોકસ્થિતિ.

૫૫ પ્ર૦—'હે ભગવન્!' એમ કહી ભગવાન્ ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને એમ પૂછ્યું કે--કેટલા પ્રકારની લોકસ્થિતિ કહી છે?

ઉ૦—હે ગૌતમ ! આઠ પ્રકારની લોકસ્થિતિ કહી છે, તે આ પ્રમાણે-૧ આકાશમાં વાયુ રહેલો છે, ૨ વાયુ ઉપર ઘનોદધિ છે, ૩ ઘનોદધિના આધારે પૃથ્વી છે, ૪ પૃથ્વીના આધારે ત્રસ અને સ્થાવર જીવો છે, ૫ જીવોના આધારે અજીવો છે, ૬ જીવો કર્મના આધારે છે, ૭ અજીવો જીવે ગ્રહણ કરેલા છે અને ૮ જીવો કર્મવડે ગ્રહણ કરાયેલા છે.

**૫૬ પ્ર૦**—હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે આઠ પ્રકારની લોકસ્થિતિ છે, યાવત્ જીવો કર્મવડે ગ્રહણ કરાયેલા છે ?

ઉ૦—હે ગૌતમ ! જેમ કોઇ પુરૂષ બસ્તિ-ચામડાની મસકને વાયુથી ભરે અને ઉપર ગાંઠ બાંધે, બાંધીને પછી તેના મધ્ય ભાગમાં ગાંઠ બાંધે, બાંધીને ઉપરની ગાંઠ છોડે, છોડીને ઉપરના ભાગમાંથી વાયુ કાઢી નાંખે, કાઢીને ઉપરનો ભાગ પાણીથી ભરે, ભરીને ઉપર ગાંઠ બાંધે, પછી વચ્ચેની ગાંઠ છોડી નાખે, છોડ્યા પછી હે ગૌતમ ! તે પાણી વાયુની ઉપર રહે ? ' હા, રહે. ' તે માટે હું એમ કહું છું કે આકાશમાં વાયુ રહેલો છે, વાયુ ઉપર ઘનોદધિ છે ઈત્યાદિ. જેમ કોઇ પુરૂષ બસ્તિને પવનથી ભરે, ભરીને તે બસ્તિ કેડે બાંધે, બાંધીને તાગ વિનાના અને તરી ન શકાય એવા માથોડા ઉપરાંત પાણીમાં પ્રવેશ કરે, તો હે ગૌતમ ! તે પુરૂષ પાણીની ઉપર રહે ? ' હા, રહે.' એમ આઠ પ્રકારની લોકસ્થિતિ કહી છે, યાવત્ જીવો કર્મવડે ગ્રહણ કરાયેલા છે.

**૫૭ પ્ર૦**—હે ભગવન્ ! જીવો અને પુદ્ગલો પરસ્પર બંધાયેલા, પરસ્પર સ્પર્શ કરાયેલા, પરસ્પર પ્રવેશ કરાયેલા, પરસ્પર સ્નેહ રાગ-દ્વેષાદિથી બંધાયેલા અને પરસ્પર તાદાત્મ્ય સંબંધવડે રહે છે ?

ઉ૦—હા, ગૌતમ ! રહે છે.

**૫૮ પ્ર૦**—એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—જેમ કોઇ દ્રહ પાણીથી સંપૂર્ણ-પૂરો ભરેલો, છલકાતો,

પાણીથી વધતો ભરેલા ઘડાની પેઠે રહેલો છે. તે દ્રહમાં કોઇ પુરૂષ એક મોટી સેંકડો કાણાવાળી, સેંકડો છિદ્રવાળી નૌકાને નાંખે. તે નૌકા તે પાણી આવવાના દ્વારોવડે ભરાતી, સંપૂર્ણ ભરાતી, છલકાઈ જતી, વધતા જતા પાણીવડે પૂર્ણ ભરેલા ઘડાની પેઠે રહે ? 'હા, રહે.' તે માટે હે ગૌતમ ! જીવો અને પુદ્ગલો પરસ્પર બંધાયેલા યાવત્ તાદાત્મ્ય સંબંધવડે રહેલા છે.

## ગર્ભસ્થ જીવ.

**૫૯ પ્ર૦**—હે ભગવન્ ! ગર્ભમાં રહેલો જીવ (મરીને) નરકમાં જઈને ઉપજે ?

ઉ૦—હે ગૌતમ ! કોઈ ઉપજે અને કોઈ ન ઉપજે.

**૬૦ પ્ર૦**—ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦— હે ગૌતમ ! સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિઓવડે પર્યાપ્ત જીવ ગર્ભમાં જ વીર્યલબ્ધિવડે તથા વૈક્રિયલબ્ધિવડે શત્રુનું સૈન્ય આવેલું જાણી-સાંભળી આત્મપ્રદેશો બહાર કાઢે છે, બહાર કાઢી વૈક્રિય સમુદ્ઘાત કરે છે, વૈક્રિય સમુદ્ઘાત કરી ચતુરંગવાળી સેના વિકુર્વે છે, વિકુર્વી શત્રુની ચતુરંગ સેનાસાથે યુદ્ધ કરે છે. તે જીવ અર્થની ઈચ્છાવાળો, રાજ્યની ઈચ્છાવાળો, ભોગની ઇચ્છાવાળો, કામની ઇચ્છાવાળો, જેણે અર્થ, રાજ્ય, ભોગ, કામની ઇચ્છા કરી છે એવો, અર્થ, રાજ્ય, ભોગ અને કામની તૃષ્ણાવાળો, તેમાં જ જેનું ચિત્ત અને મન છે એવો, તેની જ લેશ્યાવાળો, તેના અધ્યવસાયવાળો, તેના તીવ્ર અધ્યવસાયવાળો, તે જ અર્થમાં ઉપયોગવાળો, તેવું અપ્રિય કરવાવાળો, તેવી ભાવનાવાળો એ અવસરે કાળ કરે તો તે નૈરયિકોમાં ઉપજે. તે માટે હે ગૌતમ ! હું એમ કહું છું કે કોઇ નારકોમાં ઉપજે અને કોઇ ન ઉપજે.

**૬૧ પ્ર૦**—હે ભગવન્ ! ગર્ભમાં રહેલો જીવ મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય ?

ઉ૦—કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય.

૬૨ પ્ર૦—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—હે ગૌતમ ! સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિઓવડે પર્યાપ્ત ગર્ભસ્થ જીવ તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણ (હિંસાદિરહિત)ની પાસે એક પણ આર્ય અને ધાર્મિક સુવચન સાંભળી, હૃદયમાં ધારણ કરી, સંવેગ–મોક્ષની શ્રદ્ધાવાળો અને ધર્મના તીવ્ર અનુરાગવડે રંગાયેલો, ધર્મની ઇચ્છાવાળો, પુણ્યની ઇચ્છાવાળો, સ્વર્ગની ઇચ્છાવાળો, મોક્ષની ઇચ્છાવાળો, જેણે ધર્મ, પુણ્ય, સ્વર્ગ અને મોક્ષની ઇચ્છા કરી છે એવો, ધર્મ, પુણ્ય, સ્વર્ગ કે મોક્ષની તીવ્ર ઇચ્છાવાળો, તેમાંજ જેનું ચિત્ત અને મન લાગ્યું છે એવો, તેવી લેશ્યાવાળો, તેવા અધ્યવસાયવાળો, તેવા જ તીવ્ર અધ્યવસાય–પ્રયત્નવાળો, તે જ અર્થમાં ઉપયોગવાળો, તેમાં જ જેણે કરણ ઇન્દ્રિયો અર્પણ કરી છે એવો અને તેવી જ ભાવનાવડે ભાવિત થયેલો પ્રાણી એ અવસરે મરણ પામે તો મરણ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય.

## ભારેકર્મીપણું અને લઘુકર્મીપણું

૬૩ પ્ર૦—હે ભગવન્! જીવો ભારેકર્મીપણું તુરત શી રીતે પામે ?

ઉ૦—હે ગૌતમ ! પ્રાણાતિપાત–જીવહિંસા, અસત્ય, ચોરી, સ્ત્રીસંગ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, કલહ, ખોટું આળ, ચાડી, અરતિ રતિ, નિંદા, માયામૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્યવડે–જીવો તુરત ભારેકર્મીપણું પામે છે.

૬૪ પ્ર૦—હે ભગવન્! જીવો લઘુકર્મીપણું તુરત શી રીતે પામે?

ઉ૦—હે ગૌતમ! પ્રાણાતિપાતવિરમણ–જીવહિંસાના ત્યાગવડે યાવત્ મિથ્યાદર્શનશલ્યના ત્યાગવડે. એ રીતે હે ગૌતમ! જીવો લઘુકર્મીપણું જલ્દી પામે છે. એ પ્રમાણે હિંસાદિ કરવાવડે સંસાર વધારે છે, દીર્ઘ કરે છે અને તેમાં પરિભ્રમણ કરે છે અને

હિંસાદિના ત્યાગથી સંસારને અલ્પ કરે છે, ટુંકો કરે છે અને તેને ઓળંગી જાય છે. એ ચાર બાબતો પ્રશસ્ત છે અને ચાર બાબતો અપ્રશસ્ત છે.

## શ્રમણને પ્રશસ્ત અને અપ્રશસ્ત.

૬૫ પ્ર૦—હે ભગવન્! લઘુપણું (અપરિગ્રહ), અલ્પ ઈચ્છા, અમૂર્ચ્છા, અનાસક્તિ અને અપ્રતિબંધપણું શ્રમણ નિર્ગ્રન્થોને પ્રશસ્ત છે?

ઉ૦—હા ગૌતમ! એ બધું શ્રમણ નિર્ગ્રન્થોને પ્રશસ્ત છે.

૬૬ પ્ર૦—હે ભગવન્! અક્રોધ, ક્ષમા, માનનો અભાવ, માયારહિતપણું-નિષ્કપટતા અને નિર્લોભપણું શ્રમણ નિર્ગ્રન્થોને પ્રશસ્ત છે.

ઉ૦—હા ગૌતમ! એ બંધુ શ્રમણ નિર્ગ્રંથોને પ્રશસ્ત છે.

આનાથી ઉલટી રીતે અપ્રશસ્તપણું સમજવું.

## કાંક્ષા-પ્રદ્વેષ.

૬૭ પ્ર૦—હે ભગવન્! કાંક્ષાપ્રદ્વેષ-રાગ-દ્વેષ ક્ષીણ થાય ત્યારે શ્રમણ નિર્ગ્રન્થ સંસારનો અન્ત કરે? અન્તિમ શરીરવાળો અન્ત કરે? તથા પૂર્વે બહુ મોહવાળો હોય અને પછી સંવર-સહિત થઇ કાળ કરી સિદ્ધ થાય, બુદ્ધ થાય, મૂકાય અને સર્વ દુ:ખોનો અન્ત કરે?

ઉ૦—હા ગૌતમ! રાગ-દ્વેષ ક્ષીણ થયા પછી યાવત્ સવ દુ:ખોનો અન્ત કરે.

## કાલાસવેસિય પુત્ત

૬૮ પ્ર૦—તે કાળે તે સમયે પાર્શ્વનાથના શિષ્ય (શિષ્ય-પરંપરામાં થયેલા) કાલાસવેસિય પુત્ત નામે અનગાર જ્યાં સ્થવિર

ભગવંતો હતા ત્યાં આવ્યા. આવીને સ્થવિર ભગવંતોને એમ કહેવા લાગ્યા કે–" શું આ સ્થવિરો સામાયિક જાણુતા નથી, સ્થવિરો સામાયિકનો અર્થ (પ્રયોજન) જાણુતા નથી, સ્થવિરો પચ્ચખ્ખાણ જાણુતા નથી, સ્થવિરો પચ્ચખ્ખાણુના અર્થ જાણુતા નથી, સ્થવિરો સંયમ જાણુતા નથી, સ્થવિરો સંયમનો અર્થ જાણુતા નથી, સ્થવિરો સંવર જાણુતા નથી, સ્થવિરો સંવરનો અર્થ જાણુતા નથી, સ્થવિરો વિવેક જાણુતા નથી, સ્થવિરો વિવેકનો અર્થ જાણુતા નથી, સ્થવિરો વ્યુત્સર્ગ ( કષાયાદિનો ત્યાગ ) જાણુતા નથી, સ્થવિરો વ્યુત્સર્ગનો અર્થ જાણુતા નથી ? " ત્યારે સ્થવિર ભગવંતોએ કાલાસવેસિય પુત્ત અનગારને એમ કહ્યું કે—" હે આર્ય ! અમે સામાયિકને જાણીએ છીએ અને સામાયિકના અર્થને જાણીએ છીએ યાવત્ વ્યુત્સર્ગના અર્થને પણ અમે જાણીએ છીએ. "

૬૯ પ્ર૦—ત્યારપછી કાલાસવેસિય પુત્ત અનગારે તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે–"આર્યો ! જો તમે સામાયિક જાણો છો, સામાયિકનો અર્થ જાણો છો, યાવત્ વ્યુત્સર્ગનો અર્થ જાણો છો તો કહો કે તમારા મતે સામાયિક શું છે, અને સામાયિકનો અર્થ શો છે યાવત્ વ્યુત્સર્ગનો અર્થ શો છે ? " ત્યારબાદ સ્થવિર ભગવંતોએ કાલાસવેસિય પુત્ત અનગારને કહ્યું કે–" આર્ય ! અમારા મતે સામાયિક એ આત્મા છે અને સામાયિકનો અર્થ આત્મા છે યાવત્ વ્યુત્સર્ગનો અર્થ પણ આત્મા છે. "

૭૦ પ્ર૦—તે પછી કાલાસવેસિય પુત્ત અનગારે સ્થવિર ભગવંતોને એમ કહ્યું–" આર્યો ! તમારા મતે સામાયિક આત્મા છે અને સામાયિકનો અર્થ આત્મા છે તો તમે ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરી શા માટે તેની ગર્હા–નિંદા કરો છો ? " સ્થવિરોએ કહ્યું કે–" કાલાસવેસિય પુત્ત! અમે સંયમને માટે તેની ગર્હા કરીએ છીએ. "

૭૧ પ્ર૦—હે સ્થવિર ભગવન્ ! શું ગર્હા એ સંયમ છે કે અગર્હા એ સંયમ છે ?

ઉ૦—હે કાલાસવેસિય પુત્ત! ગર્હા એ સંયમ છે, અગર્હા એ સંયમ નથી. ગર્હા એ બાલપણું-મિથ્યાત્વાદિ દોષ. તેને જાણી સર્વ દોષને દૂર કરે છે. એ રીતે આત્મા સંયમને વિષે સ્થાપિત થાય છે, આત્મા સંયમમાં ઉપચિત-પુષ્ટ થાય છે અને એ રીતે આત્મા સંયમમાં ઉપસ્થિત-તત્પર થાય છે.

આ પ્રમાણે પ્રશ્નોત્તર થયા પછી કાલાસવેસિય પુત્ત અનગાર બોધ પામી સ્થવિર ભગવંતોને વંદન-નમસ્કાર કરે છે. નમસ્કાર કરી તે આ પ્રમાણે કહે છે કે—"હે ભગવંતો! પૂર્વે અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધિપણાથી, ભગવંત મહાવીરના ધર્મની અપ્રાપ્તિથી, ગુરૂપદેશવડે બોધ નહિ થયેલો હોવાથી, નહિ જોયેલાં, નહિ ચિંતવેલાં, નહિ સાંભળેલાં, વિશિષ્ટપણે નહિ જાણેલા, અવ્યાકૃત-ગુરુએ નહિ સમજાવેલા, અવ્યવચ્છિન્ન-પૃથક્ સ્વરૂપે નહિ જાણેલા, નહિ ઉદ્ધરેલા, નહિ અવધારેલા એ પદોના એ અર્થની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરી નહોતી. હે ભગવંતો! હવે જાણવાથી, શ્રવણ કરવાથી, બોધિથી, ગુરૂપદેશથી બોધ થયેલો હોવાથી, જોયેલાં, વિચારેલાં, સાંભળેલાં, વિશેષપણે જાણેલાં, સમજાવેલાં, પૃથક્ રૂપે જાણેલા, ઉદ્ધરેલાં અને અવધારેલાં એ પદોના આ અર્થની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરૂં છું. જે તમે કહો છો તે એમ જ છે." ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ કાલાસવેસિય પુત્ત અનગારને એમ કહ્યું કે—"આર્ય! તમે શ્રદ્ધા કરો, આર્ય! પ્રતીતિ કરો, આર્ય! રુચિ કરો."

ત્યારપછી તે કાલાસવેસિય પુત્ત અનગાર સ્થવિર ભગવંતોને વંદન-નમસ્કાર કરે છે, નમસ્કાર કરી એમ કહે છે કે—"હે ભગવંતો! હું તમારી પાસે ચાર મહાવ્રતરૂપ ધર્મથી પ્રતિક્રમણ-સહિત પાંચ મહાવ્રતરૂપ ધર્મ અંગીકાર કરવા ઈચ્છું છું." સ્થવિર ભગવંતોએ કહ્યું કે—"દેવાનુપ્રિય! સુખેથી તેમ કરો, પ્રતિબંધ ન કરો." તે પછી કાલાસવેસિય પુત્ત અનગાર સ્થવિર ભગવંતોને વાંદી, નમી, ચાર મહાવ્રતરૂપી ધર્મથી પાંચ મહાવ્રતરૂપ ધર્મ પ્રતિક્રમણસહિત અંગીકાર કરી વિચરે છે.

ત્યારબાદ તે કાલાસવેસિય પુત્ત અનગાર ઘણા વર્ષપર્યન્ત શ્રમણપણાનો પર્યાય પાળીને સંયમને માટે નગ્નપણું, મુંડપણું, અસ્નાન, દન્તધાવનત્યાગ, છત્રનો ત્યાગ, મોજડીનો ત્યાગ, ભૂમિશય્યા, ફલકશય્યા–પાટ ઉપર સુવું, કાષ્ઠશય્યા, કેશલોચન, બ્રહ્મચર્ય, ભિક્ષા માટે બીજાના ઘરમાં પ્રવેશ કરવો, લાભાલાભ, અનુકૂળ, પ્રતિકૂળ, ગ્રામકંટકો, ઇન્દ્રિયોને બાધક એવા બાવીશ પરીસહો અને ઉપસર્ગો સમ્યક્ પ્રકારે સહન કરે છે, સહન કરી અર્થનું આરાધન કરે છે, આરાધન કરી છેલ્લા ઉચ્છ્વાસ નિઃશ્વાસે સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને નિર્વાણને પામે છે તથા સર્વ દુઃખથી રહિત થાય છે.

## અપ્રત્યાખ્યાન ક્રિયા

૭૨ પ્ર૦—હે ભગવન્! એમ કહી ભગવાન્ ગૌતમે શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદી–નમી એમ પૂછ્યું કે—શ્રેષ્ઠી (ધનિક) અને દરિદ્રને તથા કૃપણ (કાયર) અને ક્ષત્રિયને સમાનપણે અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે ?

ઉ૦—હા ગૌતમ! શ્રેષ્ઠી અને દરિદ્રને યાવત્ સમાનપણે અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે.

૭૩ પ્ર૦—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો ?

ઉ૦—હે ગૌતમ! અવિરતિની અપેક્ષાએ એમ કહું છું કે શ્રેષ્ઠી અને દરિદ્રને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાનપણે લાગે.

૭૪ પ્ર૦—ભગવન્! આધાકર્મી (સાધુનિમિત્તે રાંધેલા) આહારને ખાનાર શ્રમણ નિર્ગ્રન્થ શેનો બંધ કરે તથા શેનો ચય અને ઉપચય કરે ?

ઉ૦—હે ગૌતમ! આધાકર્મી આહાર ખાનાર શ્રમણે આયુષ સિવાયની સાત કર્મની પ્રકૃતિઓ પ્રથમ શિથિલ બંધનવડે બાંધી હતી. હવે તેને ગાઢ બંધનવડે બાંધે યાવત્ સંસારમાં પરિભ્રમણ કરે.

૭૫ પ્ર૦—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે યાવત્ સંસારમાં પરિભ્રમણ કરે?

ઉ૦—'હે ગૌતમ! આધાકર્મી આહાર ખાનાર શ્રમણ પોતાના ધર્મને ઓળંગી જાય છે, પોતાના ધર્મને ઓળંગતો પૃથ્વીકાય જીવોની દરકાર રાખતો નથી, યાવત્ ત્રસકાયની દરકાર રાખતો નથી. જે જીવોના શરીરોનો આહાર કરે છે તે જીવોની પણ દરકાર રાખતો નથી, તે માટે હે ગૌતમ! એમ કહું છું કે આધાકર્મ દોષવાળો આહાર ખાનાર સાધુ પૂર્વે આયુષ સિવાયની સાત કર્મ–પ્રકૃતિઓ શિથિલ બંધનવાળી બાંધતો હતો તે હવે ગાઢ બંધનવાળી બાંધે છે.'

પ્રાસુક (અચિત્ત) અને એષણીય (નિર્દોષ) આહાર ખાનાર સાધુસંબંધી સૂત્ર તેથી વિપરીત સમજવું.

## શાશ્વત અને અશાશ્વત

૭૬ પ્ર૦—હે ભગવન્! અસ્થિર વસ્તુ બદલાય છે અને સ્થિર વસ્તુ બદલાતી નથી? અસ્થિર વસ્તુ ભાંગે છે, સ્થિર વસ્તુ ભાંગતી નથી? બાલ (અજ્ઞાની અને અવિરતિ) જીવ શાશ્વત છે, પણ બાલપણું અશાશ્વત છે? પંડિત (જ્ઞાની અને વિરતિવાળો) શાશ્વત છે પણ પંડિતપણું અશાશ્વત છે?

ઉ૦—હા ગૌતમ! એમ જ છે, યાવત્ પંડિતપણું અશાશ્વત છે.

## અચિત્ત ભોજન કરનાર નિર્ગ્રન્થ.

૭૭ પ્ર૦—હે ભગવન્! અચિત્ત ભોજન કરનાર–નિર્દોષ આહાર કરનાર નિર્ગ્રન્થ જેણે સંસારનો રોધ કર્યો નથી, જેણે ભવપ્રપંચનો રોધ કર્યો નથી, જેણે સંસાર ક્ષીણ કર્યો નથી, જેનું સંસારમાં વેદવાલાયક કર્મ ક્ષીણ થયું નથી, જેણે સંસાર વ્યવચ્છિન્ન કર્યો નથી, જેણે સંસારનું વેદવાલાયક કર્મ વ્યવચ્છિન્ન કર્યું નથી,

જે કૃતાર્થ થયેલ નથી, જેણે કરવાલાયક સત્કર્મ પૂરા કર્યા નથી એવો જીવ ફરીથી અહીં મનુષ્યાદિ ભવમાં તુરત આવે ?

ઉ૦—હે ગૌતમ ! અચિત્તભોજી નિર્ગ્રન્થ યાવત્ ફરીથી અહીં શીઘ્ર આવે.

૭૮ પ્ર૦—હે ભગવન્ ! તે શું નામથી ઓળખાય ?

ઉ૦—હે ગૌતમ ! તે ' પ્રાણ ' કહેવાય, 'ભૂત' કહેવાય, ' જીવ ' કહેવાય, 'સત્ત્વ' કહેવાય, ' વિજ્ઞ ' કહેવાય, ' વેદ ' કહેવાય-પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ, વિજ્ઞ અને વેદ એમ કહેવાય.

૭૯ પ્ર૦—હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે-તે ' પ્રાણ ' યાવત્ ' વિજ્ઞ ' અને ' વેદ ' કહેવાય ?

ઉ૦—હે ગૌતમ ! ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે માટે 'પ્રાણ' કહેવાય, તે હતો, છે અને હશે માટે ' ભૂત ' કહેવાય, તે જીવે છે એટલે જીવત્વ અને આયુકર્મને ધારણ કરે છે માટે 'જીવ' કહેવાય, તે શુભાશુભ કર્મવડે સત્-વિદ્યમાન છે માટે ' સત્ત્વ ' કહેવાય, તે તીખા, કડવા, તુરા, ખાટા અને મધુર રસને અનુભવે છે માટે ' વિજ્ઞ ' કહેવાય, સુખ--દુઃખ વેદે છે માટે ' વેદ ' કહેવાય અને તે હેતુઓથી ' પ્રાણ ' યાવત્ ' વેદ ' કહેવાય.

૮૦ પ્ર૦—અચિત્તભોજી નિર્ગ્રન્થ જેણે ભવ અને ભવપ્રપંચ રોકયો છે યાવત્ જે કૃતાર્થ થયેલ છે-પૂર્ણતાને પ્રાપ્ત થયેલો છે તે ફરીથી અહીં મનુષ્યાદિ ભવમાં ન આવે ?

ઉ૦—હા ગૌતમ ! અચિત્તભોજી નિર્ગ્રંથ જેણે ભવપ્રપંચ રોકયો છે તે અહીં ફરીથી ન આવે.

૮૧ પ્ર૦—હે ભગવન્ ! તે શું નામથી ઓળખાય ?

ઉ૦—હે ગૌતમ ! તે ' સિદ્ધ ' કહેવાય, ' બુદ્ધ ' કહેવાય, ' મુક્ત ' કહેવાય, 'પારંગત'-સંસારના પારને પામેલો કહેવાય, ' પરંપરાગત ' ગુણસ્થાનકના અનુક્રમથી સંસારનો પાર પામેલ

કહેવાય-અથવા સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિર્વાણપ્રાપ્ત, અંતકૃત્ અને પ્રક્ષીણ કર્યા છે સર્વ દુઃખ જેણે એવો કહેવાય.

'હે ભગવન્! તે એમજ છે, હે ભગવન્! આપે કહ્યું તે યથાર્થ છે,' એમ કહી ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વંદન કરે છે-નમસ્કાર કરે છે અને સંયમ તથા તપવડે આત્માને ભાવિત કરતા વિચરે છે.

## સ્કન્દક અનગાર.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર રાજગૃહ નગરથી અને ગુણશીલ ચૈત્યથી બહારના પ્રદેશોમાં વિહાર કરતા કૃતંગલા નામે નગરી સમીપે આવ્યા. ત્યાં આવી તે નગરીની બહાર ઈશાન ખૂણામાં છત્રપલાશ નામે ચૈત્ય હતું ત્યાં સમોસર્યા. પરિષદ્ વાંદવાને માટે નીકળી.

તે કૃતંગલા નગરીથી થોડે દૂર શ્રાવસ્તી નામે નગરી છે. ત્યાં ગર્દભિલ્લ પરિવ્રાજકનો શિષ્ય કાત્યાયનગોત્રીય સ્કંદક નામે પરિવ્રાજક રહે છે. તે સાંગોપાંગ અને રહસ્યસહિત ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચાર વેદો, ઈતિહાસ (પુરાણ) અને નિઘંટુનો સ્મારક-વિસ્મૃત થયેલાનો સ્મરણ કરાવનાર, વારક-અશુદ્ધ પાઠનો નિષેધ કરનાર, શુદ્ધનો ધારણ કરનાર, પારગામી, શિક્ષાદિ છ અંગનો જાણનાર, સાંખ્યદર્શનમાં કુશલ, ગણિતશાસ્ત્ર, શિક્ષાકલ્પ-આચારપ્રતિપાદક શાસ્ત્ર, વ્યાકરણ, છંદ, નિરૂકત, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર તથા બીજા બ્રાહ્મણોના અને પારિવ્રાજકોના શાસ્ત્રોમાં પારંગત હતો.

તે શ્રાવસ્તી નગરીમાં મહાવીરવચનને શ્રવણ કરનાર પિંગલ નામે નિર્ગ્રન્થ રહે છે. તે પિંગલ નામે નિર્ગ્રન્થ અન્ય કોઈ દિવસે જ્યાં કાત્યાયનગોત્રીય સ્કંદક રહે છે ત્યાં આવ્યા. ત્યાં આવીને સ્કંદકને આક્ષેપપૂર્વક પૂછ્યું-'હે માગધ! લોક-જગત સાન્ત છે કે અનન્ત છે? સિદ્ધિ સાન્ત છે કે અનન્ત છે? સિદ્ધ-મુકત જીવ

સાન્ત છે કે અનન્ત છે ? કયા મરણથી મરણ પામેલો જીવ સંસારની વૃદ્ધિ કરે છે અને કોણ ક્ષીણતા કરે છે ? મારા આટલા પ્રશ્નોનો ઉત્તર આપો.'

આ પ્રમાણે પિંગલ નામે નિર્ગ્રન્થે આક્ષેપપૂર્વક પૂછ્યું એટલે તે સ્કન્દક પરિવ્રાજક શંકાવાળો, કાંક્ષાવાળો, સંદેહવાળો, વિચારભેદવાળો તથા ડહોળાયેલા પરિણામવાળો થયો અને પિંગલ નિર્ગ્રન્થને કંઇ પણ ઉત્તર આપી શકયો નહિ–ચુપ રહ્યો. ત્યારે પિંગલ નિર્ગ્રન્થે ફરીથી સ્કન્દકને આક્ષેપપૂર્વક એ જ પ્રશ્નો પૂછયા. એમ પિંગલ નિર્ગ્રન્થે બીજી વાર અને ત્રીજી વાર આક્ષેપપૂર્વક પ્રશ્ન પૂછયા, પરંતુ સ્કન્દક શંકાવાળો, કાંક્ષાવાળો, સંદેહવાળો, ભેદબુદ્ધિવાળો અને કલુષિત પરિણામવાળો થયો અને પિંગલ નિર્ગ્રન્થને કંઈપણ ઉત્તર આપી શકયો નહિ–ચુપ રહ્યો.

તે વખતે શ્રાવસ્તી નગરીના માર્ગમાં માણસોનો કોલાહલ થયો. ભગવંત મહાવીરને વાંદવા માટે પરિષદ્–જનસમૂહ નીકળ્યો. ત્યારે ઘણા માણસો પાસેથી ભગવંત મહાવીર આવ્યાની વાત સાંભળીને કાત્યાયનગોત્રીય સ્કન્દકને આવા પ્રકારનો મનમાં સંકલ્પ થયો કે–'શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશ ચૈત્યમાં સંયમ–તપવડે આત્માને ભાવિત કરતા રહેલા છે, તો હું ત્યાં જઉં અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરૂં. શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી, સત્કાર કરી, સન્માન કરી, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ ભગવંત મહાવીરની ઉપાસના કરૂં. ઉપાસના કરી આવા પ્રકારના આ અર્થો, હેતુઓ, પ્રશ્નો અને ઉત્તરો પૂછું. તે પ્રમાણે પૂછવું એ મને શ્રેયરૂપ છે.' એમ વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં પરિવ્રાજકોનો આશ્રમ છે ત્યાં આવ્યો, આવીને ત્રિદંડ, કમંડલ, રુદ્રાક્ષની માળા, કરોટિકા ( માટીનું એક જાતનું પાત્ર ), આસન, કેસરિકા ( સાફ કરવાનો વસ્ત્રનો ટુકડો ), ત્રિકાષ્ઠ, અંકુશ, પવિત્રી, ગણેત્રિકા (તાપસનું આભરણ), છત્ર, પાદુકા અને ગેરૂથી રંગેલા વસ્ત્રો ધારણ

ક્રી પરિવ્રાજકના આશ્રમમાંથી નીકળ્યો, નીકળીને તેણે શ્રાવસ્તી નગરીના મધ્ય ભાગમાં થઇ જ્યાં કૃતંગલા નગરી છે, જ્યાં છત્રપલાશ ચૈત્ય છે અને જ્યાં ભગવાન્ મહાવીર છે ત્યાં જવાનો વિચાર કર્યો.

તે વખતે 'હે ગૌતમ!' એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન્ ગૌતમને એમ કહ્યું કે-'તું હમણાં તારા પૂર્વના મિત્રને જોઇશ.' ગૌતમ કહે-' ભગવન્! હું કોને જોઇશ?' સ્કંદકને જોઇશ? તે ક્યારે, કેવી રીતે અને કેટલા સમય પછી જોઇશ?'

ભગવંત કહે-'હે ગૌતમ! અહીં શ્રાવસ્તી નામે નગરી છે અને ત્યાં ગર્દભિલ્લ પરિવ્રાજકનો શિષ્ય કાત્યાયનગોત્રીય સ્કંદક નામે પરિવ્રાજક રહે છે. યાવત્ તેણે મારી પાસે આવવા વિચાર કર્યો અને તે નજીક જ આવેલો છે, ઘણો માર્ગ ઓળંગી ગયો છે, માર્ગમાં જ છે. હે ગૌતમ! આજે હમણાં જ તું તેને જોઇશ.'

'હે ભગવન્!' એમ કહી ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરે છે. વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહે છે-

'હે ભગવન્! કાત્યાયનગોત્રીય સ્કન્દક દેવાનુપ્રિય આપની પાસે મુંડ થઈને-અગારવાસનો ત્યાગ કરીને અનગારપણું ગ્રહણ કરવા સમર્થ છે?'

ભગવંત કહે-' હા ગૌતમ! સમર્થ છે.'

જેટલામાં શ્રમણ ભગવાન્ મહાવીર ભગવાન્ ગૌતમને એ વાત કહે છે તેટલામાં તે કાત્યાયનગોત્રીય સ્કંદક શીઘ્ર ત્યાં આવ્યો.

ત્યારે ભગવાન્ ગૌતમ કાત્યાયનગોત્રવાળા સ્કન્દકને પાસે આવેલો જાણી જલ્દી ઉઠ્યા, ઉઠીને તુરત સામા ગયા, જ્યાં કાત્યાયનગોત્રીય સ્કન્દક છે ત્યાં આવ્યા, આવીને તેમણે સ્કન્દકને કહ્યું કે-' સ્કન્દક! સ્વાગત (પધાર્યા), સ્કન્દક! સુસ્વાગત (ભલે પધાર્યા), સ્કન્દક! અન્વાગત( ભલે આવ્યા), હે સ્કન્દક! શ્રાવસ્તી નગરીમાં મહાવીરના વચનનું શ્રવણ કરનાર પિંગલ નામે નિર્ગ્રન્થે આ પ્રશ્નો

તમને આક્ષેપપૂર્વક પૂછ્યા હતા કે 'માગધ! લોક સાન્ત છે કે અનન્ત છે? ઇત્યાદિ. યાવત્ ત્યારપછી જ્યાં હું છું ત્યાં તમે શીઘ્ર આવ્યા. સ્કન્દક! આ વાત યથાર્થ છે?'

સ્કંદક કહે-'હા યથાર્થ છે.' ત્યારબાદ કાત્યાયનગોત્રીય સ્કન્દકે ભગવાન્ ગૌતમને આ પ્રમાણે પૂછ્યું-'હે ગૌતમ! તેવા પ્રકારનો જ્ઞાની અને તપસ્વી કોણ છે કે જેણે મારી ગુપ્ત વાત તમને કહી કે જેનાથી તમે જાણો છો?'

ભગવાન્ ગૌતમે કહ્યું-'સ્કન્દક! મારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીર છે. જેઓ ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન-દર્શનને ધારણ કરનારા, અરિહંત, જિન, કેવલી, ભૂત, વર્ત્તમાન અને ભવિષ્યના જાણનારા, સર્વજ્ઞ અને સર્વદર્શી છે, જેણે મને આ તમારી ગુપ્ત વાત કહી છે. સ્કન્દક! જેનાથી હું આ વાત જાણું છું.'

તે પછી કાત્યાયનગોત્રીય સ્કન્દકે ભગવંત ગૌતમને આ પ્રમાણે કહ્યું-'હે ગૌતમ! હું તમારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવાન્ મહાવીરની પાસે જઉં અને વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરૂં?'

ગૌતમ-'હે દેવાનુપ્રિય! સુખેથી કરો, પ્રતિબંધ ન કરો.' ત્યારબાદ ભગવાન્ ગૌતમે કાત્યાયનગોત્રીય સ્કન્દકની સાથે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જવાનો વિચાર કર્યો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રતિદિવસ ભોજન કરતા હતા,[1] શ્રમણ ભગવંત મહાવીરનું શરીર ઉદાર, સુશોભિત, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગલરૂપ અને અલંકારવિના વિભૂષિત તથા લક્ષણ-માનોન્માનાદિ પ્રમાણ અને વ્યંજન-મસ, તિલક વિગેરે ગુણસહિત તથા કાંતિવડે અત્યન્ત શોભાયમાન લાગતું હતું ત્યાં આવ્યા.

તે સમયે કાત્યાયનગોત્રીય સ્કન્દક શ્રમણ ભગવંત મહાવીરનું ઉદાર યાવત્ અત્યંત શોભાયમાન શરીર જોઇ પ્રસન્ન, સંતુષ્ટ ચિત્ત-

---

૧ કેવળજ્ઞાન પામ્યા પછી માત્ર અંત સમયે જ તપ કરે છે.

વાળો અને આનંદિત થયો, ખુશ થયો અને હર્ષવડે તેનું હૃદય વિકસિત થયું. તે શ્રમણ ભગવંત મહાવીર જ્યાં વિરાજ્યા હતા ત્યાં નજીક આવ્યો અને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ પ્રદક્ષિણા આપી યાવત્ તેમની પર્યુપાસના કરી.

'સ્કન્દક !' એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન-ગોત્રીય સ્કન્દકને આ પ્રમાણે કહ્યું-'હે સ્કન્દક ! શ્રાવસ્તી નગરીમાં પિંગલ નામે નિર્ગ્રન્થે આ પ્રશ્નો આક્ષેપપૂર્વક તમને પૂછ્યા હતા કે 'માગધ ! લોક સાન્ત છે કે અનન્ત છે ?' ઇત્યાદિ. યાવત્ જ્યાં હું છું ત્યાં તું મારી પાસે તુરત આવ્યો. હે સ્કન્દક ! આ વાત યથાર્થ છે ? હે સ્કન્દક ! તને આવા પ્રકારનો મનમાં સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે-'લોક સાન્ત છે કે અનન્ત છે ? ઇત્યાદિ પ્રશ્નો હું મહાવીર પાસે જઇને પૂછું ?' હવે સાંભળ-તેનો આ અર્થ છે.

૮૨ હે સ્કન્દક ! મેં ચાર પ્રકારનો લોક કહ્યો છે-દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. દ્રવ્યથી લોક એક છે અને સાન્ત છે. ક્ષેત્રથી લોક લંબાઇ અને પહોળાઇમાં અસંખ્યાત કોટાકોટી યોજન છે, તથા તેની પરિધિ અસંખ્યાતા કોટાકોટી યોજનની છે પરંતુ તેનો પણ અન્ત છે. કાળથી લોક કદાપિ નહોતો એમ પણ નથી, કદાચિત્ નથી એમ પણ નથી, કદાચિત્ નહિ હશે એમ પણ નથી. તે હતો, છે અને હશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. તેનો અન્ત નથી. ભાવથી લોક અનન્ત વર્ણપર્યાય, અનન્ત ગન્ધ, રસ અને સ્પર્શ-પર્યાય, અનન્ત સંસ્થાનપર્યાય, અનન્ત ગુરુલઘુપર્યાય અને અનન્ત અગુરુલઘુપર્યાયરૂપ છે. તેનો પણ અન્ત નથી. એ પ્રમાણે હે સ્કન્દક ! દ્રવ્યથી અને ક્ષેત્રથી લોક સાન્ત છે, અને કાળથી અને ભાવથી લોક અનન્ત છે.

૮૩ હે સ્કન્દક ! જીવ સાન્ત છે કે અનન્ત છે ? એ પ્રશ્નનો પણ આ અર્થ છે. દ્રવ્યથી એક જીવ સાન્ત છે, ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો અને આકાશના અસંખ્ય પ્રદેશોમાં રહેલો

છે અને તેનો પણ અન્ત છે. કાળથી જીવ કદાચિત્ નહોતો એમ નથી યાવત્ નિત્ય છે. તેનો અન્ત નથી. ભાવથી જીવ અનન્ત જ્ઞાનપયાય, અનન્ત દર્શનપર્યાય, અનન્ત ચારિત્રપર્યાય અને અનન્ત અગુરુલઘુપયાયરૂપ છે. તેનો પણ અન્ત નથી.

૮૪ હે સ્કન્દક! વળી તારા મનમાં મને પૂછવાનો સંકલ્પ થયો હતો કે સિદ્ધિ સાન્ત છે કે અનન્ત છે? તેનો પણ આ ઉત્તર છે–હે સ્કન્દક! મેં ચાર પ્રકારની સિદ્ધિ (મોક્ષ) કહી છે. દ્રવ્યથી એક સિદ્ધિ છે અને તે સાન્ત છે. ક્ષેત્રથી સિદ્ધિ લંબાઈ અને પહોળાઇમાં પીસ્તાળીશ લાખ યોજનપ્રમાણ છે અને તેના પરિધિ એક ક્રોડ બેંતાળીશ લાખ ત્રીશ હજાર ને બસો ઓગણપચાસ યોજનથી કંઈક અધિક છે અને તેનો પણ અન્ત છે. કાળથી સિદ્ધિ કદાચિત્ ન હતી તેમ નથી, નિત્ય છે. ભાવથી જેમ લોકસંબંધે કહ્યું છે તેમ સિદ્ધિ-સંબંધે પણ કહેવું.

૮૫ હે સ્કન્દક! પીંગળે તને આ પ્રશ્ન કર્યો હતો કે સિદ્ધ સાન્ત છે કે અનન્ત છે? તેનો પણ આ ઉત્તર છે–દ્રવ્યથી સિદ્ધ એક અને સાન્ત છે. ક્ષેત્રથી અસંખ્યપ્રદેશી અને આકાશના અસંખ્યાત પ્રદેશમાં રહેલ છે અને તેનો પણ અન્ત છે. કાળથી એક સિદ્ધ સાદિ અનન્ત છે–તેનો અન્ત નથી અને ભાવથી સિદ્ધ અનન્ત જ્ઞાનપર્યાય, અનન્ત દર્શનપર્યાય યાવત્ અનન્ત અગુરુલઘુપર્યાયરૂપ છે. અને તેનો પણ અન્ત નથી. એ પ્રમાણે દ્રવ્યથી અને ક્ષેત્રથી સિદ્ધ સાન્ત છે, તથા કાળથી અને ભાવથી સિદ્ધ અનન્ત છે.

૮૬ હે સ્કન્દક! તને આવા પ્રકારનો વિચાર થયો હતો કે–કયા મરણથી મરણ પામતો જીવ સંસારની વૃદ્ધિ કરે અને તેનો ક્ષય કરે? તેનો પણ આ ઉત્તર છે–મેં બે પ્રકારનું મરણ કહ્યું છે. બાલમરણ અને પંડિતમરણ. બાલમરણ બાર પ્રકારનું છે. ૧ વલયમરણ–ખૂબ ભૂખ લાગેલી હોવાથી તરફડીઆં મારતાં મરવું અથવા સંયમથી ભ્રષ્ટ થયેલા અસંયત જીવનું મરણ, ૨ વશાર્તમરણ–

ઇન્દ્રિયોને વશ થઇ પીડા પામી મરવું, ૩ અન્તઃશલ્યમરણ–બાણાદિ શલ્યસહિત અથવા ભાવશલ્યસહિત મરવું, ૪ તદ્ભવમરણ–મરીને તેજ ભવમાં ઉત્પન્ન થવું, ૫ ગિરિપતન–પવર્ત ઉપરથી પડીને મરણ પામવું, ૬ તરૂપતન–ઝાડ ઉપરથી પડીને મરવું, ૭ જલપ્રવેશ–પાણીમાં પ્રવેશ કરીને મરવું, ૮ જ્વલનપ્રવેશ–અગ્નિમાં પ્રવેશ કરીને મરવું, ૯ વિષભક્ષણ–ઝેર ખાઈને મરવું, ૧૦ શસ્ત્રપાત–શસ્ત્રના ઘાથી મરવું, ૧૧ વૈહાનસ–ગળે ફાંસો ખાઇને મરવું, ૧૨ ગૃદ્ધસ્પૃષ્ટ–ગીધ વગેરે પશુ–પક્ષીઓવડે ભક્ષણ કરાવાથી મરણ પામવું. હે સ્કન્દક ! એ બાર પ્રકારના બાલમરણવડે મરણ પામતો જીવ અનન્ત નરકના ભવવડે આત્માને જોડે છે અને અનન્ત તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવરૂપ અનાદિ અનન્ત ચાર ગતિરૂપ સંસારાટવીમાં પરિભ્રમણ કરે છે. એ પ્રમાણે મરણ પામતો જીવ સંસારની વૃદ્ધિ કરે છે.

પંડિતમરણ બે પ્રકારનું છે. પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. પાદપોપગમન બે પ્રકારનું છે. નિર્હારિમ ( ઉપાશ્રયાદિમાં મરણ પામે કે જેના કલેવરને બહાર કાઢવું પડે ) અને અનિર્હારિમ ( અટવીમાં મરણ પામે કે જેના કલેવરને બહાર કાઢવાનું ન હોય ). તે બન્ને પ્રકારના મરણ અવશ્ય સેવા વિગેરે પ્રતિકર્મરહિત છે. ભક્તપ્રત્યાખ્યાનના પણ બે પ્રકાર છે–નિર્હારિમ અને અનિર્હારિમ. તે અવશ્ય સેવા વગેરે પ્રતિકર્મસહિત છે. એ પ્રમાણે હે સ્કન્દક ! એ બે પ્રકારના પંડિતમરણવડે મરતો જીવ અનન્ત નારકોના ભવથી આત્માને છુટો કરે છે યાવત્ સંસારાટવીનું ઉલ્લંઘન કરી જાય છે, એ પ્રમાણે બાળમરણવડે મરતો જીવ સંસારની વૃદ્ધિ કરે છે અને પંડિતમરણવડે તેનો ક્ષય કરે છે.

અહીં સ્કન્દક કાત્યાયનગોત્રીય બોધ પામ્યો અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન નમસ્કાર કરી તેણે એમ કહ્યું કે–‘ હે ભગવન્ ! હું તમારી પાસે કેવલજ્ઞાનીએ પ્રરૂપેલો ધર્મ સાંભળવા ઇચ્છું છું.’ ભગવંતે કહ્યું–‘ સુખેથી તેમ કરો, પ્રતિબંધ ન કરો.’

ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયનગોત્રીય સ્કન્દકને અને તે મોટી પરિષદ્‌ને "જે રીતે જીવો બંધાય છે, મૂકાય છે, જે રીતે જીવો ક્લેશ પામે છે, જે રીતે કેટલાક અપ્રતિબદ્ધ જીવો દુ:ખોનો અન્ત કરે છે, જે રીતે આર્ત્તધ્યાનને પ્રાપ્ત થયેલા જીવો દુ:ખસાગરને પ્રાપ્ત થાય છે" એ રીતે ધર્મોપદેશ કર્યો. તે પછી કાત્યાયનગોત્રીય સ્કન્દક શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મ સાંભળી, અવધારી, પ્રસન્ન અને સંતુષ્ટ થયો. તેનું હૃદય વિકસિત થયું. તે ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરી એમ કહેવા લાગ્યો કે–"હે ભગવંત! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરૂં છું, હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચનની પ્રતીતિ કરૂં છું, હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચન ઉપર રુચિ કરૂં છું, હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચનનો સ્વીકાર કરૂં છું. હે ભગવન્! તે એમજ છે, હે ભગવન્! એ તેમજ છે, હે ભગવન્! તે સત્ય છે, હે ભગવન્! તે નિશ્ચિત છે, હે ભગવન્! તે મેં ઇચ્છયું છે, હે ભગવન્! તે મેં સ્વીકાર્યું છે. હે ભગવન્! તે મેં ઇચ્છયું અને સ્વીકાર્યું છે કે જેમ તમે કહો છો."

એમ કહી શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરી ઈશાન દિશા તરફ જાય છે, જઈને ત્રિદંડ, કમંડલુ વિગેરે તથા ગેરૂથી રંગેલા ભગવાં વસ્ત્રોને એકાન્તે મૂકે છે. એકાન્તે મૂકી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી એમ કહે છે કે–"આ લોક ચારે તરફથી સળગેલો છે, આ લોક પ્રકર્ષપણે સળગેલો છે, આ લોક જન્મ, જરા અને મરણરૂપ અગ્નિવડે ચોતરફથી પ્રકર્ષપણે સળગેલો છે. જેમ કોઈ ગૃહપતિ પોતાનું ઘર બળવા લાગે ત્યારે તેમાં જે જે વસ્તુ હોય તેમાંથી અલ્પ ભારવાળી અને વધારે મૂલ્યવાળી વસ્તુ લઇને પોતે એકલો તેમાંથી નીકળી એકાન્તે જાય છે. તે એમ વિચારે છે કે આ મહામૂલ્ય-વાળી વસ્તુ હું બહાર કાઢીશ તો પછીથી હમેશાં મને હિત, સુખ, કુશલ અને ભવિષ્યમાં કલ્યાણને માટે થશે. એ પ્રમાણે હે દેવાનુ-

પ્રિય ! મારો આત્મા પણ એક ઇષ્ટ, કાન્ત, મનોહર, પ્રિય, મનોજ્ઞ, મનને ગમે તેવો, સ્થિર, વિશ્વાસલાયક, સંતત, અનુમત, બહુમાન્ય અને આભરણના કરંડીયા સમાન છે, માટે ટાઢ, તડકો, ભૂખ, તરસ, ચોર, વ્યાલ, શીકારી પશુઓ, ડાંસ, મચ્છર, વાતિક, પૈત્તિક, શ્લૈષ્મિક અને સાંનિપાતિક વિવિધ પ્રકારના રોગો, આતંકો, પરીસહો તથા ઉપસર્ગો પ્રાપ્ત ન થાય અને તેને વિઘ્નોથી બચાવી લઉં તો પરલોકના હિત, સુખ, કુશલ અને છેવટે કલ્યાણને માટે થાય. તે માટે હે દેવાનુપ્રિય ! આપની પાસે પ્રવ્રજ્યા લેવા, દીક્ષા લેવા, પ્રતિલેખનાદિ ક્રિયાની શિક્ષા તથા સૂત્ર અને અર્થનું શિક્ષણ લેવા હું ઇચ્છું છું, તેમજ આચાર, ગોચરી, વિનય, વિનયનું ફળ, ચારિત્ર, પિંડવિશુદ્ધયાદિ કરણ, સંયમયાત્રા તથા આહારની માત્રા સંબંધી ધર્મ આપની પાસેથી સાંભળવા ઇચ્છું છું. ”

ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીર કાત્યાયનગોત્રીય સ્કંદકને સ્વયમેવ પ્રવ્રજ્યા આપે છે અને યાવત્ ધર્મને કહે છે–“ હે દેવાનુપ્રિય ! આ રીતે ચાલવું, આ રીતે ઉભા રહેવું, આ રીતે બેસવું, આ રીતે સુવું, આ રીતે ખાવું, આ રીતે બોલવું અને આ પ્રમાણે પ્રયત્નવડે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને વિષે સંયમપૂર્વક વર્તવું. આ બાબતમાં જરા પણ પ્રમાદ ન કરવો. ” તે પછી કાત્યાયનગોત્રીય સ્કન્દક શ્રમણ ભગવંત મહાવીરનો આવા પ્રકારનો ધાર્મિક ઉપદેશ સારી રીતે ગ્રહણ કરે છે અને ભગવંત મહાવીરની આજ્ઞા પ્રમાણે ચાલે છે, ઉભા રહે છે, બેસે છે, સુવે છે, ખાય છે, બોલે છે અને સાવધાનપણે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને વિષે સંયમપૂર્વક વર્તે છે. આ બાબતમાં જરા પણ પ્રમાદ કરતા નથી.

તે પછી કાત્યાયનગોત્રીય સ્કન્દક અનગાર થયા અને તે ઇર્યાસમિતિવાળા–ગમનાગમન કરવામાં સાવધાનતાવાળા, ભાષાસમિતિવાળા–બોલવામાં સાવધાનતાવાળા, એષણાસમિતિવાળા–નિર્દોષ આહારપાણી ગ્રહણ કરવામાં સાવધાનતાવાળા, આદાનનિક્ષેપ-

સમિતિવાળા–પાત્રાદિ વસ્તુઓને લેવા–મૂકવામાં સાવધાનતાવાળા, પારિષ્ઠાપનિકાસમિતિવાળા–વિષ્ઠા, મૂત્ર, કફ, ક્ષનના તથા નાસિકાના મળનો ત્યાગ કરવામાં સાવધાનતાવાળા, મનસમિતિ, વચનસમિતિ અને કાયસમિતિવાળા એટલે સાવધાનતાપૂર્વક મન, વચન અને કાયાની પ્રવૃત્તિવાળા, મનગુપ્તિવાળા–મનની રક્ષા કરવાવાળા, વચનગુપ્તિવાળા અને કાયગુપ્તિવાળા, ગુપ્ત–ત્રણે ગુપ્તિવાળા, ગુપ્તેન્દ્રિય–ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા, ગુપ્તબ્રહ્મચારી, ત્યાગી, ઋજુ, સંયમી, ધન્ય, પરીસહાદિને સહન કરવામાં સમર્થ, જિતેન્દ્રિય, શુદ્ધિયુક્ત, નિદાન–ઇચ્છારહિત, ઉત્સુકતારહિત, બહાર મનોવૃત્તિરહિત, શ્રમણપણામાં અનુરક્ત અને દાન્ત થઇ તેમજ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરી વિચરવા લાગ્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીથી અને છત્રપલાશ ચૈત્યથી નીકળી બહારના પ્રદેશોમાં વિચરવા લાગ્યા.

સ્કન્દક અનગારે તેવા પ્રકારના યોગ્ય સ્થવિરો પાસે સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. અધ્યયન કરી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવીને તેમણે શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું–'હે ભગવન્! આપની આજ્ઞા હોય તો હું માસિક ભિક્ષુપ્રતિમાને અંગીકાર કરવા ઇચ્છું છું.' ભગવંતે કહ્યું કે–'સુખેથી કરો.' ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે આજ્ઞા આપી એટલે સ્કન્દક અનગાર માસિક ભિક્ષુપ્રતિમાનો સ્વીકાર કરી વિચરે છે અને તે માસિક ભિક્ષુપ્રતિમાને સૂત્ર, પ્રતિમાનો કલ્પ–આચાર, માર્ગ–જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગ અને સત્યને અનુસરી યથાર્થપણે કાયવડે સ્પર્શે છે, પાળે છે, શોભાવે છે, સમાપ્ત કરે છે, સંપૂર્ણ કરે છે, તેનું કીર્તન કરે છે, અનુમોદનવડે અનુપાલન કરે છે તથા જિનાજ્ઞાવડે આરાધના કરે છે.

પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિરાજમાન છે ત્યાં આવી શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી તેણે આ પ્રમાણે કહ્યું–'હે ભગવન્! આપની આજ્ઞા હોય તો હું દ્વિમાસિકી ભિક્ષુપ્રતિમાને

અંગીકાર કરવા ઇચ્છું છું.' ભગવંતે કહ્યું–'હે દેવાનુપ્રિય ! સુખેથી કરો પ્રતિબંધ ન કરો.' એમ ત્રૈમાસિક, ચતુર્માસિક, પંચમાસિક, ષણ્માસિક, સપ્તમાસિક, પ્રથમ સાત દિવસની, બીજી સાત રાત્રિદિવસની, ત્રીજી સાત રાત્રિદિવસની, ચોથી એક અહોરાત્રની અને પાંચમી એક રાત્રીની–એમ સ્કન્દક અનગાર બાર ભિક્ષુપ્રતિમાનું સૂત્રને અનુસરી યાવત્ આરાધન કરી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યા શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા–' હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું ગુણરત્નસંવત્સર તપ અંગીકાર કરવાને ઇચ્છું છું. ' ભગવંતે કહ્યું–' સુખેથી કરો, પ્રતિબંધ ન કરો.'

ત્યારબાદ સ્કન્દક અનગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞાથી ગુણરત્નસંવત્સર તપ અંગીકાર કરી વિચરે છે. તે તપ આ પ્રમાણે–પ્રથમ માસમાં નિરંતર ચતુર્થભકત ( ઉપવાસ ) કરવો અને દિવસે સૂર્યના સન્મુખ આતાપનાભૂમિમાં ઉત્કુટુકાસને ( ઉભડક ) બેસી આતાપના લેવી અને રાત્રે વીરાસને વસ્ત્ર સિવાય રહેવું. એમ બીજા મહિનામાં નિરંતર છઠ્ઠ છઠ્ઠ કરવો. દિવસે ઉભડક બેસી સૂર્યના સન્મુખ આતાપનાભૂમિમાં જઈ આતાપના લેવી. ત્રીજે મહીને નિરંતર અઠ્ઠમ કરવો. ચોથે મહીને દશમ દશમ ( ચાર-ચાર ઉપવાસ), પાંચમે મહીને દ્વાદશ દ્વાદશ ભક્ત (પાંચ પાંચ ઉપવાસ), છઠ્ઠા મહીને ચતુર્દશ ચતુર્દશ ભક્ત ( છ છ ઉપવાસ ), સાતમે મહીને ષોડશ ષોડશ ભકત ( સાત સાત ઉપવાસ ), આઠમે મહીને અઢાર અઢાર ભકત ( આઠ આઠ ઉપવાસ ), નવમે મહીને વીશ વીશ ભકત ( નવ નવ ઉપવાસ ), દશમે મહીને બાવીશ બાવીશ ભક્ત ( દશ દશ ઉપવાસ), અગીયારમે મહીને ચોવીશ ચોવીશ ભક્ત ( અગ્યાર અગ્યાર ઉપવાસ ), અને બારમે મહીને છવીશ છવીશ ભક્ત ( બાર બાર ઉપવાસ ), તેરમે મહીને અઠ્યાવીશ અઠ્યાવીશ ભક્ત ( તેર તેર ઉપવાસ ), ચૌદમે મહીને ત્રીશ ત્રીશ ભક્ત ( ચૌદ ચૌદ ઉપવાસ ), પંદરમે મહીને બત્રીશ બત્રીશ ભક્ત ( પંદર પંદર ઉપવાસ ) અને સોળમે મહીને ચોત્રીશ ચોત્રીશ ભકત ( સોળ સોળ ઉપવાસ ) એમ

નિરંતર તપ કરતા હતાં. દિવસે ઉત્કુટુકાસને સૂર્યસન્મુખ આતાપના-ભૂમિમાં આતાપના લેતા હતા અને રાત્રે વીરાસને બેસી વસ્ત્રરહિતપણે રહેતા હતા. તે પછી તે સ્કન્દક અનગાર ગુણરત્નસંવત્સર તપનું સૂત્રને અનુસારે અને કલ્પને અનુસારે આરાધન કરી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિરાજમાન છે ત્યાં આવી શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી ઘણા ચતુર્થભક્ત, છટ્ઠ, અટ્ઠમ, દશમ અને દ્વાદશભક્ત, અર્ધમાસ અને માસક્ષમણ વગેરે વિચિત્ર તપવડે આત્માને વાસિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારબાદ સ્કન્દક અનગાર પ્રધાન, વિપુળ, ગુરૂવડે અનુજ્ઞાત અથવા પ્રમાદરહિત, આદરપૂર્વક કરેલા કલ્યાણ, શિવ, ધન્ય, મંગલ, તેજોયુક્ત, ઉત્કટ, ઉદાત્ત, ઉત્તમ, ઉદાર અને મહાપ્રભાવવાળા તપ-વડે શુષ્ક, રૂક્ષ, માંસરહિત, માત્ર હાડ અને ચામડીયુક્ત એવા થયા. ચાલતાં તેનાં હાડકાં ખડખડ શબ્દ કરવા લાગ્યા અને અત્યંત દુર્બલ થયા. તેમના શરીર ઉપર નાડીઓનો સમૂહ દેખાવા લાગ્યો. તે આત્મબળથી ચાલે છે અને આત્મબળથી ઉભા રહે છે. બોલ્યા પછી પણ ગ્લાનિ પામે છે, બોલતાં પણ ગ્લાનિ પામે છે અને બોલવામાં પણ ગ્લાનિ–કંટાળો આવે છે. જેમ કોઇ લાકડાથી ભરેલી, પાંદડાથી ભરેલી, પાંદડાં, તલ અને પાત્રથી ભરેલી, એરંડાના લાકડાથી ભરેલી, કોલસાથી ભરેલી ગાડી હોય અને તડકે મૂકી સુકાયા પછી તે ખડખડ શબ્દ કરતી ચાલે, ખડખડ શબ્દ કરતી ઉભી રહે, એ પ્રમાણે સ્કન્દક અનગાર શબ્દ કરતા ચાલે છે અને શબ્દ કરતા ઉભા રહે છે. તે તપવડે પુષ્ટ છે છતાં માંસ અને લોહીવડે કૃશ થયેલા છે, રાખથી ઢંકાયેલા અગ્નિની પેઠે તપના તેજવડે અને તપોજન્ય દીપ્તિવડે અત્યંત સુશોભિત દેખાય છે.

તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં શ્રમણ ભગવંત મહા-વીર પધાર્યા યાવત્ પરિષદ્ વાંદીને પાછી ગઇ. તે સ્કન્દક અનગારને અન્ય કોઈ દિવસે રાત્રિના પાછલા ભાગમાં ધર્મજાગ-

રિકા ( ધર્મચિંતન ) કરતાં આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે—'ખરેખર હું આવા પ્રકારના ઉદાર તપવડે કૃશ થયો છું, મારૂં શરીર નાડીઓના સમૂહવડે વ્યાપ્ત થયેલું છે, માત્ર આત્મબળથી ચાલું છું, આત્મબળથી ઉભો રહું છું, યાવત્ બોલતાં પણ ગ્લાનિ પામું છું, શબ્દ કરતો ચાલું છું, શબ્દ કરતો ઉભો રહું છું; તો પણ જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરૂષકાર—પરાક્રમ છે ત્યાં સુધી અને જ્યાં સુધી મારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ ભગવાન્ મહાવીરજિન સુહસ્તીની પેઠે વિચરે છે ત્યાં સુધીમાં કાલે રાત્રી વીતીને પ્રભાત થતાં અને ઉત્પલ તથા કોમલ કમલ વિકસિત થતાં, સ્વચ્છ પ્રભાત સમયે રાતા અશોકના જેવા પ્રકાશવાળા, કેસુડા, પોપટની ચાંચ અને ચણોઠીના અર્ધભાગનાં જેવા, રકત કમલના સમૂહવાળા વનખંડને વિકસિત કરનાર સહસ્રકિરણવાળા તેજવડે દેદીપ્યમાન દિનકર (સૂર્ય) નો ઉદય થતાં શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમી યાવત્ પર્યુપાસના કરી શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા લઇ સ્વયમેવ પાંચ મહાવ્રતોનું ફરી આરોપણ કરી, સાધુ અને સાધ્વીઓને ખમાવી, તેવા પ્રકારના કૃતયોગાદિ સ્થવિરોની સાથે વિપુલ નામે ગિરિ ઉપર ધીમે ધીમે ચઢી, ગાઢ મેઘના સમૂહ જેવી અને દેવના સ્થાનરૂપ પૃથ્વીશિલાની પ્રતિલેખના કરી, દર્ભનો સંથારો પાથરી અને દર્ભના સંથારા ઉપર બેસી, સંલેખના તપવડે શુષ્ક થઈ, ભક્ત—પાનનો ત્યાગ કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી, મરણની દરકાર નહિ કરતાં રહેવું એ મારે શ્રેયરૂપ છે." એમ વિચાર કરે છે, વિચાર કરી પ્રગટ પ્રભાતવાળી રાત્રિ થતાં અને તેજવડે દેદીપ્યમાન સૂર્ય ઉગતાં જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે અને યાવત્ પર્યુપાસના કરે છે.

'સ્કન્દક' એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે સ્કન્દક અનગારને આ પ્રમાણે કહ્યું—'હે સ્કન્દક ! ખરેખર રાત્રિના પાછલા ભાગમાં ધર્મચિંતન કરતાં તને આવા પ્રકારનો વિચાર થયો હતો કે–' હું આવા પ્રકારના આ ઉદાર અને વિપુલ તપવડે

કૃશ થયેલો છું, ઇત્યાદિ યાવત્ (અનશન સ્વીકારી) કાળની દરકાર નહિ કરતાં રહેવું એ મને યોગ્ય છે, એમ વિચારી પ્રભાતવાળી રાત્રિ થતાં અને સૂર્ય દેદીપ્યમાન થતાં જ્યાં હું છું ત્યાં તું મારી પાસે શીઘ્ર આવ્યો. સ્કન્દક ! આ વાત યથાર્થ છે ?' સ્કન્દકે કહ્યું–'હા, ભગવંત ! યથાર્થ છે.' પછી ભગવંતે કહ્યું–'હે દેવાનુપ્રિય ! સુખેથી તેમ કરો–પ્રતિબંધ ન કરો.'

ત્યારપછી સ્કન્દક અનગારને શ્રમણ ભગવંત મહાવીરે અનુજ્ઞા આપી એટલે તે પ્રસન્ન તેમજ સંતુષ્ટ થયા અને તેનું હૃદય વિકસિત થયું. તે પ્રયત્નવડે ઉઠી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી સ્વયમેવ પંચ મહાવ્રત ફરીને ઉચ્ચરે છે, ઉચ્ચરી સાધુ અને સાધ્વીઓને ખમાવે છે અને તેવા પ્રકારના કૃતયોગાદિ સ્થવિરોની સાથે વિપુલગિરિઉપર ધીમે ધીમે ચડે છે. ચડીને ગાઢ મેઘના અને દેવના આગમન સ્થાન જેવા પૃથિવીશિલાપટ્ટની પ્રતિલેખના કરી ઉચ્ચાર ભૂમિ અને પ્રસ્રવણ ભૂમિની પ્રતિલેખના કરે છે. પ્રતિલેખના કરી ડાભનો સંથારો પાથરે છે. પાથરી પૂર્વ દિશા સન્મુખ પર્યંકાસને બેસી દશ નખસહિત બે હાથ ભેગા કરી શિરસાવર્ત કરી–મસ્તકે અંજલી કરી આ પ્રમાણે બોલે છે–"અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ યાવત્ જેઓ સિદ્ધગતિને પ્રાપ્ત થયેલા છે એવા સિદ્ધોને નમસ્કાર થાઓ. શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ કે જે સિદ્ધિગતિને પ્રાપ્ત થવાની ઈચ્છાવાળા છે. ત્યાં રહેલા ભગવંતને અહિં રહેલો હું વાંદુ છું; ત્યાં રહેલા ભગવાન્ અહિં રહેલા મને જુઓ." એમ કહી વાંદે છે, નમે છે, નમસ્કાર કરી સ્કન્દક અનગાર આ પ્રમાણે બોલે છે–"પૂર્વે પણ મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે સર્વ પ્રાણાતિપાતનું (જીવહિંસાનું) જીવનપર્યન્ત પ્રત્યાખ્યાન કર્યું હતું, યાવત્ મિથ્યાદર્શનશલ્યનું જીવનપર્યન્ત પ્રત્યાખ્યાન કર્યું હતું. અત્યારે પણ શ્રમણ ભગવંત મહાવીરની પાસે સર્વ પ્રાણાતિપાતનું જીવનપર્યન્ત પ્રત્યાખ્યાન કરૂં છું, યાવત્ મિથ્યાદર્શનશલ્યનું પ્રત્યાખ્યાન કરૂં છું. એમ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ

ચારે આહારનું જીવનપર્યન્ત પચ્ચખ્ખાણ કરૂં છું. જે મારૂં ઇષ્ટ, કાન્ત અને પ્રિય આ શરીર છે તેને પણ છેલ્લા ઉચ્છ્વાસ-નિઃશ્વાસ સમયે ત્યાગ કરીશ.' એમ કહી સંલેખનાસહિત ભાત-પાણીનો ત્યાગ કર્યો અને વૃક્ષની પેઠે સ્થિર થઇ મરણની દરકાર નહિ કરતાં રહેવા લાગ્યા.

એ રીતે તે સ્કન્દક અનગાર શ્રમણ ભગવંત મહાવીરના તેવા પ્રકારના યોગ્ય સ્થવિરોપાસે સામાયિકાદિ અગિયાર અંગો ભણી, સંપૂર્ણ બાર વરસ સુધી શ્રમણપણાનો પર્યાય પાળી, માસની સંલેખ-નાવડે આત્માને જોડી, સાઠભક્ત (૩૦ ઉપવાસ) અનશનપણે વ્યતીત કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઇ કાળધર્મ પામ્યા. પછી તે સ્થવિર ભગવંતોએ સ્કન્દક અનગારે કાળ પ્રાપ્ત કરેલ જાણી તેના પરિનિર્વાણનિમિત્તે કાયોત્સર્ગ કર્યો. પછી તેના પાત્ર અને વસ્ત્ર ગ્રહણ કરી વિપુલ નામે પર્વતથી ધીમે ધીમે નીચે ઉતરી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યા. શ્રમણ ભગવંત મહાવીરને વંદન નમસ્કાર કરી તેઓએ આ પ્રમાણે કહ્યું–' હે ભગવંત! દેવાનુપ્રિય એવા આપના અંતેવાસી સ્કન્દક નામે અનગાર જે સ્વભાવથી ભદ્ર, ઉપશાંત અને જેનામાં અલ્પ ક્રોધ, માન, માયા અને લોભ હતા એવા, અત્યંત નમ્રતાયુક્ત, ગુરુભક્ત, સરલ અને વિનયી હતા તે દેવાનુપ્રિયની આજ્ઞાથી સ્વયમેવ પંચ મહાવ્રતનું આરોપણ કરી, સાધુસાધ્વીઓને ખમાવી અમારી સાથે વિપુલગિરિપર ચડી અનશન કરી યાવત્ કાળધર્મને પ્રાપ્ત થયા છે, તેના આ ( વસ્ત્રપાત્રાદિ ) ઉપકરણ છે.'

' ભગવન્! ' એમ કહી ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહા-વીરને વાંદી–નમી આ પ્રમાણે બોલ્યા–' દેવાનુપ્રિય! આપના અન્તે-વાસી સ્કન્દક નામે અનગાર મરણસમયે કાળ કરી કયાં ગયા? કયાં ઉત્પન્ન થયા?' ' હે ગૌતમ!' એમ કહી શ્રમણ ભગવાન્ મહાવીરે ભગવાન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું–' મારો અન્તેવાસી સ્કન્દક નામે અનગાર સ્વભાવથી ભદ્ર હતો અને તે મારી અનુ-

જ્ઞાથી સ્વયમેવ પાંચ મહાવ્રત ઉચ્ચરી યાવત્ આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઇ મરણસમયે કાળ કરી અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો છે. ત્યાં કેટલાક દેવોની બાવીશ સાગરોપમની સ્થિતિ કહી છે અને સ્કન્દક દેવની પણ બાવીશ સાગરોપમની સ્થિતિ છે.'

પ્ર૦—હે ભગવન્! સ્કન્દક દેવ તે દેવલોકથી આયુષનો ક્ષય થવાથી, ભવનો ક્ષય થવાથી, સ્થિતિનો ક્ષય થવાથી ચ્યવીને તુરત કયાં જશે, કયાં ઉત્પન્ન થશે?

ઉ૦—હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઇ સિદ્ધિપદને પામશે, બોધ પામશે, મુક્ત થશે, નિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અન્ત કરશે.

ઇતિ શ્રી સ્કન્દકાણગાર કથા.